# સ્વાધ્યાય

પુસ્તક ૧

અંક ૩

સ્વાધ્યાય અને સંશોધનનું
ત્રૈમાસિક



દેવની મોરી-સ્તૂપની બુદ્ધ-પ્રતિમા (ફોટો: 'કુમાર'ના સૌજન્યથી)

સંપાદક
**ભોગીલાલ જ. સાંડેસરા**
નિયામક, પ્રાચ્યવિદ્યા મંદિર,
વડોદરા

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

**પ્રાચ્યવિદ્યા મન્દિર**
**મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય**
**વડોદરા**

**અક્ષયતૃતીયા,** વિ. સં. ૨૦૨૦

( જુઓ આ અંકમાં, 'ગુજરાતમાં બૌદ્ધધર્મ' )

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે ...૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બોક્સ નં. ૭૫,
**વડોદરા.**

સંપાદક

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૨૦ પુસ્તક ૧

મે, ૧૯૬૪ અંક ૩

# ગાંધીજીની દિનવારી*

## (વસ્તુસંગ્રહના કાર્યમાં મળેલા અનુભવોનું ટાંચણ)

ચંદુલાલ ભગુભાઈ દલાલ

ઇતિહાસમાં, સમયનાં સીમાચિહ્નોનું મહત્ત્વ અત્યન્ત છે એ, સાહિત્ય પરિષદ જેવી સંસ્થાને સમજાવવાની—સંભળાવવાની—જરૂર હોય નહિ. પણ ઇતિહાસકારોનાં મંતવ્યોમાં, જૂના ઇતિહાસમાં વર્ષોના અને એના દશકાઓના અને શતકોના ફેરફારો માલૂમ પડે છે, અને પુરાણા કાળના ઇતિહાસમાં હજારો વર્ષના ફેરફારો માલૂમ પડે છે. સંભવિત છે કે એ વખતની સામગ્રી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નહિ હોય અને તેથી આમ બનતું હશે. આપણે અત્યારથી જ કાળજી ન રાખીએ તો નજીકના ભૂતકાળની સામગ્રી પણ સમય જતાં ખોવાઈ જશે અને ત્યારે એનાં સીમાચિહ્નોની પણ આ જ દશા થશે. આ વિચારતાં, આ ચિહ્નો અત્યારથી જ સચવાઈ રહે—નિશ્ચિત થઈને સચવાઈ રહે—તો ભવિષ્યના ઇતિહાસકારને એ માર્ગદર્શક થઈ પડે એવી મારી નમ્ર માન્યતા છે, અને એ હેતુથી જ આ સામગ્રી એકઠી કરવામાં આવે છે.

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંથી પરવારી હિન્દુસ્તાન તા. ૯-૧-૧૯૧૫ના રોજ આવ્યા અને તા. ૩૦-૧-૧૯૪૮ના રોજ ગોળીબારથી એમનું મોત નિપજાવવામાં આવ્યું. સમયનો આ ગાળો ૧૨,૦૭૫ દિવસોનો છે. આ દિવસોમાં એ, કયે દિવસે કયાં હતા અને એમણે શું જાહેર પ્રવૃત્તિ કરી હતી એને લગતી રોજેરોજની માહિતી એકઠી કરવાનો પ્રયત્ન કેટલાક વખતથી હું કરી રહ્યો છું. એ પ્રયત્નમાં સંપૂર્ણ સફળતા મળી છે એમ હું કહી શકું એમ નથી. આશરે ૫૦૦ દિવસોની માહિતી હજી હું મેળવી શકયો નથી. આ ૫૦૦ દિવસોમાં એ કયાં હશે એનું અનુમાન થઈ શકે એમ છે પણ સીધો કે આડકતરો આધાર હજી સુધી મળ્યો નથી—કદાચ ન પણ મળે. વળી જે દિવસોની માહિતી મેળવી શકયો છું તે દિવસોની કામગીરી સંપૂર્ણપણે મેળવી શકયો છું એવો પણ મારો દાવો નથી, અને જે મેળવી છે તેમાં પણ કદાચ કાંઈક ભૂલો હોવાનો સંભવ છે. છતાં એટલું કહી શકું કે એ દિવસોની માહિતી બને એટલી વિગતવાર મેળવી છે, અને એને માટે બને એટલી ચોકસાઈ કરી છે.

* આ નિબંધ સને ૧૯૬૩ના ડિસેંબર માસની તા. ૨૮, ૨૯ અને ૩૦ના રોજ મુંબઈ, વિલેપારલેમાં ભરાયેલી ગુજરાતી સાહિત્યમાં રજૂ થયો હતો.

ગાંધીજીની જાહેર પ્રવૃત્તિઓમાં, એ જે ગામ જાય ત્યાં સભા તો હોય જ. ઘણી વખતે એક કરતાં વધુ સભા હોય—જાહેર સભા હોય, સ્ત્રીઓની સભા હોય, અંત્યજોની સભા હોય અને કોઈ કોઈ વખતે વિદ્યાર્થીઓની પણ અલગ સભા હોય. બધાં સ્થળોની આવી બધી સભાઓની નોંધ લેવાનું જરૂરી માન્યું નથી' અલબત્ત મહત્ત્વની બધી સભાઓની નોંધ લીધી છે.

જાહેર પ્રવૃત્તિઓમાં, સભા ઉપરાંત ઉદ્‌ઘાટનવિધિ, પાયો નાખવાની ક્રિયા, ઇનામવિતરણ, જાહેર નિવેદન, સમાચાર સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા, મહત્ત્વની વ્યક્તિઓ સાથે ચર્ચા વગેરેનો સમાવેશ થાય છે.

ગાંધીજી સોમવારે મૌન પાળતા. મૌન ઘણુંખરું રવિવારે બપોરે ત્રણ વાગ્યાથી શરૂ થતું અને ચોવીસ કલાક ચાલતું. મૌનનો નિયમ એમણે તા. ૭-૨-૧૯૨૧થી શરૂ કર્યો હતો એવી માહિતી મળે છે. આ નિયમ એમણે છેક મૃત્યુ લગી પાળયો હતો; વિલાયત ગયા હતા ત્યારે પણ પાળ્યો હતો. આમાં કોઈ કોઈ વખત વધારોઘટાડો કરતા. ઑપરેશન બાદ અને જેલમાંથી છૂટચા પછી એ તા. ૨૯-૫-'૨૪ના રોજ અમદાવાદ આવ્યા હતા, ત્યારે એમણે સોમવાર ઉપરાંત બુધવારે પણ મૌન પાળવાનું શરૂ કર્યું હતું. તારીખ ૧૨-૭-'૩૪થી તા. ૧૭-૭-'૩૪ સુધી એ લાહોર હતા, ત્યારે દરરોજ સવારના દસથી બપોરના ત્રણ વાગ્યા સુધી મૌન પાળ્યું હતું. તા-૨૩-૩-'૩૫થી ચાર અઠવાડિયાનું માન લીધું હતું. તા. ૧૩-૩-'૩૬ના અરસામાં લગભગ રોજ સવારના દશથી સાંજના પાંચ વાગ્યા સુધી મૌન પાળતા હતા. તા. ૧૪-૫-'૪૪થી પંદર દિવસનું મૌન લીધું હતું અને એ પૂરું થતાં થોડા દિવસ સુધી વીસ કલાકનું મૌન પાળતા હતા.

અઠવાડિક મૌન પાળવાનું શરૂ કર્યું ત્યારે એમણે કહ્યું હતું કે હું પોતે સંકટમાં હોઉં અને બોલવાથી મદદ મળે એમ હોય તો, બીજું કોઈ સંકટમાં હોય અને બોલવાથી એને મદદ મળે એમ હોય તો, અને વાઈસરૉય અગર એવા કોઈ મોટા અમલદાર અણધાર્યા બોલાવે અને કાર્ય સિદ્ધ કરવા માટે બોલવાની જરૂર હોય તો મારા નિયમમાં અપવાદ કરી હું બોલીશ.

આવા પ્રસંગો કોઈ કોઈ વખત જ આવતા, અને ત્યારે, એ મૌન તોડતા, અગર મૌનનો સમય ફેરવતા. તા. ૨૩-૪-'૨૮ના રોજ મગનલાલ ગાંધી ગુજર્યા ત્યારે મૌનવાર હતો છતાં એ તોડી એમણે એમનાં કુટુંબીજનોને આશ્વાસન આપ્યું હતું, અને પ્રાર્થનામાં હૈયું ઠાલવ્યું હતું. તા. ૨૮-૧૨-'૩૧ના રોજ એ વિલાયતથી મુંબઈ આવ્યા. એ દિવસે સોમવાર હતો અને મૌન ત્રણ વાગ્યે ખૂલવાનું હતું; પરંતુ મુંબઈ પહોંચતાં ખૂબ કામ રહેશે એમ લાગવાથી એમણે આગલા દિવસે મૌન ત્રણ વાગ્યે શરૂ કરવાને બદલે બાર વાગ્યાથી શરૂ કર્યું હતું. તા. ૧૫-૩-'૩૭ના રોજ દિલ્હીમાં વર્કિંગ કમિટીની બેઠક હતી. આ દિવસે સોમવાર હતો. એટલે તા. ૧૪-૩-'૩૭ના રોજ મૌન બપોરના ૧૨–૧૫ વાગ્યાથી શરૂ કર્યું હતું. સરદાર અને ભૂલાભાઈ સાથે ચર્ચા કરવામાં સમય જવાથી તા. ૪-૭-'૩૭ને રવિવારના રોજ મૌન છેક મોડી સાંજે લીધું હતું. તા. ૪-૯-'૩૯ના રોજ સોમવાર હતો પણ વાઈસરૉય સાથે અગત્યની ચર્ચા કરવાની હતી એટલે મૌન વહેલું છોડયું હતું. તા. ૩૦-૯-'૪૦ના રોજ વાઈસરૉયને સિમલામાં મળવાનું હતું. આ દિવસે સોમવાર હતો. વાઈસરૉય સાથે ચર્ચા થઈ શકે એ હેતુથી આ વખતે મૌન, સોમવારે પાળવાને બદલે આગલા દિવસે—રવિવારે—પાળ્યું હતું.

કેટલીક વખતે પ્રવાસક્રમ જ એવી રીતે ગોઠવાતો કે મૌનવારનો દિવસ પ્રવાસમાં જ આવી જાય.

છતાં સામાન્યપણે એમ કહી શકાય કે મૌનનો સમય એ બહુ ચીવટપૂર્વક પાળતા. મૌનના સમય દરમ્યાન બોલવાનું બંધ હોય એટલે સભાઓ અને મુલાકાતો હોય નહિ, અને હોય તો બધો વ્યવહાર લખીને થાય. આના પરિણામે એમને ઠીક ઠીક આરામ મળતો અને એમનાં અઠવાડિકો—પ્રથમ નવજીવન ( ગુજરાતી અને હિન્દી ) અને યંગ ઇન્ડિયા ( અંગ્રેજી ) અને પછી હરિજનબંધુ ( ગુજરાતી ), હરિજન ( અંગ્રેજી ) અને હરિજન સેવક ( હિન્દી ) માટે લખવાનો સમય ફાજલ પાડી શકતા અને ચઢેલા પત્રવ્યવહારને પહોંચી વળવાનું શક્ય બનતું.

આખા હિન્દુસ્તાનની મુસાફરી એમણે બે ત્રણ વખત કરી હતી. ઉત્તરમાં ખૈબરઘાટ સુધી, પૂર્વમાં દિબ્રૂગઢ સુધી, દક્ષિણમાં કન્યાકુમારી સુધી અને પશ્ચિમમાં કરાંચી સુધી એ ગયા હતા. સિલોન, બરમા અને કચ્છની મુલાકાત પણ લીધી હતી. ટૂંકી મુસાફરીઓ તો અનેક વખત કરી હતી. સને ૧૯૨૪ની મહાસભાના પ્રમુખસ્થાને બિરાજ્યા પછી, મહાસભાનો કાર્યક્રમ લોકોમાં ફેલાવવા માટે આખી ૧૯૨૫ની સાલ સતત ભ્રમણ કર્યું હતું. સને ૧૯૩૩માં ભ્રમણ મુખ્યત્વે હરિજન-સેવા અંગે હતું.

એમના પ્રવાસમાં વિમાન સિવાય બધાં સાધનોનો એમણે ઉપયોગ કર્યો હતો. રેલવે, મોટર, ગાડી, ગાડું, રથ, ઘોડો, આગબોટ અને પગનો પણ ઉપયોગ કરતા.

સને ૧૯૨૫ના મે માસની ૨૫મી તારીખે અમદાવાદ નજીક ( હાલ તો અમદાવાદમાં સમાઈ જતા ) કોચરબ ગામમાં સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો. સને ૧૯૧૭ના ઓક્ટોબર માસના અરસામાં એને સાબરમતી ખસેડ્યો અને સને ૧૯૩૩ના જુલાઈ માસની આખરે એને સંકેલી લીધો અને પાછળથી એનું હરિજન આશ્રમમાં રૂપાંતર કર્યું. આ આશ્રમના સ્થાપક એ પોતે હતા. છતાં એની પાછળ એમણે, પ્રમાણમાં બહુ ઓછા દિવસો ગાળ્યા હતા. સને ૧૯૧૫, ૧૯૧૬, ૧૯૨૬ અને ૧૯૨૮ મોટે ભાગે એ અહીં જ રહ્યા હતા. પણ બાકીનાં વર્ષો દરમ્યાન એ ઠીક ઠીક પ્રમાણમાં બહાર હતા. આશ્રમ સંકેલ્યો ત્યાર સુધીના આશરે ૬૬૦૦ દિવસોમાંથી આશરે ૨૨૦૦ દિવસો જ એ આશ્રમમાં રહી શક્યા હતા. સને ૧૯૨૬નું લગભગ આખું વર્ષ આશ્રમને વ્યવસ્થિત બનાવવામાં ગાળ્યું હતું અને માટે તા. ૨૪-૭-'૨૬થી એક વ્યવસ્થાપક મંડળ રચ્યું હતું. વર્ધા અને પછી સેવાગ્રામના આશ્રમમાં પણ સને ૧૯૩૫, ૧૯૩૬, ૧૯૩૭, ૧૯૩૮, ૧૯૪૦ અને ૧૯૪૧નાં વર્ષોનો મોટો ભાગ એમણે ગાળ્યો હતો. એમ કહી શકાય કે કુલ આશરે પાંચ હજાર દિવસોમાંથી લગભગ અર્ધો સમય અહીં ગાળ્યો હતો.

સને ૧૯૧૯ સુધી એ પ્રત્યક્ષ રીતે રાજકરણમાં પડ્યા નહોતા. સરકાર સામે સત્યાગ્રહનું શસ્ત્ર સને ૧૯૧૭માં બિહારમાં ઉપાડ્યું હતું ખરું, પરંતુ એમાં કોઈ રાજકીય હેતુ નહોતો—મુખ્યત્વે સમાજના કચરાયેલાની—ત્યાંના ગળીના ખેતમજૂરોની—વહારે ધાવાનું પ્રયોજન હતું.

સક્રિય રાજકારણમાંથી સને ૧૯૩૪ના ઓક્ટોબર માસમાં એ સાવ નિવૃત્ત થયા હતા. એમણે કહ્યું, 'કોંગ્રેસ સત્ય અને અહિંસાની કેવળ વાતો જ કરે છે. કોઈ કામ કરવા તૈયાર નથી.

મારે હવે એની પ્રતીતિ સરકારને અને ત્રાસવાદીઓને કરાવવી છે.' આમ કહી એમણે મહાસભા-માંથી રાજીનામું આપ્યું હતું.

એમની પ્રવૃત્તિઓ એકલી રાજકીય નહોતી એ સૌ કોઈ જાણે છે. સમાજકલ્યાણની એવી એકે ય પ્રવૃત્તિ નહિ હોય કે જેમાં એમણે પોતાનો હિસ્સો નહિ આપ્યો હોય. આ પ્રવૃત્તિઓમાં મહાનમાં મહાન પ્રવૃત્તિ હરિજનોના ઉદ્ધારની અને હિન્દુ-મુસ્લિમ ઐક્યની હતી. ઉપરાંત રંગ-રૂટની ભરતી, ગૌરક્ષા, સ્ત્રીઉત્કર્ષ, સ્ત્રી-પુરુષના સંબંધ, લગ્ન, કેળવણી, ગ્રામોદ્ધાર, હાથકંતામણ અને હાથવણાટ, દારૂબંધી, ખોરાકના અખતરા, યોગનાં આસનો, આરોગ્યના અખતરા, વગેરે અનેક ક્ષેત્રોમાં એમણે પોતાનો ફાળો આપ્યો છે. કેટલીક વખતે તો આવી અનેકવિધ પ્રવૃત્તિઓ એ એકી-સાથે ચલાવતા હતા. ઉપરાંત અનેક માણસોના એ અંગત સલાહકાર હતા.

આવી બધી પ્રવૃત્તિઓ અંગે એમને પ્રવાસ અને પત્રવ્યવહાર ઘણા મોટા પ્રમાણમાં રહેતો. કામના બોજાને લીધે કેટલીક વખતે એમની તંદુરસ્તી ઉપર માઠી અસર થતી અને એમને લાંબો સમય પથારીવશ રહેવું પડતું.

હિન્દુસ્તાન આવ્યા પછી ૧૨૨ દિવસો એ હિન્દુસ્તાનની બહાર ગયા હતા—બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા સારુ. બાકીના દિવસો હિન્દુસ્તાનમાં જ ગાળ્યા હતા. આમાંથી ૨૦૯૨ દિવસો જેલમાં ગાળ્યા હતા. જેલમાં હતા ત્યારે પણ અનેક પ્રકારની બિનરાજકીય પ્રવૃત્તિઓ ચાલુ હતી, અને સરકાર સાથે પણ જુદા જુદા મુદ્દાઓ ઉપર પત્રવ્યવહાર ચાલુ રહેતો.

જિંદગીના એકેએક દિવસનો હિસાબ આપતા આ પ્રવૃત્તિમય જીવનની કાંઈક ઝાંખી થાય એ હેતુથી એમની દિનવારી એકઠી કરવાની કલ્પના થઈ આવી. આ સામગ્રી એકઠી કરવામાં વર્ષો ગયાં છે, અને એને ચકાસવમાં ઠીક ઠીક પરિશ્રમ લેવો પડ્યો છે. છતાં અગાઉ જણાવ્યું તેમ એ સંપૂર્ણ થઈ શકી છે એમ કહી શકાય તેમ નથી.

અનુભવે એમ માલૂમ પડ્યું છે કે દિનવારીની માહિતી એકઠી કરનારને હિન્દુસ્તાનની ભૂગોળનું અને રાજકીય ઇતિહાસનું જ્ઞાન ઠીક પ્રમાણમાં હોવું જોઈએ. ઉપરાંત રોજેરોજના પ્રવાસનો ક્રમ સમજવા માટે રસ્તા અને રેલવેના નકશાની, રેલવેગાઈડની, અને પોસ્ટલ ગાઈડની મદદ લેવી જોઈએ.

દિનવારીની માહિતી મેળવવાનાં સાધનોમાં આ ઉપરાંત મુખ્યત્વે નીચેનાં ગણી શકાય:

૧. છાપાંઓ..દૈનિકો તથા સામાયિકો અને વાર્ષિકો.
૨. ગાંધીજીનો પત્રવ્યવહાર—છપાયેલો અને અણછપાયેલો.
૩. માનપત્રો, સ્થળ ઉપરની તકતીઓ વગેરે.
૪. એમની પોતાની જીવનકથા, આત્મકથા તથા ડાયરીઓ.
૫. એમની સાથે સંપર્કમાં આવેલી વ્યક્તિઓની જીવનકથા અને આત્મકથા.
૬. એ વખતની મુંબઈ સરકારના પોલીસ ખાતાના (છૂપી પોલીસ સુદ્ધાંતના) તથા બીજા અધિકારીઓના અહેવાલો.
૭. કેટલીક રાજ્ય સરકારોએ પોતાની પાસેની માહિતી ઉપરથી તૈયાર કરેલાં પુસ્તકો.

૮. કેટલાક અહેવાલો, પ્રવાસવર્ણનો, લડતોના ઇતિહાસ, સાથીઓનાં સંસ્મરણો, રોજનીશીઓ વગેરે.

૯. મહાદેવભાઈની પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ ડાયરીઓ.

૧૦. સંસ્થાઓ અને વ્યક્તિઓ સાથે મેં ચલાવેલો પત્રવ્યવહાર.

આમાંથી જે જે સાધનો છપાયેલાં છે, ખાસ કરીને છાપાં, સામયિકો વાર્ષિકો, તેમનામાં જો કોઈ છાપભૂલ રહી ગઈ હોય તો માથું પકવી નાખે એવી સમસ્યાઓ ઊભી થાય. વળી અઠવાડિકો લખે 'ગયા અઠવાડિયામાં' આમ બન્યું, પણ કયા દિવસે, એ માહિતી હોય નહિ. રવિવારે બહાર પડતાં અઠવાડિકમાં અમુક બનાવ, 'ગયા શનિવારે' બન્યો હતો એમ લખ્યું હોય પરંતુ ખરેખર તો એ ગયાના આગલા શનિવારે બન્યો હોય! માસિકો તો વળી એનાથી પણ આગળ વધે. માસિક જે મહિનાનું હોય તે મહિનાના આગલા મહિનાની માહિતી એમાં હોય એમ સ્વાભાવિકપણે માની શકાય. પણ એ માસિક જે તે મહિનાના કયા દિવસે બહાર પડયું એની નોંધ એ જમાનામાં બધાં જ માસિકો આપતાં નહોતાં. એટલે તારીખ બેસાડવામાં એક આખા મહિનાની ભૂલ રહી જવાનો ડર રહે. મારી જાણ મુજબ કોઈ ગુજરાતી માસિક ડાયરી આપતું નહોતું, અને અંગ્રેજી માસિકોમાં પણ ફક્ત ઇન્ડિયન રિવ્યુ જ ડાયરી આપતું. એમાં યે એ જમાનામાં, ખાસ કરીને શરૂઆતનાં વર્ષોમાં, ગાંધીજી કોઈ મહત્ત્વની વ્યક્તિ નહોતા એટલે એમના વિષેની માહિતી નહિ જેવી જ આવતી. કેટલીક વખતે માસિકમાં એમનું આખું ભાષણ આપવામાં આવતું પણ એ કયા સ્થળે અને કયા દિવસે આપવામાં આવ્યું હતું એ માહિતી હોય નહિ; છાપેલા ભાષણની કેવળ નકલ જ છાપવામાં આવતી.

દૈનિક છાપાંઓમાંથી, ટાઈમ્સ ઑફ ઇન્ડિયા તો શરૂઆતમાં એમનો હિસાબ જ ગણતું નહિ. એમાં તો એ વખતના વાઈસરૉય, ગવર્નર, યુરોપિયન અમલદારો, દેશી રાજારજવાડાં અને નાચરંગ, બૉલ, પાર્ટીઓ તથા પરદેશી ઉદ્યોગો વગેરે વિષે જ માહિતી આપવામાં આવતી હતી. કોઈ યુરોપિયન પરણ્યા હોય, કોઈ દેશી રાજાને ત્યાં લગ્ન હોય અગર પુત્ર જન્મ્યો હોય તો એની સવિશેષ માહિતી આવે. દેશીઓ વિષે અને સામાન્યપણે પ્રજા વિષે બહુ જ ઓછી માહિતી આવતી. છતાં જો કોઈ વખત કાંઈ માહિતી આવે તો એ, ઝીણા અક્ષરે, ગમે તે કોઈ પાનામાં જ્યાં ખાલી જગ્યા રહેતી હોય ત્યાં, એક ખૂણામાં છાપેલી હોય. અને આવું હોય ત્યારે એ સહેલાઈથી નજરે ન ચઢે.

ગાંધીજીએ જુદી જુદી વ્યક્તિઓને લખેલા પત્રોના કેટલાક સંગ્રહો પુસ્તકાકારે બહાર પડયા છે. નવજીવન કાર્યાલય તરફથી નીચેની વ્યક્તિઓને લખવામાં આવેલા પત્રોના સંગ્રહો બહાર પડયા છે. આશ્રમની બહેનો, કુસુમબહેન દેસાઈ, એસ્થર ફેરિંગ, મીરાંબહેન, મણિબહેન પટેલ, સરદાર વલ્લભભાઈ, જમનાલાલ બજાજ, પ્રેમાબહેન કંટક, રાજકુમારી અમૃતકુંવર, ગં. સ્વ. ગંગાબહેન, બહેન અસ્તુસલામ અને છગનલાલ જોષી......ઉપરાંત એશિયા પબ્લિશિંગ હાઉસ તરફથી પંડિત મોતીલાલ નહેરૂ અને પંડિત જવાહરલાલ નહેરૂ સાથેનો કેટલોક પત્રવ્યવહાર પ્રગટ થયો છે, તથા ન્યુયૉર્કના હાર્પર ઍન્ડ બ્રધર્સ તરફથી મીરાંબહેન ઉપર લખવામાં આવેલા પત્રોનો સંગ્રહ પ્રગટ થયો છે.

ગાંધીજીએ જે તે વ્યક્તિને લખેલા બધા જ પત્રોનો સમાવેશ આ સંગ્રહોમાં થાય છે એમ કહી શકાય નહિ. વળી પત્રોના મથાળે સ્થળ અને તારીખ છાપ્યાં છે પરંતુ બધા જ પત્રો વિષે એમ નથી, અને કોક કોક વખત તો છાપેલાં સ્થળ અને તારીખ શંકાસ્પદ માલૂમ પડયાં છે; છતાં આ સંગ્રહો ઠીક પ્રમાણમાં મદદકર્તા થઈ પડયા છે.

આ ઉપરાંત અણછપાયેલો પત્રવ્યવહાર પુષ્કળ છે. આની ફોટોસ્ટાટ નકલો સાબરમતી સંગ્રહાલયમાં છે. એમાંના ઘણામાંથી તારીખો અને સ્થળો મળી શકયાં છે. કમનસીબે આ પત્રવ્યવહાર પણ સંપૂર્ણ નથી. સને ૧૯૩૩માં એમણે આ આશ્રમનું રૂપાંતર કર્યું ત્યાર સુધીનો પત્રવ્યવહાર ત્યાં છે, પણ આમાંથી કેટલોક ઊધઈ, પાણી અને ઉંદરોથી નાશ પામ્યો છે અને કેટલોક આડોઅવળો થઈ ગયો છે. સને ૧૯૩૩ પછી ગાંધીજી વર્ધા–સેવાગ્રામ જઈને વસ્યા એટલે ત્યાર પછીનો પત્રવ્યવહાર ત્યાં હતો; પણ હાલ તો એ ત્યાં પણ નથી અને 'ગાંધી સ્મારક નિધિ' પાસે પણ નથી. છતાં આ સમય (૧૯૩૩) પછી લખાયેલા કેટલાક કાગળો, ગાંધીજીના ખૂન પછી, નિધિએ બહાર પાડેલી વિનંતીના જવાબરૂપે, દેશમાંથી તેમ જ પરદેશમાંથી નિધિને આપવામાં આવ્યા છે અને એની ફોટોસ્ટાટ નકલો સાબરમતી સંગ્રહાલયમાં છે. એટલે સને ૧૯૩૩ પછીનો જે પત્રવ્યવહાર ત્યાં છે તે આ પ્રકારનો અને મર્યાદિત છે. એટલું સારું છે કે સને ૧૯૩૩ પછીના સમયના પત્રવ્યવહાર વિના પણ દિનવારી માટે માહિતી મેળવી શકાઈ છે, કારણ એ વખતે ગાંધીજી જાહેર વ્યક્તિ બની ગયા હતા; અને છાપાંઓ એમની પ્રવૃત્તિઓ વિષે ઠીક ઠીક પ્રમાણમાં માહિતી આપતાં હતાં. છતાં પત્રવ્યવહાર લભ્ય હોય તો દિનવારી વધુ સમૃદ્ધ બની શકત એ સાચું.

ગાંધીજી, પરદેશ અને સરકાર સાથેના પત્રવ્યવહારમાં તારીખ લખતા પરંતુ દેશમાં વસનારને લખેલા અંગત પત્રોમાં શરૂઆતમાં દેશી તિથિ, દેશી મહિનો અને વિક્રમ સંવત લખતા. આ બાબતમાં એમનો આગ્રહ પણ રહેતો, પણ આ આગ્રહે, દિનવારીના સંગ્રાહક માટે કેટલીક વખતે મુશ્કેલીઓ ઊભી કરી છે. દેશી તિથિઓમાં વધઘટ હોય અને બધાં જ પંચાંગો એક જ પ્રકારની વધઘટ સ્વીકારતાં નથી. એટલે તારીખ બેસાડવામાં એકાદ દિવસ આગળપાછળ હોવાનો સંભવ રહે છે. જો તિથિ સાથે વાર લખ્યો હોય તો તો આવું ન બને, પણ સાધારણ રીતે એ વાર લખતા જ નહોતા અને લખે તો તિથિ ન લખે. આની વાત આગળ આવશે. એમ જણાય છે કે તા. ૨૨-૫-'૩૨થી એમણે તિથિ જ લખવાનો આગ્રહ છોડી દીધો અને તારીખ લખવાનું શરૂ કર્યું; અને એમના તંત્રીપદે નીકળતાં પત્રોમાં જે કંઈ લેખો અગર નોંધો એ લખે તેમાં તારીખ ૫-૧૦-'૩૮થી તારીખ અને સ્થળ બન્ને લખવાનું એમણે શરૂ કર્યું. આનાથી ત્યાર પછીની દિનવારી ગોઠવવી બહુ સહેલું થઈ પડયું છે.

પણ વ્યક્તિઓને લખેલા એમના પત્રો ઉપર આધાર રાખીને દિનવારી ગોઠવવાના કામમાં બે મોટી જબરજસ્ત મુશ્કેલીઓ માલૂમ પડી છે.

ઘણા પત્રો એવા છે કે જેમાં એમણે તિથિ–તારીખ લખી જ નથી. તો પછી સ્થળ તો ક્યાંથી જ લખ્યું હોય? બહુ બહુ તો લખ્યું હોય "મૌનવાર" અગર જે વાર હોય તે; પણ કયા વર્ષનો કયા મહિનાનો અને કેટલામો વાર આ છે એ શોધવું કેવી રીતે?

પત્રમાં લખેલી બાબતો ઉપરથી કદાચ તારીખ બેસાડી શકાય પણ એ તો, બનાવેલી દિનવારીના પરિણામે—દિનવારી બનાવવામાં આધાર તરીકે નહિ.

પત્ર જો કોઈ પોસ્ટકાર્ડ હોય અને એ સચવાયું હોય, અને એ પોસ્ટકાર્ડ અગર પરબીડિયાં ઉપરની ટપાલની છાપ ઠીક ઠીક ઊઠી હોય—આજે પણ એ વંચાય એવી રહી હોય—તો તો જાણે સુગમ પડે; પણ પત્ર આ સ્થિતિમાં હોય એવું તો ક્વચિત્ જ બન્યું છે, અને વળી ટપાલની છાપ ઉપર સંપૂર્ણ આધાર તો ન જ રાખી શકાય. જે દિવસે પત્ર લખ્યો હોય તે જ દિવસે એ ટપાલમાં ન પણ નખાયો હોય. જે સ્થળેથી કાગળ લખ્યો હોય તે સ્થળે ટપાલપેટી ન પણ હોય અને તેથી ત્યાર પછીના જે સ્થળે એ પેટી હોય ત્યાં નખાયો હોય. આવું હોય ત્યાં ટપાલની છાપની તારીખ અને સ્થળ, પત્ર લખ્યાની તારીખ અને સ્થળ તરીકે ન સ્વીકારી શકાય.

આના કરતાં ય વધુ મૂંઝવણભરી સ્થિતિ તો જ્યારે એમણે લખેલાં સ્થળ અને તારીખ-તિથિ બેસે નહિ ત્યારે અનુભવાઈ છે. સાબરમતી આશ્રમનો અગર વર્ધા-સેવાગ્રામ આશ્રમનો નોટપેપર વાપર્યો હોય, પત્ર લખ્યો હોય કોઈ બીજા જ સ્થળથી, પત્રમાં એ સ્થળ ન લખ્યું હોય અને નોટપેપર ઉપર છાપેલું સ્થળ ચેકયું ન હોય એવું પણ કેટલીક વખતે બન્યું છે.

વળી તારીખ-તિથિ લખવામાં મોટા માણસો ભૂલ ન કરે એમ માનવાનું કાંઈ કારણ નથી. એવું પણ માલૂમ પડયું છે કે મહિનો બદલાયો હોય છતાં આગલો મહિનો લખ્યો હોય અને વર્ષ બદલાઈ ગયું હોય છતાં આગલું વર્ષ લખ્યું હોય. મહિના અગર વર્ષની શરૂઆતમાં આમ બને એ સમજી શકાય, પણ દર મહિને અને દર વર્ષે પણ આમ બને ત્યારે આ ખરેખર ભૂલ છે કે આપણી જ ( સંગ્રાહકની જ ) કાંઈ ભૂલ થાય છે એ નક્કી કરતાં પહેલાં સંગ્રાહકે ઠીક ઠીક ચકાસણી કરવી પડે છે. થોડાક નમૂના અહીં આપું તો અસ્થાને નહિ ગણાય :

૧. શ્રી જમનાલાલ બજાજને લખેલા એક પત્રમાં સ્થળ અને તિથિ અનુક્રમે રાંચી અને ભાદરવા સુ. ૯ લખ્યાં છે, પણ આ દિવસે ગાંધીજી અમદાવાદ હતા—રાંચી નહોતા, પહેલાં આસો સુદ ૯ના રોજ રાંચી હતા. આમ તિથિ લખવામાં એક મહિનાની ભૂલ થઈ છે.

૨. શ્રી. ભગવાનજીભાઈને લખેલા એક પત્રમાં સ્થળ અને તિથિ અનુક્રમે રાંચી અને ભાદરવા વદ ૩ લખ્યાં છે પણ આ દિવસે ગાંધીજી અમદાવાદ હતા—રાંચી નહોતા. પહેલા આસો વદ ૩ના રોજ રાંચી હતા. આમ તિથિ લખવામાં એક મહિનાની ભૂલ થઈ છે.

૩. પંજાબમાં તથા ગુજરાતમાં થયેલાં રમખાણની તપાસ કરવા માટે સરકારે નીમેલી હંટર કમિટી અમદાવાદ આવી ત્યારે ગાંધીજીએ તા. ૫-૧-'૨૦ના રોજ પોતાનું નિવેદન એમને મોકલ્યું અને એમની સમક્ષ તા. ૯–૧–'૨૦ના રોજ જુબાની આપી. આ નિવેદન સાથે મોકલેલા પત્રના મુસદ્દામાં એમણે તા. ૫–૪–૨૦ લખી.

૪. વસુમતી બહેનને લખેલા એક પત્રમાં તિથિ જેઠ સુદ ૫ લખી. આના ઉપર ટપાલની છાપ તા. ૧૧–૬–'૨૫ની છે. આ તારીખના હિસાબે તિથિ જેઠ વદ ૫ બેસે છે. આમ વદને બદલે સુદ લખાયું.

૫. સુંદરમને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે બારડોલી અને ૩–૨–'૨૧ લખ્યાં છે. આ પત્રમાં સત્યાગ્રહની લડત બારડોલીથી ઉપાડવાની વાત છે. પણ આ વખતે લડત ઉપાડવાની વાત જ નહોતી. લડત ઉપાડવાની વાત તા. ૩–૨–'૨૨ના રોજ હતી. વળી તા.

૩-૨-'૨૧ના રોજ ગાંધીજી કલકત્તા હતા અને તા. ૩-૨-'૨૨ના રોજ બારડોલી હતા. આ જોતાં તારીખ લખવામાં એક વર્ષની ભૂલ થઈ છે.

૬. અંધેરીથી એક નિવેદન ગાંધીજીએ મોકલ્યું અને એમાં તારીખ ૧૭-૩-'૨૫ લખી. આ દિવસે ગાંધીજી ત્રાવણકોરમાં હતા. ઉપરાંત આ નિવેદન યંગ ઇન્ડિયાના તા. ૨૦-૩-'૨૪ના અંકમાં છપાયું છે. એટલે ખરી તા. ૧૭-૩-'૨૪ હોઈ શકે. આમ આમાં એક વર્ષની ભૂલ થઈ છે.

૭. શ્રી એન્ડ્રૂઝને લખેલા એક પત્રમાં તા. ૨૫-૧૦-'૨૫ લખી છે. પત્ર ઉપરની ટપાલછાપમાં દિલ્હી અને તા. ૨૫-૧૦-'૨૪ છે. આ દિવસે ગાંધીજી દિલ્હી હતા વળી તા. ૨૫-૧૦-'૨૫ના રોજ એ કચ્છમાં હતા. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૮. શ્રી છગનલાલ જોષીને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે મસુરી અને તા. ૧૭-૧૦-'૨૮ જણાવ્યાં છે. પણ આ તારીખે ગાંધીજી સાબરમતી હતા. વળી આમાં તા. ૪-૧૨-'૨૯ ના રોજ સાબરમતી આશ્રમમાં નિર્ધારેલા એક લગ્નમાં પોતે હાજર રહી શકશે એમ જણાવ્યું છે. તા. ૧૭-૧૦-'૨૯ના દિવસે ગાંધીજી મસુરી હતા એટલે ખરી તા. ૧૭-૧૦-'૨૯ ગણાય. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૯. અમદાવાદમાં રહેતા શ્રી રમણિકલાલ મોદી ઉપર લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે અલ્હાબાદ અને ૧૮-૧૧-'૨૮ લખ્યાં તથા લખ્યું 'હવે તો આપણે એક અઠવાડિયામાં મળીશું' પણ આ તારીખે ગાંધીજી અમદાવાદ જ હતા. વળી તા. ૧૮-૧૧-'૨૯ના રોજ એ અલ્હાબાદ હતા અને તા. ૨૫-૧૧-'૨૯ના રોજ અમદાવાદ આવ્યા હતા. એટલે આ પત્રની તા. ૧૮-૧૧-'૨૯ જ બેસે છે. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૧૦. આશ્રમમાં રહેતા શ્રી. છગનલાલ જોષીને રસ્તામાંથી લખેલા એક પત્રમાં તા. ૨-૧-'૨૯ લખી છે. આ પત્રની ટપાલ છાપ પરથી જણાયા છે કે એ પત્ર સાબરમતી તા. ૪-૨-'૨૯ ના રોજ આવ્યો હતો. વળી તા. ૨-૧-'૨૯ના રોજ ગાંધીજી કલકત્તા હતા અને તા-૨-૨-૨૯ના રોજ રસ્તામાં હતા, સિંધ જતા હતા. ઉપરાંત પત્રના લખાણમાં ગાંધીજીના પૌત્ર રસિકની માંદગીનો નિર્દેશ છે. રસિક દિલ્હીમાં તા. ૮-૨-'૨૯ના રોજ ગુજર્યો. આ બધું જોતાં પત્રની તા. ૨-૨-'૨૯ બેસે છે. આમ એક માસની ભૂલ થઈ છે.

૧૧. શ્રી બનારસીદાસ ચતુર્વેદીને લખેલા એક પત્રમાં સ્થળ...યરવડામંદિર (ગાંધીજી જેલને મંદિર કહેતા) અને તા. ૪-૧-'૩૦ છે, પણ આ દિવસે ગાંધીજી સાબરમતી હતા. વળી આ પત્ર શ્રી. ચતુર્વેદીના તા. ૨૪-૧૨-'૩૦ના પત્રના જવાબરૂપે છે. એટલે આ પત્રની ખરી તા. ૪-૧-'૩૧ હશે. આ દિવસે ગાંધીજી યરોડા જેલમાં હતા. આમ એક વર્ષની ભૂલ છે.

૧૨. બહેન અમ્તુસલામને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ...અનુક્રમે એબોટાબાદ અને ૧૦-૭-'૩૦ છે, પણ આ દિવસે ગાંધીજી જેલમાં હતા. તા. ૧૦-૭-'૩૯ના રોજ એ એબોટાબાદ હતા એટલે ખરી તા. ૧૦-૭-'૩૯ હોવી જોઈએ. પત્રમાં ત્રીસનું મીડું બરાબર વાળેલું છે.

૧૩. બહેન મહાલક્ષ્મીને લખેલા એક પત્રમાં તારીખ ૧૨-૧-'૩૧ લખી છે અને પત્રમાંના લખાણ પરથી લાગે છે કે એ જેલમાંથી લખાયો હશે. તા. ૧૨-૧-'૩૧ના રોજ ગાંધીજી જેલમાં હતા. પણ પત્રમાં લખ્યું છે 'બહાર ફુરસદ ન મળી, હવે અહીંથી લખવાનું થશે જ. છોકરાંઓને મેં મુંબઈ જોયાં હતાં.' ગાંધીજી વિલાયતથી આવ્યા પછી તા. ૨૮-૧૨-'૩૧ થી તા. ૪-૧-'૩૨ સુધી છૂટા હતા અને મુંબઈમાં હતા. આ બધું ધ્યાનમાં લેતાં ખરી તા.૧૨-૧-'૩૨ બેસે છે. ગાંધીજીની આ દિવસની ડાયરી પરથી પણ જણાય છે કે એમણે આ બહેનને આ દિવસે પત્ર લખ્યો હતો.

૧૪. શ્રીમતી રૈહાના તૈયબજીને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે યરવડા મંદિર અને તા. ૮-૩-'૩૧ છે. પણ આ દિવસે એ દિલ્હી હતા. વળી ટપાલની છાપમાં સાલ ૧૯૩૨ છે. તા. ૮-૩-'૩૨ના રોજ ગાંધીજી જેલમાં હતા. એટલે ખરી તા. ૮-૩-'૩૨ હતી. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૧૫. બહેન વનમાળાને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે યરવડા મંદિર અને ૩૧-૩-'૩૧ છે પણ આ દિવસે ગાંધીજી કરાંચી હતા. વળી તા. ૩૧-૩-'૩૨ના રોજ એ જેલમાં હતા. એટલે ખરી તા. ૩૧-૩-'૩૨ હતી. આમ એક વર્ષની ભૂલ છે.

૧૬. પુત્ર દેવદાસને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેગાંવ અને તા. ૧૨-૧૧-'૩૨ છે, પણ આ દિવસે ગાંધીજી જેલમાં હતા. આ પત્રમાં હરિલાલના છેલ્લા પરાક્રમ વિષે ઉલ્લેખ છે. આ છેલ્લું પરાક્રમ, મુસલમાન થયેલા હરિલાલે હિન્દુધર્મ ફરી સ્વીકાર્યો તે હશે. આ બનાવ તા. ૧૪-૧૧-'૩૬ પહેલાં બન્યો હતો. વળી પત્રમાં દેવદાસ અને એમનાં પત્ની તથા બાળકોના ખુશીખબર પૂછ્યા છે. દેવદાસનાં લગ્ન તા. ૧૬-૬-'૩૩ના રોજ થયાં હતાં. એમને ત્યાં પુત્રી તા. ૨૪-૪-'૩૪ના અરસામાં અવતરી હતી અને પુત્ર તા. ૧૩-૮-'૩૫ના અરસામાં અવતર્યો હતો. એટલે આ પત્ર આ તારીખ પછી જ લખાયો હશે. વળી તા. ૧૪-૧૧-'૩૬ના રોજ એ સેગાંવ હતા. બધું વિચારતાં તા. ૧૨-૧૧-'૩૬ ખરી તારીખ લાગે છે. આમ ચાર વર્ષની ભૂલ થઈ છે.

૧૭. શ્રીમતી પ્રભાવતીને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે મુંબઈ અને તા.૨૫-૬-'૩૬ છે, પણ આ તારીખે ગાંધીજી સેવાગ્રામ હતા. પત્રમાં લખ્યું છે 'બા માંદી છે. સરહદ જવાનું નક્કી નથી,' વગેરે. આ વિગતો તા. ૨૫-૬-'૩૯ સાથે બંધ બેસે છે. વળી સરહદ જવા ગાંધીજી મુંબઈથી તા. ૫-૭-'૩૯ના રોજ નીકળ્યા હતા. આ બધું વિચારતાં આ પત્રની તા. ૨૫-૬-'૩૯ હશે. આમ ત્રણ વર્ષની ભૂલ થઈ છે.

૧૮. પુત્ર મણિલાલ ગાંધી અને એમનાં પત્ની સુશીલાને એક પત્ર લખ્યો છે એમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને ૧૯-૧-૪૦ છે. સ્થળ બરાબર લાગે છે પણ તારીખ બેસતી નથી. પત્રમાં લખ્યું છે. '...સુશીલાના પ્રસવના સમાચાર મને નાનાભાઈએ દિલ્હી આપ્યા હતા...ઇલાના કાનમાં મારા આશીર્વાદ ફૂંકજે..મેરીબહેનને મળતો રહેજે..તારો તા. ૮મી જુલાઈનો કાગળ આજે મળ્યો એટલે અગિયાર દિવસમાં આવ્યો..' સુશીલાને તા. ૨૨-૫-'૪૦ના રોજ સાતમો મહિનો જતો હતો એવી માહિતી બીજા એક પત્ર ઉપરથી મળે છે એટલે ગાંધીજીના આ પત્રની તારીખમાં મહિનો જુલાઈ જ હોઈ શકે. મેરીબહેન (મેરી બાર)

આ અરસામાં દક્ષિણ આફ્રિકા જવાનાં હતાં એવું બીજા એક પત્ર ઉપરથી જણાય છે. એટલે પણ પત્રની તારીખનો મહિનો જુલાઈ હોઈ શકે. મણિલાલનો પત્ર ૮મી જુલાઈનો છે અને અગિયાર દિવસ બાદ એ મળ્યો છે એટલે પણ ગાંધીજીએ લખેલા પત્રની તા. ૧૯મી જુલાઈ જ હોઈ શકે. આ દિવસે પણ ગાંધીજી સેવાગ્રામ હતા. આ બધું વિચારતાં પત્રની તા. ૧૯-૭-'૪૦ હશે. આમ છ માસની ભૂલ થઈ છે.

૧૯. શ્રીમતી પ્રભાવતીને લખેલા એક પત્રનાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને ૧૨-૧-'૪૧ છે. સ્થળ બરાબર છે પણ તારીખમાં સાલ બેસતી નથી. ટપાલછાપમાં જ તારીખનું વર્ષ ૧૯૪૨ છે. વળી પત્રમાં લખ્યું છે 'હું ૨૧મીએ બનારસ પહોંચીશ અને ૨૨મીએ ત્યાંથી પાછો ફરીશ. આ વિગતો ૧૯૪૨માં બેસે છે. ૧૯૪૧માં તો આ દિવસોમાં એ સેવાગ્રામ હતા. એટલે ખરી સાલ ૧૯૪૨ છે. આમ એક વર્ષની ભૂલ થઇ છે.

૨૦. શ્રી હૉરેસ એલેક્ઝાંડરને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને તા. ૨૨-૪-'૪૧ છે. એમાં સ્થળ બરાબર છે પણ તારીખનું વર્ષ બેસતું નથી. પત્રમાં એ મતલબનું લખ્યું છે કે ક્રિપ્સ આવ્યા અને ગયા. એ ન જ આવ્યા હોત તો કેવું સારું થાત ? એકે ય પક્ષને એમની દરખાસ્તથી સંતોષ થયો નથી. ક્રિપ્સ અને એમનું મિશન હિન્દુસ્તાન તા. ૨૨-૩-'૪૨ના રોજ આવ્યું. એમને મળવા ગાંધીજી દિલ્હી ગયા અને એમને તા. ૨૭-૩-'૪૨ના રોજ મળ્યા. નિષ્ફળતા મેળવી, ક્રિપ્સે તા. ૧૩-૪-'૪૨ના રોજ હિન્દ છોડયું. ત્યાર પછી આ પત્ર લખાયો હોવો જોઈએ. એ હિસાબે આની તારીખનું વર્ષ ૧૯૪૨ જ હોઈ શકે. એટલે ખરી તા. ૨૨-૪-'૪૨ છે. આમ એક વર્ષની ભૂલ થઈ છે.

૨૧. શ્રીમતી અમૃતકુંવરને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને તા. ૧-૯-'૪૨ છે, પણ આ તારીખે ગાંધીજી જેલમાં હતા. આ બહેનને લખેલા પત્રનો સંગ્રહ છપાયો છે. એમાં આની તા. ૧-૮-'૪૨ છાપવામાં આવી છે, અને આ જ બેસે છે. આમ એક માસની ભૂલ થઈ છે.

૨૨. શ્રીમતી અમ્તુસલામને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે ન્યુ દિલ્હી અને ૧૬-૪-'૪૬ છે. આ પત્રમાં લખ્યું છે, 'હું અહીં કાલે આવ્યો' પણ ગાંધીજી ન્યુ દિલ્હીમાં તા. ૧-૪-'૪૬ થી ૩૦-૪-'૪૬ સુધી અને તા. ૧૫-૫-'૪૬ થી ૨૭-૫-'૪૬ સુધી હતા. એટલે આ પત્રની તા. ૧૬-૫-'૪૬ હોવી જોઈએ. આમ એક માસની ભૂલ થઈ છે.

આ બધા પત્રોમાં તારીખ ગાંધીજીએ પોતાના હાથે જ લખી છે. આવી ભૂલો થઈ ગઈ હોય એવા બીજા પણ પત્રો છે, જે લખ્યા હોય એમના વતી બીજા કોઈએ અને એમણે તો ફક્ત સહી જ કરી હોય, પણ અહીં આવા પત્રોનો ઉલ્લેખ કર્યો નથી.

હવે, તારીખ સિવાયની બીજી બાબતો વિષે થયેલી ભૂલોના થોડાક નમૂના આપું :

૧. સિલોન જવા માટે ગાંધીજી મુંબઈ બંદરેથી તા. ૭-૧૧-'૨૭ના રોજ નીકળ્યા અને તા. ૧૨-૧૧-'૨૭ના રોજ કોલંબો પહોંચ્યા. દરમ્યાન તા. ૧૧-૧૧-'૨૭ના રોજ એન્ડ્રૂઝને લખેલા એક પત્રમાં એમણે લખાવ્યું ( Dictate કરાવ્યું ),

'I have been having a glorious voyage to Bombay from Colombo'!

૨. તા. ૧૯-૧૦-'૩૩ના રોજ ઠક્કર બાપાને લખાવેલા એક પત્રમાં લખનારે. સાચી તારીખ લખી પણ સહી કરતી વખતે ગાંધીજીએ પોતે જ લખ્યું 'વર્ધા ૨૦-૧૧-'૩૩'. પણ આ તારીખે એ વર્ધા નહોતા જ. આમ તારીખ લખવામાં ભૂલ થઈ છે.

૩. શ્રીમતી અમ્તુસલામને લખેલા એક પત્રમાં સ્થળ અને તારીખ અનુક્રમે સેવાગ્રામ અને તા. ૨૮-૮-'૪૬ છે, પણ આ દિવસે એ દિલ્હી હતા. એટલે આમાં સ્થળ લખવામાં ભૂલ થઈ છે.

૪. તા. ૨૦-૯-'૩૪ના રોજ શ્રીમતી અમૃતકુંવરને લખેલા એક પત્રમાં સંબોધનના સ્થળે 'Dear Sir' લખ્યું! આ બહેનને લખેલા કાગળોમાં ગાંધીજી અનેક પ્રકારનાં સંબોધનો કરતા— Rebel, Hysterical Idiot, Teacher of slang, Untouchable, Deceiver વગેરે; પણ કોઈ વખતે જાતિ બદલી નહોતી. એટલે લાગે છે કે ભૂલમાં જ 'Sir' લખાઈ ગયું હશે. આ પત્ર જ્યારે છપાયો ત્યારે એમાં સુધારી 'Dear Sister' રાખવામાં આવ્યું છે.

૫. એ જ વ્યક્તિને તા. ૧૪-૭-'૩૭ના રોજ લખેલા પત્રમાં એક બહેનના વિવાહ વિષે લખ્યું...' Will be an ideal husband for him.' આમાં 'him'ને બદલે 'her' જોઈએ. લખવામાં ભૂલ થઈ હશે. પત્રો છપાયા તેમાં સુધારી લઈ 'her' છાપવામાં આવ્યું છે.

૬. તા. ૧૧-૮-'૩૮ના રોજ મહાદેવભાઈને નીચે મુજબનો એક તાર શ્રી જયરામદાસ દોલતરામને મોકલવા સૂચના આપી.

Jairamdas,

Prem Bhavan, H'bad, (Deccan)

Girdhari gives bad report your health, you must leave Sind. G. D. will suggest Nainital.

આમાં સરનામામાં Hyderabad (Sind) લખવાને બદલે Hyderabad (Deccan) લખાઈ ગયું છે.

ઉપર આપેલા બધા તો કેવળ નમૂના છે. બીજાઓમાં પણ આવી ભૂલો થઈ છે, અને ન નજરે ચઢી હોય એવું પણ બન્યું હશે.

આવી ભૂલો કેમ થઈ હશે? એ તે કેવળ હસ્તદોષ હશે? કે ... બેદરકારી હશે? કે જે તે સમયે ગાંધીજીના મગજ ઉપર બોજો હશે? કે શું હશે? એ શોધવું ઇતિહાસકારનો અને મનોવિજ્ઞાનશાસ્ત્રીનો વિષય છે. અહીં તો મેં ફક્ત વિષય જ પૂરો પાડ્યો છે.

કોઈના હાથે જ્યારે કોઈ મકાનનો પાયો નખાવવામાં આવે અગર કોઈ સંસ્થાનું ઉદ્ઘાટન કરાવવામાં આવે ત્યારે એ પ્રસંગની તારીખ દર્શાવતી તકતી સ્થળ ઉપર મૂકવાનો રિવાજ છે. આ

તકતીમાં જણાવેલી તારીખ હંમેશ સાચી જ હોય, ગાંધીજીના હાથે આવું કાંઈ કરાવવામાં આવ્યું હોય અને તકતી મૂકવામાં આવી હોય તો એમાં જણાવેલી તારીખ સ્વીકારવામાં કાંઈ વાંધો નથી. અલબત આના માટે જે તે સ્થળે જવું પડે...અમદાવાદ પૂરતી આવી ચોકસાઈ મેં કરી છે.

ગાંધીજીને મળેલાં માનપત્રો પૈકીનાં કેટલાંક સાબરમતી સંગ્રહાલયમાં છે. આમાં તારીખો નાખેલી છે, પણ ચકાસણી કરતાં માલૂમ પડયું છે છે કે કેટલાંક માનપત્રો એમાં લખેલી તારીખે નહિ પણ ત્યાર પછી એકાદ બે દિવસ બાદ આપવામાં આવ્યાં હતાં. માનપત્રમાં લખેલી તારીખ કદાચ માનપત્ર...આપવાનું મંજૂર થયા તારીખ હશે; અગર સહીઓ કરનારે સહીઓ કર્યાની તારીખ નાખી હશે. એટલે સ્થળ ચોક્કસ, પણ એમાં જણાવેલી તારીખ ઉપર બહુ આધાર રખાય નહિ.

જીવનકથા અને આત્મકથા લખનારાઓમાંથી બહુ જ ઓછા, તારીખો માટે આગ્રહ રાખે છે, એવું મેં અનુભવ્યું. છે. મોટે ભાગે તો પ્રસંગનું વર્ષ જ લખ્યું હોય છે. કાંઈક વિગતવાર ડાયરીના સ્વરૂપમાં આત્મકથા સ્વ. શ્રી મુકુંદ રામરાવ જકકરે લખેલી છે. એના બે જ ભાગ હજી સુધી બહાર પડ્યા છે. એમાંથી મને કેટલીક તારીખો મળી છે. બીજાં આવાં પુસ્તકો હશે પણ મારી નજરે ચઢયાં નથી

બીજાની જીવનકથામાં અને આત્મકથામાં નોંધેલા પ્રસંગોને, ગાંધીજીની દિનવારીમાં ઘટાવતી વખતે થોડીક કાળજી રાખવાની જરૂર છે એમ મને લાગયું છે. આવા પુસ્તકોમાં વર્ણવેલા પ્રસંગો, જેની જીવનકથા અગર આત્મકથા લખાય છે તેનાં કાર્યો અને અભિપ્રાયોને અનુરૂપ થાય તે મુજબ લખાય છે. આમાં પ્રસંગનિરૂપણમાં કેટલીક વખતે અતિકૃતિ અગર વિકૃતિ આવી જવાનો ડર છે. કેટલીક વખતે ગાંધીજી માટે ધૃણાસ્પદ ઉલ્લેખ પણ હોય. કેટલીક વખતે ' હું કરું, આ મેં કર્યું. ' એવું પણ હોય. આ બધામાંથી સત્ય હકીક્ત શોધવા માટે પ્રયત્ન કરવો જરૂરી છે.

પોલીસ ખાતાના તથા સરકારી અધિકારીઓના અહેવાલો આમ તો આધારભૂત ગણાય પણ ઉપર જણાવેલી પૂર્વગ્રહની સ્થિતિ એમાં પણ કેટલેક અંશે દેખાઈ આવે છે. એ જમાનામાં ગાંધીને બને એટલો વિકૃત ચીતરવો એમાં એ લોકો ગૌરવ લેતા, અને વળી એમ ચીતરવાથી જ એમને એમની નોકરીમાં બઢતી મળવાના સંયોગો ઊભા થવાનો સંભવ હશે. એટલે તદન સાચો અહેવાલ રજૂ કરવાને બદલે ઉપરના અધિકારીને કેવો અહેવાલ ગમશે એ દૃષ્ટિએ અહેવાલ ઘડાતા હોય તો નવાઈ નહિ. છતાં આ અહેવાલો સમય અને સ્થળ પૂરતા ઘણા આધારભૂત ગણી શકાય, અને મેં એનો ઉપયોગ કર્યો છે.

એ વખતની મુંબઈ સરકારે, બિહારની સરકારે અને મધ્યપ્રદેશની સરકારે આવા અહેવાલો બહાર પાડયા છે. બીજી સરકારોએ પણ બહાર પાડયા હશે. પણ એ મારી જાણમાં નથી.

હું ગાંધીજીનો ઇતિહાસકાર નથી. કેવળ, એમની દિનવારીનો એક નમ્ર સંગ્રાહક છું. મારા પ્રયત્નમાં, જે કાંઈ માહિતી જ્યાં જ્યાંથી મળી, તે ટપકાવી લેવાની અને ચકાસવાની બનતી કાળજી મેં રાખી છે છતાં ઊણપો રહી ગઈ હોવાનો પૂરો સંભવ છે. બીજા જે કોઈ આવો પ્રયત્ન કરે તેમને મારા અનુભવનો કાંઈક લાભ મળે એ દૃષ્ટિએ આ નિબંધ લખી મોકલ્યો છે.

દિનવારીનું કામ હજી ચાલુ છે.

# વિદુરનીતિના અધ્યયનનો નવો દૃષ્ટિકોણ: પ્રજ્ઞાદર્શન*

**વાસુદેવશરણ અગ્રવાલ**

મહાભારતના ઉદ્યોગપર્વ (અ. ૩૩-૪૦)ના પ્રજાગરપર્વમાં આઠ અધ્યાય અને પાંચસોત્રીસ શ્લોક છે. આ પ્રકરણ 'વિદુરનીતિ'ના નામથી ખ્યાતિ પામ્યું છે. તેને 'પ્રજાગર' કહેવામાં આવે છે; તેનું કારણ આ પ્રમાણે છે: સંજયે તત્કાળ પૂરી વાત ન કહી તેથી ધૃતરાષ્ટ્રના નિર્બળ મનમાં કોઈ ભારે અનર્થની શંકા ઊઠી. આ ચિન્તામાં એમની ઊંઘ જતી રહી. સંજય કોણ જાણે કેવો સંદેશો લાવ્યો હશે, એ વિચારમાં તે બહુ અસ્વસ્થ બની ગયા. 'પ્રજાગર'નો અર્થ થાય છે જાગરણ અથવા નિદ્રાનો ક્ષય. ધૃતરાષ્ટ્રે દૂતને મોકલીને વિદુરને તુરત બોલાવ્યા. વિદુર પોતે બહુ પ્રજ્ઞાશીલ હતા. તે ધૃતરાષ્ટ્રના લગભગ રાતદિવસના સાથી હતા, અને ધૃતરાષ્ટ્ર તેમના જ્ઞાનના ભક્ત બનીને તેમને માન પણ બહુ આપતા. લખ્યું છે કે ધૃતરાષ્ટ્રને મળવામાં વિદુરને કોઈ અવરોધ ન હતો. રાજાને મળવા માટે બીજાઓને તો સમય નિશ્ચિત કરવો પડે છે, પણ વિદુરને તો જ્યારે ઇચ્છા હોય ત્યારે મળવાની છૂટ હતી. ધૃતરાષ્ટ્ર વિદુરને મળવા હંમેશ તત્પર જ રહેતા.

## પ્રજ્ઞાદર્શન

આરમ્ભમાં જ વિદુરને મહાપ્રાજ્ઞ કહેવામાં આવ્યા છે. પ્રજ્ઞાની સૂત્રાત્મક વ્યાખ્યા, તે જ આ વિશિષ્ટ પ્રકરણનું શીર્ષક છે. પ્રજ્ઞાવાળી વ્યક્તિને પ્રાજ્ઞ કહે છે. ઉપનિષદોના યુગમાં જ્યારે અધ્યાત્મ અને દર્શનતત્ત્વનો આટલો વિકાસ થયો ત્યારે તેનો જે અંશ માનવજીવનની વ્યાવહારિક આવશ્યક્તાને માટે નિચોવી લેવાયો તે સમજદારીનું જ નામ પ્રજ્ઞા હતું, અથવા એમ કહી શકાય કે મનુષ્યે પોતાના જીવનમાં અને સામાજિક વ્યવહારોમાં સમજદારીની જે સુંદર ભૂમિકા તૈયાર કરી હતી તે પ્રજ્ઞાની જ દૃઢ ભૂમિ ઉપરથી ઊંચે ચઢતાં ચઢતાં તે લોકો ઉપનિષદોના અધ્યાત્મ પર્યન્ત પહોંચી શકયા હશે. 'પ્રજ્ઞા' શબ્દ બહુ કીમતી બની ગયો હતો. આજે અંગ્રેજીમાં જેને 'કૉમન સેન્સ' કહેવામાં આવે છે અથવા તો ગુજરાતીમાં 'સમજદારી' કહીએ છીએ તેનું જ અભિધાન 'પ્રજ્ઞા' શબ્દથી થતું હતું. તે જ અરસામાં 'પ્રજ્ઞા'ના દૃષ્ટિકોણનો વિકાસ યૂનાનમાં પણ થયો હતો—જે આપણે સુકરાત આદિ વિચારકોના દૃષ્ટિકોણમાં જોઈએ છીએ. તેઓ ઇચ્છતા હતા કે મનુષ્ય પ્રત્યેક ક્ષેત્રમાં વ્યાવહારિક બુદ્ધિમત્તાથી કામ લે અને બુદ્ધિપૂર્વકની વિચારશૈલીથી જ સર્વત્ર વિચાર કરે. 'પ્રજ્ઞા'ને બોલચાલની પાલિ અગર માગધી ભાષામાં 'પંચા' અને અર્ધમાગધીમાં 'પણ્ણા' કહેતા. અમને લાગે છે કે બોલીના કોઈ પ્રભેદમાં 'પ્રજ્ઞા'નું રૂપાન્તર 'પણ્ણા'માંથી 'પંડા' થઈ ગયું. 'પ્રજ્ઞા'નો જે અર્થ હતો તે જ અર્થ આ 'પંડા'નો પણ થાય છે, અર્થાત્ દરેક બાબતમાં અને દરેક કાર્યમાં બુરા-ભલાનો વિવેક. કર્મ તેમ જ વિચારમાં આવી સ્પષ્ટ સમજવાળી વ્યક્તિને જ 'પંડિત' કહેવા લાગ્યા. 'પંડિત', 'પ્રજ્ઞાવાન્' અને

* 'સ્વાધ્યાય' માટે ખાસ લખાયેલા આ મૂળ હિંદી લેખનો અનુવાદ પ્રાચ્ય વિદ્યામન્દિરના શ્રી જયન્ત પ્રે. ઠાકરે કર્યો છે.

' પ્રાજ્ઞ 'નો એક જ અર્થ હતો. ' પ્રજ્ઞા 'નું પ્રધાન લક્ષણ એવું છે કે તે ' સંસારિણી ' હોય છે, એટલે કે પ્રત્યેક બાબતમાં તે સમાજની સ્થિતિ તથા જીવનના દૃષ્ટિકોણથી વિચાર કરે છે. ધર્મ-અર્થ-કામ એ ત્રિવર્ગ ' પ્રજ્ઞા 'નો મુખ્ય વિષય છે :—

यस्य संसारिणी प्रज्ञा धर्मार्थावनुवर्तते ।
कामादर्थं वृणीते यः स वै पण्डित उच्यते ॥

## ' પણ્ડિત 'ની વ્યાખ્યા

વિદુરે પ્રારમ્ભમાં પણ્ડિત અને મૂર્ખની વ્યાખ્યા કરી કે: " પણ્ડિત અગર પ્રાજ્ઞ તે છે જે જીવનમાં પ્રશસ્ત ધ્યેયને પસંદ કરે છે, નિન્દિતમાં મન પરોવતો નથી. શ્રદ્ધા એ એનાં કર્મોનું મુખ્ય લક્ષણ છે. ક્રોધ, દર્પ કે સમ્માનની ઇચ્છા તેને તેના લક્ષ્યમાંથી હટાવી શકતી નથી. તેના વિચારો તેના કર્મદ્વારા જ વ્યક્ત થાય છે, વાણીદ્વારા નહિ. શીત, ઉષ્ણ, ગરીબી, અમીરી એવું કંઈ જ તેના કાર્યમાં વિઘ્ન નાખી શકતું નથી. તે નિજશક્તિ અનુસાર જ ઇચ્છા કરે છે અને શક્તિ વડે જ કર્મનું માપ કાઢે છે. તે વગરપૂછચે બીજાના કામમાં હસ્તક્ષેપ કરતો નથી. તે સમજપૂર્વક પોતાનાં કાર્યોનો નિશ્ચય કરે છે, કામવશ બનીને નહિ. આ પણ્ડિતનું સૌથી મોટું લક્ષણ છે. જે દુષ્પ્રાપ્ય હોય તેની સ્પૃહા તે કરતો જ નથી. નાશ પામેલ વસ્તુનો શોક પણ તે કરતો નથી. તે આફતમાં ગભરાઈ જતો નથી. આ લક્ષણોથી જ પણ્ડિત ઓળખાય છે. જે એક વાર નિશ્ચય કર્યો એટલે તેની દિશામાં આગળ ધપે જાય છે, વચ્ચે થોભતો નથી, પોતાના મન પર કાબૂ મેળવીને જે સમયને વધારે ને વધારે નિચોવી લેવાનું શીખ્યો છે તે જ પણ્ડિત છે. ગંગાના ઊંડા ધરાની જેમ પણ્ડિત પણ ક્ષુબ્ધ થતો નથી. તે ન તો સમ્માનથી હર્ષિત થઈ ઊઠે છે કે ન અપમાનથી સન્તાપ પામે છે. તેનામાં કામ કરવાની યુક્તિ તેમ જ બીજા સાથેના વ્યવહારની આવડત હોય છે. જે આર્યજીવનની મર્યાદાઓનો રક્ષક છે તથા જેની પ્રજ્ઞા તેના સ્વાધ્યાયને અનુરૂપ હોય છે તે જ પણ્ડિત છે. જે પોતે દરિદ્ર હોવા છતાં મોટી મોટી ઇચ્છાઓ કર્યા કરે છે અને જે કર્મ કર્યા વિના જ ફળની અપેક્ષા રાખે છે તે મૂઢ છે. જે નિજ અર્થને ત્યજીને બીજાના કામમાં પરોવાયેલો રહે છે, જે મિત્રના કામમાં મિથ્યા–વ્યવહાર કરે છે, તે મૂઢ છે. જે કર્તવ્યને ટાળતો જ રહે છે, સર્વત્ર શંકાશીલ વર્તે છે, તત્કાળ કરવાની વસ્તુને વિલમ્બમાં નાખે છે, તે મૂઢ છે. જે વગર બોલાવ્યે જાય છે, વગર પૂછચે બોલે છે, જે પોતાની ત્રૂટિઓ તરફ દુર્લક્ષ્ય કરીને તે માટે બીજા તરફ કટાક્ષ કરે છે, જે પોતે પરિશ્રમ કર્યા વિના જ અલભ્ય વસ્તુની પ્રાપ્તિની સ્પૃહા કરે છે, તે મૂઢ છે. ધનુર્ધારીએ છોડેલું બાણ કોઈ પણ વ્યક્તિને મારી શકે કે ન પણ મારી શકે, પરન્તુ બુદ્ધિશાળીએ ચલાવેલી યુક્તિ સમસ્ત રાષ્ટ્ર અને રાજ્યનો નાશ કરી નાખે છે. "

આ કથન દ્વારા સૂચિત કરવામાં આવ્યું છે કે પ્રાજ્ઞવાદી દર્શન જીવનના સર્વ વ્યવહારો ચલાવવામાં અને વિશેષતઃ રાજધર્મ માટે અત્યન્ત મહત્ત્વનું હતું. તે જીવનોપયોગી સર્વ દર્શનોમાં મોખરે હતું.

" હે રાજન્, આ વિશ્વનો કર્તા એક અદ્વિતીય બ્રહ્મ છે, જેને તમે નથી જાણતા. જેવી રીતે સમુદ્ર પાર કરવા માટે નૌકા ઉપયોગી છે તેવી જ રીતે એકમાત્ર સત્ય સ્વર્ગ સુધી પહોંચવાની સીડી છે. જેમ સાપ દરમાં ભરાયેલા ઉંદરને ખાઈ જાય છે તે જ રીતે દિગ્વિજય અર્થે ઉદ્યત નહિ

થનાર રાજાને તથા નિજપાણ્ડિત્યના પ્રકાશ અર્થે દેશયાત્રા નહીં કરનાર બ્રાહ્મણને આ ભૂમિ ગળી જાય છે. બે નકલી કાંટા શરીરનું શોષણ કરનારા છે; એક તો નિર્ધનની કામના અને બીજો અસમર્થનો કોપ. હે રાજન્, મનુષ્યો ત્રણ પ્રકારના હોય છે: ઉત્તમ, મધ્યમ અને અધમ. તેમને લાયક કાર્યોમાં લગાડી દેવા જોઈએ. મંદબુદ્ધિ, દીર્ઘસૂત્રી, આળસુ અને ખુશામતી સાથે પરામર્શ કરવો તે પણ્ડિતને માટે ઉચિત નથી. અતિવૃદ્ધ સ્વજન, આફતમાં આવેલ કુલીન, ગરીબ મિત્ર અને નિઃસન્તાન બહેન—આ ચારેનું પ્રતિપાલન કરવું તે ઉત્તમ ગૃહસ્થનું કર્તવ્ય છે. બૃહસ્પતિએ ઇન્દ્રને કહેલું કે ચાર વસ્તુઓ તત્કાળ ફળ દર્શાવે છે: દેવતાઓનો સંકલ્પ, પ્રજ્ઞાશીલની યુક્તિ, વિદ્વાનની સાધના અને પાપકર્મોનો ક્ષય. પિતા, માતા, અગ્નિ, આત્મા તથા ગુરુ એ પંચાગ્નિની નિત્ય સેવા કરવી એ મનુષ્યને માટે સમુચિત છે. જેવી રીતે પખાલના નીચેના ભાગમાં પડેલ એક કાણા દ્વારા તેમાંનું બધું જ પાણી વહી જાય છે, તે જ રીતે પાંચ ઇન્દ્રિયોમાંની કોઈ એકમાં યે જો છિદ્ર પડયું તો તે વાટે મનુષ્યની પ્રજ્ઞા નાશ પામે છે. નિદ્રા, તન્દ્રા, ભય, ક્રોધ, આળસ અને કાર્યને વિલમ્બમાં નાખી ટાળવાની પ્રવૃત્તિ—આ ૭ દોષોને છોડવામાં જ ભદ્રતા રહેલી છે. સત્ય, દાન, અનાલસ્ય, અનસૂયા, ક્ષમા અને ધૃતિ—એ ૭ ગુણને પોષવા એ સારું છે. આ આઠ વસ્તુઓ આનન્દના મન્થનમાંથી પ્રાપ્ત થયેલ નવનીત છે:—મિત્રોનો સમાજ, મહાધનપ્રાપ્તિ, પુત્રનું સુખ, સ્ત્રીનું સુખ, અવસર પરની મીઠી વાતો, પોતાના વર્ગમાં મળી જવું, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ અને લોકમાં સમ્માન. જેને નવ દ્વાર છે, ત્રણ સ્તમ્ભ છે, ખબર લાવનાર પાંચ સાક્ષી અગર સેવક છે અને જેની અંદર ક્ષેત્રજ્ઞ આત્મા પોતે બેઠેલો છે, એવા આ શરીર રૂપી ગૃહને જે બરાબર જાણે છે તે જ પરમ બુદ્ધિમાન છે." પ્રજ્ઞાદર્શનમાં સમાજ તેમ જ વ્યકિતનું જીવન બન્નેનું મહત્ત્વ સરખું હતું, કેમ કે તે બેઉને સફળતાપૂર્વક ચલાવવા માટે પ્રજ્ઞા અર્થાત્ સમજદારીની આવશ્યકતા હોય છે.

## યુધિષ્ઠિરનો પ્રજ્ઞાયુક્ત આચાર

આ પછી એક પ્રાચીન કથાનકનો આશ્રય લઈને વીસ શ્લોકોમાં અસુરોના રાજા સુધન્વાએ પોતાના પુત્રને શીખવેલી રાજનીતિનો સારાંશ આપવામાં આવ્યો છે. પાછલા અધ્યાયમાં ધૃતરાષ્ટ્ર પ્રશ્ન કરે છે કે તમે જેનાં હમણાં જ દર્શન કરી આવ્યા છો તે યુધિષ્ઠિરનો પ્રજ્ઞાયુક્ત આચાર કયો છે? અહીં એક શ્લોકમાં ધૃતરાષ્ટ્રની આન્તરિક સ્થિતિ પણ તેના જ મુખથી પ્રકટ કરવામાં આવી છે: "હે વિદુર, હું પાપની આશંકા કરું છું, મને પાપ જ દેખાયા કરે છે. આથી મારું મન અંદરથી ગભરાયેલું છે. મારે માટે તને જે ઠીક લાગે તે કહે." આવા સરળ ભાવના જવાબમાં વિદુરે પણ ઉદારતા પ્રકટ કરીને કહ્યું, "જે જેનો હિતેચ્છુ છે તે તેને સારી કે ખરાબ, પ્રિય કે અપ્રિય સર્વ વાતો બતાવી દે છે. હું કૌરવોનું હિત ચાહું છું, તેથી તેમના કલ્યાણને માટે ધર્મયુક્ત વાત કહીશ. સંભવ છે કે કપટનાં કામ પણ સળ થતાં જણાય, પણ તમે તેમાં ચિત્ત ન પરોવો, બરાબર યુક્તિપૂર્વક કરેલું કાર્ય જો સફળ ન પણ થાય, તો તેથી મનને લઘુ ન બનાવી દો. કર્મના જે અવરોધો હોય છે તેમને સમજી લઈને પછી કર્મ કરો, સંભ્રમમાં ન કરો. જે પોતાના રાજ્યના કોશ, જનપદ, દણ્ડ, વૃદ્ધિ, ક્ષય તેમ જ સેના વગેરેના ઉચિત પ્રમાણના વિષયમાં પાકી સમજણ ધરાવતો ન હોય તે રાજ્યમાં સ્થિર રહી શકતો નથી. જે તેમને બરાબર સમજીને એમની સંભાળ રાખે છે અને ધર્મ તથા અર્થનું જ્ઞાન પણ ધરાવે છે,

તે રાજા રાજ્યમાં દૃઢતા પ્રાપ્ત કરે છે. રાજ્ય મળી ગયું એટલું જ પર્યાપ્ત નથી. જો રાજ્ય ચલાવવાનું શિક્ષણ ન હોય, તો રાજ્યલક્ષ્મી નાશ પામે છે. માછલી જાળમાં પાથરેલ ચારો જુએ છે, અંદરના કાંટા નથી જોતી; તે જ પ્રમાણે જે કર્મની અંદર છુપાયેલી અડચણોને નથી જોતો, માત્ર તેના બાહ્યરૂપને જ જુએ છે, તે નાશ પામે છે. જે ગ્રાસને ખાઈ જઈ શકાય, અંદર ઊતરેલો જે પચી જાય અને પચીને જે છેવટે હિતકારી બને તેવા ગ્રાસને જ ખાવો તે સારું છે. વૃક્ષ ઉપરથી કાચાં ફળ ચૂંટી લેનારો એમાંથી રસ નથી મેળવી શકતો, એને માટે તો બીજ પણ નષ્ટ થઈ જાય છે. પણ ઋતુ પ્રમાણે પાકેલ ફળ તોડવાથી રસ તથા બીજ બેઉ મળે છે. જેવી રીતે ભમરો ફૂલોમાંથી રસ ચૂંટી કાઢે છે, તેવી જ રીતે ભિન્ન ભિન્ન મનુષ્યો પાસેથી પોતાના ઉપયોગની વસ્તુઓનો સંગ્રહ કરવો જોઈએ. ફૂલને ચૂંટી લેવા તે અનુચિત નથી, પરન્તુ તેમની જડ ઉખેડી નાખવી તે બરાબર નથી. બગીચામાં માળી જેમ કરે છે તેમ કરો, કોલસાને ફૂંક મારનારના જેવું વર્તન તમે ન રાખો. કામ કરવાથી શો લાભ થશે, ન કરવાથી શી હાનિ થશે, એ વાતનો વિચાર કરીને પછી જ કરવા–ન કરવાનો નિર્ણય બાંધો. જેને માટે લીધેલો પરિશ્રમ નિરર્થક હોય એવું કામ કદી કરવું ન જોઈએ. બુદ્ધિશાળી માણસ પોતાની પ્રજ્ઞા વડે કોઈક એવાં કામો વિચારી કાઢે છે, જે પ્રારંભમાં નાનાં હોય, પણ ફળ બહુ આપનારાં હોય, અને પછી તુરત જ તે કરવા લાગે છે, તેમાં વિઘ્ન કરતો નથી. જે સર્વને ઋજુતાપૂર્વક જોઈને પોતાના સ્થાન પર બેઠાં બેઠાં જ ચુપચાપ આંખથી બધાને પી જાય છે તેવો રાજા પ્રજાને ગમે છે. મન, વાણી, કર્મ અને દૃષ્ટિ દ્વારા જે લોકોને પ્રસન્ન કરે છે તેને જ લોકો ચાહે છે. વાઘથી જેમ પશુઓ ડરે છે તે જ રીતે જો રાજાથી તેની પ્રજા ડરતી હોય, તો સમુદ્ર પર્યન્તનું રાજ્ય શા કામનું છે? જેવી રીતે પવન વાદળાંને વેરવિખેર કરી નાખે છે, તે જ પ્રમાણે રાજા અનીતિને કારણે બાપદાદાનું રાજ્ય ખોઈ બેસે છે. પ્રથમથી જે ધર્મમાર્ગ પર સજ્જનો ચાલતા આવ્યા છે તે માર્ગ પર ચાલનાર રાજાને માટે ધરતી ધન–ધાન્યથી પૂર્ણ બની જાય છે. પરરાષ્ટ્રને છિન્નભિન્ન કરવામાં જે શ્રમ વ્યર્થ જાય છે તેને જો સ્વરાષ્ટ્રના પ્રતિપાલનમાં જોડવામાં આવે તો કહેવું શું?

य एव यत्नः क्रियते परराष्ट्रावमर्दने ।
स एव यत्नः कर्तव्यः स्वराष्ट्रपरिपालने ॥

( ઉદ્યોગ ૩૪.૨૮ )

રાજ્ય લક્ષ્મીનો મૂળ ધર્મ છે. ગાયો ગન્ધ દ્વારા, બ્રાહ્મણ વેદ દ્વારા, રાજા જાસૂસો દ્વારા અને બીજા માણસો આંખો દ્વારા વસ્તુનું જ્ઞાન મેળવે છે. ખળામાં પડેલા દાણા વીણીને ખાનાર જેમ ધીરતાપૂર્વક તે વીણે છે, તે જ રીતે રાજાઓએ બુદ્ધિમાનોનાં સુકર્મ તથા વચનોનો સંગ્રહ કરવો જોઈએ. તોફાની ગાયોને દોહવામાં મહાકલેશ થાય છે, પણ સરળ ગાયને માટે યત્ન કરવો પડતો નથી. જે વગર તપાવ્યે ઝૂકી પડનાર છે તેને કોણ તપાવે છે? સ્વયમેવ નમી પડેલ કાષ્ઠને નમાવવું પડતું નથી. આ ઉપમાઓને મનમાં રાખીને જે પોતાનાથી બલવત્તર હોય તેની આગળ ઝૂકવું જોઈએ, કેમકે બળવાન સમક્ષ નમવું તે ઇન્દ્રને પ્રણામ કરવા જેવું છે:—

इन्द्राय स प्रणमते नमते यो बलीयसे ।

( ઉદ્યોગ ૩૪.૩૫ )

પશુઓનો બન્ધુ મેઘ છે. રાજાઓના બન્ધુ તેમના મિત્રો હોય છે. સ્ત્રીઓના બન્ધુ તેમના પતિ અને બ્રાહ્મણોના બન્ધુ વેદ છે. ધર્મની રક્ષા સત્યથી થાય છે, વિદ્યાની નિયમપૂર્વક અધ્યયનથી, સૌન્દર્યની સાજ-શૃંગારથી અને કુળની આચારથી. મારી સમજ પ્રમાણે આચારહીન વ્યક્તિની કુલીનતાનો કોઈ અર્થ નથી. અન્ત્યજવર્ણમાં જન્મ લેનાર વ્યક્તિ પણ સદાચાર દ્વારા જ વિશેષતા પ્રાપ્ત કરે છે. બીજાનાં ધન, રૂપ, બળ, કુળ, સુખ અને સૌભાગ્ય પ્રત્યેની ઈર્ષ્યાવૃત્તિ અન્તર્હિત રોગ છે. વિદ્યામદ, ધનમદ, કુલમદ—મૂર્ખોને માટે તો મદ છે, પણ સજ્જનો માટે તે જ સંયમના હેતુ બની જાય છે.

## પ્રજ્ઞાદર્શનમાં શીલનું મહત્ત્વ

પ્રજ્ઞાદર્શન અનુસાર જીવનમાં સર્વથી અધિક મહત્ત્વ શીલ અથવા સદાચારનું છે. સુન્દર વસ્ત્રો વડે સભાને જીતી લેવાય છે, ઘરમાં ગાય હોવાથી ભોજન, વાહન પર સ્વાર થવાથી માર્ગ અને શીલ દ્વારા બધું જ જીતી લેવાય છે. મનુષ્યનું શીલ એ મુખ્ય વસ્તુ છે. જેનું શીલ જતું રહ્યું હોય તેના જીવનનો કોઈ અર્થ નથી, પછી ભલે તેને ગમે તેટલાં ધન અને બન્ધુ હોય. નિર્ધનો મીઠાના ગાંગડા સાથે રોટલી ખાઈ લે છે, તે પણ તેમને તાજગી અર્પે છે, કેમકે સ્વાદ ભૂખમાં છે. અમીરોને વળી ભૂખ કેવી? શ્રીમંતોમાં ઘણુંખરું ભોજનની શક્તિ નથી હોતી, પણ દરિદ્રોને કાષ્ઠ પણ પચી જાય છે. જેમ રાહુ વડે સૂર્ય-ચન્દ્ર પીડાય છે તેમ, બિલકુલ રોકટોક વિના વિષયોમાં સ્વેચ્છાએ ભમતી ઇન્દ્રિયોથી લોકો દુ:ખ પામે છે! જે પોતાની જાત પર વિજય મેળવ્યા વગર જ અમાત્ય તથા અમિત્રોને જીતવા નીકળે છે તે દુ:ખી થાય છે. પોતાની જાતને જ એક દેશ માનીને જો પ્રથમ જીતી લેવામાં આવે, તો પછી અમાત્ય તથા અમિત્રો પર વિજય મેળવવો સહેલ થશે. આ શરીર રથ છે, આત્મા સારથિ છે, ઇન્દ્રિયો અશ્વ છે. કુશળ વ્યક્તિ પળોટેલા ઘોડાઓ દ્વારા જેમ ધીર રથી કરે તેમ સુખપૂર્વક યાત્રા કરે છે. ઇન્દ્રિયો વશ ન હોય તો ભલે પુષ્કળ ધન પ્રાપ્ત થાય તો પણ રાજા ઐશ્વર્યથી ભ્રષ્ટ થઈ જાય છે. આત્મા જ આત્માનો બન્ધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે. માટે જ સંયત મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોની મદદથી પોતાની જાતને ઓળખી લેવી જોઈએ. કામ અને ક્રોધરૂપી બે મગર ઝીણી ગડીવાળી આ શરીરરૂપી જાળમાં સંતાઈને બુદ્ધિને કોતરી રહ્યા છે. પાપીનો સંગ ન છોડનાર અપાપીને પણ દંડ ભોગવવો પડે છે—જેવી રીતે સૂકા ઝાડની સાથે લીલા ઝાડને પણ બળી જવું પડે છે તેમ. નીચ લોકો આક્રોશ તથા નિન્દા દ્વારા બુદ્ધિશાળી માણસો પર ઘા કરે છે. તેનું પાપ વક્તા પર પડે છે, ક્ષમાધારી છૂટી જાય છે. ગુણવાન્નું બળ ક્ષમા છે. વાણીનો સંયમ બધા કરતાં મુશ્કેલ છે. કુહાડીથી કાપી નાખેલ વન પુન: ધીમે ધીમે ખીલવા લાગે છે; પરન્તુ વાણીનો ઘા જેને વાગ્યો હોય તે ફરી તાજગી પ્રાપ્ત કરતો નથી, કેમ કે વચનનું બાણ હૃદયને પણ વીંધી નાખે છે. મૂર્ખ પોતાના મોંમાંથી ટપોટપ વાગ્બાણ ચલાવ્યા કરે છે, પણ જેને તે વાગે છે તેનું તો રાતદિવસ મરણ જ થઈ જાય છે. બુદ્ધિમાન્ માણસે આવાં મર્મઘાતી બાણ બીજા પર ન છોડવાં જોઈએ. દેવો જેનો પરાભવ ઇચ્છે છે તેની બુદ્ધિ હરી લે છે. હે મહારાજ ધૃતરાષ્ટ્ર! તે જ બુદ્ધિ આપના પુત્રોમાંથી વિદાય થઈ ચૂકી છે; આપ પણ પાણ્ડવો સાથે વિરોધ રાખીને આ વાત નથી સમજતા. લક્ષણસમ્પન્ન યુધિષ્ઠિર ત્રણે લોકનું રાજ્ય મેળવવાને યોગ્ય છે. આપને તે ગુરુ માને છે માટે જ તેમને રાજ્ય આપો." ઙ

## ધૃતરાષ્ટ્રનું વ્યક્તિત્વ

વિદુરે ધૃતરાષ્ટ્રના વ્યક્તિત્વની મીમાંસા કરીને એવો નિષ્કર્ષ કાઢયો હતો કે આ માણસમાં આર્જવ ઓછું છે, એની વિચારધારા કુટિલતાથી ભરેલી છે. ઉપરથી થોડો સમય પાણ્ડવોના હિતના જમાખર્ચની મીઠી વાતો કરીને અંદરથી તેમના નાશનો વિચાર કરે છે અને પોતાના પુત્રોનો પક્ષકારી બને છે. આથી વિદુરે ધૃતરાષ્ટ્રને માટે ઋજુતા અગર હૃદયની સરળતાને સર્વ ગુણોનો નિચોડ માનીને કહ્યું, “એક બાજુ સર્વ તીર્થોમાં કરેલું સ્નાન અને બીજી બાજુ પ્રાણીમાત્ર તરફ ઋજુતાનો વ્યવહાર. કાં તો એ બન્ને સરખા ઊતરશે અથવા તો આર્જવનું ત્રાજવું કંઈક વધારે વજનદાર હોઈ નીચું રહેશે. માટે હે રાજન્, તમારા આ પુત્રો પ્રત્યે તમે ઋજુતાનો વ્યવહાર કરો.” તેના મનમાં પોતાની વાતને દઢતાપૂર્વક ઠસાવવા માટે વિદુરે અહીં એક હાસ્યમય કથા સંભળાવી કે જે કથા આ પહેલાં પણ જ્યારે કૌરવસભામાં દ્રૌપદીએ પ્રશ્ન કર્યો ત્યારે તેઓ સંભળાવી ચૂકયા હતા (સભાપર્વ ૬૧. ૫૮-૭૯). અંગિરાનો પુત્ર સુધન્વા અને પ્રહ્લાદનો પુત્ર વિરોચન—આ બેઉ યુવકોનું મન કેશિની નામની કુમારી પર ચોટયું. કન્યાએ કહ્યું: “તમારા બેમાં જે શ્રેષ્ઠ હોય તેની જ હું છું.” બન્ને ઉદ્ધત યુવકોએ હાર-જીતના પરિણામ ઉપર જિંદગીની બાજી લગાવી. વિરોચને કહ્યુ: “પ્રશ્નનો નિર્ણય કરાવીએ.” સુધન્વાએ વિરોચનના પિતા પ્રહ્લાદને જ પંચ તરીકે સ્વીકાર્યા. પ્રહ્લાદ મોટા ચક્રાવામાં પડચા, પણ સત્યનું પદ ઊંચું છે. પુત્ર હોય, કોઈ બીજો હોય કે સાક્ષી આપતાં સત્ય જ કહેવું એ ધર્મ છે. તેથી પ્રહ્લાદે નિર્ણય આપ્યો: “અંગિરા મારાથી મોટા છે, માટે હે વિરોચન, સુધન્વા તારાથી મોટો છે.”

પ્રહ્લાદના અવિચલ સત્યથી અત્યન્ત પ્રભાવિત થઈને સુધન્વાએ વિરોચનને પ્રાણભિક્ષા આપતાં કહ્યું: “મારી સમક્ષ એ કુમારીના પગ ધોતા જાઓ.” વિદુરે એ જ સમજાવ્યું કે પુત્રોને ખાતર અસત્યનો આશ્રય ન લો—“દેવો કદી લાકડી લઈને કોઈને મારવા આવતા નથી; તેઓ જેની રક્ષા ઇચ્છે છે તેને બુદ્ધિ આપે છે—

न देवा यष्टिमादाय रक्षन्ति पशुपालवत् ।
यं तु रक्षितुमिच्छन्ति बुद्ध्या संविभजन्ति तम् ॥

(ઉદ્યોગ ૩૪–૩૫)

વેદો પણ માયાવીને તેના પાપમાંથી મુક્ત નથી કરતા. પાંખ ઊગતાં જ પંખી માળામાંથી ઊડી જાય છે, તેમ જ અન્ત સમયે વેદો તેને ત્યજી જાય છે. જો અભિમાનપૂર્વક અગ્નિહોમ કરે, અભિમાનથી મૌનની સાધના કરે, અભિમાનપૂર્વક અધ્યયન કરે અને અભિમાનથી યજ્ઞ કરે, તો એ સર્વથી ભય જ ઉત્પન્ન થાય છે, અભય નહિ.” ત્યાર બાદ વિદુરે સત્ય, શીલ, અનસૂયા વગેરે હૃદયના સદ્ગુણો વિષે ધૃતરાષ્ટ્રને ઘણું કહ્યું: “અધર્મથી મેળવેલ ધનથી પોતાનું છિદ્ર ઢાંકનારનું છિદ્ર એવી રીતે ઢંકાઈ રહેતું નથી, ઊલટું તેમાં બીજી ફાટો પણ પડી જાય છે. દુર્યોધન, શકુનિ, દુઃશાસન અને કર્ણનું પલ્લું પકડીને તમે શા ભલાની આશા રાખો છો? પાણ્ડવો તમને પિતા ગણે છે, તમે પણ તેમને પુત્રો માનો.”

## હંસ-સાધ્ય સંવાદ

પછી વિદુરે હંસ–સાધ્ય સંવાદના રૂપમાં એક અત્યન્ત ઉદાત્ત પ્રવચન ધૃતરાષ્ટ્રની આગળ ધર્યું. આ ભાગ યુગના નીતિવિષયક સાહિત્યનો ઝગમગતો માણેક છે. તેનો જે અંશ અહીં છે તે

લગભગ તે જ શબ્દોમાં શાન્તિપર્વમાં આવેલો છે ( શાન્તિ ૨૮૮.૧-૪૪). ત્યાં તેને હંસ-ગીતા કહી છે. સ્વયં અવ્યયપુરુષ પ્રજાપતિની કલ્પના સોનેરી હંસના રૂપમાં કરવામાં આવી છે. એને જ અન્યત્ર સોનેરી પાંખવાળું પક્ષી કહેલ છે. તે વિશ્વપ્રતિષ્ઠ પ્રજાપતિનું સર્વત્રગામી રૂપ છે, જે સર્વના હૃદયમાં વસેલ છે અને ધ્યાન ધરવાથી બધા જ તેનો સાક્ષાત્કાર કરી શકે છે. સત્ય, ક્ષમા, દમ, શમ, ધૃતિ, પ્રજ્ઞા અને તપ દ્વારા જ હૃદયની ગ્રન્થિ છોડી શકાય છે. પ્રજ્ઞાદર્શનમાં પ્રાજ્ઞને જ ઉચ્ચ સ્થાન આપેલું તે કંઈ નવી કલ્પના ન હતી, બલ્કે પ્રાજ્ઞને જ વૈદિક યુગમાં વીર કહેવામાં આવતો. ઉપનિષદ્‌યુગમાં શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરીને તેને કાર્યમાં ઉતારનારને જ " कर्माणि धियः " એ પરિભાષા અનુસાર ધીર કહેવામાં આવતો. આ અમૂલ્ય શબ્દ ઉપનિષદ્ સાહિત્યમાં વારંવાર આવે છે. અહીં પણ મહર્ષિ હંસને " श्रुतेन धीरः " કહ્યા છે. એ મહર્ષિઓની આ કાવ્યમયી ઉદારવાણી હતી. ધર્મમાં રત બનેલા તેઓ અન્તર્મુખ હતા, બહાર બીજી વ્યક્તિઓના દોષો તરફ તેઓ નજર પણ કરતા નહિ. આ સંવાદનો સાર વાણીનો સંયમ છે. રૂક્ષ મર્મભેદી વાણી કદી ન બોલવી એ મનુષ્યને માટે ઉચિત છે. એવા મુખમાં સાક્ષાત્ ડાકણ ( નિર્ઋતિ )નો નિવાસ છે. વાણી રૂપી કંટકથી વધારે લક્ષ્મીનાશક બીજું કંઈ નથી. બોલવા કરતાં ન બોલવું સારું છે એ પ્રથમ પક્ષ છે. તે કરતાં સત્ય વચન વધારે સારું છે એ બીજો પક્ષ છે. સત્ય કથનની અપેક્ષાએ પ્રિય વચનનો ત્રીજો વિકલ્પ છે, અને તે કરતાં યે ધર્માનુકૂળ વચન અન્તિમ છે. સત્યવાદી, મૃદુ, દાની, ઉત્તમ પુરુષ સર્વનો "અસ્તિ" ભાવ ચાહે છે, કોઈનોયે "નાસ્તિ" ભાવ નથી ચાહતો.

આટલું સાંભળીને ધૃતરાષ્ટ્રે મહાવંશોની વૃત્તિ અને આચાર વિષે પ્રશ્ન કર્યો. પ્રજ્ઞાદર્શન સામાજિક ગૃહસ્થધર્મનું સમર્થક હતું. સમાજનું એકમ કુટુંબ છે. તેથી જ વ્યક્તિઓના ઉચ્ચ આચાર-વિચારનું પ્રત્યક્ષ ફળ કુલોની શ્રેષ્ઠતાના રૂપમાં સમાજને મળે છે. વ્યક્તિઓ ચાલી જાય છે, પણ કુલ-પ્રતિષ્ઠા પેઢી દરપેઢી બની રહે છે, માટે જ મહાકુલ કેવી રીતે સ્થપાય એ પ્રશ્નનું પ્રજ્ઞાદર્શનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ પ્રકરણ મનુસ્મૃતિ ( ૩.૬૩-૬૭ )માં પણ આવે છે. પ્રાચીન ભારતવાસીઓ કુલની પ્રતિષ્ઠા પ્રત્યે બહુ ધ્યાન દેતા હતા. ઋષિઓની દૃષ્ટિએ સામાજિક ઉચ્ચતાનો આધાર ધન નહિ, તપશ્ચર્યા, બ્રહ્મવિદ્યા, ઇન્દ્રિયનિગ્રહ વગેરે વૈયક્તિક ગુણો જ હતા, જેનાથી કુટુમ્બની પ્રતિષ્ઠા વધતી હતી. જે કુટુમ્બોમાં સદાચારનું પાલન થાય છે તે અલ્પધનહોવા છતાં યે મહાકુલોમાં ગણાય છે:

कुलसङ्ख्यां च गच्छन्ति कर्षन्ति च महद्यशः । ( ઉદ્યોગ. ૩૬-૨૯ ),

અહીં કુલ સંખ્યાનું તાત્પર્ય મહાપ્રવરકાણ્ડ અર્થાત્ બૌધાયન, આશ્વલાયન આદિ શ્રૌતસૂત્રોમાં મળતી ગોત્ર-સૂચિઓ છે. એમાં તે સમયનાં યશસ્વી કુલોનાં નામનો સંગ્રહ કરેલો છે. જેવી રીતે સ્યન્દન-વૃક્ષનું નાનું લાકડું પણ રથમાં લગાવવાથી ભારે બોજો સહે છે, તેવી રીતે જે મહાકુલીન હોય છે તેઓ જ સમાજની ભારે જવાબદારીઓને સંભાળે છે. આ જ પ્રસંગમાં એક એવું વિલક્ષણ વાક્ય આવ્યું છે કે જેની સાથે સરખાવવા યોગ્ય બીજું કોઈ શતસાહસ્રી સંહિતામાં મળવું મુશ્કેલ છે. તે સમયે એવી પ્રથા હતી કે પ્રત્યેક કુલ કે પરિવાર તરફથી એક પ્રતિનિધિ જનસમિતિમાં સામેલ થતો. તેને કુલ-વૃદ્ધ, સ્થવિર અગર ગોત્ર કહેતા હતા. કુલનું એકમ જ નાગરિક જનપદ સંસ્થાઓના આધાર રૂપે હતું. અહીં કહેવામાં આવ્યું છે કે :—

न नः स समितिं गच्छेद् यश्च नो निर्वपेत्कृषिम् ।

( ઉદ્યોગ ૩૬–૩૧ )

અર્થાત્ અમારામાંથી જે ખેતીને માટે ખેતરમાં બીજ નથી રોપતો તે સમિતિ કે સભામાં બેસવાનો અધિકારી નથી. વિદુરે સન્મિત્રો વિષે પણ કેટલીક બુદ્ધિપૂર્ણ વાતો કહી છે. જે મિત્રમાં પિતાના જેવી હૂંફ મેળવી શકાય તે જ મિત્ર છે, બીજા બધા તો કેવળ પરિચિતો જ છે. ધૃતરાષ્ટ્ર ઉપરઉપરથી આ બધું સાંભળતા હતા એવું લાગે છે. અંદર તો એમને એ ચિન્તા હતી કે રખેને યુધિષ્ઠિર યુદ્ધમાં મારા પુત્રોનો વધ કરી બેસે! એમણે પૂછ્યું: હે વિદુર, મને મોટો ગભરાટ છે, તેમાંથી હું કેવી રીતે બચું ?" વિદુરે કહ્યું : " વિદ્યા અને તપ વિના, ઇન્દ્રિયનિગ્રહ વિના તથા લોભનો ત્યાગ કર્યા વિના શાન્તિનો ઉપાય મને દેખાતો નથી." અન્તિમ નુસ્ખો ધૃતરાષ્ટ્રને માટે જ હતો : જેને અંદર કંઈ એક અને બહાર કંઈ બીજું હોય તેને નથી નિદ્રા આવતી કે નથી અન્ન ભાવતું, તે નથી ધર્મ કરી શકતો કે નથી સુખ મેળવી શકતો. દ્વિધામાં પડેલા આવા માણસ માટે નાશ સિવાય બીજી કોઈ ગતિ નથી. વિખૂટા પડી ગયેલા ભાઈઓ ધુંધવાયા કરે છે; તેઓ જ જો ભેગા થઈ જાય, તો પ્રચણ્ડ અગ્નિનું રૂપ ધારણ કરી લે છે. ફેલાવેલા તાણામાં વાણાના ઘણા દોરા વણાઈ જાય તો એનાથી મજબૂત વસ્ત્ર બને છે. આવી જ સ્થિતિ ભાઈઓના મેળની છે. પહેલાં તમે મારી વાત ન માની, પણ હજીયે તમે જો પાણ્ડવોની રક્ષા કરો તો બધું ઠીક થઈ જશે. કૌરવો પાણ્ડવોનું પાલન કરે અને પાણ્ડવો તમારા પુત્રોનું. સમસ્ત કૌરવોના શત્રુમિત્ર સમાન હો, એમનો મંત્ર સમાન હો, તેઓ સુખી સમૃદ્ધ થઈને જીવે. તમે કૌરવોના મધ્ય સ્તમ્ભ છો. સમસ્ત કુરુકુલ તમારે અધીન છે. તમે જ કૌરવો અને પાણ્ડુપુત્રો વચ્ચે સંધિ કરાવી શકો છો. તેઓ સત્યમાં અધિષ્ઠિત છે. તમે દુર્યોધનને સત્ય પર ઊભો રાખો."

## બુદ્ધિના સત્તર શત્રુઓ

પછી વિદુરે સ્વાયમ્ભુવ મનુનું પ્રમાણ આપીને સત્તર પ્રકારના મૂર્ખોની સૂચિ આપી છે. જે અક્કલનો દુશ્મન હોય તે જ મૂર્ખ. તે જાણે મુઠ્ઠી વડે આકાશને મારે છે, હાથમાં પાશ લઈને હવાને બાંધવા માગે છે, કે આકાશમાંના મેઘધનુષ્યને નીચે ઉતારવા ઇચ્છે છે, યા તો સૂર્યનાં કિરણોને વાળીને લપેટવા ધારે છે. જે અશિષ્યને શીખવે છે, જે ગુસ્સે થાય છે, જે પોતે નિર્બળ હોવા છતાં સબળ સાથે વેર બાંધે છે, જે સ્ત્રીઓની રક્ષા કરતો નથી, જે બીજાના ક્ષેત્રમાં બીજ રોપે છે, જે ઉધાર લઈને કહી દે છે કે મને યાદ નથી, જે દાન કરીને બડાઈ હાંકે છે, જે પોતે સસરો હોવા છતાં પુત્રવધૂ સાથે હાંસી ઉડાવે છે, જે સ્ત્રીના મુખે વળગે છે, જે શ્રદ્ધાહીન પાસે જ્ઞાન વિસ્તારે છે, આવા માણસો પ્રથમ કક્ષાના મૂર્ખો છે. આ સૂચિ લૌકિક વ્યવહારોમાં ઊંડા ઊતરીને તૈયાર કરવામાં આવેલી અને પ્રજ્ઞાદર્શનની અંગભૂત હતી. ધૃતરાષ્ટ્રે વાતને મરડીને શતાયુ બનવાની યુક્તિ પૂછી. વિદુરે મન અને શરીર બન્નેની દૃષ્ટિએ એનો ઉત્તર આપતાં કહ્યું: " અતિવાદ, અતિમાન, મિત્રદ્રોહ, ક્રોધ, અત્યાગ અને હદ ઉપરાન્તની જ્ઞાનલિપ્સા—આ છ બાબતો આયુષ્ય ઓછું કરે છે. આ બાબતોથી આયુષ્ય છેદાય છે, મૃત્યુ વડે નહિ. પરિમિત ભોજન લેનાર આરોગ્ય, આયુષ્ય તથા સુખ અને બળ પ્રાપ્ત કરે છે. ઘણા પ્રકારે વિદુરે પ્રશ્નનું સમાધાન કર્યું અને અન્તે સર્વબળો કરતાં અધિક પ્રજ્ઞાબલની પ્રશંસા કરી. બાહુબલ, અમાત્યબલ, ધનબલ, આભિજાત્યબલ—તેમ જ પ્રજ્ઞાબલ આ પાંચેમાં પ્રજ્ઞાથી જે કાર્યસિદ્ધિ થાય છે તે બીજા કોઈ બલથી થતી નથી. પ્રજ્ઞાના બાણવડે જો શત્રુને છેદવામાં આવે તો તેને નથી વૈદ્ય મળતો, કે ન ઔષધિ."

## સામાન્ય શિષ્ટાચાર

ત્યારે વિદુરે કેટલાક સામાન્ય શિષ્ટાચારોની વ્યાખ્યા કરી, કે જે માનવમાત્રને માટે પાલન કરવા યોગ્ય છે: " અભિવાદનરૂપી શિષ્ટાચારનું મનુષ્યમાત્રની સાથે બરાબર પાલન કરવું એ માણસ-જાત માટે ઉચિત છે. જ્યારે કોઈ વૃદ્ધજન કોઈ યુવાનને મળવા આવે છે, ત્યારે યુવાનના પ્રાણનું સંતુલન ક્ષુબ્ધ થઈ ઊઠે છે. પોતાના કેન્દ્રને ફરી સ્થિરશાન્ત બનાવવા માટે તેણે ઊઠીને વૃદ્ધનું સ્વાગત કરવું જોઈએ અને તેનું અભિવાદન કરવું જોઈએ. શિષ્ટાચારમાં મનુષ્યે પોતે પહેલ કરવી તે યોગ્ય છે. કદી એમાં પાછળ પડવું ન જોઈએ. અભ્યાગતને પ્રથમ આસન આપવું જોઈએ. પછી પગ ધોવાનું પાણી આપવું જોઈએ. ત્યારબાદ કુશળ પ્રશ્ન પૂછીને જે પોતાની પાસે સુલભ હોય તે સરળ હૃદયથી સમર્પણ કરીને અન્ન વગેરેથી તેનો સત્કાર કરવો જોઈએ. જેને ત્યાં વિદ્વાનને પાદ્ય, અર્ધ્ય, મધુપર્ક ન મળે તે માણસનું જીવન આર્યપદ્ધતિ પ્રમાણે જીવિત ગણવામાં નથી આવતું. " આ જ પ્રસંગમાં સાચા ભિક્ષુ અને પુણ્યાત્મા તપસ્વીનું લક્ષણ દર્શાવવામાં આવ્યું છે. યુધિષ્ઠિરને ત્યાં આવા લોકોનું આગમન સદ્ભાગ્ય ગણાતું. વિદ્યાવૃદ્ધ, શીલવૃદ્ધ, વયોવૃદ્ધ, બુદ્ધિવૃદ્ધ, ધનવૃદ્ધ અને અભિજનવૃદ્ધ—એ ૭ પ્રકારના લોકોને ઉચિત સમ્માન મળવું જ જોઈએ. કોઈક મૂર્ખ જ એમનું અપમાન કરે. આ જ પ્રકરણમાં એ બતાવવામાં આવ્યું છે કે રાજાએ કેવા એકાન્ત સ્થાનમાં કોની કોની સાથે મંત્રણા કરવી ઉચિત છે. ધર્મ, કામ અને અર્થ સંબંધી કાર્યોમાં જે કરવું હોય તે કહીને નહીં પણ કરીને જ પ્રદર્શિત કરવું જોઈએ. જે સુહૃદ્ ન હોય, અથવા સુહૃદ્ હોવા છતાં યે જે પ્રજ્ઞાવાન્ ( પણ્ડિત ) ન હોય, કે પણ્ડિત હોવા છતાં જે આત્મ–સંયમી ન હોય એવા માણસને પોતાનું રહસ્ય બતાવવાથી કંઈ લાભ નથી.

## પ્રજ્ઞાવાદ અને ભાગ્યવાદની તુલના

આગળ કહ્યું છે તેમ ધૃતરાષ્ટ્ર દૃષ્ટિવાદી કે ભાગ્યવાદી દર્શનને માનનારા હતા. આચાર્ય મંખલિ ગોશાલે નિયતિવાદનું વિશેષ પ્રતિપાદન કર્યું હતું. અહીં પણ ધૃતરાષ્ટ્રે કંઈક એવો જ મત વ્યક્ત કર્યો: " કોઈ પણ વસ્તુના હોવા કે ન હોવામાં ( ભાવાભાવમાં ) માણસનો હાથ નથી હોતો, સઘળું ભાગ્યને વશ છે. સૂતરના દોરાથી બાંધેલી કઠપૂતળીની માફક સર્વને બ્રહ્મા નચાવી રહ્યા છે.

अनीश्वरोऽयं पुरुषो भवाभवे सूत्रप्रोता दारुमयीव योषा ।
धात्रा तु दिष्टस्य वशे किलायं तस्माद्वद त्वं श्रवणे धृतोऽहम् ॥

( ઉદ્યોગ. ૩૯. ૧. )

આ વિદુરનીતિને સામાન્ય નીતિગ્રન્થ નહીં ગણવો જોઈએ. એ એક પૂરો દાર્શનિક મત હતો. એને પ્રજ્ઞાવાદ કે પ્રજ્ઞાનું દર્શન કહી શકાય. આ પ્રજ્ઞાવાદ ભાગ્ય, નિર્વેદ, કર્મત્યાગ ઉપર આશ્રિત સમાજવિરોધી આદર્શોનું પ્રતિપાદન કરનાર એવા અનેક મંતવાદોને કાપી નાખનાર હતો. જેનાથી જીવનનું નિરાકરણ નહિ પણ સંવર્ધન થાય છે એવા પુરુષાર્થ, સત્કર્મ, ધર્મ, ગૃહસ્થ, પ્રજાપાલન આદિ આદર્શો પર પ્રજ્ઞાવાદ ઊભો હતો. જો આ દૃષ્ટિએ વિદુરનીતિ અગર પ્રજાગરપર્વનું તુલનાત્મક અધ્યયન કરવામાં આવે તો આદિથી અન્ત પર્યન્ત પ્રજ્ઞાવાદના સેંકડો સિદ્ધાન્તોનું પ્રતિપાદન એમાં મળશે. પ્રજ્ઞાવાદનું આટલું સુન્દર સમન્વિત વિવેચન ભારતીય સાહિત્યમાં અન્યત્ર

નથી મળતું. પ્રાચીન ભારતમાં પ્રજ્ઞાવાદ એક પ્રૌઢદર્શનના રૂપમાં પ્રચલિત હતો. એના કેટલાયે પાયાના સિદ્ધાન્તો બીજા દાર્શનિક મતો સાથે-વિશેષતઃ બૌદ્ધમત સાથે-પણ મળતા હતા. બુદ્ધ પોતે પ્રજ્ઞાવાદી હતા, પરન્તુ તેમની સમસ્ત વિચારધારાએ શ્રમણધર્મને આગળ વધાર્યો, ગૃહસ્થ ધર્મને તેની આગળ નાનો ગણ્યો. પણ પ્રજ્ઞાવાદે તો જેમાં વ્યક્તિના મહિમાનું, ગૃહસ્થાશ્રમના મહિમાનું, પુરુષાર્થ અને ઉત્થાનના મહિમાનું પ્રતિપાદન કરવામાં આવેલું એવી પ્રાચીન વૈદિક પરમ્પરાઓને અપનાવેલી હતી. પ્રજ્ઞાવાદ અભાવાત્મક નહીં, જીવનનો ભાવાત્મક દૃષ્ટિકોણ હતો— **भावमिच्छति सर्वस्य नाभावे कुरुते मतिम्** । ( ઉદ્યોગ. ૩૬.૧૬ ). પ્રજ્ઞાવાદ દર્શનની સૌથી ભારે ટક્કર ભાગ્યવાદ કે નિયતિવાદ-દર્શન સાથે હતી. આને દૃષ્ટિવાદ કહેતા હતા. આ દર્શનમાં માનનારાઓને પાણિનિની અષ્ટાધ્યાયીમાં દૈષ્ટિક કહ્યા છે ( ૪.૪.૬૦ ). દાર્શનિક મત યા દૃષ્ટિકોણને દિટ્ઠિ કહેતા. તે જમાનાની અનેક દિટ્ઠિઓ કે મતોનો ઉલ્લેખ બૌદ્ધ અને જૈન સાહિત્યમાં આવ્યો છે. સંસ્કૃત પરમ્પરામાં સામગ્રી હજી જ્ઞાત નહતી થઈ. હવે તુલનાત્મક દૃષ્ટિથી મહાભારતના સેંકડો અધ્યાયોમાં તેને ઓળખીને અલગ કરી શકાય છે. કાલવાદ, સ્વભાવવાદ, નિયતિવાદ, યદચ્છાવાદ, ભૂતવાદ, યોનિવાદ વગેરે દિટ્ઠિઓ કે મતો સમ્બન્ધી કીમતી સામગ્રીનો મોટો ભંડાર શાન્તિપર્વના અન્તર્ગત મોક્ષધર્મપર્વમાં એકત્ર બંધાઈ ગયો છે અને કેટલીક સામગ્રી બીજાં પર્વોમાં પણ વિખરાયેલી પડી છે. આ બાબતમાં સ્પષ્ટ તુલનાત્મક વિવેચન શાન્તિપર્વની વ્યાખ્યામાં કરવું ઉચિત થશે. અહીં એટલું જાણી લેવું જોઈએ કે પ્રજ્ઞાવાદની અંદર જે દૃષ્ટિકોણ મળે છે તેનો પ્રતિપક્ષી દૃષ્ટિકોણ હતો નિયતિવાદ. નિયતિવાદના સિદ્ધાન્તોની સાથે તુલના કરી જોવાથી જ વિદુરના પ્રજ્ઞાદર્શનનું પૂરું મહત્ત્વ, તથા તેનાં અર્થ અને સંગતિ સ્પષ્ટ થઈ શકશે.

દૃષ્ટિવાદ કે ભાગ્યવાદના સંસ્થાપક આચાર્ય મંખલિ ગોશાલ હતા. શાન્તિપર્વમાં મંકિઋષિના નામથી એમની કથા આવી છે અને ત્યાં જ તેમના મતના પાંચ સિદ્ધાન્તો બતાવવામાં આવ્યા છે, તે આ પ્રમાણે છે:—૧. સર્વસામ્ય ( સર્વને સમાન સમજવા ), ૨. અનાયાસ ( હાથપગ ન હલાવવા, પરિશ્રમ ન કરવો ), ૩. સત્યવાદ, ૪. નિર્વેદ ( કર્મ પરત્વે નિતાંત ઉપેક્ષા ), ૫. અવિવિત્સા ( કોઈપણ વસ્તુ મેળવવાની ઇચ્છા ન કરવી તે ), આત્મા આદિ સંબંધી પણ બૌદ્ધિક પ્રયત્ન કે ઊહાપોહના પરિત્યાગ પર્યન્તનો તૃષ્ણાત્યાગ :—

**एतान्येव मतान्याहुः पञ्च वृद्धाः प्रशान्तये ।**

( શાન્તિ. ૧૭૧.૨-૩ ).

પતંજલિએ લખ્યું છે તેમ કર્મ ન કરો, શાન્તિ જ શ્રેયસ્કર છે—એ મસ્કરી પરિવ્રાજકોનો દૃષ્ટિકોણ હતો ( **मा कर्म कार्षीः, शान्तिर्वः श्रेयसी** ). નિર્વેદ, નિવૃત્તિ, તૃપ્તિ, શાન્તિ-એ દૃષ્ટિવાદનાં અંગો હતાં. ભાગ્યમાં માનનારા સત્ય, દમ, ક્ષમા અને સર્વભૂતદયાને પણ માનતા હતા, પણ એમના મતવાદનો સર્વથી મોટો તમંચો ભાગ્ય યા દૈવમાં અટલ વિશ્વાસ હતો. ( શાન્તિ, ૧૭૧. ૧૩, ૪૫ ).

## નિયતિવાદની વિશેષ વ્યાખ્યા

પ્રજ્ઞાવાદના નિરૂપણમાં વિદુરે આ મતોનું અત્યંત કુશળતાપૂર્વક ખંડન કરીને પોતાના કર્મપરાયણ મતનું પ્રતિપાદન કર્યું છે. નિયતિવાદ ભૂત, ભવિષ્ય અને વર્તમાનની દરેક પળને તથા જીવનના એકેએક કર્મને બિલકુલ બદ્ધ માને છે, તેમાં માણસની બુદ્ધિપૂર્વક કર્મની ગુંજાયશ

નથી રહેતી. નિયતિમાં પ્રજ્ઞા કે બુદ્ધિને કંઈ લેવાદેવા નથી. તેથી જ નિયતિવાદથી વિરુદ્ધ દર્શન આયતિવાદ કહેવાતું હતું. તદનુસાર બુદ્ધિપૂર્વકના કર્મથી ભાવિને સુધારી શકાય છે. ધૃતરાષ્ટ્ર કહે છે તેમ વિદુર આયતિવાદ તથા પ્રજ્ઞાવાદના સમર્થક હતા :—

सर्वं त्वमायतियुक्तं भाषसे प्राज्ञसम्मतम् ।
न चोत्सहे तु तं त्यक्तुं यतो धर्मस्ततो जयः ॥

નિયતિવાદ અનુસાર વિધાતાએ જેવું ભવિષ્ય લખ્યું છે તેવું થયા વિના રહે નહિ. પ્રજ્ઞાવાદ પ્રમાણે પરાક્રમથી અનર્થને ટાળી શકાય છે અને બુદ્ધિથી ભવિષ્યને સુધારી શકાય છે. (૩૯-૩૨-૪૧) ભાગ્યવાદીઓ કહેતા હતા કે હાથપગ હલાવવાથી કંઈ લાભ નથી, આયાસ કે યત્ન વ્યર્થ છે. આના જવાબમાં પ્રજ્ઞાવાદ ઉત્થાન, સમારંભ તથા પરાક્રમનો દૃષ્ટિકોણ ધરે છે (૩૯-૫૪-૩૨). વિદુરના મત પ્રમાણે ઇન્દ્રિયોનો કર્મત્યાગ તે મૃત્યુ થવા બરોબર છે. (૩૯-૩૮) ઉત્સાહ જ જીવન છે. જેમણે ઉત્સાહ ત્યજી દીધો તેમણે જાણે લક્ષ્મી અને શ્રીની પણ વિદાય લઈ લીધી. નિયતિવાદ નિર્વેદ કે વૈરાગ્ય ઉપર ભાર મૂકે છે, પરંતુ પ્રજ્ઞાવાદ પ્રમાણે તો અનિર્વેદ કે ઉત્સાહપરાયણ કર્મ જ સુખની પ્રાપ્તિ, દુઃખના નાશ અને શ્રીનું મૂળ છે. જેનું મન બુઝાયું નથી તે જ જીવનમાં મહાન્ બની શકે છે (૩૯-૪૪). નિયતિવાદીઓ પણ ક્ષમાનો ઉપદેશ કરતા હતા, પણ પ્રજ્ઞાવાદ અનુસાર જે પ્રભવિષ્ણુ અર્થાત્ સામર્થ્યવાન્ હોય તેની જ ક્ષમા સાચી ક્ષમા છે. જે અશક્ત છે તેની પાસે તો ક્ષમા સિવાય બીજું કંઈ છે જ નહિ જે અર્થ અને અનર્થ બન્નેને એકસરખા સમજી બેઠો હોય, તે જ નિત્ય ક્ષમાનો આશ્રય લે છે.

નિયતિવાદમાં સર્વસામ્ય એટલે કે સર્વને સમાન સમજવામાં આવતા હતા, પરન્તુ પ્રજ્ઞાવાદ નાના અને મોટામાં, વિદ્વાન અને મૂર્ખમાં ઉચિત ભેદ પાડે છે. એના મત પ્રમાણે નાનાઓએ મોટાઓનું સ્વાગત—સત્કાર—અભિવાદન કરવું આવશ્યક છે (૩૮.૧, ૩૯.૬૦). સર્વસામ્યનો એવો પણ અર્થ હતો કે માણસે નિન્દા અને પ્રશંસામાં શોક કે હર્ષ નહીં માનવો જોઈએ. એનું સમર્થન પ્રજ્ઞાવાદી વિદુરે પણ કર્યું છે (૩૬.૧૫). આ વાદોના અનેક સિદ્ધાન્તો પ્રજ્ઞાવાદી બુદ્ધના દર્શનમાં પણ જઈ મળ્યા છે. ધમ્મપદનાં અનેક સ્થળોની તુલના પ્રજ્ઞાવાદ અથવા નિયતિવાદીઓના દૃષ્ટિકોણથી કરી શકાય છે. ધમ્મપદમાં પણ્ડિતને નિન્દા કે પ્રશંસાથી અલગ રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે (ધમ્મ. ૮૧). આ વિદુરના "निन्दाप्रशंसासु समस्वभावः" સાથે મળતો આવે છે.

નિયતિવાદમાં સત્યવાક્નો ઉપદેશ આપવામાં આવ્યો છે. પ્રજ્ઞાવાદ તેની વ્યાખ્યાને આગળ વધારીને વાક્યનાં ચાર રૂપ માને છે. तूष्णीं યા મૌનભાવ સર્વથી સારો છે. જો બોલવું જ પડે, તો સત્ય બોલવું, સત્ય પણ જે પ્રિય હોય તેવું અને પ્રિય પણ એવું કે જે ધર્મયુક્ત હોય. વિદુરના પ્રજ્ઞાવાદમાં રુક્ષ અગર કડવી વાણીની બહુ નિન્દા કરેલી છે. મર્મ, હાડ, હૃદય અને પ્રાણને વીંધી નાખે એવી ઘોર વાણી માણસને બાળીને ભસ્મ કરી દે છે. પ્રજ્ઞાવાદમાં એને માટે કોઈ સ્થાન નથી. હૃદયમાં રહેલી પ્રજ્ઞાદેવી જ તો વાગ્દેવીના રૂપમાં પ્રકટ થાય છે. પ્રજ્ઞાવાદમાં જેવી રીતે શ્રીનું મહત્ત્વ માનવામાં આવ્યું છે તે જ પ્રમાણે વાક્ કે સરસ્વતીનું પણ મહત્ત્વ ગણવામાં આવેલું છે. મહાપ્રાજ્ઞ મહર્ષિ હંસ અને સાધ્યોના સંવાદમાં સર્વપ્રથમ ધર્મમયી અને કાવ્યમયી ઉદાર વાણી પર જ

વધારે ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાજ્ઞમયી વાણીને જ કાવ્યમયી વાણી કહેવામાં આવે છે. પ્રજ્ઞાવાદમાં સૌથી વધારે ગૌરવ આર્જવ અર્થાત્ હૃદયની શુદ્ધિ અને સરળતાને આપવામાં આવ્યું છે. વિદુર ધૃતરાષ્ટ્રને વારંવાર આર્જવનું મહત્ત્વ સમજાવે છે :—

सर्वेतीर्थेषु वा स्नानं सर्वभूतेषु चार्जवम् ।
उभे एते समे स्यातामार्जवं वा विशिष्यते ॥

જો કે નિયતિવાદી આચાર્ય મંખલિ ગોશાલે પણ સર્વભૂતદયાનો ઉપદેશ આપ્યો છે (શાન્તિ ૧૭૧. ૪૫), છતાં પણ નિયતિવાદના અનુયાયી ધૃતરાષ્ટ્રને માટે કૌરવો અને પાણ્ડવો એ બેઉમાં ઋજુતા અને સમતાની નીતિનો વ્યવહાર કરવો એવો સંભવ રહ્યો ન હતો. આ સંઘર્ષમાં આર્જવનો પ્રયોગ કેવી રીતે કરાવો જોઈએ તે બતાવવા માટે વિદુરે વિરોચન અને સુધન્વાનું પેલું દૃષ્ટાન્ત સંભળાવ્યું હતું. માયા, છળ, જિહ્મતા—કે આડાઈને માટે પ્રજ્ઞાવાદમાં કોઈ સ્થાન નથી.

એમ જણાય છે કે નિયતિવાદની સાથે જ યોનિવાદની પણ કંઈ સમજૂતી હતી. યોનિવાદ પ્રમાણે જન્મ જ માણસના પદના નિર્ણયકર્તા છે, કુલ કે આચાર નહિ. પ્રજ્ઞાવાદી દાર્શનિકો આ બન્નેના સમન્વયમાં વિશ્વાસ ધરાવતા હતા. અર્થાત્ કુલ પણ મુખ્ય છે અને આચાર પણ મહત્ત્વપૂર્ણ છે. સદાચારથી જ કુલોને મહિમાયુક્ત બનાવાય છે. એથી જ આ જ પ્રસંગમાં પ્રજ્ઞાવાદદર્શનમાં આવતી મહાકુલોની વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. નિયતિવાદની દૃષ્ટિએ વ્યક્તિના ગુણોની કંઈ કીમત નથી, કેમ કે ઉત્કર્ષ અને અપકર્ષનો નિર્ણય ભાગ્ય જ કરી નાખે છે. આથી ઊલટું, પ્રજ્ઞાવાદ ગુણોનો સમર્થક છે. વ્યક્તિ પોતે પોતાની બુદ્ધિથી તેમ જ પુરુષાર્થ વડે ગુણો પ્રાપ્ત કરી શકે છે. તથા તે દ્વારા ધર્મ, અર્થ, કામની પ્રાપ્તિ પણ કરી શકે છે. વિદ્યા, તપ, ઇન્દ્રિયનિગ્રહ, ત્યાગ, શાન્તિ, સ્વાધ્યાય, દાન, ધૃતિ, સત્ય, શમ આદિ સદ્ગુણો દ્વારા વ્યક્તિનું ઉત્થાન સંભવે છે. એમાં ભાગ્ય બાધક બનતું નથી. કોઈ ધનથી મોટા હોય છે, તો કોઈ ગુણથી મોટા હોય છે. ધનવૃદ્ધ કરતાં ગુણવૃદ્ધ વધારે સારો છે. એમ જણાય છે કે ભાગ્યવાદીઓ ધનના ઉત્કર્ષને મોટાઈનો હેતુ માનતા હતા અને પ્રજ્ઞાવાદીઓ ગુણોને.

ભાગ્યવાદમાં ધર્મને માટે સ્થાન નથી, પરન્તુ પ્રજ્ઞાવાદનો પાયો ધર્મ જ ગણાયો છે :—

न जातु कामान्न भयान्न लोभाद् ।
धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ॥
नित्यो धर्मः सुखदुःखे त्वनित्ये ।
नित्यो जीवो हेतुरस्य त्वनित्यः ॥

(ઉદ્યોગ, ૪૦-૧૧-૧૨)

અર્થાત કામથી, ભયથી, લોભથી કે પ્રાણના ભયથી પણ ધર્મને છોડવો ન જોઈએ, કેમકે ધર્મ નિત્ય છે અને સુખદુઃખ અનિત્ય છે, જીવ નિત્ય છે અને શરીર અનિત્ય છે. અનિત્યને છોડીને નિત્યનો આશ્રય લેવો જોઈએ. આ ઉત્તમ શ્લોક જ મહાભારતના દૃષ્ટિકોણની ચાવી છે. તેને સમ્પૂર્ણ મહાભારતના અન્તમાં ફરીથી મૂકયો છે અને તેને ભારત-સાવિત્રી એવું નામ આપ્યું છે.

નિયતિવાદનો પાંચમો સિદ્ધાન્ત અવિવિત્સા અર્થાત્ વસ્તુઓને પ્રાપ્ત કરવાની ઇચ્છાનું નિરાકરણ હતો. તેથી ઊલટું, પ્રજ્ઞાવાદ વિવિત્સાનું સમર્થન કરે છે, અર્થાત્ મનુષ્યે વ્યાવહારિક જીવનમાં ઘર—ગૃહસ્થી, ખાનપાન, વસ્ત્ર-શયનાસન, ભૂમિ, રાજ્યશાસન આદિ, સર્વમાં રુચિ રાખવી જોઈએ. ભાગ્યે જે કંઈ આપી દીધું તેમાં નિયતિવાદી સંતોષ માની લે છે, પરન્તુ પુરુષાર્થવાદી કે પ્રજ્ઞાવાદી કુટુમ્બ, ખેતર, ભૂમિ, ઘર, રહેણીકરણી, ભોજનવસ્ત્ર—એ સર્વને સારા કુલની કસોટી સમજે છે અને એ બધામાં સુધારો કરવા ઇચ્છે છે ( ૩૯-૩૩ ). જો ઘરમાં દરિદ્રતાને લીધે જીવિકાનો અભાવ હોય તો તેને ભાગ્ય પર ઢોળી ન દેતાં વિનય અથવા જીવનમાં મેળવેલ શિક્ષણ વડે મેળવવી જોઈએ ( अवृत्तिं विनयो हन्ति हन्त्यनर्थं पराक्रमः ( ૩૯-૩૩ ). કાર્યમાં અધ્યવસાય તે પ્રજ્ઞાનું લક્ષણ છે. કોઈકવાર એવું પણ જોવામાં આવે છે કે બુદ્ધિ હોવા છતાં પણ ધનલાભ નથી થતો અને મૂઢ પાસે રૂપિયા-પૈસાનો ઢગલો જણાય છે. આવી ઘટનાથી પ્રજ્ઞાવાદીએ ગભરાવું જોઈએ નહિ. લોકપર્યાય ધર્મમાં એવો સંભવ હોય છે, પરન્તુ છેવટે પ્રજ્ઞાનું ફલ મળ્યા વિના રહેતું નથી. ભાગ્યવાદી મૂઢ માણસો વિદ્યાવૃદ્ધ, શીલવૃદ્ધ, બુદ્ધિવૃદ્ધ આદિ વૃદ્ધજનોનું અપમાન કરી બેસે છે, કેમકે તેઓ ગુણોમાં માનતા નથી.

જ્યારે ધૃતરાષ્ટ્રે વિદુરને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ભાગ્યવાદ જ અહીં સર્વ કંઈ છે, ત્યારે વિદુરને પોતાનો ઉત્તર બહુ વિચારપૂર્વક તથા સમજપૂર્વક આપવો પડચો. વિદુરે વિચાર્યું કે જો દૃષ્ટિવાદનું સીધું ખંડન કરવામાં આવે તો ધૃતરાષ્ટ્રને સારું નહીં લાગે. એમણે કહ્યું :—"જો ખુદ બૃહસ્પતિ પણ કસમયની વાત કહે તો તેમને ય નીચે જોવું પડશે." આ બૃહસ્પતિ કોણ હોઈ શકે વારુ ? આ પ્રશ્નના ઉત્તરમાં અમારું ધ્યાન લોકાયત દર્શનના સંસ્થાપક આચાર્ય બૃહસ્પતિ તરફ જાય છે, જેમને ચાર્વાક્ પણ કહેવામાં આવતા. વિદુરનું તાત્પર્ય એ જ હતું કે બૃહસ્પતિના જેવું સુંદર ભાષણ કરનાર કોઈ બીજું હોય, તો તેણે પણ અવસરને અનુકૂળ રીતે જ બોલવું જોઈએ. આ ભૂમિકા રચીને પછી વિદુરે દ્વેષ્ય તથા પ્રિય વ્યક્તિઓનું વિવેચન કર્યું— જેને મન અપ્રિય માને છે તેનું કંઈ જ તેને સારું લાગતું નથી, પણ પ્રિય હોય તેને બધું જ શોભે છે. નિયતિવાદીની નજરે પ્રિય તે છે કે જે દાનથી, ખુશામત વડે કે મંત્રૌષધિ વડે પ્રિય બની જાય છે, પરન્તુ પ્રજ્ઞાવાદી તેને જ પ્રિય માને છે કે જે સ્વાભાવિક સ્નેહથી પ્રિય અને હિતેચ્છુ હોય. આ જ પ્રમાણે ક્ષય અને વૃદ્ધિ ભાગ્યના ખેલ નથી, એમાં પણ માણસના પુરુષાર્થનો પ્રભાવ તથા કર્મનો જાદુ કામ કરે છે. ભલે ગમે તેવો ક્ષય હોય, પણ જો તેની સાથે પુરુષાર્થ જોડાયો હોય અને તે વૃદ્ધિ તરફ ઉન્મુખ હોય તો તેને ક્ષય કહી ન શકાય. બીજી બાજુ ભલે ગમે તેવી સમૃદ્ધિ હોય, પરન્તુ જો તે પુરુષાર્થશૂન્ય હોય તો તેને ક્ષય જ સમજવો જોઈએ." મંખલિ ગોશાલના પ્રત્યક્ષવાદી દર્શનમાં બૃહસ્પતિના લોકાયત દર્શનના કંઈક અંશનો યે અન્તર્ભાવ થઈ ગયો હોય એવું જણાય છે. ભિન્ન ભિન્ન દર્શનોમાં વિભક્ત થયેલા આ તારાઓને ઓળખવા અને અલગ કરવા માટે બહુ પ્રયત્ન તથા ધૈર્યની આવશ્યકતા છે.

અવિવિત્સાનો એક અર્થ 'અધિક જાણવાની ઇચ્છાનો અભાવ' પણ છે. નિયતિવાદી અથવા બીજાં નાસ્તિક દર્શનો આત્મા, બ્રહ્મ આદિ વિષેના ઊહાપોહથી દૂર ભાગતા હતા. આવી માન્યતાવાળા લોકો ગુરુકુલવાસ અથવા વાંચવા-લખવાનું વ્યર્થ સમજીને પલંગ પર આરૂઢ થતા હતા, અર્થાત્ વૈદિક સ્વાધ્યાય તથા ચરણોના નિયમિત અધ્યયનથી વિમુખ બનીને ગૃહસ્થ થઈ જતા હતા,

( ૩૯-૨૭ ); પ્રજ્ઞાવાદની દૃષ્ટિએ આમ કરવું ઉચિત નથી, કેમકે એથી પાછળથી પસ્તાવું પડે છે. 'નિયતિવાદનું પરિણામ શ્રમણધર્મ' અર્થાત ઘરબાર ત્યજીને વૈરાગ્ય સાધવો તે હતું. આ સારી સ્થિતિ ન હતી. પ્રજ્ઞાવાદીની નજરમાં અગ્નિહોત્ર, શીલ, સદાચાર, વિવાહ, દાન, ભોગ, સ્ત્રી, ધન, અધ્યયન તથા વેદ—એ સર્વનું મૂલ્ય હોય છે એટલું જ નહિ, પણ જીવનમાં સર્વને માટે એમની આવશ્યકતા હોય છે. ધમ્મપદના મલવગ્ગ અને ક્રોધવગ્ગના કેટલાક શ્લોકો તથા વિચારો પ્રજ્ઞાવાદી દર્શનમાં જેવા ને તેવા જ મળે છે જેમકે " अक्रोधेन जयेत्क्रोधमसाधुं साधुना जयेत् " ઇત્યાદિ.

વિદુરનીતિ એ પ્રજ્ઞાવાદનું રચનાત્મક શાસ્ત્ર પ્રતીત થાય છે. આસ્તિક બ્રહ્મવાદ અગર કર્મયોગનો સમન્વય પ્રજ્ઞાવાદી દર્શન સાથે હતો. શ્રીકૃષ્ણે ગીતામાં " प्रज्ञावादांश्च भाषसे " ( ગીતા, ૨. ૧૧ ) એમ કહીને અર્જુનના પ્રજ્ઞાવાદની કંઈક હાંસી કરી છે. પરન્તુ તે અસલ પ્રજ્ઞાવાદની નિન્દા નથી, તે તો જેના દ્વારા અર્જુન કર્મ અને પુરુષાર્થ ઉપર હરતાલનો લેપ લગાવવા માગતો હતો તે પ્રજ્ઞાવાદની કાંચળી પહેરેલ જૂઠા વિચારોની નિન્દા છે. પ્રજ્ઞાવાદી યુધિષ્ઠિરને વિષે તેઓની રહેણી તેમ જ કરણી કેવા પ્રકારની છે એવી ચર્ચા ધૃતરાષ્ટ્રે છેડેલી તે આપણે આગળ જોઈ ગયા છીએ. વિદુરે અનેક પ્રકારે પ્રજ્ઞાવાદનો દૃષ્ટિકોણ ધૃતરાષ્ટ્રની સામે ધર્યો, પણ તેનું ફળ કશું જ ન આવ્યું. પલાશનાં તે જ ત્રણ પાંદડાં. સો તારી રામદુવાઈ ને એક મારું નહું. અન્તે ધૃતરાષ્ટ્રે સ્પષ્ટ કહી દીધું : " હે વિદુર, તમે કહો છો તે બરાબર છે. તમારા સમજાવવાથી મારી મતિ પણ તેવી થઈ જાય છે. પણ પાણ્ડવો પ્રત્યેની મારી એ બુદ્ધિ દુર્યોધનને દેખતાં જ એકદમ બદલાઈ જાય છે. કોઈ પણ મનુષ્ય દૃષ્ટિ અગર ભાગ્યનું ઉલ્લંઘન નથી કરી શકતો. તેથી જ ભાગ્ય પ્રધાન છે, પૌરુષ નિરર્થક છે ( ૪૦. ૨૮-૩૦ ). કોઈ શિષ્યની બાબતમાં શિક્ષકનો પ્રયત્ન કદી આટલો વ્યર્થ ગયો હશે ખરો ? ધૃતરાષ્ટ્ર તો કેવળ કાનના જ રસિયા હતા. તેમણે પ્રારમ્ભમાં જ કહ્યું હતું કે " હે વિદુર, તમે કહો, હું સાંભળવા માટે જ બેઠો છું ( ૩૯.૧ )." આ કાનથી સાંભળ્યું અને પેલા કાનથી કાઢી નાખ્યું—એ જ ધૃતરાષ્ટ્રનો રિવાજ હતો. હૃદયપરિવર્તન માટે આવશ્યક સાચો પ્રયત્ન તથા નિશ્ચયાત્મક વિચાર ધૃતરાષ્ટ્રના ચરિત્રમાં ન હતા.

# ઇતિહાસ અને સાહિત્યના તાણાવાણા*

ભોગીલાલ જ. સાંડેસરા

**સન્નારીઓ અને સજ્જનો !**

ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખ તરીકે મારી ચૂંટણી કરવા માટે પરિષદના સભ્યોનો હું હાર્દિક આભાર માનું છું. ઇતિહાસનો હું કોઈ તદ્વિદ નથી. સાહિત્યનો અભ્યાસ કરતાં કરતાં ઇતિહાસનું કંઈક કામ મેં કર્યું હશે. પરંતુ ઇતિહાસ પરિષદના પ્રમુખસ્થાનેથી બોલતાં મને મારી મર્યાદાઓનું સવિશેષ ભાન થાય છે. આશા છે કે એ મર્યાદાઓ આપ નભાવી લેશો.

ગુજરાતમાં અને ગુજરાત પરત્વે ઇતિહાસના અધ્યયન અને સંશોધનના કાર્યને વેગ આપવા માટે કેટલાક સમય પહેલાં ગુજરાત ઇતિહાસ પરિષદની સ્થાપના થયેલી છે અને તેણે એક સંમેલન ભરવા ઉપરાંત ગુજરાતના ઇતિહાસની સંદર્ભસૂચિના પુસ્તકનું પ્રકાશન કરેલું છે. સંદર્ભસૂચિનું આગળનું કામ ચાલી રહ્યું છે અને આર્થિક સહાય પ્રાપ્ત થતાં એનું પ્રકાશન પરિષદ કરી શકશે.

પ્રાદેશિક અને રાષ્ટ્રિય ઇતિહાસ એવા ભેદો માત્ર અભ્યાસની સગવડની દૃષ્ટિએ છે. ગુજરાતનો ઇતિહાસ એ ભારતના ઇતિહાસનું અંગ છે અને આપણા અભ્યાસીઓ એ દિશામાં જે કંઈ કાર્ય કરે એ ભારતીય ઇતિહાસને જ એમનું પ્રદાન છે. સમસ્ત ભારતમાં સાંસ્કારિક એકતા અનુસ્યૂત હોવા છતાં આખોયે દેશ એક જ રાજકીય સત્તા નીચે હોય એવું ભૂતકાળમાં કોઈક જ વાર બન્યું છે. આથી પ્રાદેશિક ઇતિહાસની અગત્ય અનિવાર્યપણે સમજાય એવી છે. મર્યાદિત ભૌગોલિક ફલકને કારણે એનો રસ ઘટતો નથી કે એનું મહત્ત્વ ઓછું થતું નથી. સંશોધનનાં ઊંડાણ અને વિગતો વડે તથા વિપુલ સ્થાનિક પુરાવાઓના અધ્યયન દ્વારા એ મર્યાદા ઓસરી જાય છે, અને એ રીતે પ્રાદેશિક ઇતિહાસ અનેક રીતે રસપ્રદ અને બોધદાયક બને છે તથા સત્યશોધન-સંશોધનની તાલિમ માટે પુષ્કળ અવકાશ આપે છે. સમગ્ર ભારતના ઇતિહાસને સમૃદ્ધ બનાવવા માટે અભ્યાસીઓએ કોઈ પણ પ્રદેશ કે યુગના ઊંડા અભ્યાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝના ગ્રન્થાંક ૩૪ તરીકે, સને ૧૯૨૭માં પ્રગટ થયેલ 'મિરાતે એહમદી,' ભાગ ૨ની પ્રસ્તાવનામાં વિખ્યાત ઇતિહાસકાર સ્વ. જદુનાથ સરકારે કહ્યું છે: "Of all the provinces of India, Gujarat is the richest in the number and variety of its historical records." અર્થાત્ ભારતના સર્વ પ્રાન્તોમાં ઐતિહાસિક સાધનોની સંખ્યા અને વૈવિધ્યની બાબતમાં ગુજરાત સૌથી વધુ સમૃદ્ધ છે. ઐતિહાસિક

---

* ગુજરાત ઇતિહાસ પરિષદના બીજા અધિવેશનના પ્રમુખપદેથી આપેલું વ્યાખ્યાન. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા, તા. ૨૨ માર્ચ, ૧૯૬૪.

સાધનસામગ્રીના જે પ્રકારો એ વખતે જાણવામાં હતા એમાં હવે આર્કિયોલૉજીનાં ઉત્ખનનોને પરિણામે મળેલી સામગ્રીનો ઉમેરો થાય છે અને એ દિશામાં હમણાંનાં થોડાંક વર્ષોમાં ગુજરાતમાં ગણનાપાત્ર કામ થયું છે. અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાના માનાર્હ સભ્ય તરીકે આપેલા વ્યાખ્યાનમાં આચાર્ય જિનવિજયજીએ તથા મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાના ઉપક્રમે અપાયેલા એક વાર્ષિક વ્યાખ્યાનમાં સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીએ ગુજરાતના ઇતિહાસની સાધનસામગ્રીનો પરિચય આપ્યો છે; ગુજરાત ઇતિહાસ પરિષદના મારા પુરોગામી પ્રમુખ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ જુદે જુદે પ્રસંગે અપાયેલાં એમનાં ચારેક વ્યાખ્યાનોમાં ગુજરાતના ઇતિહાસ પરત્વે અત્યાર સુધી થયેલાં કામોની સમીક્ષા કરી છે તથા ભવિષ્યમાં થવાં જોઈતાં કામોની રૂપરેખા દોરી એ વિષે દિશાસૂચનો કર્યાં છે. એ બાબતની પુનરુક્તિ હું અહીં નહિ કરું. હું ઇતિહાસનો સ્નાતક કે અધ્યાપક નથી. પ્રથમ તો, હું સાહિત્યનો વિદ્યાર્થી છું અને સાહિત્ય દ્વારા ઇતિહાસમાં ગયો છું. આથી ઇતિહાસ અને સાહિત્યનો અભ્યાસ અને અર્થદર્શન પરસ્પરને કેવી રીતે ઉપકારક થાય, પરસ્પરને કેવી રીતે અજવાળે એની થોડીક વાતો હું કરીશ. આ વાતો કેટલાક મુદ્દાઓ સ્ફુટ કરવા પૂરતી માત્ર ઉદાહરણાત્મક હશે.

ઇતિહાસનાં સાધનો અનેકવિધ હોય છે એ આપને સુવિદિત છે. એમાં સૌથી મહત્ત્વનું અને મોટું સાધન સાહિત્ય છે. સાહિત્યના ઉપાદાનરૂપ ભાષા અને તેના પ્રયોગો જેને આધારે ભાષાશ્રયી પુરાતત્ત્વ ( Linguistic Palaeontology )નું શાસ્ત્ર રચાયું છે તે પણ સાંસ્કૃતિક ઇતિહાસનું એક અગત્યનું સાધન છે. સાહિત્ય કોઈ સમય કે યુગમાં રચાયેલું હોય છે. આથી સાહિત્ય પ્રાયઃ એ સમય ઉપર પ્રકાશ પાડે છે અને એ સમય કે યુગનો અભ્યાસ સાહિત્યને સમજવામાં ઉપકારક થાય છે. જીવનને જુદી જુદી દૃષ્ટિએ સ્પર્શતા ઇતિહાસ અને સાહિત્ય જેવા બે મહાન વિષયો આ પ્રકારના અધ્યયનમાં અમુક કોટિએ જાણે કે એકતા પામી જાય છે. થોડાંક ઉદાહરણ આપીને મારી વાત સ્પષ્ટ કરું.

પ્રાચીન ગુજરાતમાં બૌદ્ધ ધર્મના પ્રચાર વિષે સાહિત્યિક સાધનોમાંથી ઘણી હકીકતો મળે છે. ચીની પ્રવાસી હ્યુએનત્સંગ ગુજરાતમાં આવ્યો તે તો ઠેઠ સાતમા સૈકામાં, ઈ. સ. ૬૪૧ આસપાસ. એ પહેલાંયે ગુજરાતમાં બૌદ્ધ ધર્મના પ્રચાર વિષે ઉત્કીર્ણ લેખોમાંથી તેમ જ સાહિત્યગ્રન્થોમાંથી અનેક નિર્દેશો પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત સાહિત્યગ્રન્થો જોકે સોલંકીયુગમાં રચાયેલા છે, પણ એમાંના વૃત્તાન્તો પૂર્વકાળના છે અને પ્રાચીન શ્રુતપરંપરાને આધારે અપાયા હોઈ ઉપર્યુક્ત વિધાનને એથી બાધ આવતો નથી. બુદ્ધિ અને વિચારોની વ્યવસ્થા માટે બૌદ્ધ ન્યાયના દુર્ગમ પ્રમેયોનો અભ્યાસ ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને ગુજરાતમાં કરાવવામાં આવતો એમ 'પ્રભાવકચરિત'ના કર્તા આચાર્ય પ્રભાચન્દ્ર નોંધે છે. વલભી આદિ સ્થળોનાં બૌદ્ધ વિદ્યાપીઠોમાં અપાતા શિક્ષણનું જ આ એક રીતે સાતત્ય હતું એમ કહી શકાય. તળાજાની બૌદ્ધ ગુફાઓ જાણીતી છે; ગૌણ અગત્યના કેટલાક બૌદ્ધ અવશેષો અને મૂર્તિઓ ગુજરાત-સૌરાષ્ટ્રમાં જુદે જુદે સ્થળેથી પ્રાપ્ત થયેલ છે. પરંતુ ઉત્તર ગુજરાતના તીર્થધામ શામળાજી પાસે, દેવની મોરી ગામની સીમમાં, ભોજરાજાની ટેકરી તરીકે ઓળખાતા ટીંબામાંથી ક્ષત્રપ કાળનો આખો બૌદ્ધ સ્તૂપ નીકળ્યો એથી સાહિત્યિક પુરાવાઓને સબળ અનુમોદન મળે છે એટલું જ નહિ, પણ આ વિષયનું આખું દર્શન ( Perspective ) બદલાઈ જાય છે. એ સ્તૂપમાંથી મળેલો, સ્વયં

ભગવાન બુદ્ધના અવશેષવાળો, ઉત્કીર્ણ લેખયુક્ત સમુદ્ગક બતાવે છે કે એ કાળે ગુજરાત જૈન ધર્મનું જેવું મોટું કેન્દ્ર હતું તેવું જ મોટું કેન્દ્ર બૌદ્ધ ધર્મનું પણ હશે. તળ ગુજરાતમાં આવા મોટા અને અસંદિગ્ધ બૌદ્ધ અવશેષો પહેલી વાર જ મળ્યા છે, અને એ શોધવાનો યશ વડોદરા યુનિવર્સિટીના આર્કિયોલૉજી વિભાગને છે. આ સ્તૂપ જેમ ઈંટાનો છે તેમ તેની પાસેનો આશરે ૧૬૦×૧૫૦ ફૂટનો વિહાર પણ ઈંટેરી મકાન છે. શામળાજીની ચારે બાજુ ડુંગરો અને પથ્થરો હોવા છતાં આ સર્વ સ્થાપત્યો અને શિલ્પો—બુદ્ધમૂર્તિઓ પણ—પકવેલી માટીનાં છે તે ઉપરથી જણાય છે કે આ રચનાઓ ઈંટોમાં કામ કરવા ટેવાયેલા કારીગરોએ કરી હશે. આ વસ્તુકલા-કારીગરીના સંક્રમણને લગતા પણ કેટલાક સવાલો ઊભા કરે છે. દેવની મોરીના સ્તૂપની કોઈ કોઈ બુદ્ધ-મૂર્તિઓનાં મસ્તક ગાન્ધારશૈલીની કેશરચના દર્શાવે છે તેમ જ વેલબુટ્ટાની કોતરણી, સ્તંભો અને કમાનો ઉપર પણ ગાન્ધારશૈલીની અસર છે. ત્યાંથી મળેલા સિક્કાઓને આધારે કહી શકાય કે સ્તૂપ અને વિહાર સમેત શામળાજી પાસેની બૌદ્ધ વસાહત ક્ષત્રપયુગથી અર્થાત્ ઈસવી સનની ત્રીજી સદીથી લગભગ છઠ્ઠી સદી સુધી અસ્તિત્વ ધરાવતી હતી. આ શોધ બતાવે છે કે જૈન આગમોની ટીકાચૂર્ણિઓ, પ્રબન્ધો અને અન્ય સાહિત્યમાં મળતા બૌદ્ધ સંપ્રદાય વિષેના ઉલ્લેખો તથા અન્ય સંપ્રદાયો સાથે એના સંપર્ક અને સંઘર્ષનાં વર્ણનો, ગુજરાતના ધાર્મિક ઇતિહાસની દૃષ્ટિએ, ગંભીર અને વિવેચનાત્મક અધ્યયન માગી લે છે.

ગુજરાત અને મહારાષ્ટ્રના ધાર્મિક ઇતિહાસમાં એક અગત્યનું પ્રકરણ મહાનુભાવ સંપ્રદાયને લગતું છે. મહાનુભાવ સંપ્રદાયના સ્થાપક ચક્રધરસ્વામી ઈસવી સનના તેરમા સૈકામાં થઈ ગયા. તેઓ ભરૂચના સામવેદી બ્રાહ્મણ હતા અને તે સમયના ભરૂચના રાજાના પ્રધાનના પુત્ર હતા. એમનું ચરિત્ર 'લીલાચરિત્ર' નામે એક જૂના મરાઠી ગ્રન્થમાં મળે છે, જેને કેટલાક વિદ્વાનો મરાઠી સાહિત્યિક ગદ્યની પ્રથમ રચના ગણે છે. એમાં આપેલા વૃતાન્તનો પૂરો મેળ ગુજરાતના તત્કાલીન ઇતિહાસ સાથે મેળવવાનો હજી બાકી છે. પરંતુ વધારે નોંધપાત્ર વસ્તુ બીજી એક છે. મહાનુભાવ સંપ્રદાયનો પ્રચાર ગુજરાતમાં થયો હોય તોયે ત્યાંથી તો એ નામશેષ થઈ ગયો. વરાડમાં એનો પ્રચાર ઠીક ઠીક થયો હતો, પણ એ સંપ્રદાયના વિલક્ષણ આચારો અને ગૂઢ લિપિમાં લખાયેલા એના ગ્રન્થોને કારણે ત્યાંયે એ વિષેની માહિતી પ્રમાણમાં મોડી પ્રકટ થઈ. પરંતુ ગુજરાતમાં રચાયેલા વિપુલ સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યમાં કે અન્ય કોઈ ઐતિહાસિક સાધનમાં ચક્રધરસ્વામીનો કે મહાનુભાવ સંપ્રદાયનો ઉલ્લેખ સરખો પણ મળતો નથી એ આશ્ચર્યજનક છે. મહારાષ્ટ્રિય વિદ્વાનોએ તો એ વિષે કામ કર્યું છે જ, પણ ગુજરાતના ભાષાસાહિત્ય–ઇતિહાસ અને જૂની મરાઠી એ બન્નેય જાણનાર થોડાક ગુજરાતી વિદ્વાનો 'લીલાચરિત્ર' અને મહાનુભાવ સંપ્રદાયના અન્ય સાહિત્ય ઉપર કામ કરે તો ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસ વિષે કંઈ નવું જાણવાનું મળે એ તદ્દન સંભવિત છે.

ગુજરાતના ઇતિહાસનો મોટો ભાગ અંધકારમય નથી અર્થાત્ ઐતિહાસિક સાધન-સામગ્રીથી તદ્દન વંચિત નથી; પણ મૌર્યયુગથી માંડી સોલંકીયુગના અંત સુધીની ગુજરાતની ભૌતિક સંસ્કૃતિ કેવી હતી એ જાણવાનાં સાધનો અલ્પ છે અને એ પછીના સમય માટે પણ એ વિષયનું આપણું જ્ઞાન જોઈએ તેટલું સમૃદ્ધ નથી. સોલંકી યુગનું ઐતિહાસિક અને અન્ય સાહિત્ય વિપુલ છે, તોપણ તે સમયની નગરયોજના, ગૃહયોજના, દૈનિક ઉપયોગની

ચીજો, વસ્ત્રો, અલંકારો, સિક્કાઓ, શસ્ત્રાસ્ત્રો ઇત્યાદિ વિષેનું આપણું પ્રત્યક્ષ જ્ઞાન નહિવત્ છે. શિલ્પકૃતિઓ અને મૂર્તિઓના અલંકારો આદિમાંથી અને પ્રાચીન ગ્રન્થસ્થ ચિત્રોમાંથી આ અભ્યાસમાં કેટલીક સહાય મળી શકે, પણ એની પૂર્તિ પ્રત્યક્ષ ઉપલબ્ધ વસ્તુઓ અને સાહિત્ય-અંતર્ગત વર્ણન ઉલ્લેખાદિ વડે થાય. આબુ, કુંભારિયા, તારંગા, મોઢેરા અને પાટણનાં મંદિરોનાં શિલ્પોમાં નિરૂપિત જીવન અને ભૌતિક સંસ્કારિતાનો અભ્યાસ ડૉ. હર્ષદરાય મજમુદારે પીએચ.ડી. માટેના પોતાના મહાનિબંધમાં કર્યો છે. ઈ. સ. ૧૫૦૦ આસપાસ રચાયેલા "રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ'માં મારવાડમાં આવેલા રાણકપુરના વિખ્યાત જૈન મન્દિરનું વિગતભરપુર સુન્દર વર્ણન છે અને સં. ૧૬૦૫ (ઈ. સ. ૧૫૪૯)માં મતિસારે રચેલી વાર્તા 'કર્પૂરમંજરી'માં સિદ્ધપુરના રુદ્રમહાલયની શાલભંજિકાઓનું અછડતું વર્ણન છે. પ્રાચીન કાળનું મન્દિર એ કેવળ ધર્મસ્થાન નહોતું, પણ એક સંસ્કારકેન્દ્ર હતું, એનું સુરેખ ચિત્ર પાટણમાં કુમારપાલે બંધાવેલા મંન્દિરના વર્ણનનું 'કુમારવિહારપ્રશસ્તિ' કાવ્ય આચાર્ય હેમચંદ્રના શિષ્ય રામચંદ્રે રચ્યું છે, એમાંથી ખડું થાય છે.

જૂના ગુજરાતી સાહિત્યમાં ગદ્યના જે વિવિધ પ્રકારો મળે છે તેમાં એક વિશિષ્ટ પ્રકાર 'વર્ણક' છે. 'વર્ણક' એટલે કોઈ પણ વિષયના વર્ણનની, પરંપરાથી લગભગ નિશ્ચિત થયેલી એક ધાટી. અક્ષરના રૂપના માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં પદ્યમાં લેવાતી બધી છૂટ ભોગવતા પ્રાસયુક્ત ગદ્ય–'બોલી'માં ઘણુંખરું વર્ણકોની રચના થયેલી હોય છે. પ્રાચીન ભારતીય સાહિત્યપ્રણાલીમાં—સંસ્કૃત, પાલિ તેમ જ પ્રાકૃતમાં—વર્ણકની પરિપાટીનાં મૂળ શોધી શકાય એમ છે. વર્ણકોનો એક સંગ્રહ 'વર્ણકસમુચ્ચય' એ નામથી વડોદરા યુનિવર્સિટીના ગુજરાતી વિભાગની પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલામાં પ્રગટ થયો છે તથા એના સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દ-સૂચિઓનું જુદું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. ત્યાર પછી એ પ્રકારનો બીજો સંગ્રહ 'સભાશૃંગાર' એ નામથી વારાણસીની નાગરી પ્રચારિણી સભા તરફથી છપાયો છે. વસ્ત્રાલંકાર ભોજનાદિ, શસ્ત્રાસ્ત્રો, નગરરચના, સ્થાપત્ય, રાજલોક-પૌરલોક વગેરેના વિગતવાર વર્ણકોને કારણે મધ્યકાલીન ગુજરાત અને રાજસ્થાનના સાંસ્કૃતિક અભ્યાસ માટે આ રચનાઓ ઘણી મહત્ત્વની છે. પ્રેમાનંદકૃત 'મામેરા'માં નાગર સ્ત્રીઓને શ્રીકૃષ્ણે ભેટ આપેલાં વસ્ત્રોનું વર્ણન આવે છે એની પૂર્વપરંપરા આ વર્ણકોમાં દેખાય છે. અમદાવાદમાં કેલિકો મિલના સંગ્રહાલયમાં અને લંડનમાં વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાં જૂનાં ભારતીય વસ્ત્રોના સમૃદ્ધ સંગ્રહો છે. આવા પ્રત્યક્ષ નમૂનાઓ દ્વારા સાહિત્યમાંના ઉલ્લેખોને વધારે સારી રીતે સમજી શકાય છે. વર્ણકોમાં તથા પદ્મનાભ-કૃત 'કાન્હડદેપ્રબંધ' જેવાં લશ્કરી વિષયનાં કાવ્યોમાં જે શસ્ત્રાસ્ત્રોનાં વર્ણન મળે છે એનો પ્રત્યક્ષ ખ્યાલ શિલેખાનાંઓમાં સંઘરાયેલાં શસ્ત્રાસ્ત્રો ઉપરથી આવી શકે. કેટલાંક વર્ષ પહેલાં બી.એ.માં પદ્મનાભકૃત 'કાન્હડદેપ્રબંધ' હું શીખવતો હતો ત્યારે વડોદરાના વ્યાયામવીર સ્વ. પ્રો. માણિકરાવે પોતાની પાસેનાં હથિયારોનું એક પ્રદર્શન જુમ્માદાદા વ્યાયામ શાળામાં ગોઠવેલું હતું તે જોવા વિદ્યાર્થીઓને હું લઈ ગયો હતો અને માણેકરાવજીએ બે કલાક સુધી સાથે ફરીને એ બધું બતાવ્યું હતું. 'કાન્હડદેપ્રબંધ'માંના અનેક નિર્દેશોના અર્થ ત્યારે વિશદ બન્યા હતા. તલવાર, ખાંડુ અને પટો ત્રણે શબ્દો સામાન્ય રીતે એકાર્થક ગણાતા હોવા છતાં હકીકતમાં વિભિન્ન આકૃતિની તલવારોના દ્યોતક છે એ ત્યારે સ્પષ્ટ રીતે જોયું. વડોદરાના પ્રતાપ શસ્ત્રાગારમાં સંઘરાયેલાં હથિયારોની સચિત્ર સૂચિ પ્રો. માણિકરાવે તૈયાર કરેલી છે તે ઇતિહાસના અભ્યાસીઓએ જોવા જેવી છે.

સાહિત્યમાં નિર્દિષ્ટ ઉલ્લેખો ઐતિહાસિક પદ્ધતિના રસપ્રદ પ્રશ્નો કેટલીક વાર ઊભા કરે છે. સં. ૮૦૨ (ઈ. સ. ૭૪૬)માં વનરાજ ચાવડાએ પાટણ વસાવ્યું એ ગુજરાતના ઇતિહાસમાં જાણીતું છે. ચાવડાઓનું રાજ્ય તે પછી બસો વર્ષ સુધી પાટણમાં રહ્યું, પરન્તુ ચાવડાઓ વિષેનો પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ પાટણની સ્થાપના પછી લગભગ ચારસો વર્ષ બાદ કુમારપાલની વડનગર પ્રશસ્તિ (સં. ૧૨૦૮ = ઈ. સ. ૧૧૫૨)માં મળે છે. ચાવડાઓ વિષેના બીજા સાહિત્યિક ઉલ્લેખો આ પછીના છે. સમકાલીન પુરાવો નથી એટલે શું ચાવડાઓની ઐતિહાસિકતા વિષે જ સંદેહ કરીશું ? અનુશ્રુતિમાં તેમ જ સાહિત્યમાં આ રાજવંશ વિષેની જે દૃઢ અને સતત પરંપરા છે એ જોતાં એવો સંદેહ વાજબી નથી.

એક નાનકડો સાહિત્યિક ઉલ્લેખ પણ ઇતિહાસ અને સંસ્કૃતિ ઉપર કેવો પ્રકાશ પાડે છે એની વાત ચાવડાઓના ઇતિહાસના સન્દર્ભમાં અહીં કરીશ. કર્ણાટકના સ્વયંભૂ કવિએ ઈસવી સનના નવમા સૈકામાં રચેલ સમચરિતવિષયક અપભ્રંશ મહાકાવ્ય ‘ પઉમચરિઉ ’માં, જુદાં જુદાં નગરોની પ્રસિદ્ધ વસ્તુઓની વાત કરતાં, ‘ અઇવડ્ડ ’ નગરનો ઉલ્લેખ કર્યો છે અને ટીકાકારોએ એનો અર્થ ‘ અણહિલવાડ પાટણનું નામ ’ એવો આપ્યો છે, ‘ અઇવડ્ડ ’ની વ્યુત્પત્તિ સંસ્કૃત **अतिवृद्ध** ઉપરથી સાધી શકાય, અને તેનો શબ્દાર્થ ‘ અતિશય વૃદ્ધિ પામેલું—વિશાળ ’ એવો થાય. પ્રાચીન સાહિત્યમાં ઉજ્જયિનીનું એક નામ ‘ વિશાલા ’ છે એવું જ આ નામ ગણાય. ચાવડાઓના રાજ્યનો અંત આવ્યો અને ચૌલુક્ય વંશનો પહેલો રાજા મૂલરાજ ઈ. સ. ૯૪૨માં પાટણની ગાદીએ આવ્યો ત્યાર પછી એક મહાનગર તરીકે પાટણનો વિકાસ થયો હતો એવી માન્યતા ઇતિહાસકારોમાં પ્રચલિત છે. પરન્તુ ‘ પઉમચરિઉ ’માં સુવિખ્યાત ‘ અઇવડ્ડ ’ નગર તરીકે પાટણનો ઉલ્લેખ હોય એ બતાવે છે કે ગુજરાતમાં ચૌલુક્ય રાજવંશની સ્થાપના થઈ એ પૂર્વે જ એ નામ પ્રચલિત થયું હતું અને દૂર કર્ણાટક સુધી ( સંભવતઃ ભારતના બીજા ભાગોમાં પણ ) જાણીતું થયું હતું. વળી તે એમ પણ દર્શાવે છે કે ચાવડાઓનું રાજ્ય, સામાન્ય રીતે મનાય છે તેમ, શરૂઆતમાં નાનકડી ઠકરાત જેવું હશે પણ નિદાન ઉત્તરકાલીન ચાવડાઓના સમય પહેલાં એની રાજધાની ‘અતિવિશાળ’ નગરરૂપે વિકસી હતી. અર્થાત્ મૂળરાજને ચાવડાઓ પાસેથી જ એક આબાદ નગર મળ્યું હતું, જેની જાહોજલાલી ચૌલુક્ય યુગમાં ઉત્તરોત્તર વધતી ગઈ.

કથાસાહિત્યમાં અનેક પ્રકારની કલ્પિત કથાઓ, કવિસમયો કે સાહિત્યિક ‘ પ્રયોજનો ’ ( Motifs ) જોવામાં આવે છે; એમાં ઐતિહાસિક તથ્યો હોય જ એમ સામાન્યતઃ મનાતું નથી. કોઈ નગરનો રાજા અપુત્ર મરણ પામે ત્યારે હાથણી જેના ઉપર કળશ ઢોળે તે રાજા થાય એવો પ્રસંગ અનેક કથાઓમાં વર્ણવાય છે, પણ ઇતિહાસમાં એવું કદી બન્યું હોય એમ જણાતું નથી. આમ છતાં અનેક કલ્પિત કથાઓ મહત્ત્વની ઐતિહાસિક વાસ્તવિકતાઓ તરફ અંગુલિનિર્દેશ કરે છે. નવલકથાકારનું ઉપાદાન જૂઠ છે, પણ એ વેપાર તો સત્યનો કરે છે એ આશયનું એક વિધાન કાકાસાહેબ કાલેલકરે કર્યું છે તે પ્રકારાન્તરે અહીં પણ લાગુ પાડી શકાય એમ છે

ઉદાહરણથી મારી વાત સ્પષ્ટ કરું. પૈશાચી પાકૃતમાં ગુણાઢ્ય કવિએ રચેલો પ્રાચીન ભારતનો વિરાટ કથાગ્રન્થ ‘ બૃહત્કથા ’ જે સદીઓ થયાં લુપ્ત થઈ ગયો છે તે ઉપરથી ‘ બૃહત્કથા-શ્લોકસંગ્રહ ’, ‘ બૃહત્કથામંજરી, ’ ‘ કથાસરિત્સાગર ’ આદિ સંક્ષેપો સંસ્કૃતમાં થયેલા છે. એ જ ‘ બૃહત્કથા ’નું એક વિશાળ જૈન ધર્મકથારૂપે મહારાષ્ટ્રીય પ્રાકૃતમાં રૂપાન્તર ઈસવી સનની

પાંચમી સદી આસપાસ 'વસુદેવ-હિંડી' નામથી થયું છે. ગુજરાત, રાજસ્થાન કે માળવામાં કોઈ સ્થળે એની રચના થઇ હશે એવું અનુમાન થાય છે. એ ગ્રન્થનું ગુજરાતી ભાષાન્તર ૧૯૪૫માં હું કરતો હતો ત્યારે એમાંની એક કથા (ગુજરાતી અનુવાદ, પૃ. ૨૭૪-૭૫) તરફ મારું સવિશેષ ધ્યાન ખેંચાયું: પુંડ્ર નામે એક રાજાનો સુષેણ નામે રસોયો હતો. તેણે દીક્ષા લીધા પછી નંદ અને સુનંદ નામના તેના બે પુત્રો પાકશાસ્ત્ર (પ્રા. पोरागम < સં. पौरागम) શીખવા માટે વિદેશ ગયા. પાકશાસ્ત્ર શીખ્યા બાદ 'પાકશાસ્ત્ર ચિકિત્સાશાસ્ત્રને અધીન છે' એમ વિચારીને તેઓ ચિકિત્સાશાસ્ત્ર પણ શીખ્યા. તેઓ પાછા આવ્યા ત્યારે પુંડ્ર રાજાએ એમના પિતાના સ્થાને એમને રસોયા તરીકે નિયુક્ત કર્યા તથા એમના જ્ઞાનને છાજે એવી વૃત્તિ એમને બાંધી આપી.

પાકશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસને લગતો આ નિર્દેશ એ વખતે મને કલ્પિત જેવો લાગ્યો હતો, કેમ કે પાકશાસ્ત્રના અનેક ગ્રન્થો સંસ્કૃતમાં લખાયા હોવા છતાં એક વિદ્યા તરીકે એનો અભ્યાસ થતો હશે એમ માનવા માટે કોઈ સ્પષ્ટ પુરાવો નહોતો. પરંતુ થોડા સમય બાદ દક્ષિણ ભારતના એક પ્રાચીન શિલાલેખમાં (L. Rice: Mysore Inscriptions, P. 197) વાંચવામાં આવ્યું કે સ્થાનગુંડુરુ નામે અગ્રહારમાં વૈદક, ભૂતવિદ્યા, તર્ક, કાવ્ય, શસ્ત્રવિદ્યા અને કર્મકાંડ શિખવનારા આચાર્યો ઉપરાંત પાકશાસ્ત્રના આચાર્યો હતા. પાકશાસ્ત્રનું પણ વ્યવસ્થિત શિક્ષણ આપનારા આચાર્યો હતા એમ સ્પષ્ટ રીતે દર્શાવનારો આ સમકાલીન દસ્તાવેજી પુરાવો થયો. એના પ્રકાશમાં 'વસુદેવ-હિંડી'માંનો કથાપ્રસંગ સૂચક બને છે. 'વસુદેવ-હિંડી'માંની એ કથા ભલે કલ્પિત હોય, પરંતુ પ્રાચીન ભારતમાં પાકશાસ્ત્રનો સમાવેશ ઉચ્ચ અધ્યયનના વિષયોમાં થતો હતો એટલું જ નહિ, તેનો સંબંધ સ્વાભાવિક રીતે જ ચિકિત્સાશાસ્ત્ર સાથે જોડવામાં આવ્યો હતો એ ઐતિહાસિક તથ્ય તો તેમાંથી ફલિત થાય છે. 'પાકશાસ્ત્ર'ના અર્થ-વાચક અનેક પર્યાયો સંસ્કૃત અને પ્રાકૃતમાં છે, પણ 'વસુદેવ-હિંડી'માં એ માટે પ્રયોજાયેલો पोरागम ('નાગરિકનું શાસ્ત્ર') શબ્દ અર્થસંકોચનું સારું ઉદાહરણ હોવા સાથે એ પણ બતાવે છે કે રસોઈની કળાને સાચા અર્થમાં 'આગમ'ની પદવી મળી હતી.

અગાઉ કહ્યું તેમ, સાહિત્યનું ઉપાદાન ભાષા છે અને ભાષાના પ્રયોગો પણ ઇતિહાસનું સાધન છે, આ બીજાં કોઈ સાધનોમાંથી ભાગ્યે મળે એવી વિવિધ અને વિપ્રકીર્ણ સ્વરૂપની માહિતી તે પૂરી પાડે છે. સ્થળનામો એક દૃષ્ટિએ જોતાં વિશેષનામો છે, તો બીજી દૃષ્ટિએ ભાષાના વિશિષ્ટ પ્રયોગો છે. પ્રાચીન તેમ જ અર્વાચીન સ્થળનામો પ્રાથમિક રીતે ભૂગોળનો વિષય ગણાય, પણ વ્યાપક અર્થમાં સ્થળનામોનો અભ્યાસ ભાષા અને વ્યુત્પત્તિ ઉપરાંત ઇતિહાસ અને સમાજશાસ્ત્રની દૃષ્ટિએ પણ ઘણો અગત્યનો છે. પુરાણકાળથી માંડી આજ સુધીનાં સ્થળનામોનો અભ્યાસ પ્રજાઓ અને પ્રજાસમૂહોનાં સ્થળાન્તરો સાથે પણ સંકળાયેલો છે. ગામોનાં અને શેરીઓનાં નામ ઘણી વાર બદલાય છે; પણ પહાડો, ટેકરા, નદીઓ, ઝરણાં, વોંકળા વગેરેનાં નામ બદલાતાં નથી. એ બધાં નામોમાં આર્ય ભાષા અને આર્યો આ પ્રદેશમાં પ્રવેશ્યા ત્યાર પૂર્વેનો અને પછીનો પણ અસ્ખલુસૂલ ઇતિહાસ ઢંકાયેલો પડ્યો છે. આપણી સામાજિક સંસ્થાઓ, રીતરિવાજો, ધર્મસંપ્રદાયો, વ્યક્તિવિશેષો, ટૂંકામાં આપણા સામાજિક ઇતિહાસ અને સંસ્કારિતાના કેટલાયે ઝીણા મર્મો, જે વિષે ઇતિહાસનાં બીજાં ચાલુ સાધનોમાંથી જવલ્લે જાણવા મળે છે તે સ્થળનામોના અભ્યાસમાંથી જણાય છે. પ્રાચીન અને મધ્યકાલીન સ્થળનામોના અધ્યયન માટે આપણી હજારો હસ્તલિખિત પ્રતોની પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ અમૂલ્ય સામગ્રી પૂરી પાડે છે.

સ્થળનામોના અભ્યાસ માટે ઇંગ્લેન્ડ અને સ્કોટલેન્ડમાં ‘ઇંગ્લિશ પ્લેસનેમ સોસાયટી’ અને ‘સ્કૉટિશ પ્લેસનેમ સોસાયટી’ એ સ્વતંત્ર સંસ્થાઓ ચાલે છે. ‘ઇંગ્લિશ પ્લેસનેમ સોસાયટી’ તો લંડન યુનિવર્સિટી કૉલજના અંગ્રેજી વિભાગમાં આવેલી છે. સને ૧૯૫૬માં મારી વિદેશયાત્રા દરમિયાન એનું કામ જોવાનો લાભ મને મળ્યો હતો. ઇંગ્લેન્ડનાં જુદાં જુદાં પરગણાંઓનાં સ્થળનામોની નોંધણી કરાવીને તે વિષે અમુક નિશ્ચિત પદ્ધતિએ માહિતી આપતા સંખ્યાબંધ ગ્રન્થો તેણે પ્રગટ કર્યા છે. ઑકસફર્ડ યુનિવર્સિટી તરફથી ‘ડિક્શનરી ઑફ ઇંગ્લિશ પ્લેસનેમ્સ’ પ્રસિદ્ધ થઈ છે, તે ઉપરથી પણ આ પ્રકારના કામની અગત્યનો સારો ખ્યાલ આવે તેમ છે. યુરોપ અને અમેરિકાનાં કેટલાંય શહેરોમાં સ્થાનિક ઇતિહાસ મંડળો, અન્ય ઉપરાંત, આ પ્રકારનું કામ પણ કરે છે.

આપણા ઇતિહાસની સામગ્રીનું આ એક અંગ પાંખું છે. એની યત્કિંચિત્ પૂર્તિ કરવા માટે, ૧૯૫૭માં વડોદરામાં આપણે ‘ગુજરાત સ્થળનામ સંસદની’ સ્થાપના કરેલી છે. એના ઉપક્રમે અત્યાર સુધી થયેલાં સ્થળનામવિષયક સંશોધનપ્રધાન વ્યાખ્યાનો ‘શ્રીસયાજી સાહિત્યમાલા’માં એક ગ્રન્થરૂપે પ્રગટ થશે. ગુજરાતનાં સ્થળનામોની ગુજરાતી તેમ જ અંગ્રેજી જોડણી સુધરાવવા બાબત સંસદે ગુજરાત સરકાર સાથે પત્રવ્યવહાર કર્યો છે; સરકાર તરફથી અનુકૂળ જવાબ મળ્યો છે અને એ દિશામાં આગળનું કામ સરકારના ભાષાવિભાગ તરફથી ચાલી રહ્યું છે. સ્પષ્ટ છે કે આવાં અધ્યયનો સ્થાનિક અને પ્રાદેશિક ધોરણે જ થઈ શકે. કોઈ એક વિષયની તપાસ ભલે સ્થાનિક મહત્ત્વ ધરાવતી હોય, પણ લાંબા ગાળે એવાં કામોનો સમાહાર રાષ્ટ્રિય અગત્યનો બને છે.

મુસ્લિમ રાજ્યકાળમાં, મોટે ભાગે ફારસીમાં અને કવચિત્ અરબીમાં રચાયેલી તવારીખોને કારણે તથા એ પછીના અર્વાચીન ઇતિહાસ ( Modern History )ના સમયમાં વિપુલ દફતરી સામગ્રીને કારણે રાજકીય ઇતિહાસ સુનિશ્ચિત ભૂમિકા ઉપર છે. પણ તત્કાલીન જીવનના વિવિધ પ્રવાહોની જાણકારી માટે તવારીખો કે દફતરો એ અધૂરાં સાધનો છે, કેમ કે જીવનના એક નાનકડા અંશનું જ એમાં દર્શન થાય છે. વ્યક્તિ અને સમાજના ભૌતિક અને ભાવનાત્મક જીવનના પરિચય માટે તત્કાલીન સાહિત્યનું પરિશીલન અને ઐતિહાસિક દૃષ્ટિએ એનું અર્થદર્શન આવશ્યક છે. મુસ્લિમ કાળના ઇતિહાસ માટે અત્રત્ય ભાષાઓમાંની સામગ્રી સાથે તવારીખોના અભ્યાસનું સંયોજન થવું જોઈએ. અમદાવાદમાં ગુજરાતી સલ્તનતની સ્થાપના થયા પછીના કાળની, કર્ણાટકથી ગુજરાતમાં આવી વસેલા કવિ ગંગાધરની બે સંસ્કૃત રચનાઓ નોંધપાત્ર છે—ચાંપાનેરના રાજા ગંગદાસનો અમદાવાદના સુલતાન મુહમ્મદ બીજા સાથેનો વિગ્રહ વર્ણવતું નાટક ‘ગંગદાસપ્રતાપ વિલાસ’ અને જૂનાગઢના છેલ્લા હિન્દુ રાજા મંડલીકનું ચરિત્ર વર્ણવતું ‘મંડલીક કાવ્ય’. આ બંને સમકાલીન ઐતિહાસિક કૃતિઓનો પરિચય ૧૯મા ગુજરાતી સાહિત્ય સંમેલનના ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ તરીકેના વ્યાખ્યાનમાં મેં આપ્યો હતો. મુહમ્મદ બેગડાની પ્રશસ્તિરૂપે લખાયેલું ઉદયરાજનું સંસ્કૃત ‘રાજવિનોદ મહાકાવ્ય’ ત્યાર પછી રાજસ્થાન પુરાતન ગ્રન્થમાળામાં પ્રગટ થયું છે. એ કાળનું અન્ય સંસ્કૃત તેમ જ ગુજરાતી સાહિત્ય સંસ્કૃતિક સામગ્રીની દૃષ્ટિએ જોવું જોઇએ. લાવણ્યસમયના ‘વિમલપ્રબન્ધ’નો શ્રી. ધીરજલાલ ધનજીભાઈ શાહે કરેલો અભ્યાસ, સત્તરમા શતકના જૈન ગુજરાતી કવિઓનો શ્રી. વાડીલાલ ચોકસીએ કરેલો અભ્યાસ તથા પ્રેમાનંદ-

અને શામળની કૃતિઓનો શ્રી. ઇન્દુપ્રસાદ ભટ્ટે કરેલો અભ્યાસ આ દૃષ્ટિએ નોંધપાત્ર છે. અર્વાચીન ઇતિહાસના અભ્યાસમાં લોકસાહિત્ય પણ બહુ મહત્ત્વનું છે. ફાર્બસ સાહેબના ઉપયોગ માટે કવિ દલપતરામે કરેલો ગીતકથાઓ ( Ballads )નો સંગ્રહ મુંબઈની ફાર્બસ સભાના પુસ્તકાલયમાં છે. રાજસ્થાનના પરાક્રમી પુરુષોની વીરગાથા વર્ણવતી સેંકડો ગીતકથાઓની એક સંગ્રહપોથી ઇન્દ્રગઢના પોથીખાનામાંથી હમણાં મળી છે. ગુજરાતમાં સ્વ. ઝવેરચંદ મેઘાણી વગેરેએ આ દિશામાં કરેલા કીમતી કાર્યનું સાતત્ય નવી જરૂરિયાતો પ્રમાણે ચાલુ રહેવું જોઇએ.

અર્વાચીન ઇતિહાસ તો, સ્પષ્ટ જ છે કે, આપણા આધુનિક જીવન સાથે ગાઢ રીતે જોડાયેલો છે. એના અભ્યાસનો એક સુન્દર પ્રારંભિક પ્રયત્ન સ્વ. હીરાલાલ પારેખકૃત ‘ અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન’માં જણાશે. આપણા યુગના નિકટના પુરોગામી એ કાળનાં અનેક પરિબળો અને સંસ્થાઓ—જ્ઞાતિઓ, મહાજનો, વેપાર અને નાણાંવટ, વહાણવટું, બહારવટું, કાયદો અને તેનો વિનિયોગ, ધાર્મિક જીવન તથા ધાર્મિક અને સામાજિક સુધારણા આદિને સમજવા માટે આપણું તેમ જ પરદેશનું ( અંગ્રેજી, ડચ, પોર્ટુગીઝ આદિ ) અનેક ભાષાઓનું સાહિત્ય તપાસવું જોઈશે; એને પરિણામે સમગ્ર પ્રજાજીવનનું ચિત્ર વિશદ થશે તથા આધુનિક જીવનનાં કેટલાંક પરિબળો સમજવામાં પણ વધારે યથાર્થતા આવશે.

ઇતિહાસ અને ભાષાસાહિત્યના આપણા અધ્યાપકો કે અભ્યાસીઓએ અંગ્રેજી આદિમાં ઊતરેલી અનૂદિત વસ્તુઓથી સંતોષ નહિ માનતાં મૂલ સાધન-સામગ્રી સુધી જવું જોઈએ તથા વિવિધ સંસ્કૃતિઓના આવિષ્કારરૂપ પ્રાચીન-અર્વાચીન અનેક ભાષાસાહિત્યોનું સેવન કરવું જોઇએ. એક શબ્દમાંથી, એક ઉક્તિમાંથી, એક રૂઢિપ્રયોગ કે કહેવતમાંથી સ્થળકાળના યોગ્ય સંદર્ભમાં જોતાં, કેટલીયે વાર કોઈ નવો પ્રકાશ પ્રગટ થાય છે અને અભ્યાસીમાં તે એક નવીન ઉત્સાહ અને ચેતનાનો સંચાર કરે છે. ઇતિહાસ તેમ જ સાહિત્ય બંનેના આરાધકોને વિનયનવિદ્યાની ઉત્તમ તાલિમ તે દ્વારા મળે છે, જે તાત્ત્વિક અર્થમાં તો સત્યશોધનની તાલિમ છે.

એ તાલિમને ગુજરાતમાં વધુ વ્યાપક બનાવવામાં ગુજરાત ઇતિહાસ પરિષદની પ્રવૃત્તિઓ નિમિત્તભૂત થાઓ એવી શુભેચ્છા આપના સર્વની વતી આ પ્રસંગે હું વ્યક્ત કરું છું.

# ખંભાતમાંથી મળેલો કાચગુપ્તનો સુવર્ણસિક્કો*

જી. પ્ર. અમીન

ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ મગધના સામ્રાજ્યની સત્તા ગુજરાત પર પ્રસારી,[૧] ત્યારે ત્યાં ક્ષત્રપોના કાલ દરમ્યાન શતકોથી ચાંદીના સિક્કા પ્રચલિત હતા.[૨] આથી ગુપ્ત સમ્રાટોએ સામ્રાજ્યમાં બીજે સોનાના અને તાંબાના સિક્કા પ્રચલિત હોવા છતાં આ પ્રાંત માટે ચાંદીના સિક્કા પડાવ્યા.[3] ચંદ્રગુપ્ત બીજો, કુમારગુપ્ત પહેલો અને સ્કંદગુપ્તના એવા સિક્કા અહીં મોટી સંખ્યામાં મળે છે.[૪] પરંતુ ગુજરાતમાં ગુપ્ત સમ્રાટોના સોનાના સિક્કા જવલ્લે જ જડે છે. અપવાદ રૂપે ૯ સુવર્ણસિક્કા વિરમગામ તાલુકા ( જિ. અમદાવાદ )ના કુમરખાન ગામેથી ઈ. સ. ૧૯૫૩માં મળેલા. એમાં ૧ સમુદ્રગુપ્તનો ( પરશુ-પ્રકાર ), ૨ કાચગુપ્તના અને ૬ ચંદ્રગુપ્ત બીજાના ( ધનુર્ધારી-પ્રકાર ) છે.

---

* ડિસેમ્બર, ૧૯૬૩માં વિલેપારલે ( મુંબઈ )માં મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદના બાવીસમા અધિવેશનના ઇતિહાસ અને પુરાતત્ત્વ વિભાગમાં વંચાયેલો નિબંધ.

૧. Barnett L. D : 'Antiquities of India' Ch. II; Cronology of Gujarat, p. 47.

ચંદ્રગુપ્ત બીજાએ ઈ. સ. ૪૦૦થી ગુજરાત–માળવા પર આધિપત્ય પ્રાપ્ત કર્યું તે ઉદયગિરિની ગુફાના ગુ. સં. ૮૨ ( ઈ. સ. ૪૦૧ ) અને ગુ. સં. ૯૩ ( ઈ. સ. ૪૧૨ )ના શિલાલેખો પરથી પણ જાણી શકાય છે. ( Fleet, Corpus Inscriptionum Indicarum, III, 25, 31, 6.35 ) ગુજરાત પર ગુપ્તશાસન લગભગ ઈ. સ. ૪૭૦ સુધી રહે છે.

૨. Chronology of Gujarat, p. 98.

૩. ચંદ્રગુપ્ત બીજાના આ ચાંદીના સિક્કાઓમાં ક્ષત્રપ સિક્કાઓનું લગભગ સીધું અનુકરણ જોવા મળે છે. એમાં એણે શક સંવતને બદલે ગુપ્ત સંવતનાં વર્ષ અને પૃષ્ઠભાગે ગરુડની આકૃતિ જેવા થોડા ફેરફાર કર્યા.

૪. ચંદ્રગુપ્ત બીજાએ ( ઈ. સ. ૩૭૫ થી ૪૧૪ ) ઉત્તરાવસ્થામાં ગુજરાત પર વિજય મેળવેલો એટલે એના સિક્કાઓ અલ્પ પ્રમાણમાં મળે છે અને એના પર મળેલ મિતિ ગુ. સં. ૯૦ ( ઈ. સ. ૪૦૯ ) છે. ( ગુપ્તકાલીન મુદ્રાએં, પૃ. ૧૦૪ ) પણ એના પુત્ર–કુમારગુપ્તે ૪૦ વર્ષનું લંબું શાસન ભોગવ્યું હોવાથી એના સિક્કા મોટી સંખ્યામાં મળે છે. સ્કંદગુપ્તના સિક્કા પણ ઠીક ઠીક સંખ્યામાં મળે છે. જેનો થોડો ખ્યાલ નીચે આપેલ સિક્કા–સંગ્રહની સંક્ષિપ્ત યાદી પરથી આવશે :

( ૧ ) કુમારગુપ્તના ૬૫ સિક્કા અમદાવાદમાંથી ઈ. સ. ૧૮૫૬માં મળેલા [ Journal of the Bombay Branch of the Royal Asiatic Society, Bombay, VI ( O.S. ), Proceedings, p. XXXIX–XI ; XLV–VI ].

( ૨ ) સાણંદ ( જિ. અમદાવાદ )માંથી કુમારગુપ્તના ૧૧૦૩ સિક્કાઓ ઈ. સ. ૧૮૫૬માં મળેલા [ JBBRAS, VI (O.S.), LI ; LXXII ].

આવો એક સુવર્ણ સિક્કો ખંભાતની આસપાસમાં પચાસેક વર્ષ પહેલાં મળેલો. ખંભાતના એક ગૃહસ્થને ત્યાં પૂજા માટે વપરાતા જૂના સિક્કાઓમાંનો એ સિક્કો ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીને બતાવતાં તેમણે તેને કાચગુપ્તના સિક્કા તરીકે ઓળખી બતાવ્યો.[૧]

આ ગોળાકાર સિક્કો ૧૨૦.૭ ગ્રેઈન વજન ધરાવે છે. એનો વ્યાસ ૧.૯૦૫ સે.મી. છે. એના અગ્રભાગની મધ્યમાં રાજા વામાભિમુખ ઊભો છે. મસ્તકે પ્રભામંડલ શોભી રહ્યું છે. તેણે કાનમાં કુંડલ, ગળામાં હાર અને હાથમાં બાજુબંધ તથા વલય ધારણ કર્યાં છે. પોષાકમાં તેણે ટોપી, ડગલો અને સુરવાલ પહેર્યાં છે. એનો ડાબો હાથ કોણીથી વાળી ઊંચો કરેલો છે અને એમાં ચક્રધ્વજ ધારણ કરેલો છે. જમણા હાથ વડે એ વેદીમાં આહુતિ આપી રહ્યો છે. એના ડાબા હાથ નીચે ગુપ્ત લિપિમાં क्चा/- એમ ઊભી પંક્તિમાં લખાણ છે. એની જમણી બાજુનું લખાણ ઘડિયાલના આઠ આંકથી શરૂ થઈ અગિયાર આંક આગળ પૂરું થાય છે. જેમાં म रुत्तम जयत અક્ષરો સ્પષ્ટ વંચાય છે. આ લખાણને કાચગુપ્તના બીજા સિક્કાઓ પર મળી આવેલા આખા લેખ સાથે નીચે પ્રમાણે ગોઠવી શકાય "[ गायो गामवजित्य दिवं कर्म [ ]मरुत्तम[ ] [ ] जय [ [ ]त.

એના પૃષ્ઠભાગ પર પ્રભામંડળયુક્ત દેવી સાડી, ચોળી, કર્ણફૂલ, હાર, બાજુબંધ વગેરે આભૂષણો પહેરી ઊભાં છે. એના જમણા હાથમાં ફૂલ છે. ડાબો હાથ કટચવલંબિત છે અને એમાં કોર્નુકોપિયો ધારણ કરેલો છે. ડાબી બાજુએ વચ્ચે સંકેતચિહ્ન અને જમણી બાજુએ વર્તુલાકારમાં 'सवराजोच्छेत्ता'—એવું લખાણ છે.

---

( ૩ ) ભાવનગરમાંથી કુમારગુપ્તના સિક્કાઓનો એક સંગ્રહ ( ચોક્કસ સંખ્યા જ્ઞાત નથી ) ઈ.સ. ૧૯૧૪-૧૫માં મળેલો; જેમાંના ૧૩ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં છે.

( ૪ ) વલભીપુરમાંથી કુમારગુપ્તના સિક્કાઓનો એક સંગ્રહ ( સંખ્યા જ્ઞાત નથી ) ઈ. સ. ૧૯૧૪-૧૫માં મળેલો જેમાંના ૫ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં છે; ( Journal of the Asiatic Society of Great Britain and Ireland, London, 1893, 137 ff ).

( ૫ ) ભુજમાંથી કુમારગુપ્તના સિક્કાઓનો એક સંગ્રહ ( સંખ્યા જ્ઞાત નથી ) ઈ. સ. ૧૯૧૫માં મળેલો જેમાંના ૪૩ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં છે.

( ૬ ) કુમારગુપ્તના લગભગ ૨૦૦૦ જેટલા સિક્કાઓ અમરેલી(સૌરાષ્ટ્ર)માંથી ઈ. સ. ૧૯૩૬-૩૭માં મળી આવેલા ( ARADB, 1936-37, p. 8 ).

( ૭ ) કુમારગુપ્તના લગભગ ૨૦૦ સિક્કા આણંદ( જિ. ખેડા )માંથી ઈ. સ. ૧૯૫૨માં મળી આવેલા ( A. V. Pandya, Annual Report of the Bombay Secretariat Record office and its sub-offices, 1952-53 p. 17 ).

( ૮ ) સ્કંદગુપ્તના ૨૩૬ સિક્કા ( વેદી-પ્રકાર ) આશરે ઈ. સ. ૧૮૫૬માં કચ્છમાંથી મળેલા [ JBBRAS, VI ( O.S. ) LXVIII ].

—Cr. of Guj., p. 128

૧. આ સિક્કાની માહિતી આપવા માટે શ્રી ર. પા. આર્ટ્સ કૉલેજ, ખંભાતના તે સમયના આચાર્ય શ્રી પુષ્કર ચંદરવાકરનો તથા સિક્કાનું વાચન કરી આપવા માટે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનો આભાર માનવાની તક લઉં છું.



અગ્રભાગ

ખંભાતમાંથી મળેલો કાચગુપ્તનો સુવર્ણ-સિક્કો



પૃષ્ઠભાગ

ખંભાતમાંથી મળેલો કાચગુપ્તનો સુવર્ણ-સિક્કો

આ સિક્કો ચક્રધ્વજ પ્રકારનો છે. બયાના (રાજસ્થાન)માંથી ગુપ્તરાજાઓના સિક્કાઓનો સંગ્રહ મળી આવ્યા પહેલાં (૧૭ ફેબ્રુઆરી, ૧૯૬૪), કાચગુપ્તના સિક્કાનો ફક્ત એક જ પ્રકાર જાણીતો હતો. આ સંગ્રહ મળી આવવાથી એનો બીજો ઉપ-પ્રકાર જાણી શકાયો. આ બંને ઉપ-પ્રકારનું વિવરણ ડૉ. અલતેકર નીચે પ્રમાણે આપે છે:[1]

"અગ્રભાગ—સમુદ્રગુપ્તના દંડધારી સિક્કાની માફક રાજા વસ્ત્રમાં પરિધાન થયેલ, ડાબી બાજુએ ઊભેલો, ડાબા હાથમાં ચક્રધ્વજ, જમણા હાથ વડે વેદીમાં આહુતિ આપતો હોય છે. સામે ગરુડધ્વજ, ડાબા હાથ નીચે 'કાચ', વર્તુલાકાર મુદ્રાલેખ એક બાજુથી આરંભ काचो गामवजित्य दिवं कर्मभिरुत्तमैर्जयति।'—'પૃથ્વીને જીતી કાચ પુણ્યકર્મ વડે સ્વર્ગ પ્રાપ્ત કરશે.' છંદ-ઉપગીતિ

પૃષ્ઠભાગ-પ્રભામંડલયુક્ત લક્ષ્મી ઊભેલી, સાડી, ચોળી, ચાદર, કર્ણફૂલ, હાર, બાજુબંધ પહેરેલાં, જમણા હાથમાં ફૂલ (પહેલા ઉપ-પ્રકારમાં), પાશ (બીજા ઉપ-પ્રકારમાં), ડાબા હાથમાં કૉર્નુકોપિયા, ચિહ્ન વર્તમાન (મધ્યમાં અથવા શિર પર), મુદ્રાલેખ 'सर्वराजोच्छेता'।

કાચગુપ્તના સિક્કા અલ્પ સંખ્યામાં મળે છે. એના સાત સિક્કા બ્રિટિશ સંગ્રહાલય, ત્રણ કલકત્તા સંગ્રહાલય, અને ચાર લખનૌ સંગ્રહાલયમાં સુરક્ષિત છે. બયાના સંગ્રહમાથી સોળ સિક્કા મળ્યા છે. બલિયા, જૌનપુર અને ટાંડા (જિ. ફૈજાપુર, ઉ. પ્ર.)થી પણ આ રાજાના થોડા સિક્કા મળ્યા છે. ગુજરાતમાં કુમરખાન (તા. વિરમગામ)માંથી બે સિક્કા મળ્યા છે.

આ સિક્કા પડાવનાર કાચ કોણ હતો, એ ઇતિહાસનો અટપટો પ્રશ્ન છે. કાચ નામના કોઈ રાજાનું નામ ગુપ્તવંશાવળીમાં કોઈ પણ સ્થળે જોવા મળતું નથી. એ લગભગ નક્કી છે કે કાચ રાજાનો સમય ગુપ્ત રાજ્યના પ્રારંભમાં હતો, કારણ કે એના સિક્કા ખાસ કરીને ચંદ્રગુપ્ત પહેલો, સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજાની સાથે મળી આવે છે; જેવી રીતે ટાંડા-સંગ્રહમાં પ્રથમ ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત તથા કાચના સિક્કા મળ્યા છે. બયાનાના ૧૮૨૧ સિક્કાઓમાં એક પણ એવો સિક્કો નથી કે જે ગુપ્ત-નરેશનો ન હોય. એમાં કાચના સોળ સિક્કા પ્રાપ્ત થયા છે. એટલે કાચગુપ્ત ગુપ્ત-રાજા, એ સંભવિત છે, અને મોટા ભાગના વિદ્વાનો આને માન્ય કરે છે. પણ એ ગુપ્ત વંશાવળીમાંનો કોઈ આરંભિક રાજા હતો કે વંશાવળીમાં નહિ જણાવેલો કોઈ જુદો જ રાજા હતો, એ વિષે ઘણા મતમતાન્તરો છે. આરંભમાં પ્રિન્સેસ તથા ટૉમસે એવો મત પ્રગટ કર્યો કે કાચ અને ઘટોત્કચ (પ્રથમ ચંદ્રગુપ્તના પિતા) એક જ વ્યક્તિ છે. પરંતુ આ મત ખોટો ઠર્યો, કારણ ઘટોત્કચ એક સામંત હતો; એટલે એના નામના સિક્કા હોવાની સંભાવના નથી. વિશેષમાં કેટલાયે સિક્કાઓ પર 'કચ'ને બદલે 'કાચ' સ્પષ્ટ રૂપે જોવા મળે છે. તેથી જ ઘટોત્કચનું સંક્ષેપ 'કચ' કર્યાની સંભાવનાને સ્થાન રહેતું જ નથી!

હાલ એના સંબંધમાં બે મુખ્ય મત પ્રચલિત છે. એક મતાનુસાર કાચ તથા સમુદ્રગુપ્તની એકતા નક્કી કરવા પ્રયાસ થયો છે. બીજા મતાનુસાર તેને સમુદ્રગુપ્તનો પુત્ર અથવા ભાઈ માનવામાં આવે છે.

---

૧. ગુપ્તકાલીન મુદ્રાએં, પૃ. ૫૯

પણ જોઈએ તેટલાં પ્રબળ પ્રમાણો બંનેમાંથી એકે મતના પડખે નથી. આનાં પ્રમાણો એટલાં બધાં વિવાદાસ્પદ અને અનિર્ણયકારી છે કે સ્મિથ જેવા વિદ્વાનને પણ ત્રણ વાર મત બદલતો આપણે જોઈએ છીએ.[૧]

સમુદ્રગુપ્ત અને કાચની એકતા બાબતમાં નીચે પ્રમાણેનાં પ્રમાણો મુખ્યત્વે રજૂ થયાં છેઃ—

(૧) કાચના સિક્કાઓનું વજન ૧૧૬ ગ્રેન છે. તે સમુદ્રગુપ્તના સિક્કાના વજનને લગભગ મળતું આવે છે.

(૨) એના અગ્રભાગ પરનો લેખ —' काचो गामवजित्य कर्मभिरुत्तमैर्दिवं जयति '—સમુદ્રગુપ્તના લેખ ( अप्रतिरथो विजित्य क्षितिं सुचरितैर्दिवं जयति )નું પરિવર્તિત રૂપ છે, જે ધનુર્ધારી સિક્કાઓ પર ઉત્કીર્ણ જોવા મળે છે.

(૩) એનો પૃષ્ઠભાગ સમુદ્રગુપ્તના વ્યાઘ્ર-નિહંતા તથા અશ્વમેધ પ્રકારના સિક્કાઓના પૃષ્ઠભાગ સાથે મળતો આવે છે.

(૪) કાચના સિક્કાઓના પૃષ્ઠભાગ પરના લેખમાં બિરુદ ' सर्वराजोच्छेत्ता ' ગુપ્તલેખોમાં ફક્ત સમુદ્રગુપ્ત માટે જ પ્રયોજાયેલું દેખાય છે.

(૫) નામોની વિભિન્નતા વ્યક્તિની એકતામાં આડે આવતી નથી. દ્વિતીય ચંદ્રગુપ્તનું બીજું નામ દેવગુપ્ત પણ હતું. સમુદ્રગુપ્તનું મૂળ નામ કાચ હતું. બંગાળ સુધી રાજ્ય ફેલાવાને કારણે સમુદ્ર સાથે સંપર્ક થવાથી એણે ' સમુદ્રગુપ્ત ' નામ ધારણ કર્યું.

પરંતુ મત સ્થાપિત કરવા માટે ઉપર્યુક્ત પ્રમાણો પૂરતાં નથી. પ્રથમ પ્રમાણ કેવળ એટલું જ બતાવે છે કે કાચગુપ્તને દ્વિતીય ચંદ્રગુપ્તની પાછળ મૂકી શકાય નહિ. બીજું પ્રમાણ પણ વિશેષ પુષ્ટિકારક નથી. મુદ્રાલેખોની સમાનતાના આધાર પરથી સિક્કા પાડનારાઓની એકતા સિદ્ધ નથી થતી. કાચના મુદ્રાલેખને મળતા લેખ—' ग्रामवजित्य सुचरितैः कुमारगुप्तो दिवं जयति ' પ્રથમ કુમારગુપ્તના ખડ્‌ગધારી સિક્કા પર મળે છે. તે काचो गामवजित्य सुचरितैः दिवं जयति 'ને મળતો છે. આ લેખની સમાનતાથી એવું ન કહી શકાય કે પ્રથમ કુમારગુપ્ત, કાચ અથવા સમુદ્રગુપ્ત એક જ વ્યક્તિ છે. ત્રીજા પ્રમાણથી એટલું સાબિત થાય છે કે કાચ સિક્કો વ્યાઘ્રનિહંતા કે અશ્વમેધ સિક્કા પ્રકારના સિક્કા પછી પ્રચલિત થયો હતો. છેલ્લાં બે પ્રમાણો સબળ છે. ' सर्वराजोच्छेत्ता '—પદવી ગુપ્ત રાજકીય લેખોમાં સમુદ્રગુપ્ત માટે વપરાઈ છે, અને તે કાચની મુદ્રાઓ પર પણ મળે છે. એટલે કાચ અને સમુદ્રગુપ્ત એક હોવાની સંભાવના બંધાય. પરિણામે ચંદ્રગુપ્ત બીજાના દેવગુપ્ત નામની માફક સમુદ્રગુપ્તનું બીજું નામ કાચગુપ્ત હોય.

પરંતુ કાચ સમુદ્રગુપ્તથી વિભિન્ન હોવાનાં પ્રમાણો એથી યે મજબૂત છે.

---

૧. પ્રથમ તેમણે કાચ અને સમુદ્રગુપ્તને એક માન્યા. Journal of Royal Asiatic Society, London, 1889, p. 75-76. પછી રેપસન સાથે સહમત થઈ બંનેને વિભિન્ન જાહેર કર્યા. ( જ. રો. એ. સો. ૧૮૯૩, પૃ. ૯૫ ). કેટલાંક વર્ષ પછી એમણે પોતાના પૂર્વ મતને ફરીથી પુષ્ટ કર્યો ( ઇન્ડિયન ઍન્ટીક્વેરી, ૧૯૦૨, પૃ. ૨૫૯ ). ફ્લીટ તથા ઍલને પણ બંનેને એક માન્યા છે ( કૉરપસ ઇન્સ્ક્રીપ્શનમ ઇંડીકેરમ ૩, પૃ. ૨૭; બ્રિટિશ મ્યુઝિયમ કૅટલૉગ, પ્રસ્તાવના પૃ. ૩૨ )

(૧) ગુપ્ત-સમ્રાટોનાં વિભિન્ન બિરુદો—જેવાં કે अप्रतिरथ અથવા सर्वराजोच्छेत्ता એના સિક્કાઓ પર મળે છે, પણ એની સાથે એનું વ્યક્તિગત નામ પણ લખેલું હોય છે. અહીં વ્યક્તિગત નામમાં ' કાચ ' અને ' સમુદ્રગુપ્ત '—એમ જુદાં જુદાં નામ મળે છે એટલે આ બંને વ્યક્તિઓ અલગ અલગ હોવી જોઈએ.

(૨) ચક્રધ્વજ કાચગુપ્ત સિવાય બીજા કોઈ ગુપ્ત રાજાના સિક્કા પર નથી મળતો એટલે કાચગુપ્ત બીજા ગુપ્ત રાજાઓથી ભિન્ન હોવો જોઈએ.

(૩) જો કાચ અને સમુદ્રગુપ્તને એક માનવામાં આવે તો સમુદ્રગુપ્તના કોઈ સિક્કા પર તો ચક્રધ્વજ મળવો જોઈએ પણ ચક્રધ્વજ ફક્ત કાચગુપ્તના સિક્કા પર જ મળે છે.

(૪) જો સમુદ્રગુપ્તનું પ્રિય નામ ' કાચ ' હતું તો ચક્રધ્વજ પ્રકાર સિવાય બીજા સિક્કાઓ પર એ નામ કેમ અંકિત કરવામાં ન આવ્યું, એ સમજાતું નથી.

કાચગુપ્તને સમુદ્રગુપ્તથી પૃથક્ માનવાથી પણ પ્રશ્ન હલ થતો નથી, કારણ સાહિત્ય તથા પ્રશસ્તિ-લેખો અને ગુપ્ત રાજાની વંશાવળીમાં કોઈ સ્થળે કાચગુપ્ત નામ જોવા મળતું નથી.

શ્રી રખાલદાસ બૅનરજીનો મત હતો કે સમુદ્રગુપ્તે પોતાનો ભાઈ દેશની મુક્તિ માટે મરાયો, તેની યાદગીરીમાં આ કાચ સિક્કાઓ પડાવેલા.[૧] એનું નામ કાચ હશે અને પદવી सर्वराजोच्छेत्ता હશે.

પરંતુ એ ધ્યાનમાં લેવું જરૂરી છે કે હિંદુ પરંપરામાં સ્મારક તરીકે સિક્કાઓનું કોઈ સ્થાન નથી. વિશેષમાં એ પણ નક્કી નથી કે કાચ નામધારી વ્યકિત સમુદ્રગુપ્તનો ભાઈ હતી, જે કુષાણ સાથેના યુદ્ધમાં મરાયેલી.

પણ સમુદ્રગુપ્તના એક ભાઈએ રાજ્યારોહણ સમયે વિરોધ કર્યાની વાત જાણીતી છે. તો આ કાચ હશે ? સમુદ્રગુપ્તનો યુવરાજ તરીકે રાજ્યાભિષેક થયો ત્યારે એના પ્રતિસ્પર્ધીઓના ચહેરા પડી ગયા. પ્રયાગ પ્રશસ્તિના પાંચમા પદ્યમાં પ્રારંભિક યુદ્ધનું વર્ણન કર્યું છે, જે કદાચ ઉત્તરાધિકારીનું યુદ્ધ હોય. મંજુશ્રીમૂલકલ્પમાં સમુદ્રગુપ્તના અનુજનો ઉલ્લેખ આવે છે, જેણે ગાદી માટે યુદ્ધ કર્યું હતું પણ ત્યાં એના ભાઈનું નામ ' ભસ્મ ' આપ્યું છે. સાથે સાથે એ પણ ઉલ્લેખનીય છે કે આ ગ્રંથમાં લેખકે કેટલાયે સ્થળે રાજાઓનાં નામોમાં કેવળ આદ્યાક્ષર આપ્યા છે અને કેટલાયે સ્થળે એનાં વૃત્તાંત અસ્પષ્ટ છે. કાચ રાજાનું બીજું પ્રિય નામ 'ભસ્મ' પણ હોઈ શકે. કાચના સિક્કાઓ મોટે ભાગે સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજાને મળતા આવે છે. સમુદ્રગુપ્તે ટૂંક સમયમાં જ એનો બળવો દાબી દીધો તેથી તે એક પ્રકારનો જ સિક્કો પડાવી શકયો. પરંતુ સિક્કાશાસ્ત્રના આધાર પર એ વધુ સંભવિત છે કે કાચ સમુદ્રગુપ્ત પછી રાજ્યગાદીએ આવ્યો હોય. કાચના સિક્કા સમુદ્રના દંડધારી તથા ધનુર્ધારી સિક્કાઓ પછી તૈયાર કર્યા હોય. એમાં જે કલા-કૌશલ્ય તથા ચિહ્નસમૂહ જોવા મળે છે, તે ચંદ્રગુપ્ત પહેલા પછી તરત અસંભવિત છે, આના આધારે કાચ સમુદ્રગુપ્ત પછી તરત જ મૂકવો વધુ ઉચિત લેખાશે, કારણ એના સિક્કાના પૃષ્ઠભાગ પર વ્યાઘ્રનિહંતા તથા અશ્વમેધ પ્રકારોના પૃષ્ઠભાગનું સ્પષ્ટ અનુકરણ છે. તો પછી એ તપાસવું જરૂરી છે કે સમુદ્રગુપ્ત તથા ચંદ્રગુપ્ત બીજાની વચ્ચે કોઈ રાજા ખરેખર હતો ?

---

૧ Age of Imperial Guptas, p. 9-11.

દેવીચંદ્રગુપ્ત નામના નાટકની કથા પરથી માલૂમ પડે છે કે દ્વિતીય ચંદ્રગુપ્તને રામગુપ્ત નામનો મોટો ભાઈ હતો, જેણે સમુદ્રગુપ્તના મૃત્યુ બાદ કેટલાક સમય સુધી રાજ્ય કર્યું.

પરંતુ શિલાલેખ કે સુવર્ણ-સિક્કાઓ પર રામગુપ્તનું નામ મળતું નથી, જ્યારે કાચગુપ્તનું નામ સુવર્ણ સિક્કાઓમાં મળે છે; અને ઉપર જોઈ ગયા એ પ્રમાણે એ સમુદ્રગુપ્તથી ભિન્ન અને ઉત્તરાધિકારી હતો. એને જો રામગુપ્ત માનવામાં આવે તો કેટલાક પ્રશ્નોનું નિરાકરણ થાય છે. આ મત માટે નીચે પ્રમાણેના પુરાવા મળી રહે છે:—

(૧) જેવી રીતે દ્વિતીય ચંદ્રગુપ્તનું બીજું નામ દેવગુપ્ત હતું, તેવી રીતે રામગુપ્ત પણ કાચગુપ્ત હોઈ શકે. એ પણ સંભવિત છે કે ચંદ્રગુપ્તના મોટા ભાઈનું વાસ્તવિક નામ 'કાચ' હતું જે લેખન-અશુદ્ધિથી 'રામ' થઈ ગયું. આ મત ડૉ દે. રા. ભાણ્ડારકરનો છે.[1]

જો સાહિત્યના રામગુપ્તની સિક્કાના કાચગુપ્ત સાથે એકતા ગણવામાં આવે તો કાચગુપ્તના સિક્કાની વિશિષ્ટતા નીચે પ્રમાણે આલેખી શકાય:

(૧) કાચગુપ્ત સમુદ્રગુપ્તનો ઉત્તરાધિકારી હોવાને કારણે એના સિક્કા સમુદ્રગુપ્તના વ્યાઘ્રનિહંતા તથા અશ્વમેધવાળી મુદ્રાનું અનુકરણ કરે છે.

(૨) આ દશામાં કાચે પ્રારંભમાં પિતાની મુદ્રા પરના લેખને થોડા પરિવર્તન સાથે ચાલુ રાખવાનો નિર્ણય લીધો હોય એ સ્વાભાવિક છે.

(૩) સમુદ્રગુપ્તે પોતાના અભિલેખોની જેમ સિક્કાઓના પૃષ્ઠભાગ પર 'सर्वराजोच्छेता'ની પદવી રાખી નથી. કાચગુપ્તે અધિક રાજાઓને જીતવાના આશયથી આ પદવી ધારણ કરી હશે જેથી પિતાથી પણ વધુ ખ્યાતિવાળો તે બને.

(૪) કાચગુપ્તે અથવા રામગુપ્તે થોડા સમય માટે જ શાસન કર્યું એટલે એના એક જ પ્રકારના સિક્કા અને તે અલ્પ સંખ્યામાં મળે છે.

(૫) આના સિક્કાની ધાતુ અને તોલ એવો નિર્દેશ કરે છે કે આ સિક્કા ચંદ્રગુપ્ત બીજાના ૧૨૫ ગ્રેઈનવાળા સિક્કાની પહેલાં તૈયાર કરેલા હોવા જોઈએ. કાચગુપ્ત અથવા રામગુપ્તની એકતા સ્વીકારવામાં આવે તો આ પ્રશ્ન હલ થાય છે.

(૬) ટાંડા-નિધિમાંથી[2] મળેલા સિક્કાઓમાં બે સિક્કા ચંદ્રગુપ્ત પહેલાના અને બાકીના સમુદ્રગુપ્ત તથા કાચગુપ્તના છે. એટલે કાચગુપ્તના સિક્કા ચંદ્રગુપ્ત બીજાના સમય પહેલાં પડાયેલા હોવા જોઈએ.

(૭) વૈષ્ણવ ધર્મના અનુયાયીઓમાં 'રામગુપ્ત' નામ સામાન્ય છે. ગુપ્તસમ્રાટોનો કુળધર્મ ભાગવત હતો અને કાચગુપ્તના સિક્કાઓ પર પણ ગરુડધ્વજ અને ચક્રધ્વજ મળે છે. એટલે આ બંને રાજાને એક માનવામાં ધાર્મિક દૃષ્ટિએ વાંધો આવતો નથી.

---

૧. માલવીયા કૉમેમોરેશન વૉલ્યુમ, પૃ. ૧૮૯.

૨. Journal of Royal Asiatic Society, Bengal, 1884, p. 152; Indian Antiquary, 1902, p. 259.

૮ ગુપ્ત વંશાવાળીમાં કાચ અથવા રામગુપ્તના નામોલ્લેખનો અભાવ છે; એમાં આશ્ચર્ય પામવા જેવું નથી, કારણ રામગુપ્ત પોતે કુલ-લાંછન હતો અને એનો પુત્ર વારસદાર બનેલો નહિ એટલે એનું નામ જાણી જોઈ દૂર કર્યું હોય, એ બનવાજોગ છે.

આ રીતે જોતાં કાચગુપ્ત અને રામગુપ્તની એકતા માટે પૂરતાં કારણો મળી રહે છે. પરંતુ રામગુપ્તના તાંબાનાં સિક્કા મળી આવ્યા છે,[૧] જેને કારણે આ મત સ્વીકારવામાં પણ મુશ્કેલી રહે છે. આ સિક્કા માળવામાંથી મળ્યા છે.[૨] અને એના પર 'રામ' એટલું સ્પષ્ટ વંચાય છે; એના પછી ગુપ્ત લખ્યું હોવાનો સંભવ છે. હવે આ રામગુપ્તને ગુપ્તવંશીય રાજા માનવામાં આવે તો દેવીચંદ્રગુપ્તમાં કહેલ ચંદ્રગુપ્તના મોટા ભાઈ રામગુપ્તની ઐતિહાસિકતા સિદ્ધ થાય છે. તો પછી રામગુપ્તની કાચગુપ્ત સાથેની એકતા માનવામાં મુશ્કેલી આવે છે, કારણ સામાન્ય સંજોગોમાં એ માની શકાય એમ નથી કે એક રાજા સોનાના સિક્કાઓમાં કાચ નામ લખાવે અને તાંબાના સિક્કાઓમાં રામ નામ લખાવે. હા, એનાં સાચે જ બે નામ હોય તો આ છેક અસંભવિત નથી, પણ હજી સુધી સિક્કાઓ પર એક રાજાનાં બે વ્યક્તિગત નામ અંકિત થયેલાં જોવા મળ્યાં નથી. વિશેષમાં ચંદ્રગુપ્ત બીજાના કોઈ પણ પૂર્વાધિકારીના તાંબાના સિક્કા ખાત્રીપૂર્વક મળ્યા નથી, જ્યારે રામગુપ્તના ફક્ત તાંબાના સિક્કા મળી આવ્યા છે. બીજું ચંદ્રગુપ્ત બીજાએ માળવા જીત્યું હતું. આ ઉપરાંત આ સિક્કાઓમાં ફક્ત રામ વંચાય છે. એ પરથી એ રામગુપ્ત એમ માનવું વધુ પડતું છે. એના ઉત્તરાર્ધમાં ગમે તે નામ હોઈ શકે. આ બધાં કારણો પરથી રામ અથવા રામગુપ્ત માળવાનો કોઈ સ્થાનિક રાજા હોવાનો વધુ સંભવ છે. એટલે કાચગુપ્ત અને રામગુપ્ત બંનેને અલગ ગણવા કે એક માનવા એ વિષે કોઈ ચોક્કસ વિધાન કરી શકાતું નથી. પરિણામે આટલા વર્ણન પછી પણ કાચગુપ્તનું સ્થાન અનિશ્ચિત રહે છે. એને માટે તો ભવિષ્યમાં બીજા વધુ પુરાવાઓ મળે એની રાહ જોવી જ રહી.

ખંભાત ગુજરાતના એક પ્રાચીન બંદર તરીકે પ્રસિદ્ધ છે. પરંતુ એની પ્રાચીનતા સોલંકી કાળ પહેલાં ભાગ્યે જ ચીંધી શકાય છે. મૈત્રકકાળ દરમિયાન આ પ્રદેશનું વડું મથક 'નગરક' હતું, જે હાલ નગરા તરીકે ઓળખાય છે, અને ખંભાતની ઉત્તરે ત્રણ માઈલના અંતરે આવેલું છે. નગરા (૨૦° ૨૧′ ઉ., ૭૦° ૩૮′ પૂ.) પુરાણોમાં જણાવેલું મહીસાગરસંગમ પર આવેલું મહીનગર હોવાનું જણાય છે. આ પરથી એવું ફલિત થાય છે કે એ પ્રાચીન કાળમાં અખાતનાં પાણી ઘણું કરીને 'નગરક' (નગરા) સુધી વહેતાં હશે; સમય જતાં નદીઓના કાંપને લઈને સમુદ્રકિનારો દક્ષિણ તરફ પાછો હટતો ગયો અને ત્યારે નગરાની દક્ષિણે ખંભાત વસ્યું હશે.

નગરા ગામ આખું ટીંબાઓ પર વસેલું છે. એમાં મકાનના પાયા ખોદતી વખતે તથા ખેતર ખેડતી વખતે ઠેકઠેકાણે જૂના ખંડેરોના અવશેષ મળ્યા કરે છે. તેમ જ એની આસપાસના ટેકરાઓના પેટાળમાંથી જૂના સિક્કાઓ, ઠીકરાંઓ, વગેરે મળ્યા કરે છે. ચાર-પાંચ વર્ષ પહેલાં કૂતરીની ખોડમાંથી સોનાના પાંચ સિક્કા મળી આવ્યા હતા પણ તપાસ કરતાં જાણવા મળ્યું કે તે ખંભાતમાં સોનાના ભાવે વેચાઈ ગયેલા. કાચગુપ્તનો આ સિક્કો કયા ચોક્કસ સ્થળેથી મળેલો

૧. જ. ન્યૂ. સો. ઈ., ૧૨, પૃ. ૧૦૩–૪; ૧૩, પૃ. ૧૨૭.

૨. એજન.

એની પૂરી માહિતી હાલ ઉપલબ્ધ નથી; પરંતુ એ સિક્કો ખંભાતની આસપાસથી જ પચાસેક વર્ષ પહેલાં મળેલો એવું જણાવવામાં આવે છે. એ પરથી આ સિક્કો નગરાના ખંડેરમાંથી મળ્યો હોવાનો પૂરો સંભવ છે.

ગુજરાત પર ગુપ્ત સમ્રાટોનું શાસન ચંદ્રગુપ્ત બીજાના સમયથી શરૂ થયું હતું અને કાચગુપ્ત એ ચંદ્રગુપ્ત બીજાનો પુરોગામી છે. આથી કાચગુપ્તના આ એક છુટક સિક્કાની પ્રાપ્તિ પરથી આ પ્રદેશમાં કાચગુપ્તનું શાસન હોવાનું અનુમાન તારવવું અસ્થાને છે. અગાઉ જણાવ્યું તેમ આરંભિક ઐતિહાસિક કાળ દરમિયાન સમુદ્રતટ નગરક પાસે આવેલો હતો અને આથી ગુપ્તકાળ દરમિયાન કાચગુપ્તનો સિક્કો અહીં વાણિજ્યિક રીતે આવેલો હોવા સંભવ છે.

આમ ખંભાતની આસપાસથી મળેલો આ સિક્કો ગુજરાતમાં અલ્પ સંખ્યામાં મળેલા સુવર્ણ સિક્કાઓમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે, તેમ જ પ્રાચીન નગરકના સંભવિત પુરાવશેષોમાં પણ નોંધપાત્ર છે.

# ગુજરાતમાં બૌદ્ધધર્મ

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

હાલનાં ગુજરાત રાજ્યની સીમાઓમાં બૌદ્ધધર્મના પ્રાચીન ઇતિહાસની ઝાંખી કરવાનો પ્રસ્તુત પ્રયાસ છે, પણ સાંસ્કૃતિક અને રાજકીય રીતે રાજસ્થાન—ખાસ કરીને પશ્ચિમી રાજસ્થાન અને માલવાના કેટલાક ભાગો સાથે ગુજરાત વખતો વખત જોડાયેલું રહેલું છે. સોલંકી યુગમાં ગુજરાતની રાજકીય સીમાઓ આ પ્રદેશોમાં હતી. દક્ષિણમાં, કર્ણાટના પશ્ચિમી ચાલુક્યો અને તે પછી રાષ્ટ્રકૂટો, દેવગિરિના યાદવો વગેરે સાથે વખતોવખત રાજકીય અને સાંસ્કૃતિક ઘનિષ્ઠતા વધવાથી તે પ્રદેશો સાથે પણ કેટલોક સાંસ્કૃતિક વિનિમય થયો હતો એટલે, અને પ્રાચીન કાળમાં અપરાન્ત, લાટ, સુરાષ્ટ્ર, આનર્ત આદિ નામથી ઓળખાતા પ્રદેશોની સીમાઓ વખતો વખત બદલાતી રહેતી હોવાથી, તેમ જ એ નામોથી ઓળખાતા પ્રદેશોનાં થોડા અથવા બધા ભાગો ગુજરાત નામથી ઓળખાવવા માંડ્યા હોવાથી, ગુજરાતમાં બૌદ્ધધર્મની વાત આપણે કરીએ ત્યારે આપણે એવા સમયની વાત પણ કરીશું જ્યારે વાસ્તવિક રીતે ગુજરાત નામનો ઉદ્ભવ પણ આ પ્રદેશ માટે થયો ન હતો અને જ્યારે સાહિત્યમાં આ પ્રદેશોનો અપરાન્ત, લાટ, સુરાષ્ટ્ર, સોવીર (અથવા સૌવીર) આદિ નામથી ઉલ્લેખ મળતો હોય.

## મૌર્ય યુગ અને પ્રાચીન બૌદ્ધ સાહિત્યમાં મળતા ઉલ્લેખો

ભારતના પશ્ચિમ કિનારાનો પ્રદેશ—The Western sea-board of India—એક સમયે અપરાન્ત (અપર+અન્ત) નામથી વ્યાજબી રીતે ઓળખાતો. પ્રાચીન બૌદ્ધ સાહિત્યમાં આ ઉપરાંત કાઠિયાવાડનો પ્રદેશ 'સુરટ્ઠ' નામથી પણ ઉલ્લેખાયેલો છે. સરભંગજાતક (જાતક નં. ૫૨૨) અને ઇન્દ્રિય-જાતક (જાતક નં. ૪૨૩) અનુસાર સતોદિકા નામની નદી સુરટ્ઠ જાનપદની સીમા પરથી વહેતી હતી અને તેને કાંઠે સલિસ્સર (અથવા મેદિસ્સર)નો આશ્રમ હતો.[૧] આ ઉપરાંત મિલિન્દ-પન્હ,[૨] પેત-વત્થુ,[૩] નિદ્દેસ[૪] આદિ ગ્રન્થોમાં સુરટ્ઠનો એક જાન-પદ-દેશ તરીકે ઉલ્લેખ મળે છે. પેત-વત્થુ-ટીકા મુજબ બુદ્ધના નિર્વાણ પછી એકસો વર્ષે પિંગલક નામનો સુરટ્ઠનો રાજા હતો.[૫]

સુરટ્ઠા અથવા સુરાષ્ટ્રના બૌદ્ધ ઉલ્લેખો સૂચવે છે કે એ ગ્રન્થોના સમયમાં બૌદ્ધોને આ પ્રદેશ

---

૧. ફોસબોલ (Foüsboll) સંપાદિત જાતક, વૉ. ૩, પૃ. ૪૬૩ અને વૉ. ૫, પૃ. ૧૫૩.

૨. સૅક્રેડ બુક્સ ઑફ ધ ઈસ્ટ સિરિઝ઼, વૉ. ૩૬, પૃ. ૨૧૧, ૩૩૧, ૩૩૯; બી. સી. લૉ, હિસ્ટરી ઑફ પાલિ લિટરેચર, વૉ. ૧, પૃ. ૩૬૯.

૩. પેત-વત્થુ, ૪, પૃ. ૫૭.

૪. નિદ્દેસ, ૧, પૃ. ૧૫૪-૧૫૫; લૉ, હિસ્ટરી ઑફ પાલિ લિટરેચર, પૃ. ૬૬૨.

૫. ઈ.હાર્ડિ સંપાદિત, પેતવત્થુ કૉમેન્ટરીઝ઼, પૃ. ૨૪૪.

જાણીતો હતો. જૈન સાહિત્યમાં પણ આ પ્રદેશના ઉલ્લેખો મળે છે. એમાંનો એક ખાસ નોંધપાત્ર છે, કેમ કે તેમાં બૌદ્ધોનો પણ ઉલ્લેખ આવે છે. વસુદેવ-હિંડી (ઈ. સ.ના ચોથા-પાંચમા સૈકા)માં ગંધર્વદત્તાલંભકમાંના કથાનક મુજબ, "સુરાષ્ટ્રનો એક શ્રાવક ઉજ્જયિની જતો હતો. દુષ્કાળનો સમય હતો. એને બૌદ્ધ સાધુઓનો સંગાથ થયો. માર્ગમાં ચાલતાં એનું ભાથું ખૂટી ગયું. બૌદ્ધોએ કહ્યું કે અમારો ધર્મ સ્વીકારે તો તને ખાવાનું આપીએ. પછી શ્રાવકને પેટમાં દર્દ થયું; બૌદ્ધોએ અનુકંપાથી તેના ઉપર ચીવર ઓરાઢયું, પણ તે તો નમસ્કારમંત્રનો જાપ કરતો કાલધર્મ પામ્યો......સુરાષ્ટ્ર અને ઉજ્જયિની વચ્ચેનો વ્યવહાર, સુરાષ્ટ્ર તથા આસપાસના પ્રદેશોમાં બૌદ્ધોની વસ્તી વગેરે બાબતો ઉપર આ કથાનક કેટલોક પ્રકાશ પાડે છે."[1]

ધૌલીના અશોક-શિલાલેખનું સુલાઠિક કે સુરાષ્ટ્રિક તે સુરાષ્ટ્ર લેખાય છે. ગિરનાર પાસેના અશોકના શિલાલેખો પણ સૂચવે છે કે ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં **મૌર્ય ચક્રવર્તી અશોકના સમયમાં આ પ્રદેશમાં બૌદ્ધધર્મનો પ્રચાર શરૂ થઈ ગયો હશે.**

**પ્રાચીન બૌદ્ધ ગ્રન્થોમાં** ભરુકચ્છ (ભરુચ)ના ઉલ્લેખો નોંધપાત્ર છે. વિનયપિટક મુજબ ભરુકચ્છનો એક ભિક્ખુ સ્વપ્નમાં પોતાની જાતને એક સ્ત્રી સાથે શયન કરતો જુએ છે અને આથી પોતાને પાતક લાગ્યું એમ માને છે, પણ આચાર્ય ઉપલિ પોતાનો નિર્ણય આપે છે કે એ ભિક્ખુ નિર્દોષ છે.[2] પાછળના સાહિત્યમાં આ કથા "ભરુકચ્છ-વત્થુ" તરીકે નિર્દેશાયેલી છે.[3]

ભરુ-જાતક (જાતક નં. ૨૧૩)માં કહેવામાં આવ્યું છે કે વ્યાપારીઓના કાફલા સાથે, બોધિસત્ત્વ એક વખત ભરુ-પ્રદેશમાં, લવણ અને મદ્ય ખરીદવા ગયા હતા.[4] સુપ્પારક-જાતક (જાતક નં. ૪૬૩) અનુસાર બોધિસત્ત્વે એક જન્મે ભરુ-કચ્છના શ્રેષ્ઠ નાવિક તરીકે જન્મ લીધો હતો.[5] સુસ્સોન્દિ-જાતક (જાતક નં. ૩૬૦)માં સુવર્ણભૂમિ( દક્ષિણ-પૂર્વ એશિયા—south-east Asiaના મલાયા, જાવા, સુમાત્રા આદિ પ્રદેશો) અને ભરુ-કચ્છ વચ્ચે રીતસરના ચાલુ વ્યાપારનો ઉલ્લેખ છે.[6] સુવર્ણભૂમિ, સોપારક અને ભરુકચ્છ વચ્ચેની વ્યાપાર-પ્રવૃત્તિઓના ઉલ્લેખ અપાદાન, મહા-નિદ્દેસ, મનોરથ પૂરણી[7] આદિમાં મળે છે. ઉપરના ગ્રન્થો પછીના બૌદ્ધ સાહિત્યમાં ભરુ-કચ્છનો બંદર તરીકે અને વ્યાપારી કેન્દ્ર તરીકે ઉલ્લેખ મળતો રહે છે.

સીલોનીઝ ક્રોનિકલ્સ તરીકે ઓળખાતા, સીલોન-લંકાના પ્રાચીન બૌદ્ધ પાલિ સાહિત્યમાં

---

૧. ભોગીલાલ સાંડેસરા, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત, પૃ. ૨૦૫.

૨. ઓલ્ડેનબર્ગ, વિનય-પિટક, ૩, પૃ. ૩૯; દે કૃત, જ્યોગ્રોફિકલ ડિક્શનેરી ઑફ મીડીવલ ઈન્ડીઆ, પૃ. ૩૨.

૩. બુદ્ધઘોષ, સમન્ત-પાસાદિક, ૧, પૃ. ૨૮૩.

૪. ફૉસબોલ, જાતક, વૉ. ૨, પૃ. ૧૬૯ આદિ.

૫. ફૉસબોલ, જાતક, વૉ. ૪, પૃ. ૧૩૭–૧૩૯.

૬. એજન, વૉ. ૩, પૃ. ૧૮૮ આદિ. સુસ્સોન્દિ–જાતક મુજબ એક વ્યાપારી ધોરીમાર્ગ વારાણસીથી શરૂ થઈ રાજસ્થાન થઈ ભરુ–કચ્છ સુધી પહોંચતો હતો.

૭. અપાદાન, ૨. પૃ. ૪૭૬; નિદ્દેસ, ૧, પૃ. ૧૫૫; મનોરથ પૂરણી, ૧, પૃ. ૧૫૬.

પણ, "વિજય"એ ભરુ-કચ્છમાં આવી ત્યાં ત્રણ માસ નિવાસ કરવાના ઉલ્લેખ મળે છે.[૧] આ સાહિત્યમાં આપણને "લાલ-રટ્ઠ" ઉલ્લેખ મળે છે જે લાટ માટે વપરાયો હશે એમ મનાય છે. દીપવંશ અનુસાર આ લાલરટ્ઠની રાજધાની સીહપુર હતી.[૨] સીહપુર એ સૌરાષ્ટ્રમાંનું શિહોર હોય એમ મનાય છે.

ભરુચ—ભરુ-કચ્છ આસપાસના સમુદ્રકિનારાનો પ્રદેશ પણ ભરુકચ્છ નામથી ઓળખાતો એવું અનુમાન, બોધિસત્ત્વાવદાનમાં જ્યાં સુપ્પારકજાતકવાળી કથા આપવામાં આવી છે તેમાંના ઉલ્લેખો પરથી, થાય છે.[૩] પણ ખાસ કરીને દિવ્યાવદાનમાંનો, ભરુ-કચ્છ શહેરની "ભિરુ" નામક મંત્રીએ કરેલી સ્થાપનાનો ઉલ્લેખ ખાસ નોંધપાત્ર છે.[૪] દિવ્યાવદાનના રુદ્રાયણાવદાનમાં આ હકીકત વિસ્તારથી આપી છે તે મુજબ રોરુકના રાજા રુદ્રાયણના બે મંત્રીઓ હિરુ અને ભિરુ, રુદ્રાયણના પુત્ર શિખંડીએ રુદ્રાયણનું ખૂન કરાવી જુલ્મ કરવાથી, રોરુકમાંથી હોડી (નાવ) મારફત નાસી છૂટ્યા અને બીજા દેશમાં આવી હિરુકચ્છ અને ભિરુકચ્છ એ બે નગરો વસાવ્યા. આ રોરુક એ સિન્ધુ-સૌવીર અથવા સૌવીરમાં આવેલું નગર હતું. સૌવીરનો ઉલ્લેખ સિંધુ સાથે થતો હોવાથી, સૌવીર એ સિન્ધનો દક્ષિણ ભાગ અને રાજસ્થાન મારવાડનો દક્ષિણ પશ્ચિમ ભાગનો બનેલો હોય. આ પ્રદેશમાંથી દરિયાઈ રસ્તે ભરુચ કિનારે આવી ભિરુએ ભિરુકચ્છ વસાવ્યું. જૈન તેમ જ બૌદ્ધ સાહિત્યમાં આપણને ભરુકચ્છ નામ મળે છે અને આ ગ્રન્થો ઠીક ઠીક પ્રાચીન છે. સંભવ છે કે ભરુકચ્છ પરથી સંસ્કૃતમાં ભૃગુકચ્છ નામ ઉપજાવી કાઢવામાં આવ્યું હોય અને નહિ કે ભૃગુકચ્છ પરથી પ્રાકૃત ભરુકચ્છ થયું હોય.[૫] બૌદ્ધગ્રન્થ સારત્થ-પકાસિનીમાં ભરુચનો ઉલ્લેખ **ભરુ-રટ્ઠમાં આવેલા ભરુ-નગર** તરીકે છે, જ્યારે અપદાન અને મનોરથ-પૂરણી એને "સુનાપરન્ત" દેશમાં હોવાનું નોંધે છે.[૬] મિલિન્દ-પન્હમાં પણ ભરુ-કચ્છના લોકોનો ઉલ્લેખ છે.[૭]

આ પછીના બૌદ્ધ સાહિત્યમાં ભરુ-કચ્છના ઉલ્લેખો મળે છે. તેમાં એ કેટલીક પ્રખ્યાત

---

૧. મહાવંસ, ૧૩, દીપવંસ, ૯.

૨. ગાઈગર સંપાદિત, મહાવંશ, પૃ. ૬૦, દીપવંસ, પૃ. ૫૪.

૩. બી. સી. લો, જ્યૅાગ્રૅાફિકલ ડેટા ફ્રૉમ સંસ્કૃત–બુદ્ધિસ્ટ લિટરેચર, ઍનાલ્સ ઑફ ધ ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ, વૉ. ૧૫, પૃ. ૮૫; મિત્ર, સંસ્કૃત બુદ્ધિસ્ટ લિટરેચર ઑફ નેપાલ, પૃ, ૫૧; આર્યસૂર કૃત જાતકમાલા (કર્નસંપાદિત), પૃ. ૯૪,

૪. દિવ્યાવદાન (કૉવેલ અને નીલ સંપાદિત), પ્ર. ૨૭, પૃ. ૫૪૪–૫૮૬.

૫. રોરુકના રુદ્રાયણની બૌદ્ધ કથાની સાથે સરખાવવા જેવી, સૌવીરની રાજધાની વીતભય પત્તનના રાજા ઉદ્દાયણ અથવા ઉદ્રાયણની જૈન કથા જૈન ચૂર્ણિઓ, ટીકાઓ વગેરેમાં છે. આ માટે જૂઓ ઉમાકાન્ત શાહ, સાઇડલાઈટ્સ ઑન ધ લાઈફ-ટાઈમ સેન્ડલવુડ ઈમેજ ઑફ મહાવીર, જર્નલ ઑફ ધ ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, વૉ. ૧, પૃ. ૩૫૮-૩૬૮. ભરુકચ્છ અથવા ભારુકચ્છ નામ માટે જૂઓ, ઉમાશંકર જોષી, પુરાણોમાં ગુજરાત, પૃ. ૧૫૦-૧૫૩.

૬. સારત્થ-પકાસિની, ૩, પૃ. ૨૮૪-૮૫; અપાદાન, ૨, પૃ. ૪૭૬; મનોરથ-પૂરણી, ૧, પૃ. ૧૫૬.

૭. મિલિન્દ-પન્હ, (એસ.બી.ઈ. સિરિઝ઼), પૃ. ૨૧૧.

બૌદ્ધ વ્યક્તિઓની જન્મભૂમિ તરીકે જાણીતું છે. **વદ્ધમાતા નામના એક બૌદ્ધ થેરી ભરુચના ગહપતિ (ગૃહપતિ)ના ઘરમાં જન્મ્યાં હતાં.**[1] **થેર (સ્થવિર) મલિતવમ્બ પણ ભરુકચ્છમાં જન્મ્યા હતા.**[2]

ભરુકચ્છ અથવા ભરુચમાં બૌદ્ધ ધર્મના પ્રચાર અંગે કેટલીક પ્રાચીન, રસિક અને ઉપયોગી માહિતી આપણને જૈન સાહિત્યમાંથી મળે છે. આવશ્યક સૂત્રની ચૂર્ણિ અને વૃત્તિમાં ખપુટાચાર્ય નામક પ્રાચીન વિદ્યાસિદ્ધ આચાર્યની વાત આવે છે.[3] બૃહત્કલ્પભાષ્ય, ગા. ૫૫૯૩ તેમ જ તે ઉપરની બૃહત્કલ્પટીકામાં (ભાગ, ૫, પૃ. ૧૪૮૦ ઉપર) વિદ્યાબલી તરીકે ખપુટાચાર્યનો ઉલ્લેખ છે, એટલે અને બીજા કેટલાંક કારણોને લીધે આપણે આર્ય ખપુટનો સમય ઈ. સ. ચોથા સૈકા પહેલાં અને ઈ. સ. બીજા સૈકા આસપાસનો તો ધારી શકીએ. પ્રભાવકચરિતમાં પાદલિપ્તસૂરિ-ચરિતમાં ખપુટાચાર્યને ભૃગુકચ્છના રાજા બલમિત્ર-ભાનુમિત્ર તથા કાલકાચાર્યના સમકાલીન કહ્યા છે તે હકીકત જો ઐતિહાસિક વસ્તુસૂચક ગણાય તો ખપુટાચાર્યનો સમય વીર નિર્વાણ પછી ચોથા સૈકામાં અથવા તો ઈ. સ. પૂર્વે પહેલા–બીજા સૈકામાં મૂકી શકાય.[4] આ વસ્તુ વધુ સંભવિત લાગે છે.

ખપુટાચાર્યનો વૃતાન્ત આ પ્રમાણે છે:[5] તેમનો એક ભાણેજ તેમનો શિષ્ય હતો. તે સાંભળવા માત્રથી વિદ્યાઓ શીખી જતો હતો. હવે, ગુડશસ્ત્ર નામના નગરમાં એક બૌદ્ધ આચાર્ય જૈન સાધુઓ વડે વાદમાં પરજિત થયા પછી, કાળ કરીને વ્યન્તર થઈ, સાધુઓને ઉપદ્રવ કરતો હતો. આથી ખપુટાચાર્ય પોતાના ભાણેજ-શિષ્યને ભરુકચ્છમાં બીજા સાધુઓ પાસે રાખી ગુડશસ્ત્ર નગરમાં ગયા જ્યાં પોતાની વિદ્યાના બલ વડે યક્ષ અને બીજા વ્યન્તરોને પોતાની પાછળ ચલાવ્યા. બીજી બાજુ, આચાર્યને ખબર પડી કે તેમનો શિષ્ય-ભાણેજ વિદ્યાપ્રભાવથી શ્રાવકોને ઘેરથી સ્વાદિષ્ટ ખોરાક આકાશમાર્ગે ઊડતાં પાત્રોમાં મંગાવીને ખાય છે તથા બૌદ્ધોમાં ભળી ગયો છે. ભરુકચ્છના સંઘ તરફથી પણ આચાર્યને સંદેશો આવ્યો. આચાર્ય ભરુકચ્છ ગયા. પેલાં ઊડતાં પાત્રો આગળ તેમણે એક શિલા ગોઠવી એટલે બધાં પાત્રોનો તેની સાથે અથડાઈને ભૂકો થઈ ગયો, અને શિષ્ય ડરીને નાસી ગયો. પછી આચાર્ય બૌદ્ધો પાસે ગયા. બૌદ્ધોએ તેમને કહ્યું કે 'ભગવાન બુદ્ધને પગે પડો.' ત્યારે આચાર્ય બોલ્યા, "આવ વત્સ, શુદ્ધોદન સુત! મને વંદન કર." એટલે **બુદ્ધ મૂર્તિ** એમને પગે પડી. **ત્યાં દ્વાર આગળ એક સ્તૂપ હતો** તેને પગે પડવા કહ્યું, એટલે તે પણ નમી પડ્યો. પછી બુદ્ધમૂર્તિને ઊઠવા કહ્યું, એટલે તે અર્દ્ધ-નત અવસ્થામાં રહી અને **"નિર્ગ્રન્થ-નમિત"** એવા નામથી પ્રસિદ્ધ થઈ.

---

૧. પરમત્થદીપની, પૃ. ૧૭૧; લૉ, હિસ્ટરી ઑફ પાલિ લિટરેચર, પૃ. ૫૧૫.

૨. થેર-ગાથા, ગાથા ૧૦૫; મલલશેખર, એ ડિક્શનેરી ઑફ પાલિ પ્રૉપરક્શનેઈમ્સ, ૨, પૃ. ૮૧૯.

૩. આવશ્યકચૂર્ણિ, પૂર્વભાગ, પૃ. ૫૪૨-૪૩; આવશ્યક, મલયગિરિ-વૃત્તિ, પૃ. ૫૧૪; નિશીથચૂર્ણિ, ગા. ૨૫૮૭ તથા તે ઉપરની ચૂર્ણિ.

૪. જૂઓ, ભોગીલાલ જ. સાંડેસરા, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત, પૃ. ૬૦

૫. મૂળ ગ્રન્થો ઉપરથી ભો. જ. સાંડેસરાએ આ કથાનો સાર તેમના ઉપર નોંધેલા પુસ્તકમાં આપ્યો છે.

ઉપરના વૃતાન્તમાંથી ચમત્કારનું તત્ત્વ બાદ કરીએ તોપણ આમાં **ભરુચમાં બૌદ્ધ સ્તૂપ અને બુદ્ધમૂર્તિનું** હોવું, ત્યાં બૌદ્ધ ભિક્ષુઓનો વસવાટ અને તેમનું જોર તથા તેમની અને જૈન સાધુઓની વચ્ચે, ભરુચની પ્રજામાં પોતપોતાનું વર્ચસ્વ જમાવવાની હોંસાતુસી તેમ જ અંતે જૈનાચાર્યનો તેમાં ( ઓછામાં ઓછો તે સમય પૂરતો પણ ) વિજય એટલી વાતો ફલિત થાય છે. સોપારા અને ગિરનાર પાસે અશોકની ધમ્મલિપિઓ મળી છે તે જોતાં, અને સૌરાષ્ટ્ર પર અશોકનો અધિકાર જોતાં ઈ. સ. પૂર્વે પહેલા–બીજા સૈકામાં ભરુકચ્છ જેવા અગત્ય અને વિકસતા જતા નગર તેમ જ બંદરમાં બૌદ્ધધર્મનું જોર જામેલું હોય તે સ્વાભાવિક છે. હવે તો સૌરાષ્ટ્રમાં ક્ષત્રપ-યુગના સ્તૂપ અને વિહાર મળ્યા છે તેમ જ ઉત્તર ગુજરાતમાં શામળાજી પાસે દેવની મોરીમાંથી વિહાર અને સ્તૂપ, કલામય બુદ્ધ-મૂર્તિઓ વગેરે મળ્યા છે તે જોતાં, ભરુચમાં એક સમયે બૌદ્ધ સ્તૂપની હસ્તિ ન હોઈ શકે એવું માનવાને કાંઈ કારણ નથી.

બુદ્ધ પોતે પશ્ચિમહિંદ, ગુજરાત કે સોપારામાં આવ્યા હતા કે નહિ એ બાબત મતભેદ છે. બુદ્ધ આ તરફ આવ્યા હોય કે નર્મદાની પેલે પાર સોપારા પણ ગયા હોય એમ માનવાને પૂરતાં સબળ કારણો આપણી પાસે નથી. દિવ્યાવદાનમાંની પુન્નથેરની કથા મુજબ, પુન્નથેરની વિનંતિથી બુદ્ધ શૂર્પારક પધારેલા. ગુજરાતમાં બૌદ્ધધર્મ અંગેની પ્રાચીનતમ સાબિતી આપણને અશોકના શિલાલેખો અને વિનયપિટકમાંની, ભરુકચ્છના બૌદ્ધ ભિક્ષુએ સ્વપ્નમાં કરેલા પાપની વાત જે ઉપર નોંધી છે તેમાંથી મળે છે. એટલે આપણે બહુ બહુ તો એમ કહી શકીએ કે **ઈ. સ. પૂર્વેના ત્રીજા સૈકામાં, ખાસ કરીને અશોકના સમયમાં તો ગુજરાતમાં બૌદ્ધધર્મનો પ્રવેશ થઈ ચૂક્યો હતો.**

સ્ટ્રાબો નામક, ઈ. સ. પૂર્વે ૬૩માં જન્મેલ, ગ્રીક લેખકની જ્યૉગ્રોફિ ઑફ ઇન્ડિઆમાંની નોંધ મુજબ, પોરસે ઑગસ્ટસ સીઝરના દરબારમાં મોકલેલા પ્રતિનિધિમંડળમાં–દૂતાવાસમાં એક વ્યક્તિ જે હસતે મુખે, નગ્નાવસ્થામાં અને શરીરે ચંદનનો લેપ કરીને, એથેન્સમાં જાતે ચિતા પર ચઢી બળી મરી હતી, એની ખાંભી પર આ શબ્દો કોતરવામાં આવ્યા હતાઃ અહીં બારિગાઝાના ભારતીય ઝર્મનેસ્ કસેગનન્, ભારતના પ્રચલિત રિવાજ મુજબ, સૂતા છે ( મૃત્યુ પામ્યા છે ).[1] આ ઉલ્લેખમાં Zarmanes=Śramaṇa–શ્રમણ એમ ઘટાવવામાં આવે છે અને આ શ્રમણ કોઈ Xeganan નામક બૌદ્ધ શ્રમણ હતા એમ માની શકાય. ડૉ. મોરેશ્વર દીક્ષિત ( જર્નલ ઑફ ધ ગુજરાત રિસર્ચ સોસાઇટિ, વૉ. ૮, અંક ૨–૩, પૃ. ૯૬-૧૧૩માં ) ગુજરાતમાં બૌદ્ધધર્મ-વિષે લખતાં જણાવે છે કે ભરુકચ્છની આ વ્યક્તિ બૌદ્ધ શ્રમણ હોવાનું જે સામાન્ય રીતે માનવામાં આવે છે તે યોગ્ય નથી કેમ કે એક તો, એલેકઝાન્ડરના હુમલા પહેલાં ભરુચમાં બૌદ્ધોનો પ્રવેશ થઈ

---

૧. એ શબ્દો અંગ્રેજી ભાષાન્તરમાં આ પ્રમાણે છેઃ Here lies Zarmanes Xeganan, an Indian from Barygaza, according to the custom of the country of the Indians. જુઓ, સ્ટ્રાબો, ૧, પૃ. ૬૧૨; મૅક ક્રિન્ડલ, એન્શિઅન્ટ ઈન્ડિઆ એઝ ડિસ્ક્રાઇબ્ડ બાય કલાસિકલ રાઈટર્સ, પૃ. ૭૮. શ્રી. મોરેશ્વર દીક્ષિત ( જર્નલ ઑફ ધ ગુજરાત રિસર્ચ સોસાઇટિ, વૉ. ૮ પૃ. ૯૯ ) સ્ટ્રાબોને ઈ. સ. પૂર્વ બીજા સૈકામાં થયાનું, અને આ દૂતો એલેકઝેન્ડરના દરબારમાં ગયાનું જણાવે છે. પણ આ વિધાનમાં ભૂલ લાગે છે. જુઓ, આર. સી. મજુમદાર, કલાસિકલ એકાઉન્ટસ્ ઑફ ઈન્ડિયા, પૃ. ૯૩, અને પૃ. ૨૮૨, તથા પૃ, ૪૫૧–૪૫૨.

ચૂકયા હોવાનું આમાં માનવું પડે ( જે માટે પૂરતા પુરાવા નથી ), બીજું, આ શ્રમણ નગ્નરૂપે આત્મઘાત કરે છે જે બૌદ્ધધર્મના સિદ્ધાન્તની સાથ સંગત નથી. એટલે ડૉ. દીક્ષિતના મતે આ શ્રમણ ( દિગમ્બર )જૈન સાધુ હોવાનો વધુ સંભવ છે.

આ વાત વધુ વિચારણા માગી લે છે. બૌદ્ધધર્મના સિદ્ધાન્ત સાથે નગ્નતા અને સ્વેચ્છાપૂર્વક અગ્નિસ્નાનની વિસંવાદિતાના કારણે જો આપણે એમ માનીએ કે આ શ્રમણ બૌદ્ધ શ્રમણ નહોતા અને કદાચ જૈનશ્રમણ હશે તો સમુદ્રયાત્રા પણ જૈન સાધુ માટે એક વિસંવાદિતા ઊભી કરે છે. વળી પ્રાચીન કાળમાં આર્યસમુદ્ર અને સુવર્ણભૂમિમાં જનાર આર્યસાગરના દાદાગુરુ કાલકાચાર્ય સિવાય કોઈ જૈનસાધુ ભારત શિવાયના અન્ય દેશમાં ગયાની માહિતી આપણી પાસે નથી, અને એ કિસ્સા અપવાદરૂપ જ છે. એટલે એથેન્સમાં બળી મરનાર શ્રમણ જૈનશ્રમણ હોવાનો સંભવ ઘણો જ ઓછો છે. વળી, આપણે તો એટલું જ જાણી શકયા છીએ કે એ શ્રમણે હસતાં હસતાં અગ્નિસ્નાન કર્યું. પરધર્મી હોવાના કારણે એના ઉપર કોઈ જુલ્મ થયા હોય અને તેના વિરોધમાં અથવા અહીં પોતાથી ધર્મપાલન નહીં થાય એ ડરથી આ બૌદ્ધસાધુએ સ્વેચ્છાએ કે પરેચ્છાએ પણ હસતે મુખે મોતને આવકાર્યું હોય અને આવા કોઈ ધાર્મિક જુલ્મની વાત દાબી દેવાઈ હોય એ પણ સંભવિત છે. વળી એ જમાનામાં ફક્ત બૌદ્ધ અને જૈન સાધુઓ જ શ્રમણ કહેવાતા અને કોઈ બીજા સંપ્રદાયના સાધુઓ શ્રમણ નહોતા કહેવાતા એવું નથી. આજીવિક શ્રમણો પણ હતા.[1]

અશોકના સમયમાં પશ્ચિમ—હિન્દમાં અપરાન્તમાં, ગુજરાત-સૌરાષ્ટ્ર વગેરેમાં, બૌદ્ધધર્મનો પ્રવેશ થયો હતો એટલું તો ચોક્કસ કહી શકાય. મહાવંસ અને દીપવંસની સાક્ષી મુજબ **અશોકે યોન ધર્મરક્ષિત થેરને અપરાન્તક મોકલ્યા હતા.**[2] આ હકીકતનો ઉલ્લેખ

---

૧. સ્ટ્રાબોની આ નોંધ ગુજરાતના ઇતિહાસને લગતી હોઈ, અને બીજા પણ કેટલાક "ક્લાસિકલ" લેખકોએ ( જેવા કે **Dion Cassius, Horace, Odes,** વગેરે ) આની નોંધ લીધી હોવાથી એ અંગે વિસ્તૃત ચર્ચા વાંચવા માટે, આર. સી. મજમુદારકૃત, ક્લાસિકલ એકાઉન્ટસ ઑફ ઈન્ડિઆ (કલકત્તા, ૧૯૬૦), પૃ૦ ૨૮૨ તેમ જ એ પુસ્તકના પરિશિષ્ટ બીજામાં 'ઈન્ડિઅન એમ્બસી ટુ ઑાગસ્ટસ' એ શીર્ષક નીચે પૃ. ૪૭૪-૪૮૩માં આપેલી ચર્ચા ખાસ વાંચી જવા ભલામણ છે. આ ચર્ચા Priaulx Osmand de Beauvoir કૃત Indian Travels of Apoelorius of Tyna and the Indian, Embassie of Rome ( London, 1873 ) એ પુસ્તકમાંથી ઉદ્ધૃત થયેલી છે.

ડૉ દીક્ષિતે આપેલું, Straboમાંના ખાંભી ઉપરના વાકયનું અંગ્રેજી રૂપાંતર ઉપર પાદ નોંધ ૨૫માં રજૂ કર્યું છે. ડૉ આર. સી. મજમુંદારે તેમના ઉપરિ-ઉકત પુસ્તકમાં રજૂ કરેલા સ્ટ્રાબોના બયાનમાં ભરુચ માટે Bargosa શબ્દ વપરાએલો છે અને ખાંભીવાળું વાકય આ પ્રમાણે આપ્યું છે :—Here lies Zarmanochegas, an Indian from Bargosa' who immortalised himself in accordance with ancestral custom of Indians.

Priaulx આ આખાયે પ્રસંગની વિસ્તૃત ચર્ચા કરી માને છે કે આ પ્રતિનિધિમંડળ પશ્ચિમ હિંદમાંથી ગયું હશે, ભરુચનો શ્રમણ બૌદ્ધ શ્રમણ હશે અને પશ્ચિમ હિંદમાંથી ગ્રીક વ્યાપારીઓએ આ ભેટસોગાદ તથા દૂતો વગેરે મૂળે એલેક્ઝાન્ડ્રિયા મોકલ્યાં હશે જ્યાંથી ત્યાંના ગ્રીકોએ સીઝર ઑગસ્ટસ પાસે મોકલ્યાં.

૨. મહાવંસ, પૃ. ૩૪; દીપવંસ, ૮, ૭.

મિલિન્દ-પન્હ, થૂપવંસ, સદ્ધમ્મસંગ્રહ જેવા અન્ય બૌદ્ધ ગ્રન્થોમાંથી પણ મળે છે.[૧] સમન્ત-પાસાદિકામાં બુદ્ધઘોષે જણાવ્યા પ્રમાણે ધર્મરક્ષિત થેરે અગ્ગિખંડોપમ-સુત્ત વડે અપરાન્તમાં ૩૭,૦૦૦ વ્યક્તિઓને બૌદ્ધધર્મી બનાવી.[૨] બીજી એક બૌદ્ધ અનુશ્રુતિ મુજબ થેર યાન ધમ્મબીતને અપરાન્તમાં મોકલવામાં આવ્યા હતા.[૩]

સોળમા સૈકામાં ભારતમાં પ્રવાસ કરી ગએલા, તિબ્બતી લામા તારાનાથે બૌદ્ધ ધર્મનો ઇતિહાસ લખ્યો છે તેમાં તે જણાવે છે તે મુજબ અશોકે પોતાના શાસનના ઉત્તરકાલમાં ૧,૦૦૦,૦૦૦,૦૦૦ સોનૈયા અપરાન્તકના ભિક્ખુસંઘને, અને એટલા એટલા સૌનૈયા કાશ્મીર તથા તુખારના ભિક્ખુસમુદાયને મોકલ્યા હતા.[૪] અપરાન્તકમાં ભરુચ પણ આવી જતું. તારાનાથના જણાવ્યા મુજબ ભરુકચ્છના રાજા દર્શનના પુત્ર સુદર્શને, આચાર્ય શુકાયન પાસેથી ઉપદેશ પામી, પછી પોતાના પિતાને પણ બૌદ્ધ ધર્મમાં આણ્યા. તારાનાથના જણાવ્યા મુજબ આ પ્રદેશના ચતુર્વિધ સંઘના વિનયની વ્યવસ્થા કૃષ્ણ અને મહાસુદર્શનના હાથમાં હતી.[૫]

શ્રી. ચરણદાસ ચૅટરજીએ પેતવત્થુ અને એની ટીકા પરમત્થદીપનીના આધારે બતાવ્યું છે કે **અશોકના સમયમાં સૌરાષ્ટ્રમાં પિંગલક નામે રાજા હતો.** પોતે "નાદિત્થિકદિત્થિ"માં માનનાર હોઈ, અશોકને પોતાના મતમાં આણવા જાતે પાટલિપુત્ર ગયો હતો, પણ ત્યાં અશોક પાસેથી બૌદ્ધધર્મી બની પાછો આવ્યો, અને પોતાના પ્રદેશમાં પણ ખોટી દષ્ટિમાં માનવાથી થતા ગેરલાભ સમજાવવા માંડ્યો. એના મંત્રી નન્દક સેનાપતિ અને તેની પુત્રી ઉત્તરા બૌદ્ધધર્મી હતા એમ આ કથાનક બતાવે છે. શ્રી. ચૅટરજીના મતે આ પિંગલક ઐતિહાસિક વ્યક્તિ હોવા સંભવ છે.[૬]

અશોકે મોકલેલા ધર્મપ્રચારકો ઉપરાંત, મોગ્ગલિપુત્ત તિસ્સ જેવી વ્યક્તિઓએ પણ અપરાન્તમાં બૌદ્ધધર્મનો ઉપદેશ આપ્યાનું, થૂપવંસ અને અશોકાવદાનના આધારે, ગાઈગર નામના વિદ્વાને બતાવ્યું છે.[૭]

## સાતવાહનો અને ક્ષત્રપોના યુગમાં

મૌર્યો પછીનો ગુજરાતનો ઇતિહાસ કંઈક અંશે અંધકારમય છે. સાતવાહનોના સિક્કા

---

૧. મિલિન્દપન્હ,–ક્વેશ્ચન્સ ઑફ મિલિન્દ (એસ. બી. ઈ.), પૃ. ૩૩૧. થૂપવંસ માટે જૂઓ, લૉ, હિસ્ટરી ઑફ પાલિ લિટરેચર, વૉ. ૧, પૃ. ૫૬૨, સદ્ધમ્મસંગ્રહ માટે પણ લૉ, એજન, પૃ. ૫૬૦

૨. સમન્તપાસાદિક', ૩; તથા રાધાકુમુદ મુકરજી, અશોક, પૃ. ૩૩.

૩. જૂઓ, જર્નલ, ઑફ ધ રૉયલ એશિયાટિક સોસાઈટિ (લંડન) ૧૮૯૮, અંક ૨, પૃ. ૫૬૨.

૪. આ અંગેના રસિક દંતકથા વિસ્તારભયે અહીં આપી નથી, પણ જૂઓ ઇન્ડિઅન હિસ્ટોરીકલ ક્વોર્ટર્લિ, વૉ. ૬, પૃ. ૩૪૩.

૫. ઈ. હિ. ક્વૉ., વૉ. ૬, પૃ. ૩૪૪; વૉ. ૭, પૃ. ૧૫૫.

૬. જૂઓ, ચૅટરજી, એ હિસ્ટોરિકલ કૅરેકટર ઈન ધ રેઈન ઑફ અશોક મૌર્ય, ડી. આર. ભાંડારકર વૉલ્યુમ, પૃ. ૩૨૯ આદિ; પેતવત્થુ, પૃ. ૫૭–૬૧; પરમત્થદીપની, પૃ. ૨૪૪–૨૫૭.

૭. જર્નલ ઑફ ધ રૉયલ એશિયાટિક સોસાઈટિ, ૧૮૯૮, પૃ. ૫૪૫.

કારવણ વગેરે સ્થળેથી મળે છે, સિદ્ધપુરમાંથી મળેલા એમ સાંભળ્યું હતું. જૈન અનુશ્રુતિ પ્રમાણે નહપાનને સાતવાહન રાજાએ હરાવેલો. એ વાત નહપાનના સિક્કા ઉપર ગૌતમીપુત્ર સાતકર્ણીએ પોતાની છાપ મારી ચાલુ રાખેલા તેથી સાચી ઠરે છે, અને એ હકીકત એ પણ સૂચવે છે કે નિદાન ગૌતમીપુત્રનો અધિકાર તો ગુજરાતના કેટલાક પ્રદેશમાં અને ઠેઠ માલવા સુધી થયો હશે જ. ગૌતમીપુત્ર સાતકર્ણીએ જીતેલા પ્રદેશોમાં સુરથ (સુરઠ-સૌરાષ્ટ્ર), કુકુર અને અનૂપનો ઉલ્લેખ છે.[1] પણ ભૂમક, નહપાન જેવા ક્ષહરાત રાજાઓના પહેલાં અને અશોક પછીની ગુજરાત અને સૌરાષ્ટ્રની રાજકીય તેમ જ સાંસ્કૃતિક પરિસ્થિતિ તેમ જ સિદ્ધિઓનું ચિત્ર અસ્પષ્ટ છે.

નહપાનનો રાજ્યવિસ્તાર ઠીક ઠીક મોટો હતો. ઉત્તરમાં અજમેરથી દક્ષિણમાં નાસિક સુધી એના સિક્કા મળે છે. એના જમાઈ ઉષવદાત (ઋષભદત્ત)ના નાસિક અને કારલેની ગુફાઓના લેખોમાં એણે કાપુરાહાર (વડોદરા જિલ્લાનું કાપુરા કે કપુરાઈ?), પ્રભાસ (સૌરાષ્ટ્ર), ભરુકચ્છ (ભરુચ), શૂર્પારક (મુંબાઈ પાસે સોપારા), પુષ્કર (રાજસ્થાન) આદિ સ્થળોમાં બ્રાહ્મણોને દાન આપ્યાના તેમ જ તાપી, બનાસ, પારદા (સુરત જિલ્લાની પાર નદી), દમણ (દમણગંગા), દાહાણુકા (દહાણું પાસે) આદિ નદીઓ પાર ઊતરવા માટે મફત હોડીની વ્યવસ્થા કર્યાના ઉલ્લેખ છે. આ ઉપરથી સ્પષ્ટ છે કે બ્રાહ્મણધર્મ અને બૌદ્ધધર્મને નહપાન તેમ જ ઉષવદાત રાજ્યાશ્રય આપતા હતા.

લગભગ આ સમયમાં, બુદ્ધમિત્ર અને બુદ્ધરક્ષિત નામના બે ભાઈઓ જેઓના પિતા અસ્સમસ્ (?અશ્વશર્મન્?) અશ્વોના વેપારી હતા, તેમણે જુન્નરમાં બે ઓરડીવાળી એક બૌદ્ધ ગુફા (કોતરાવી) દાન કર્યાનો શિલાલેખ જુન્નરમાં છે. આ બે ભાઈઓ, સદર શિલાલેખ મુજબ, ભરુચના રહેવાસી હતા.[2]

આ પ્રદેશમાં, ગુજરાત-રાજસ્થાનના કેટલાક ભાગોમાં ખહરાતો પહેલાં, ઈન્ડો-ગ્રીકોનો અધિકાર હોય એમ લાગે છે. એ વિષે હજુ વધુ સંશોધનને અવકાશ છે. આ પરદેશીઓમાંના કેટલાક બૌદ્ધ, કેટલાક જૈન અને કેટલાક વૈષ્ણવ તેમ જ શૈવ થયા લાગે છે. ઋષભદત્ત, રુદ્રદામન્, રુદ્રસિંહ જેવા નામો સૂચવે છે કે શકોમાંના કેટલાક હિન્દુ-શૈવધર્મી થયા હતા. મહારાષ્ટ્રમાંની બૌદ્ધ ગુફાઓમાં કેટલાક યવનોએ દાન કર્યાના ઉલ્લેખો છે, જેમાંના કેટલાક બૌદ્ધ યવનો મૂળે ગ્રીક કે રોમન હોવા સંભવ છે.

જૂનાગઢ ઉપરકોટની ગુફાઓ જાણીતી છે. આ ગુફાઓ બૌદ્ધ ગુફા છે કે કેમ એ નક્કી નથી.

---

૧. જૈન અનુશ્રુતિ માટે જૂઓ, આવશ્યકચૂર્ણિ. ઉત્તરભાગ, પૃ. ૨૦૦-૨૦૧.

ગૌતમીપુત્રે ફરી છાપેલા નહપાનના સિક્કા માટે જૂઓ, બી. સુબ્બારાવ, બરોડા થ્રુ ધ એજીઝ, પૃ. ૧૦૮ અને પૃ. ૧૦; અને ધ એજ ઑફ ઇમ્પીરીઅલ યુનિટિ, પૃ. ૧૮૨. સુરઠ, કુકુર વગેરેનો ઉલ્લેખ નાસિકના જે શિલાલેખમાં છે તે માટે જૂઓ, લ્યુડરનું લીસ્ટ (ઑફ ઇન્સ્ક્રીપ્શન્સ), નં. ૧૧૨૩. એપિગ્રાફિઆ ઇન્ડિકા, વૉ. ૮, પૃ. ૬૦ શ્રી. પુળુમાયિ વાસિષ્ઠિ પુત્રનો નાસિક ગુફા લેખ નં. ૨.

૨. આર્કયૉલૉજીકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઈન્ડિયા, વૉ૦ ૪, પૃ. ૯૬, નં. ૧૯; લ્યુડર્સનું લીસ્ટ, નં. ૧૧૬૯ એપિગ્રાફિઆ ઈન્ડિકા, વૉ. ૧૦, પરિશિષ્ટ, પૃ૦૧૩૩.

આની ઉપરના ભાગનું પૂરાણુ દૂર કરી સફાઈ કરતાં ઈ. સ. ૧૯૫૮-૫૯માં ક્ષત્રપરાજા રુદ્રસેન (બીજા કે ત્રીજા?)નો સિક્કો મળી આવ્યો હતો.[1]

હ્યુએનસંગના જણાવ્યા મુજબ વલભીના રાજ્યથી આશરે ૫૦૦ લી (એકસો માઈલ) પશ્ચિમમાં સુ-લ-ચ (સુરાષ્ટ્ર)નો પ્રદેશ, આશરે ૪૦૦૦ લી (૮૦૦ માઈલ)ના ઘેરાવાનો, છે, એની રાજધાની ૩૦ લી (૬ માઈલ)ના ઘેરાવાની, પશ્ચિમ તરફ મો-હી (મહી) નદીની નજીક છે. વસ્તી સારા પ્રમાણની અને સમૃદ્ધ છે. આ પ્રદેશ વલભીના તાબે છે, જમીન ખારી અને ફળફુલ ઓછાં છે. પવનનાં તોફાનો થાય છે. લોકો એકંદરે ઉદાસીન અને વર્તનમાં ઠંડા (ઉમળકાના અભાવવાળા), કંઈક છીછરી વૃત્તિના અને જ્ઞાનની ઉપાસના તરફ ઉપેક્ષાવૃત્તિવાળા છે. કેટલાક સાચા ધર્મના (બૌદ્ધધર્મના) અનુયાયી છે, કેટલાક અન્ય મતના છે. લગભગ પચાસ વિહારોમાં આશરે ત્રણ હજાર ભિક્ષુઓ વસે છે, જેઓ મહાયાનના શંગ-ત્સો-પુ (સ્થવિર નિકાય)નાં માનનારા છે. અહીં આશરે એકસો દેવાલયો છે જેમાં જુદાજુદા પંથના (બૌદ્ધ નહિં એવા) અનુયાયીઓ રહે છે આ પ્રદેશને પશ્ચિમી સમુદ્રના રસ્તે, એની નજીક હોવાથી, વ્યાપારનો લાભ મળે છે.

ઉપર જણાવ્યું તેમ આ પ્રદેશમાં અને જુનાગઢમાં ઉજ્જંત પર ઠીક ઠીક પ્રમાણમાં વિહારો હોવાનું સાતમા સૈકામાં, હ્યુએનસંગે નોંધ્યું છે. આમાંના કેટલાક પ્રાચીન બૌદ્ધ વિહારો આજે પણ જુનાગઢમાં મળે છે.

**જુનાગઢની પૂર્વમાં બાવા પ્યારાના મઠના નામથી ઓળખાતી કેટલીક ગુફાઓનું** વિસ્તૃત વર્ણન બર્જેસે[2] આપ્યું છે. આ ગુફા સમૂહની એક બાજુએ પથ્થર ખોદવાની ખાણ ખોલવામાં આવેલી તેમાં જો કેટલીક ગુફાઓ ખોદાઈ ગઈ ના હોય તો પણ હયાત ગુફાઓની બહુ નજીક સુધી આ ખાણ ખોદવામાં આવી છે એટલે શંકાને સ્થાન રહે છે (ચિત્ર નં. ૯).

આ ગુફાઓ ત્રણ હારમાં વહેંચાએલી છે. પહેલી હાર ઉત્તર તરફની, દક્ષિણાભિમુખ છે જેને પશ્ચિમ છેડે એક મોટી ગુફા (આશરે ૨૮ × ૧૬ ફૂટની) છે.[3] એની પાછળના ભાગમાં ત્રણ ઓરડીઓ છે અને પશ્ચિમ ભાગે એક મોટો ઓરડો, સ્તંભો વડે જૂદો પાડવામાં આવ્યો છે. ગુફાનો આગળનો ભાગ થોડો નાશ પામ્યો છે પણ ત્રણ ચોરસ પણ વચ્ચે અષ્ટકોણવાળા સ્તંભો છે. ગુફાના આગલા ભાગમાં એક અર્ધવર્તુલાકાર કમાન (ગવાક્ષ) આકૃતિ—ચૈત્ય-ગવાક્ષ આકૃતિ—છે જેની અંદરથી એક આડી પટ્ટી કોતરી ગવાક્ષના બે છેડાને સાંધતી બતાવી છે. આ ગુફાની પૂર્વમાં ત્રણ નાની ગુફાઓ, પ્રત્યેક વરંડાયુક્ત, છે, અને એક બીજી ઓરડી આશરે ૧૧ × ૯.૫ ફૂટના કદની છે.

---

૧. જુઓ, ઇન્ડિઅન આર્કયૉલૉજી—એ રિવ્યુ, ૧૯૫૮-૫૯, પૃ૦ ૭૦-૭૧ અને પ્લેટ નં. ૭૩ બી તથા સી, પ્લેટ નં. ૭૨ બી વગેરે. છાપેલી પ્લેટમાં રુદ્રસેન બરાબર વંચાતું નથી. વળી રીપોર્ટમાં એને રુદ્રસેન બીજો માની તેનો સમય ઈ. સ. ૩૪૮—૭૮ આપ્યો છે તે યોગ્ય નથી કેમકે ઈ. સ. ૩૪૮-૩૭૮માં રુદ્રસેન ત્રીજો હોઈ શકે, બીજો નહિ. આમ કયાં તો સાલ આપવામાં અથવા ત્રીજા રુદ્રસેનને બદલે બીજો રુદ્રસેન લખવાની ભૂલ થઈ લાગે છે.

૨. બર્જેસ, ઍન્ટિકિવિટિઝ્ ઑફ કાઠિયાવાડ ઍન્ડ કચ્છ, આર્કયૉલૉજીકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઈન્ડીયા, વૉ. ૨, પૃ. ૧૩૯ આદિ.

૩. બર્જેસ, એજન, પ્લેટ ૧૬ અને ૧૭ 'એ' સંજ્ઞક ગુફા.

શૈલગૃહોની બીજી હાર દક્ષિણ તરફ છે, અને આગલી હારના પૂર્વ છેડેથી શરૂ થાય છે.[1] આગળના ભાગમાં ખૂલ્લો ચોક છે જેને પશ્ચિમ છેડે એક સાદો જૂની ઢબનો ચૈત્ય (સ્તૂપયુક્ત ગુફા) કોતરેલ છે, જેને બર્જેસે પોતાની પ્લેટ ૧૭માં "એફ" સંજ્ઞા આપી છે. આ ચૈત્ય-ગુફા અહીંનું મુખ્ય કોતરકામ છે. એને ચાર સ્તંભ હતા જે નાશ પામ્યા છે. ઉપર સપાટ છાપરું છે, એની પાછળ અર્ધવર્તુલાકાર ચાપ ( apsidal end ) છે. ગુફા ૨૦ ફૂટ પહોળી × ૨૬ ફૂટ ઊંડી અને આશરે પાંચ ફૂટ પહોળા પ્રવેશદ્વાર વાળી છે. આની આગળ ૩૭ ફૂટ લાંબી અને લગભગ પોણા-આઠ ફૂટ પહોળી ઓસરી છે જેને બે છેડે એક એક નાની ઓરડી છે. ઓસરીમાં ૭ સ્તમ્ભ છે તથા છાદ્ય પર સિંહાકૃતિવાળા બ્રૅકેટ છે. આ ઓસરીના આગલા ભાગ પર પણ સાદા ચૈત્યવાતાયન ( ગવાક્ષ અથવા નાસિકા )ના અલંકરણો છે. ઓસરીને પ્રત્યેક છેડે દિવાલ ઉપર આછી ઉપસાવેલી એક એક પાંખવાળા સિંહની આકૃતિ કોતરેલી છે.

ચોકને ઉત્તર છેડે અને કંઈક ઊંચાઈએ એક બીજી ગુફા છે, જેને બર્જેસે પોતાના નકશામાં "એચ" સંજ્ઞા આપી છે. આને એક ઓસરી છે અને એને એક છેડે બે નાની ઓરડીઓ છે જેની પાછળ સુધી પત્થરની ખાણનું ખોદાણ લંબાવાઈ ગયું છે. પથ્થર કાપી કાઢવાની આ પ્રવૃત્તિને લીધે જૂનાગઢમાં કેટલીક ગુફાઓ નાશ પામી હોવાનું સંભવ છે.

ચોકની પૂર્વે બીજી કેટલીક ઓરડીઓ છે, અને ચોકની બહાર દક્ષિણ તરફ એક ગુફા ( બર્જેસની 'કે' સંજ્ઞક ) છે જેની ઉપર થોડી આકૃતિઓ કોતરેલી છે.[2] આમાં સ્વસ્તિક, પૂર્ણઘટ, ઝારી, સ્થાપના અથવા ભદ્રાસન, શ્રીવત્સ (?) અને મીનયુગલ જેવી આકૃતિઓ દેખાય છે. બર્જેસે આપેલા રેખાચિત્રમાં આવાં દસથી અગિયાર ચિહ્નો જણાય છે, જે પ્રાચીન ભારતમાં મનાતા માંગલિકો ( માંગલિક-પ્રતીકો )માંના છે. જૈનોમાં આવા અષ્ટ-મંગલ-પ્રતીકો જાણીતાં છે. આ આકૃતિઓ ઝાંખી કોતરેલી છે તે પહેલેથી હતી કે પાછળથી આવી આકૃતિઓ ઉપસાવવાનો કે કોતરવાનો પ્રયત્ન થયો હતો તે કહી શકાય નહિ. આ પછી બર્જેસની "એલ" સંજ્ઞક ગુફા છે જેની દ્વારશાખા ઉપર એક એક ચૈત્ય-ગવાક્ષ આકૃતિ જેવી આકૃતિ ઝાંખી કોતરેલી છે.[3]

ગુફાઓની ત્રીજી હાર આની પાછળ શરૂ થાય છે, જેમાં બર્જેસની 'એમ' 'એન' અને 'ઓ' સંજ્ઞક ગુફાઓ છે. છેલ્લી ગુફાનો છતને ટેકવી રાખતો, અષ્ટકોણ ઘાટનો, અને પૂર્ણઘટ જેવા શીર્ષક-વાળો થાંભલો છે જેની રેખાકૃતિ બર્જેસે પોતાની પ્લેટ ૧૮ આકૃતિ ૪ તરીકે આપી છે. નાસિક અને જુન્નરની પ્રાચીન ગુફાઓમાં આવી ઘટ-આકૃતિ સ્તંભો પર જોવા મળે છે.

ઉપર ચોકની પૂર્વ બાજુ જે કેટલીક ઓરડીઓનો ઉલ્લેખ કર્યો છે એમાં બર્જેસે 'આઈ' સંજ્ઞા આપેલી બે ઓરડીઓ (જુઓ બર્જેસની પ્લેટ ૧૭) તરીકે કર્યો છે તે નોંધપાત્ર છે બર્જેસના જણાવ્યા મુજબ, આમાંની એકની આગળના ભાગમાંથી ખોદકામ કરતાં એક લગભગ બે ફૂટ સમચોરસ પથ્થર મળી આવ્યો હતો જેના ઉપર એક ક્ષત્રપકાલીન લેખ કોતરેલો છે

૧. બર્જેસ, ઍન્જન, પ્લેટ ૧૭ અને ૧૯.

૨. બર્જેસ, ઍન્જન, પ્લેટ ૧૮ આકૃતિ ૨, ૩.

૩. બર્જેસ, ઍન્જન, પ્લેટ ૧૮ આકૃતિ ૧.

(જૂઓ, બર્જેસની પ્લેટ ૨૦ આકૃતિ ૧માંનો ફોટાગ્રાફ). આ લેખનો પત્થર નવાબના મહેલમાં આ પછી કોઈ લઈ ગએલુ તે ખોળી એની છબી બર્જેસે લીધેલી અને બ્યુલ્હરે વાંચી એની નકલ ઉતારેલી જે બર્જેસે એમના પુસ્તકમાં આપી છે.[1] એ મુજબ સ્વામી ચસ્ટનના પ્રપૌત્ર ક્ષત્રપરાજા સ્વામિ જયદામનના પૌત્ર (?)ના સમયમાં ગિરનગરમાં કંઈક દાન આપ્યાની વાત છે પણ લેખ તૂટેલો છે અને છેલ્લી લીટીમાં केवलिज्ञानसंप्राप्तानां जितजरामरणानं એટલા શબ્દો વંચાય છે. કેવલજ્ઞાન એ જૈનધર્મમાં મુક્તિ અથવા સર્વોચ્ચ જ્ઞાનાનુભવ માટે વપરાતો શબ્દ છે અને સિદ્ધો અને તીર્થંકરો કેવલજ્ઞાની કહેવાય છે. આ જોતાં આ લેખને જૈનધર્મ સાથે સંબંધ છે ઈ.સ. ૧૯૬-૨૦૦ આસપાસ આ લેખ કોતરાવ્યો હશે. આ ગુફાઓ પહેલેથી જૈનોએ કોતરાવી હશે કે મૂળ બૌદ્ધ હશે અને પાછળથી જૈનોના હાથમાં આવી હશે?[2] અથવા ઇલોરાના પહાડમાં જેમ બૌદ્ધ, હિંદુ તેમ જ જૈન ગુફાઓ મળે છે તેમ અહિ થોડીક ગુફાઓ બૌદ્ધના કબજામાં અને થોડી જૈનોના કબજામાં હશે? ગુફાની આગળના ભાગમાં ખોદકામ કરતાં નીકળેલો આ લેખવાળો પથ્થર બીજી કોઈ નષ્ટ ગુફાનો અહીં આણવામાં આવેલો હોય તેમ હોય તો નવાઈ નહિ એવો એક વિકલ્પ પણ બર્જેસે સૂચવ્યો છે.

ગમે તેમ હોય પણ બર્જેસની 'એફ' સંજ્ઞક ગુફા જેનો પાછળનો ભાગ અર્ધવર્તુલાકાર (અથવા apsidal shape) જેવો છે, તેમાં ચૈત્ય એટલે કે સ્તૂપ એક સમયે હોવાનો ઘણો સંભવ છે. પશ્ચિમ ભારતની, ખાસ કરીને હાલના મહારાષ્ટ્રમાંની જૂની બૌદ્ધ ગુફાઓ જોતાં આવી ગુફા સ્તૂપયુક્ત અને બૌદ્ધ હોવાનો ઘણો સંભવ છે.[3]

જૂનાગઢની ગુફાઓના સમય બાબત ડૉ. સાંકળિયાના મત પ્રમાણે, અહીં ગુફાઓ કોતરવાની શરૂઆત અશોકના સમયથી થઈ હોય તો નવાઈ નહિ. એની દિવાલો ઉપર મૌર્યકાલીન ચળકાટ-ઓપ (polish) નથી પણ તે તો અહિના પહાડના પથ્થરની જાતને કારણે પણ હોય, ખાસ

---

૧. જૂઓ, બર્જેસ, એજન, પૃ. ૧૪ ; એપિગ્રાફિઆ ઇન્ડિકા, વૉ૦ ૧૬, પૃ૦ ૨૩૯.

૨. આ બાબતમાં બર્જેસ લખે છે :—"From this it would appear that these caves were probably excavated for the Jainas by the Sāh kings of Surāshtra about the end of the second century of the Christian era. They may, however, be much older, and the inscription may merely commemorate their being devoted to the Jainas by the Sāh kings, possibly after they had ceased to be used by the Bauddhas, or the inscription may have been brought from some other caves now entirely destroyed"—Burgess, **Ibid.**, p. 141

૩. ડૉ. સાંકળિયા આ "એફ" સંજ્ઞક ચૈત્ય-ગુફા અંગે લખે છે :—The apsidal back of the cave indicates that the **Caitya** must be free-standing as in the early (1st and 2nd century B. C.) Buddhist Caves at Bhājā, Kārli, Bedsā, or Nāsik and Ajantā Caves No. 9 and 10 and not attached as in later **Vihāra** caves at Nāsik, Ellora and Ajantā."—Sankalia, Archaeology of Gujarat, p. 47.

કરીને એ ગુફાઓ જે રીતે સાદી અને અલંકરણરહિત છે તે જોતાં બૌદ્ધો અને જૈનોના એ શરૂઆતના આશ્રયસ્થાનો ( વિહારો ) હોઈ શકે.[૧]

અહીંની ચૈત્ય-ગવાક્ષ આકૃતિમાં અંદરના ભાગમાં વચ્ચે જે આડી પટ્ટી ( ગવાક્ષના બે છેડા સાંધતી ) નાંખવામાં આવે છે તે ખાસ નોંધપાત્ર છે, અને એને તળાજાની ચૈત્ય-ગવાક્ષ સાથે સરખાવવા જેવી છે. ગવાક્ષના બે નીચલા છેડા, બહારની બાજુ લંબાતા નથી તે નોંધપાત્ર છે. સ્તંભો ઉપર મોટા પેટવાળા દેગડા કે પૂર્ણઘટ જેવી આકૃતિ એ પ્રાચીનતાની સૂચક છે. "કે" સંજ્ઞક ગુફા ( જુઓ બર્જેસ, પ્લેટ ૧૮, આકૃતિ ૨ )ના સ્તંભ શીર્ષ ઉપરની ઘેટાની આકૃતિઓ નોંધપાત્ર છે. ડૉ. સાંકળિયા આને ઈલોરાની રામેશ્વર ગુફા અને ભરહુતના સ્તૂપની એવી આકૃતિઓ સાથે સરખાવે છે. ડૉ. સાંકળિયાના મત પ્રમાણે, ચૈત્ય-ગુફા અને સાદી ઓરડીઓ, ગુજરાતમાં બૌદ્ધ ભિકખુઓના પ્રથમ નિવાસના સમયનાં, આશરે ઈ. સ. પૂર્વે ૨૦૦નાં છે અને વિકસિત સ્તંભાકૃતિ તથા માંગલિક ચિહ્નોવાળી ગુફાઓને ક્ષત્રપયુગની ઈ. સ. ૨૦૦ થી ૩૦૦ આસપાસની તેઓ માને છે.

**જૂનાગઢમાં ઉપરકોટની ગુફાઓના** બે મજલા પાડેલા છે. પહેલા અથવા ઉપલા મજલે એક કુંડ છે, જેને બર્જેસે સ્નાનાગાર હોવાની સંભાવના સૂચવી છે. એ લગભગ અગિયાર ફૂટ સમચોરસ છે જેની ત્રણ બાજુ છાપરાવાળી ઓસરી ( વરંડા ) છે. એને અડીને એક મોટો ઓરડો છે તેની છત અથવા છાપરાને છ થાંભલાનો ટેકો છે. પરસાળ ( corridor )માં, દિવાલોમાં, અગ્નિ અને પશ્ચિમ દિશાએ, પાષાણની બેઠકો ( stone bench recesses ) કોતરેલી છે, અને એના ઉપરના ભાગમાં દિવાલોમાં ચૈત્યગવાક્ષનાં સુશોભનો કોતરેલાં છે ( ચિત્ર નં. ૨ ). એ સુશોભનો યુક્ત પાટડાની નીચેના ભાગમાં ચોકઠાની ભાત chequer carvings છે. આવી ભાત દેવની મોરીના સ્તૂપ ઉપર છે.

નીચેના મજલે, પરસાળવાળી ઓરડીઓ, પાષાણની આરામગાહ-બેઠકો, ચૈત્ય-ગવાક્ષના સુશોભનો વગેરે છે. ( જૂઓ સાંકળિયા, આર્કયોલૉજી ઑફ ગુજરાત, પ્લેટ ૧૩, આકૃતિ નં. ૨૨ અને બર્જેસ, એજન, પ્લેટ ૨૧ ).[૨]

બાવાપ્યારા મઠની ગુફાઓ કરતાં અહિંની ચૈત્ય-ગવાક્ષ આકૃતિ વધુ વિકસિત અને એથી વધુ અર્વાચીન ગણાય. એનો અંદરનો કોતરેલો ભાગ લગભગ ગોળ થઈ ગયો છે. એના નીચેના ભાગમાં વેદિકાનું ( rail-design ) અલંકરણ નોંધપાત્ર છે, જ્યારે વચ્ચે બે સ્ત્રીઓ જાણે ગવાક્ષમાંથી જોતી હોય તેમ, તેમના અર્ધા શરીર કોતરેલાં દેખાય છે. ગવાક્ષના નીચેના બે છેડા

---

૧. "It would not be wrong to assign the first excavation of the caves at Junāgadha and even at Dhāṅk, to Aśokan times. They have no Mauryan polish, but that is not to be expected in hard stone. At any rate, they do exhibit the early simplicity and primitiveness associated with the first abodes of the Buddhist and Jaina monks"—Sankalia, Archaeology of Gujarat, p. 46, ft. note 1.

૨. બેઉ મજલાના તળ-નકશા માટે જૂઓ બર્જેસ, એજન, પ્લેટ ૨૨.

બહારની બાજુ વિસ્તરી સુંદર સુશોભનમાં પરિણમે છે. ગવાક્ષની અંદર અને બહારના ભાગ વચ્ચેની પહોળી પટ્ટી ઉપર નાની નાની બુટીઓ છે.[૧] પશ્ચિમ ભારતની પ્રાચીનતમ ગુફાઓમાં મળતાં ગવાક્ષો કરતાં અર્વાચીન હોવા છતાં આ ગવાક્ષ-આકૃતિઓ, સૌરાષ્ટ્રમાંના, પાંચમાં કે છઠ્ઠા સૈકાના ગોપના મંદિર પરનાં ગવાક્ષો કરતાં તો જૂની છે જ.

ઉપરકોટની ગુફાઓના સ્તંભોના સાંકળિયા ચાર વિભાગ પાડે છે, ઉપલા મજલે પરસાળમાં બે સ્તંભો ગોળ છે. એના ઉપર આમળાની ભાત (spirals) પાડેલી છે.[૨] ઉત્તરની દિવાલ પર નાના સ્તંભોના ત્રણ ભાગમાં, એકમેકથી ઉલટી દિશામાં આ આમળાની ભાત (spirals) જાય છે.[૩] પરસાળના ગોળ સ્તંભો, જેને બર્જેસ, અને સાંકળિયા 'બી' સંજ્ઞાથી ઓળખે છે તેની અષ્ટકોણ કુંભી (abacus) પર વેલ પાનાની (leaf and seroll design પત્રાવલિ)ની ભાત છે, એ સ્તંભોના શીર્ષ ગોળ છે અને એના ઉપર પશુની આકૃતિઓ કોતરેલી છે. 'સી' સંજ્ઞક નાના થાંભલાના શીર્ષ તેમજ કુંભીઓ અષ્ટકોણ લાગે છે.

સ્તંભોના બીજા પ્રકારમાં આગલાખંડના ચાર થાંભલા સમચોરસ છે પણ વચ્ચેના ભાગમાં અષ્ટકોણ બનાવ્યા છે. કુંભી (પીઠિકા) ચોરસ, સાદી અને અલંકરણ કે ભાત વિનાની છે. સ્તંભનું શીર્ષ ચઢતા ક્રમના ચાર થરોનું બનેલું છે

ત્રીજા પ્રકારના સ્તંભ એ ચાર સ્તંભોની મોખરે આવેલા છે. એની બેસણી સમચોરસ આકારની અને ઊતરતા થરોના સુંદર ઘાટની અને પત્રાવલિથી સુશોભિત છે (જૂઓ, બર્જેસ, એજન, પ્લેટ ૨૧, ૨૪). એનો થાંભલો લગભગ ગોળાકાર લાગે એટલા બધા પહેલવાળો છે. એના શિખર પર વચ્ચે સ્ત્રીઓની જુદીજુદી જાતની આકૃતિઓ કોતરેલી છે, ને તેના પર ચારેબાજુ બેઠેલા સિંહની આકૃતિ નજરે પડે છે.

નીચલા મજલામાં આવેલા ચોથા પ્રકારના સ્તંભ પણ લગભગ આ ઘાટના, થોડીક વિગતોમાં ફરકવાળા છે. ડૉ. સાંકળિયાને મતે પહેલા બે પ્રકારના સ્તંભો ૫મી-૬ઠ્ઠી સદીના અને બીજા બે પ્રકારના ૬ઠ્ઠી-૭મી સદીના છે.[૪] પણ આપણે એ યાદ રાખવું જોઈએ કે ત્રીજા પ્રકારના સ્તંભોની બેસણીની પત્રાવલિ સ્પષ્ટરીતે ગ્રીક અસરની છે. ઉપરના સિંહો પણ ક્ષત્રપકાલીન અને કુષાણકાલીન સિંહને મળતા છે.

ઉપરકોટની ગુફાના ઉપલા મજલાની ઉપરના ભાગમાં સાફસૂફી કરાવતાં ભારતીય પુરાતત્ત્વ ખાતાના પશ્ચિમી વિભાગ (મંડળ)ના અધિકારીને કેટલીક માટીની આકૃતિઓ ઉપરાંત રુદ્રસેન રાજાનો એક સિક્કો પણ મળ્યો હતો.[૫] એ હકીકત અને દિવાલ પરના ચૈત્ય-ગવાક્ષની કલા તેમ જ

---

૧. જૂઓ, બર્જેસ, એજન, પ્લેટ ૨૩, આકૃતિ ૭.

૨. બર્જેસ, એજન, પ્લેટ ૨૩, આકૃતિ ૬. બર્જેસના 'બી' સંજ્ઞક-સ્તંભ.

૩. બર્જેસ, એજન, પ્લેટ ૨૩, આકૃતિ ૫, બર્જેસના 'સી' સંજ્ઞક-સ્તંભ.

૪. સાંકળિયા, આર્કયૉલૉજી ઑફ ગુજરાત, પૃ૦ ૪૯-૫૧; બર્જેસ, એ. ક. કા પૃ. ૧૪૧-૧૪૩, હરિપ્રસાદ શાસ્ત્રી, મૈત્રક કાલીન ગુજરાત, પૃ૦ ૬૪૭-૪૮ ઉપર આકમત સ્વીકારતા લાગે છે.

૫. ઇન્ડિઅન આર્કયૉલૉજી, એ રિવ્યુ, ઈ. સ. ૧૯૫૮-૫૯, પૃ૦ ૭૦-૭૧ રુદ્રસેન કયો ? પહેલો બીજો કે ત્રીજો ?

કેટલાક સ્તંભોના જુદાજુદા અલંકરણો વગેરેનું કારલા જેવી ગુફાઓના તથા દેવની મોરીના સ્તૂપના અલંકરણો (motfis) સાથે મળતાપણું વગેરે જોતાં આ ગુફાઓને આટલી બધી અર્વાચીન માનવાનું યોગ્ય નથી. વાસ્તવિક રીતે ઉપરકોટ ગુફાને ઈ. સ.ના બીજાથી ચોથા સૈકા આસપાસ મૂકવી જોઈએ. એનાં પ્રાણી, સ્ત્રીઓ, કે પત્રાવલિ આદિ આકૃતિઓને ગુપ્ત કે મૈત્રકકાલીન એવી શિલ્પકૃતિઓ સાથે સરખાવી શકાય તેમ નથી.

જૂનાગઢ પાસે અશોકના શિલાલેખથી આશરે ત્રણેક માઈલ દૂર **ઈંટવા ટેકરી**નું ખોદકામ શ્રી. ગિરજાશંકર આચાર્યે ઈ. સ. ૧૯૪૯માં કરતાં ત્યાં **રુદ્રસેન વિહાર**ના અવશેષો મળી આવ્યા હતા. માટીકામની નાની આકૃતિઓ, કે છાપરાના થાપલા વગેરે ખોદકામમાં મળેલા પણ સૌથી અગત્યની જે વસ્તુ મળેલી તે તો લગભગ એક ઈંચ વ્યાસની માટીની પકવેલી એક નાની મુદ્રા (sealing) જેના ઉપર ચૈત્યની આકૃતિ છે અને બ્રાહ્મી લિપિમાં **महाराज रुद्रसेन विहारे भिक्षुसंघस्य** એવું લખાણ છે.[1] ભારતભરમાં મળેલી ભિક્ષુસંઘની પ્રાચીન મુદ્રાઓમાંની એક આ મુદ્રા પરથી મનાય છે કે મહારાજા રુદ્રસેન પહેલા (ઇ. સ. ૨૦૦-૨૨૨)ના સમયમાં આ વિહાર ભિક્ષુસંઘ માટે બંધાવ્યો હશે. આગળ આપણે જોઈશું તેમ દેવની મોરીના સ્તૂપમાંથી મળેલી બુદ્ધના શરીરધાતુ સાચવતા પાષાણના દાબડા ઉપર પણ મહારાજા રુદ્રસેનના સમયમાં કથિક રાજાઓના ૧૨૭માં વર્ષમાં સ્તૂપ બન્યાની હકીકત કોતરાએલી છે. દેવની મોરીના લખાણવાળા રુદ્રસેન પણ આ રુદ્રસેન પહેલા જ હશે? જો આપેલા વર્ષ શકસંવતની ગણત્રીના હોય તો એ સ્તૂપની મૂળ રચના સાલ ૨૦૫ ઈ. સ. આવે છે.

વિહારની પૂર્વબાજુએ ખોદકામમાં ૭ ઓરડીઓ, આગળ એક ઓસરી સાથેની, મળી આવી છે. એક ઓરડામાં ભીંત ચણીને તેના બે ભાગ પાડ્યા છે. જે જાતની રચના તક્ષશિલાના એક વિહારમાં તેમ જ દેવની મોરીના વિહારમાં મળી છે. આ ઓરડો વિહારના ભિક્ષુસંઘના આચાર્યનો હશે? અથવા સંઘના કોઠારીનો હશે?

આ મહાક્ષત્રપ રુદ્રસેન પહેલાની બહેન અને મહાક્ષત્રપ રુદ્રસિંહ પહેલાની પુત્રી, મહાદેવી પ્રભુદમાની મુદ્રાઓ બિહારમાં વૈશાલીનગરીના ખોદકામમાંથી મળી આવી છે.

જૂનાગઢ પાસે ગિરનારના જંગલમાં માટીની પકવેલી ઈંટોનો બનાવેલો સ્તૂપ જે **બોરિઆસ્તૂપ** નામે ઓળખાય છે તે ઘણા વર્ષ ઉપર મળ્યો હતો. એમાં ભૂતળથી પણ ઠીકઠીક ઊંડાણમાં મૂકેલા અવશેષો બુદ્ધના શરીરાવશેષ હતા કે બીજા કોઈ પ્રકારના અવશેષ હતા તે ખબર નથી. કોતરેલા અને ઘડેલા પાષાણના ટુકડા પણ અહીંથી મળ્યા છે જે સ્તૂપના મથાળાના છત્રના અથવા તો સ્તૂપની ચારેબાજુની પાષાણની વેદિકા (railing)ના પણ હોઈ શકે. અહીંથી મળેલા અવશેષો જૂનાગઢ મ્યુઝીયમમાં સચવાએલા છે.[2] (ચિત્ર નં. ૩).

સૌરાષ્ટ્રમાં ક્ષત્રપ-યુગમાં, આશરે ઈ. સ. બીજીથી ચોથી સદી આસપાસમાં, કોતરાએલી ઘણી ગુફાઓ મળી છે તેમાં ખાસ કરીને જૂનાગઢ, સાણા, તળાજા, ઢાંક અને ઝીંઝુરીઝરની ઘણા

---

૧. ક્રોનોલૉજી ઑફ ગુજરાત; પૃ. ૯૧-૯૨ ઉપરાંત જુઓ, ગિરજાશંકર આચાર્ય, ગુજરાત સમાચાર (અમદાવાદ), ઑક્ટોબર ૧૯૫૦ના અંકમાંનું લખાણ.

૨. ક્રોનોલૉજી ઑફ ગુજરાત, પૃ. ૯૦, પ્લેટ, ૧૫ બી.



ચિત્ર નં. ૧
બુદ્ધમૂર્તિ—દેવની મોરી



ચિત્ર નં. ૨
ઉપરકોટની ગુફાનું એક દૃશ્ય



ચિત્ર નં. ૩
બોરીઆ સ્તૂપના અવશેષ (જૂનાગઢ મ્યુઝિયમ)



ચિત્ર નં ૪
તળાજાની એભલમંડપની ગુફાનું પ્રવેશદ્વાર




ચિત્ર નં. ૫
ભગવાન બુદ્ધના શરીરધાતુ મૂકેલો સમુદ્ગક



ચિત્ર નં. ૬
દેવની મોરી—બુદ્ધનું મસ્તક



ચિત્ર નં. ૭
નગરાની વૈરોચન બુદ્ધની પ્રતિમા



ચિત્ર નં. ૮

ખંભાલીડાની ગુફાનું શિલ્પકામ

( ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતાના સૌજન્યથી )



ચિત્ર નં. ૯

જૂનાગઢ, બાવા પ્યારાના મઠના નામથી ઓળખાતી ગુફાઓ

( ભારત સરકારના પુરાતત્ત્વખાતાના સૌજન્યથી )



ચિત્ર નં. ૧૦
સાણાની ભીમશંકર ગુફામાં ચૈત્ય



ચિત્ર નં. ૧૧
બુદ્ધ-મૂર્તિ (અક્ષોભ્ય ?), ગાંધીસ્મૃતિ, ભાવનગર



ચિત્ર નં. ૧૨
બુદ્ધપ્રતિમા, ભૂજ મ્યૂઝિયમ-કચ્છ
(ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતાના સૌજન્યથી)



ચિત્ર નં. ૧૩
ઘોઘાના જૈન મંદિરમાંની બુદ્ધ-મૂર્તિ



ચિત્ર નં. ૧૪

તારા-દેવી (તારંગા–ઉત્તર ગુજરાત)

(ભારત સરકારના પુરાતત્ત્વખાતાના સૌજન્યથી)



ચિત્ર નં. ૧૬

લાટદેશે તારાપુરે તારા



ચિત્ર નં. ૧૮

લાટદેશે વુંકરાનગરે ચુન્દા



ચિત્ર નં. ૧૭

લાટદેશે કુરુકુલ્લાશિખરે કુરુકુલા

વખતથી જાણીતી છે. થોડાં વર્ષ પૂર્વે, પશ્ચિમ ભારત ખાતે પુરાતત્ત્વ વિભાગના વડા શ્રી. એમ. એન. દેશપાંડેએ તળાજામાં બીજી કેટલીક નવી ગુફાઓ પણ એ જ પહાડી ઉપર શોધી કાઢી હતી, અને ત્યાર પછી ઈ. સ. ૧૯૫૯માં સદ્દગત શ્રી. પી. પી. પંડ્યાએ મધ્ય સૌરાષ્ટ્રમાં, ગોંડલ પાસે, ખંભાલીડા પાસે કેટલીક બૌદ્ધ ગુફાઓ ખોળી કઢાડી.

જેતપૂર પાસે ચારેક માઈલ દૂર, ભાદરને મળતી એક નાની નદી કે વહેળા પાસે, **ખંભાલીડામાં બૌદ્ધગુફાઓ** જુદા જુદા પાંચ નાનાં નાનાં જૂથમાં કોતરાએલી મળી છે. પહેલા સમુદાયમાં સાત નાનીમોટી ગુફાઓ છે જે ભિક્ખુઓને રહેવાની ઓરડીઓ–વિહાર–હશે.

બીજા સમુદાયમાં ત્રણ ગુફાઓ છે, જેમાંની વચલી ચૈત્ય–ગુફા હતી. એની બહારની દિવાલ ઉપર બોધિસત્ત્વોના મોટા શિલ્પો કોતરેલા છે જ્યારે એના ચાપાકૃતિ (apsidalend) છેડાના ભાગે અંદર એક જીર્ણ સ્તૂપ છે. બોધિસત્ત્વો તરીકે ઓળખાતી આકૃતિઓમાં (જૂઓ ચિત્ર નં. ૮) એક બાજુ પદ્મપાણિ અવલોકિતેશ્વર અને બીજી બાજુ વજ્રપાણિ વૃક્ષ નીચે ઊભેલા બતાવ્યાં છે. આજુબાજુ પરિચારકો, સેવકોની બીજી આકૃતિઓ પણ છે.[1] પથ્થરની જાત અને હવામાનને કારણે આ શિલ્પો કંઈક જીર્ણ અને ખવાઈ ગયેલા છે, મુખાકૃતિઓ વગેરે કેટલોક ભાગ ખંડિત અને જીર્ણ છે પણ કટિ નીચેનો ભાગ ઠીક જળવાઈ રહેલો છે. વસ્ત્રપરિધાન વગેરેની શૈલી જોતાં આ શિલ્પને ચોથા સૈકાથી જૂનું ગણવું ઠીક નથી. ગુફા કદાચ વધુ જૂની હોય. પ્રાચીન ગુફાઓમાં ઘણી વખત એવું બને છે કે કોઈ દિવાલ ઉપર પાછળથી શિલ્પાકૃતિ કોતરી કાઢી હોય, પણ આવા કિસ્સાઓ સ્થળતપાસ ઉપરથી કેટલીક વખત પકડી પણ શકાય. આ ગુફાઓની સ્થળતપાસ મેં કરી નથી તેથી ચોક્કસ અનુમાન બાંધી શકતો નથી.

ત્રીજા, ચોથા અને પાંચમાં સમુદાયમાં થોડીક જ ગુફાઓ છે, કેટલીક બરોબર સાફ થઈ કે નહિં તે ખબર નથી.

**તળાજામાં ત્રીસ કરતાં વધુ ગુફાઓ** જડી છે. શેત્રુંજી નદીના મુખ પાસે, પહાડની અગ્નિ દિશા તરફની બાજુએ મળેલી આ ગુફાઓમાંની એક જે ખાસ પ્રખ્યાત છે તે સૌથી મોટી છે અને "**એભલમંડપ**"ના નામથી ઓળખાય છે. લગભગ ૭૫×૬૭ ફૂટની લંબાઈ પહોળાઇ-વાળી આ ગુફા આશરે ૧૭ ફૂટ ઊંચી છે. તેમાં રહેવાની નાની ઓરડીઓ કે વરંડાને મુખ્ય હૉલ (ઓરડા)થી જુદી પાડતી પડદી (દિવાલ) નથી. આગળના ભાગમાં (facade ઉપર) ચૈત્ય-ગવાક્ષની મોટી આકૃતિઓ છે અને તેની નીચે વેદિકાની (rail-pattern)ની પહોળી પટ્ટીની ભાત છે. (જૂઓ ચિત્ર નં. ૪). અહિં એક નાની ચૈત્ય-ગુફા પણ છે, જેમાં સ્તૂપનો ટોચ-ભાગ (capital) છત-છાપરાને અડકે છે. આવી રચના મહારાષ્ટ્રમાંની કરાડ, કૂડા, મહાડ, અને જુન્નરની ગુફાઓમાં નજરે પડે છે. આ ગુફા ઠીકઠીક જૂની, ઈ. સ. ની શરૂઆતના સમયની કે પહેલી સદીની લાગે છે. આ ગુફા બૌદ્ધ હોવાથી માન્યતા છે. તળાજાની ગુફાઓ પરની—ખાસ કરીને એભલમંડપ પરની—ચૈત્ય-ગવાક્ષની આકૃતિઓ વિશિષ્ટ પ્રકારની અને જૂનાગઢની બાવા પ્યારાના મઠ વાળી ગુફાના ચૈત્ય-ગવાક્ષની આકૃતિ કરતાં વધુ વિકસિત લાગે છે.[2]

---

૧. ઈન્ડિઅન આર્કયૉલૉજી-એ રિવ્યુ, ૧૯૫૮-૫૯, પૃ. ૭૦ અને પ્લેટ.

૨. સાંકળિયા, આર્કયૉલૉજી ઑફ ગુજરાત, પૃ, ૫૧-૫૨,

લગભગ આ જ સમયની, સૌરાષ્ટ્રમાં વાંકિયા પાસે **સાણા મુકામે આશરે ૬૨ ગુફાઓ** ( શૈલગૃહો ) મળે છે. એમાંથી સૌથી મોટી તળાજાના એભલમંડપ જેવી છે. છાપરાને–છતને ટેકો આપતા સ્તંભો ઉપર મોટા પૂર્ણઘટની આકૃતિઓ છે અને સ્તંભોની કુંભીઓ નાસિકમાંની નહવાનની ગુફાની કુંભીઓ જેવા ઘાટની છે. અહિની ચૈત્ય-ગુફામાં આઠ ફુટના વ્યાસનો, સાદો અલંકરણ સુશોભન વિનાનો, સ્તૂપ છે ( ચિત્ર નં. ૧૦). આ ચૈત્ય ગુફા ૧૮ ફૂટ પહોળી × ૩૧ ફૂટ ઊંડી × ૧૩ ફૂટ ઊંચી છે. ગુફામાં પ્રદક્ષિણામાર્ગ નથી. આ ગુફા પણ બૌદ્ધ ગણાય છે.[૧]

સૌરાષ્ટ્રમાં, જૂના ગોંડલ રાજ્યમાં, **ઢાંક પાસે** કેટલીક ગુફાઓ છે. આમાં ઢાંક ગામ નજીકની, પહાડ ઉપર કોતરેલી કેટલીક શિલ્પાકૃતિઓ અને તે સાથેની નાની ગુફા જે બૌદ્ધ મનાતાં તે તો જૈન છે એમ ડૉ. સાંકળિયાએ પૂરવાર કર્યું છે; પણ ઢાંકની પશ્ચિમે લગભગ પાંચ માઈલ દૂર સિદ્ધસર પાસે **ઝીંઝુરીઝાર** નામની નાની ખીણમાં બીજી કેટલીક ગુફાઓ છે જે બૌદ્ધ મનાય છે, તેમાંની એક હજુ કંઈક સારી હાલતમાં છે અને તેમાં જૂની ઢબની પહોળી પટ્ટીની વેદિકાની ભાત પણ છે. કેટલાક લેખો મળ્યા છે તેના આધારે એ ગુફા આશરે બીજી સદીની મનાય છે.[૨]

ક્ષત્રપોના રાજ્યકાલમાં ગુજરાતમાં બૌદ્ધધર્મનો ઠીક ઠીક પ્રચાર હતો એનો વધુ પુરાવો–અને વધુ અગત્યનો તથા સચોટ પણ—હમણાં હમણાં વડોદરા વિશ્વવિદ્યાલયના પુરાતત્ત્વ ખાતાએ કરેલા ઉત્ખનને પૂરો પાડ્યો છે. ગુજરાતના ઇશાન ખૂણે સાબરકાંઠા જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ તીર્થ શામળાજીની જોડાજોડ મેશ્વો નદીને સામે કાંઠે, શામળાજીને અગ્નિ ખૂણે દેવની મોરી નામનું ગામ છે ત્યાં ભોજરાજાના ટેકરા નામે ઓળખાતો ટેકરો હતો. આના મથાળે થોડો ભાગ સુરખીની તપાસ માટે ખોદેલો તેમાં પ્રાચીન ઈંટોનું ચણતર દેખાતું અને ટેકરો કોઈ દટાએલા સ્તૂપ જેવો દેખાતો હોવાથી એમાં કોઈ સ્તૂપ મળી આંવવાની શંકા પરથી ખોદતાં સ્તૂપ તથા તેની બાજુમાં એક મોટો વિહાર મળી આવ્યો. ઉપરાંત ત્યાં બીજા વિહારો પણ સ્તૂપની આજુબાજુમાં છે પણ સંજોગવશાત્ એ બધા અવશેષો ખોદી શકાયા નહિ. આ સ્થળ નાગાર્જુનીકોંડા માફક એક વિશાળ સરોવર અને બંધની યોજનામાં ડૂબી જવાનું હોવાથી અહીં હજુ વધુ ખોદકામ આવશ્યક હતું અને છે, એ તો મળેલા અવશેષો પરથી તેના અભ્યાસી વિદ્વાનો સમજી શકે છે. કમનસીબે આ ઉત્ખનન ઘણું મોડું શરૂ કરવામાં આવ્યું અને પૂરતા પૈસાના અભાવે બધું ખોદી શકાયું નહિ છતાં જે થયું તે માટે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયને ધન્યવાદ ઘટે છે.

**દેવની મોરીનો મહાવિહાર**[૩] ઈંટોરી બાંધકામ છે, તેનો એક વખત સંપૂર્ણ જીર્ણોદ્ધાર થયો હશે, કારણ કે મૂળ વિહારની ફર્શબંદી પર તેમ જ ભીંતોની બહાર, માટી પૂરીને તેનો

---

૧. સાંકળિયા, આગુ., પૃ. ૫૨.

૨. સાંકળિયા આગુ; પૃ. ૫૨-૫૩,: બર્જેસ, આર્કયોલૉજીકલ સર્વે, વેસ્ટર્ન ઈન્ડિયા વૉ. ૨, પૃ. ૧૫૨. સાંકળિયા, ઢાંક કેવ્ઝ, જર્નલ ઑફ ધ રૉયલ એશિઆટિક સોસાઇટિ, લંડન, ઈ. સ. ૧૯૩૮, પૃ. ૪૨૬-૩૦.

૩. રમણલાલ નાગરજી મહેતા, ગુજરાતમાં બૌદ્ધ મહાવિહાર, કુમાર, અંક ૪૭૧, પૃ૦ ૯૩-૯૮. એસ. એન. ચૌધરી, જર્નલ ઑફ ધ ઓરિએન્ટલ ઈન્સ્ટીટયૂટ, વડોદરા, વૉ. ૯, પૃ. ૪૫૧-૪૫૯, રમણલાલ મહેતા અને એસ. એન. ચૌધરી, જર્નલ ઑફ ધ ઓરિએન્ટલ ઇન્સ્ટીટયૂટ, વડોદરા, વૉ. ૧૨ પૃ. ૧૭૩-૧૭૬.

જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. એ ૧૫૦×૧૬૦ ફૂટ લાંબા પહોળા વિહારની વચ્ચે ચોક છે જેની આજુબાજુ ભિક્ખુઓને રહેવાની ઓરડીઓના અવશેષો છે. (જૂઓ આ અંકના પાછલા પૂંઠા પરનું ચિત્ર). ઉત્તરાભિમુખ પ્રવેશદ્વારની સામે ચોકમાં વિહારની અંદરનું નાનું ચૈત્ય અથવા મંદિર છે, જેની ફર્શબંદી પથ્થરની હતી. વિહારની બહાર ચારે તરફ ફરતો ઓટલો હતો જે કદાચ પાછળથી પણ બનેલો હોય. વિહારના બહારના ભાગ પર ઓછામાં ઓછા બે વખત ફેરફાર થયાના એંધાણ મળે છે. વ્યાખ્યાન માટેની વિશિષ્ટ રચના પણ વિહારમાં નજરે પડે છે.

વિહારની બહારનાં ખેતરો જેમાં પણ ઈમારતોના અવશેષો છે અને જેમાં બીજા કેટલાક વિહારો દટાયેલા હોવાનો સંભવ છે તે પૈકી એકમાંથી બૌદ્ધ-દેવ જંભલની નાની આકૃતિ જડી આવી છે.

મળેલા ઉત્કીર્ણ લેખ (જેની હકીકત નીચે આપી છે તે) પરથી એમ લાગે છે કે પહેલા અહીં વિહાર હતો અને પછી તેને આશ્રયે સ્તૂપ બંધાયો. સ્તૂપનું બાંધકામ સંપૂર્ણ ઈંટોરી છે. એ મહાસ્તૂપ કહેવાતો. સાધુ અગ્નિવર્મા અને સુદર્શન નામક બૌદ્ધ સાધુઓએ મળી **વિહારની ઉત્તરે બંધાવેલા આ સ્તૂપમાંથી ભગવાન બુદ્ધના શરીરાવશેષ મળ્યા હોવાથી આ સ્તૂપ એક વખતે પ્રસિદ્ધ તીર્થ અને યાત્રાધામ હશે.**

આજે આ સ્તૂપ ભગ્નાવશેષ થયેલો મળી આવ્યો હોવાથી તેની બહારની રચના કેવી હતી તે નક્કી કરવા માટે પૂરતા પૂરાવા ઉપલબ્ધ નથી. તેથી તે માત્ર એક પ્રદક્ષિણામાર્ગ અને પીઠિકાવાળી રચના હતી કે તેની ઉપર બે પીઠિકાઓ હતી તે તેમ જ એવી બીજી કેટલીક હકીક્તો સ્પષ્ટ થતી નથી. આજની પરિસ્થિતિમાં તેની નીચેની પીઠિકા, પ્રદક્ષિણામાર્ગ અને તેની ઉપરનો ગોખ, કુંભીવાળી બીજી પીઠિકાનો કેટલોક ભાગ સરળતાથી સમજાય છે. બાકીનો ઘણો ભાગ તૂટી ગયો હોઈ સ્તૂપની રચનાના ઘણા સવાલોના જવાબ આપી શકાય તેમ નથી. પણ સ્તૂપને જુદી જુદી આકૃતિઓ, અલંકરણો વગેરેથી ઘણો સુશોભિત કરવામાં આવ્યો હતો તે મળેલા અવશેષો પરથી સ્પષ્ટ થાય છે.

યુનિવર્સિટીના પુરાતત્ત્વખાતાના વડા ડૉ. રમણલાલ મહેતાના શબ્દમાં કહીએ તો: "મહાસ્તૂપની નીચેની પીઠિકાના મધ્યભાગે નાની થાંભલીઓ હતી. તેની કુંભી, સ્તંભ અને શરાં સુડોળ હોઈ શરાં તો ખુબ સુશોભિત છે. એ સુશોભનો ગાંધાર અને પાશ્ચાત્ય શૈલીની યાદ આપે છે. સ્તૂપની દરેક બાજુએ આવી થાંભલીઓ હતી તે પૈકી દક્ષિણ બાજુએ દશ થાંભલી હોવાના પુરાવા છે. પશ્ચિમ બાજુ પર પણ આવા પુરાવા છે. પરંતુ સ્તૂપના ખૂણા તૂટી ગયા છે. જો તૂટેલા ખૂણા પર બે બાજુ પરથી જોઈ શકાય એવી થાંભલીની કલ્પના કરવામાં આવે તો સ્તૂપની નીચેની પીઠિકા બાર થાંભલીવાળી હતી એમ કહી શકાય. આ મનોરમ શરાંવાળી થાંભલીઓ ભીંતને વિભક્ત કરીને તે જ છાયાને બળે સ્તૂપને વધુ રમણીય બનાવતી અને પ્રથમ પીઠિકાની કેવાલ તો સ્તૂપના સૌંદર્યમાં ખૂબ વધારો કરતી. આ કેવાલને સુશોભિત કરવા માટે ત્રણ પ્રકારનાં સુશોભનો વાપર્યાં છે.

સૌથી નીચેનું સુશોભન નાના ચોરસોનું છે. આ ચોરસોમાં એક કોતરેલો અને એક કોતર્યા વગરનો હોઈ આ તદ્દન સાદો જણાતો ઘાટ વિશાળ પટ્ટીમાં હોય ત્યારે રમણીય લાગે છે. આ સમતલ

ઘાટ ઉપર સુશોભનોનો બીજો ઘાટ વેલભાતનો છે. મોટા પાંદડા અને વચ્ચે ગોળાવાળી આ મનોરમ વેલનું ઉદ્ભવસ્થાન પણ પાશ્ચાત્ય હોવાનું અનુમાન થઈ શકે એમ છે. પ્રથમ સુશોભન કરતાં તે સહેજ આગળ આવતું સુશોભન છે. તેની ઉપર ત્રીજું સુશોભન ટોડલાનું છે. હારબંધ મૂકેલા આ ટોડલાઓ પ્રથમ બન્ને સુશોભનો કરતાં વધારે આગળ આવીને સુશોભિત દેવાલને ઐક્ય બક્ષે છે. આ ત્રણે સુશોભનો ઈંટોમાં બનાવેલા છે. માત્ર ગણત્રી ખાતર કહીએ તો આ ત્રણ સુશોભનોની પટ્ટી લાંબી મૂકવામાં આવે તો તે ૧૦૩૨ ફૂટ એટલે કે આશરે દોઢ ફર્લાંગ લાંબી થાય."[૧]

દેવાલને મથાળેથી, પ્રથમ પીઠિકા ઉપર પ્રદક્ષિણાપથ છે. પ્રદક્ષિણાપથ ઉપર જવાના પગથિયાં નથી, પણ એક અનુમાન એ થાય છે કે કદાચ પૂર્વ બાજુ હોય.

સ્તૂપનો સૌથી રમણીય ભાગ તે એની બીજી પીઠિકા હતી. જો કે તેનો ઘણોખરો ભાગ તૂટી ગયો છે પણ બચેલા અવશેષો પરથી એનો કંઈક ખ્યાલ આવે છે. આ પીઠિકાના કુંભાની ઉપર સ્તૂપના કટિભાગ ઉપર દરેક બાજુએ ગોખ મૂકવામાં આવ્યો હતો. આ ગોખને સુંદર કુંભી, સ્તંભો અને કમાનોથી અલંકૃત કરવામાં આવ્યો હતો. આમાં જુદીજુદી ભાતમાં અલંકરણો (motifs) હતાં જેનો ઝીણવટભર્યો અભ્યાસ કરવાથી માલુમ પડે છે કે ગુપ્તયુગની ગંગાયમુના વચ્ચેના પ્રદેશની અને સારાયે મધ્ય દેશની કલા વિષે જે એમ માનવામાં આવે છે કે સારાયે ઉત્તર ભારતમાં અને દક્ષિણમાં અજન્ટા, ઈલોરા સુધી જે સુંદર ચિત્ર અને શિલ્પકલા મળે છે તે બધાં ગુપ્તકલાના, એની અસરનાં, એની પરંપરાના થયેલા, એના વંશજો છે, અને કલાવશેષોમાંના મોટા ભાગના સુંદર તત્ત્વોનું મૂળ ગુપ્તકલા છે તે હવે ફરી વિચારવું પડશે. આ બધા કલાવશેષોમાંના બધા અલંકારો (motifs) મૂળે ગુપ્ત ના પણ હોય. ક્ષત્રપ અને કુષાણ રાજાઓના સમયમાં કેટલાંક સુંદર સુશોભનો (motifs) શરૂ થયેલા અને સારી રીતે પ્રચલિત થયેલાં હતાં એ આ સ્તૂપના અવશેષો સાબિત કરે છે. ગુપ્તકલાની પાર્શ્વભૂમિકામાં, પ્રાચીન ભારતની મધ્ય પ્રદેશની, સાંચી ભરહુતમાં મળતી કલા અને ક્ષત્રપો અને કુષાણોના રાજ્યવિસ્તારમાં વિકસેલી કલા છે એનો બરાબર ખ્યાલ રાખીએ તો ગુપ્તયુગીન કલામાં, ગુપ્તોનો કે તેમના રાજ્યાશ્રયનો કેટલો હિસ્સો હતો તેનો વધારે સાચો ખ્યાલ આવશે. બિકાનેરના સુરતગઢ, કાલિબંધા, હનુમાનગઢ, મુન્દા, પીર સુલતાન કી થેરી, વગેરે સ્થળોએથી મળેલા માટીકામના ફલકો,[૨] દેવની મોરીના બૌદ્ધ અને મથુરાના બૌદ્ધ, જૈન અને હિંદુ કુષાણકાલીન અવશેષો વગેરે આ વિષયમાં ઘણો પ્રકાશ ફેંકે છે. તેમાં પણ દેવની મોરીના સ્તૂપના અવશેષો તો ભારતીય કલાના ઇતિહાસમાં એક નવો દૃષ્ટિકોણ રજૂ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

આ મનોહર ગોખની આજુબાજુની જગ્યામાં પ્રથમ પીઠિકા જેવી થાંભલીઓ અને તેની વચ્ચે ચૈત્ય-ગવાક્ષોનાં સુશોભનોની અંદર બૌદ્ધ પ્રતિમાઓ સ્થાપવામાં આવી હતી. તદુપરાંત કેટલાક ગવાક્ષોની મધ્યે ગોળાકાર સુશોભનો હતાં, જ્યારે બીજા ગવાક્ષોમાં ગણ કે ગ્રાસ ગણાય

૧. રમણલાલ મહેતા, ગુજરાતમાં બૌદ્ધ મહાવિહાર, કુમાર, અંક ૪૭૧, પૃ. ૯૫.

૨. આ બધાની ચર્ચા તથા ચિત્રો માટે જૂઓ ઉમાકાન્ત પી. શાહ, ટેરાકોટાઝ ફ્રૉમ ધ બિકાનેર સ્ટેટ, લલિતકલા, નં. ૮, પૃ. ૫૫-૬૨ અને પ્લેટ્સ.

એવાં મુખો હતાં. આ સુશોભનોની રમણીયતામાં વધારો કરવા ચોરસ સુશોભિત ઈંટો વપરાતી અને તેના ઉપર સાદા ચોરસ (અંગ્રેજી ચૅકર પૅટર્ન), શંખ, ગ્રાસ, પાન, ઇત્યાદિની ભાત તથા આકૃતિઓ કંડારાએલી છે.

પ્રત્યેક ગોખની મધ્યમાં, માટીની બનાવેલી, માટીના ફલકની પશ્ચાદ્ભૂ ઉપર ઉપસાવેલી, કંડારેલી (અને પછી પકવેલી) બુદ્ધની ધ્યાનસ્ત મૂર્તિઓ બિરાજેલી હતી (જૂઓ પૂંઠા પરનું ચિત્ર). જેથી સ્તૂપની પ્રદક્ષિણા કરવા માટે પ્રદક્ષિણાપથ ઉપર ફરતાં ફરતાં ઉપાસકો તેમ જ શ્રમણોની દષ્ટિ, જ્ઞાન, અનુકમ્પા અને કારુણ્યના પ્રભાવનિધિ એવા સમ્યક્સંબુદ્ધ તથાગત ભગવાનનાં ચરણકમળ પર રહે અને તેમના ઉપર સમ્યક્સંબુદ્ધ દશબલ શાક્યમુનિની મુક્તિ અને કરુણાયુક્ત દૃષ્ટિ પડે.

માટીની આ પ્રતિમાઓ બનાવી સ્થાનિક કલાકારોએ ઉચ્ચ કલાનાં સોપાન સિદ્ધ કર્યાં છે. આશરે બે ફૂટ જેટલી ઊંચાઈની આ પ્રતિમાઓ દૂરથી એકસરખી લાગે પણ સૂક્ષ્મ અવલોકન કરતાં જણાશે કે વસ્ત્રો, આસનો તેમ દેહયષ્ટિનું વૈવિધ્ય કલાકારોએ રજૂ કર્યું છે. બુદ્ધ ભગવાનનું ઉત્તરીય કેટલીક પ્રતિમાઓમાં બેઉ ખભા અને હાથ ઢાંકીને અંગ ઉપર ઓઢેલું છે, જ્યારે કેટલીકમાં જમણો હાથ તથા ખભો ખુલ્લાં છે. પહેલી ઢબ ગાંધાર કલાને નામે ઓળખાતી કલામાં વધુ પ્રચાર પામેલી અને જાણીતી છે. ઉત્તરીય ઓઢ્યા પછી એના જે વળ (વલ્લી=folds) પડે તે જુદી જુદી મૂર્તિઓમાં જુદી જુદી રીતે બતાવ્યા છે. કેટલીકમાં ઉત્કીર્ણ બેવડી રેખા વડે, કોઈમાં ઉપસાવેલી રેખા વડે ઇત્યાદી. મસ્તક ઉપરના કેશ દક્ષિણાવર્ત નાના ગુંચળામાં બતાવ્યા છે, અથવા કેટલીક પ્રતિમામાં ઊભા ઓળેલા છે (ચિત્ર નં. ૬). મુખાકૃતિ પણ જુદી જુદી છે. કેટલીક મુખાકૃતિ ગુપ્તયુગની સુંદર બુદ્ધ પ્રતિમાઓની યાદ આપે છે. કેટલીક મથુરાની કુષાણકાળની ત્રીજા સૈકા આસપાસની પ્રતિમાઓની યાદ આપે છે. કેટલીક પ્રતિમાઓમાં મસ્તક ઉપર ઉષ્ણીષનો આકાર છે, બીજીમાં નથી. આ બધી પ્રતિમાઓ તેમ જ સ્તૂપના જુદા જુદા ભાગ પરના જુદા જુદા અલંકરણોના પ્રકાર વગેરે ઝીણવટભર્યો અભ્યાસ માંગી લે છે.

આ "મહાસ્તૂપ"ની રચનાનો ત્રીજો ભાગ તેની ઉપરનો અર્ધગોળ અંડ છે. એ બહારથી વર્તુળાકાર દેખાય છે, પરંતુ તેનો ઘણો ભાગ તૂટી ગયેલો હોવાથી તેની મૂળ પહોળાઈ અને તેના દેખાવ વિષે સ્પષ્ટ અનુમાન કરવું અઘરું થઈ પડયું છે, તેમ જ બીજા સ્તૂપો સાથે સરખામણી કરવાનું પણ મુશ્કેલ બન્યું છે. સ્તૂપની ઉપરની હર્મિકા અને છત્રયષ્ટિ તદ્દન નાશ પામ્યાં છે અને તેનાં કોઈ અવશેષ મળ્યાં નથી.

પણ સ્તૂપની અંદરની બાંધણી અણીશુદ્ધ રહી છે. સ્તૂપના અંડના કેન્દ્ર ઉપર એક ચોરસ રચના કરીને તેની આજુબાજુ વલયો (volutes) રચવામાં આવ્યા છે, એટલે કે ઈંટો એ રીતે ચણાઈ છે. આ વલયોની બાજુઓ પહોળી અને એક બાજુ અણીઆળી બનાવીને તેને પીપળાનાં પાનનો ઘાટ આપવામાં આવતો. આખી યે રચના જુદી દિશામાં ફરતી રહે એમ જુદા જુદા થરો ગોઠવતા.

આવાં પીપળાનાં પાનનાં ઘાટવાળાં વલયોની વચ્ચે આ સ્તૂપ જેના અંગે બંધાયો તે બુદ્ધના શરીરાવશેષનું પાત્ર અથવા દાબડો (ચિત્ર નં. ૫) મૂકવામાં આવ્યો હતો. આ

આ દાબડાને માટીના ( ઉપરથી તૂટેલા ) ઘડાની વચ્ચે મૂકીને ઈંટોરી ફર્શબંદી ઉપર મૂકેલો હતો. પારેવા પથ્થરનો, સાત ઈંચ વ્યાસ અને પાંચ ઈંચ ઊંચાઈનો આ દાબડો સંઘાડા પર ઉતારીને બનાવવામાં આવ્યો હતો. તેનું ઢાંકણું, ઢાંકણાની ટોચ પરનો ગોળો અને દાબડાનો મુખ્ય ભાગ અલગ અલગ બનાવવામાં આવ્યા છે.

આખાયે ઢાંકણા પર, બહાર, બાજુ પર અને અંદરના ભાગ પર ઈ. સ.ની શરૂઆતની સદીઓમાં વપરાતી બ્રાહ્મી લિપિમાં, પાલી ભાષામાં ' નિદાનસૂત્ર ' અથવા પ્રતીત્યસમુત્પાદનો બૌદ્ધધર્મનો વિખ્યાત સિદ્ધાન્ત કોતરેલો છે. આ સૂત્ર બીજા સ્તૂપોમાંથી પણ મળી આવ્યું છે. બાર નિદાનોની ઉત્પત્તિ અને નિરોધની વાત એમાં દર્શાવી છે.

પણ ખરો ઐતિહાસિક મહત્ત્વનો લેખ તો દાબડાની બહારની બાજુ ચારે તરફ અને તળિયાના બહારના ભાગ ઉપર પૂરો થતો સળંગ લેખ છે જે પ્રથમ આછા અક્ષરોએ લખી પછી જરા ઊંડા અક્ષરો કોતરી સુંદર ઉઠાવદાર બનાવવામાં આવ્યો છે. ( જૂઓ ચિત્ર નં. ૫ ) લેખનું વાંચન નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે :—

**नमस्सर्वज्ञाय ॥**

ज्ञानानुकम्पाकारुण्यप्रभावनिधये नमः ।
सम्यक्संबुद्ध अ( सू )र्य्याय परवादितमोनुदे ॥

सप्ताविंशत्यधिके **कथिकनृपाणां** समागतेब्दशते ।
भद्रपदपंचमदिने नृपतौ श्रीरुद्रसेने च ।
कृतमवनिकेतुभूतम्महाविहाराश्रये **महास्तूपम्** ।
सत्वानेकानुग्रहनिरताभ्यां शाक्यभिक्षुभ्यां ।
साध्वग्निवर्म्मनाम्ना सुदर्शनेन च विमुक्तरंध्रेण ।
**कार्म्मान्तिके** च **पाशान्तिकपल्लौ** शाक्यभिक्षुकावत्र ।
**दशबलशरीरनिलयश्शुभशैलमयः स्वयं वराहेण** ।
कुट्टिमकतो कृतोयं समुद्‌गकस्सेनपुत्रेण ॥

महासेनभिक्षुरस्य च कारयिता विश्रुतः समुद्‌गस्य ।
सुगतप्रसादकामो त्वृद्धयर्थं धर्मसङ्घाभ्यां ॥

લેખ સર્વજ્ઞને નમસ્કાર કરી શરૂ થાય છે. ત્યારબાદ જ્ઞાન, અનુકમ્પા અને કારુણ્ય-પ્રભાવ-નિધિ જે સમ્યક્સંબુદ્ધ અને પરવાદિ રૂપી અંધકારનો નાશ કરનાર આર્ય છે તેમને નમસ્કાર કરવામાં આવ્યા છે. ત્યારપછીના લખાણનો સાર આમ છે—**કથિક રાજાઓના** ૧૨૭મા વર્ષમાં નૃપતિ રુદ્રસેન રાજ્ય કરતા હતા ત્યારે ભદ્રપદ ( માસ )ના પાંચમા દિને મહાવિહારના આશ્રયે અવનિકેતુ જેવા મહાસ્તૂપની રચના થઈ. આ સ્તૂપ સાધુ અગ્નિવર્મા અને સુદર્શન નામના બે શાક્યભિક્ષુઓએ **કાર્મ** અથવા **કર્મ**ની અન્તિકે ( નજીકમાં ) **પાશાન્તિક પલ્લિ**માં બનાવડાવ્યો. પછી દશબલ ( બુદ્ધ )ના શરીરનું આ શુભપાષાણનું નિવાસસ્થાન સ્વયં સેનપુત્ર વરાહે કુટ્ટિમકમાં મૂક્યું. આ પથ્થરનો દાબડો મહાસેન નામના ભિક્ષુએ બનાવડાવ્યો.

ઉપરના લેખનો "કાર્મ્માન્તિક" શબ્દ એક જ ગણવો કે ગામનું નામ કરમા ગણવું એ ભાષાશાસ્ત્ર અને સ્થળ-નામનો વિશિષ્ટ અભ્યાસ માંગી લે છે. આ નામ દેવની મોરી પાસેના શામળાજીનું જૂનું નામ છે તે તો સ્પષ્ટ સમજી શકાય છે. શામળાજીનું તળાવ આજે ય "કરમાણુ" તળાવ કહેવાય છે અને એને વૈષ્ણવ ભક્ત કરમાબાઈ સાથે સાંકળી એને કરમાબાઈના તળાવ તરીકે પણ આમ સમાજ ઓળખાવે છે તેથી એ તળાવમાં શામળાજીનું મૂળ નામ "કરમા" ( કર્મ ) સચવાઈ રહ્યું છે એવો અભિપ્રાય બંધાય છે. પાશાન્તિકપલ્લિ એ આજે દેવની મોરી નામે ઓળખાતા વિહાર અને સ્તૂપવાળા આ જૂના નાના ગામનું મૂળ નામ હશે.

કથિક રાજાઓ કોણ હતા તેની ચર્ચા કરવાની રહે છે પણ તે તથા તેમના ૧૨૭મા વર્ષને કયા સંવત સાથે જોડવું વગેરે વિસ્તૃત ચર્ચાનો વિષય છે એટલે હાલ આપણે વિસ્તારભયે એ છોડી દઈએ. એટલું જણાવવું ઠીક રહેશે કે આ દાબડો જ્યારે મળ્યો ત્યારે એના ઉપર જે કાંઈ લેખો જુદા જુદા વિદ્વાનો એ લખ્યા તેમણે કથિક રાજાઓના ૧૨૭મા વર્ષને શક સંવત સાથે જોડી ૧૨૭+૭૮=૨૦૫ ઈ.સ.માં આ સ્તૂપ રચાયો એમ અર્થ ઘટાવ્યો હતો, અને રુદ્રસેન રાજા તે પશ્ચિમ ભારતના ક્ષત્રપ રાજાઓ ( જેમને કાર્દમક વંશના કહેવામાં આવે છે )ના વંશમાં થયેલા રુદ્રસેન પહેલા ગણવામાં આવ્યા હતા.[૧]

પણ અત્યારે તે આપણે આ અંગે એટલું જ જાણવું બસ થશે કે સ્તૂપ જે હાલતમાં મળ્યો છે તે તથા મળેલા અવશેષોનો અભ્યાસ કરતાં એમ લાગે છે કે એને છેવટમાં છેવટ ઈ. સ.ની ચોથી સદીના ઉત્તરાર્ધમાં મૂકી શકાય. બુદ્ધના અવશેષનું પાત્ર જ્યાંથી મળ્યું તેના ઉપરના ભાગમાં ચણતર વચ્ચે ભગવાન બુદ્ધની એક માટીની આકૃતિ ચણી લેવામાં આવેલી મળી છે (જૂઓ ચિત્ર નં. ૧ ) તેની કલા અને સ્તૂપના બહારના ભાગમાં પ્રદક્ષિણા માર્ગમાંના ગોખમાંથી મળતા શિલ્પોની કલા એક લાગે છે અને આ બધા કલાના નમૂનાને ચોથી સદીના ઉત્તરાર્ધથી વધુ પ્રાચીન માનવાનું હાલ ઠીક નથી લાગતું.

તો પણ ગુજરાતમાં ઈ. સ.ના ચોથા સૈકાના અંત ભાગમાં સર્જાયેલી આ કલાકૃતિઓ ગુજરાતની ક્ષત્રપયુગની સંસ્કૃતિનું મનોહર ચિત્ર રજૂ કરે છે. જ્યારે મધ્યદેશની ગુપ્તકલાની સીધી અસર અહિ નહોતી ત્યારે આ સ્તૂપ બન્યો છે. ચંદ્રગુપ્ત બીજાએ ઈ. સ. ૩૯૫-૪૦૦ આસપાસ ક્ષત્રપોને હરાવ્યા મનાય છે. એ પહેલાં આ પ્રદેશ પર ગુપ્તોનો અધિકાર જ ન હોતો.

બીજું, શામળાજી અને દેવની મોરી આસપાસથી જે પ્રાચીન હિંદુ પ્રતિમાઓ મળી છે તેમાંથી કેટલીક પ્રતિમાઓને ઈ. સ. ૪૦૦ આસપાસની મેં ગણી હતી.[૨] શિલ્પશૈલીના ગુજરાત

---

૧. આ લેખ ઘણો મહત્ત્વનો છે. સ્તૂપના ખોદકામનો સત્તાવાર હેવાલ હજુ બહાર પડયો નથી ત્યાં સુધી એ અંગે યુનિવર્સિટીના પુરાતત્ત્વખાતાના અધિકારી સિવાયના બીજા કોઈએ વિગતવાર નવી હકીકતો બહાર પાડી ચર્ચા કરવી એ પુરાતત્ત્વખાતાના સૌજન્યનો ગેરલાભ ઉઠાવ્યા બરાબર ગણાય એટલે એમાંની અમુક નવી વિગતો જાણવા છતાં એ મારા મિત્ર ડૉ. રમણલાલ મહેતા પોતે ચર્ચે નહિ ત્યાં સુધી હું નહિ ચર્ચું, પણ એઓએ જે વસ્તુ જાહેર કરી છે તે જ જણાવીશ. તે એ કે આ સ્તૂપ અત્યારે જે હાલતમાં મળ્યો તે હાલતમાં એને ઈ. સ.ના ચોથા સૈકાના ઉત્તરાર્ધમાં મૂકવામાં આવ્યો છે.

૨. જૂઓ ઉમાકાન્ત પ્રે. શાહ, સ્કલ્પચર્સ ફ્રોમ શામળાજી એન્ડ રોડા, પૃ. ૧૧૭-૧૩૪, ચિત્ર ૧૦, ૧૨-૧૪, ૨૩, ૨૫, ૩૫-૩૮, ૪૨.

રાજસ્થાનના જુદા જુદા નમૂના તેના વિકાસ વગેરેની દષ્ટિએ આ અનુમાન બાંધ્યું હતું. દેવની મોરીના સ્તૂપના અવશેષોએ હવે એ સિદ્ધ કરી આપ્યું છે કે ક્ષત્રપ યુગમાં, નિદાન ઈ. સ.ના ત્રીજા ચોથા સૈકામાં આ પ્રદેશમાં કલાસર્જન એ કોટિએ પહોંચ્યું હતું કે જે સારા ઉત્તર ભારતની તત્કાલીન કલાકૃતિઓની હારમાં બેસી શકે અને એ જ સમયમાં અહીં જે શૈવપાશુપત સંપ્રદાયની પ્રતિમાઓ વગેરે થઈ એમ માનવામાં આવ્યું હતું તે બિલકુલ વ્યાજબી જ હતું. મારા મિત્ર ડૉ. રમણલાલ મહેતાએ મારી વિનંતિને માન આપી મારી હાજરીમાં જ દેવની મોરીમાંના એક પ્રાચીન શિવલિંગવાળા ખંડિત દેવાલયના પાયા ખોદી એના પૂરાવા મેળવી આપ્યા કે અહીં જે સમયમાં જે જાતની ઈંટોના બૌદ્ધ વિહાર અને સ્તૂપ બન્યા, બરાબર તેવી જ ઈંટોના તે સમયના શૈવમંદિરના પાયા પેલા શિવલિંગના મંદિરના પાયાની નીચે મોજૂદ હતા.

જૈન અનુશ્રુતિ પ્રમાણે **ઈ. સ. ૩૫૮ આસપાસ ભરુચમાં બૌદ્ધોનું જોર હતું.** જિનાનંદ નામના એક જૈન આચાર્યને બૌદ્ધ આચાર્ય બુદ્ધાનંદ સાથે ભરુચમાં થએલા વાદની શરત પ્રમાણે વાદમાં હારેલા જૈન આચાર્ય જિનાનંદને ભરુચ છોડવું પડયું. આ જિનાનંદ સૂરિને એક દુલ્લહદેવી (દુર્લભદેવી) નામે બહેન હતી. એ બહેનના ત્રણ પુત્રો અજીતયશા, યક્ષ અને મલ્લ નામે હતા. આ બધાય વલ્લભી ગયા. દુર્લભદેવીના ત્રણે પુત્રો વિદ્યાભ્યાસ કરી વાદી થયા. મલ્લવાદીએ નયચક્ર ગ્રન્થ રચ્યો. મલ્લવાદીએ બુદ્ધાનંદ સાથે વાદ કરી તેને હરાવ્યો અને બુદ્ધાનંદ મરી ગયો. ભરુચના રાજાએ જિનાનંદને માનપુરઃસર ભરુચમાં પાછા બોલાવ્યા. ભદ્રેશ્વરસૂરિરચિત અપ્રસિદ્ધ કહાવલીમાં આ કથાનક વિસ્તારપૂવક આપ્યું છે. કહાવલીકારે મલ્લવાદીનો સમય આપ્યો નથી પણ બીજા ગ્રન્થો પ્રમાણે વીરાત્ ૮૮૪માં મલ્લવાદીએ બૌદ્ધોનો વાદમાં પરાજય કર્યો.[૧]

**ઈ. સ.ના ચોથા સૈકામાં** સૌરાષ્ટ્રમાં બૌદ્ધધર્મનો સારો પ્રચાર હશે. આ સૈકાનો એક શિલાલેખ અલ્હાબાદ પાસે કોસમ (પ્રાચીન કૌશામ્બી નગરી)માંથી મળ્યો છે જે મહારાજ વૈષ્ણવના રાજ્યકાલમાં **સૌરાષ્ટ્રના એક વેપારીના પૌત્રે કૌશામ્બીમાં, ભગવાન બુદ્ધ પ્રત્યેની ભક્તિપૂર્વક એક પાષાણનું છત્ર અર્પણ કર્યાનું** જણાવે છે.[૨]

## ગુપ્ત અને મૈત્રકયુગ

ક્ષત્રપો પછી ગુજરાતનો કેટલોક ભાગ ત્રૈકૂટકોના હાથમાં ગયો જણાય છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ને સૌરાષ્ટ્રમાં કુમારગુપ્ત પહેલાનું શાસન હતું ત્યારે દાહસેનના પિતા ઇન્દ્રદત્તનું શાસન દક્ષિણ ગુજરાતમાં અને શૂર્પારક સુધી હતું એમ લાગે છે. ત્રૈકુટકોના રાજ્યવિસ્તારની ઉત્તર અને દક્ષિણ સીમાઓ બરોબર નક્કી થઈ શકી નથી. દાહસેન ગુપ્તસમ્રાટ સ્કન્દગુપ્તનો સમકાલીન જણાય છે. એના દાનશાસનમાં દૂતકનું નામ બુદ્ધગુપ્ત આપ્યું છે તે નોંધપાત્ર છે.[૩] દાહસેનના પુત્ર વ્યાઘ્રસેન કે એના પછીના કોઈ અજ્ઞાત રાજાના કન્હેરીવાળા દાનશાસનમાં, ત્રૈકુટકોના શાસન દરમ્યાન સં. ૨૪૫ (ઈ. સ. ૪૯૩-૯૪)માં કૃષ્ણગિરિના મહાવિહારમાં બંધાવેલા એક ચૈત્યનો ઉલ્લેખ આવે છે.[૪]

---

૧. જૂઓ, લા. ભ. ગાંધી સંપાદિત, દ્વાદશારનયચક્ર, ભાગ પહેલો (ગા. ઓ. સિરિઝ, વડોદરા)માં પંડિત ગાંધીનું પ્રાક્કથન.

૨. એપિગ્રાફિઆ ઇન્ડિકા, વૉ. ૨૪, પૃ. ૧૪૬.

૩. એપિગ્રાફિઆ ઇન્ડિકા, વૉ ૧૦, પૃ૦ ૫૧-૫૩.

૪. બર્જેસ એન્ડ ફરગ્યુસન, કેવટેમ્પલ્સ ઑફ ઇન્ડિઆ, પૃ૦ ૫૭.

ગુપ્ત રાજાઓના સમયમાં ગુજરાતમાં બૌદ્ધધર્મ વિષે આપણને બહુ માહિતી મળતી નથી. સૌથી વધુ માહિતી આપણને તે પછી મૈત્રક રાજાઓના દાનશાસનોમાંથી મળે છે. આ જ સમયમાં ભારત આવેલા હ્યુએન સંગ અને ઇત્સિંગ નામના ચીની યાત્રિકોની નોંધમાંથી પણ ઘણું જાણવા મળે છે, જે આપણે આગળ જોઈશું.

ચાઈનીઝ ગ્રન્થોના આધારે જાણવા મળે છે કે **ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં ચીન જનારા ભારતીય વિદ્વાનોમાં વિશેષ નોંધપાત્ર લાટદેશના વતની ધર્મગુપ્ત હતા.** તેવીસ વર્ષની ઉમ્મરે કનોજ જઈ ત્યાં કૌમુદી-સંઘારામ નામના બૌદ્ધ વિહારમાં રહી પંડિતો પાસે બૌદ્ધ સાહિત્યનો અભ્યાસ કરી પચીસમા વર્ષે દીક્ષા લીધી. પછી ઉત્તર પંજાબમાં, ટક્ક દેશમાં જઈ ત્યાં દેવ-વિહાર(જે ત્યાંના રાજાએ બંધાવેલ અને રાજ્યાશ્રયવાળો વિહાર હતો તે)માં રહ્યા. અહીં એમણે ચીનમાં બૌદ્ધધર્મ સારા પ્રમાણમાં ફેલાવા વિષે સાંભળ્યું અને ચીન જવા નિશ્ચય કર્યો.

પહેલાં પશ્ચિમ તરફ જઈ કપિશા ગયા. ત્યાં બે વર્ષ રહ્યા. અહીં હિમાલયની ઉત્તરમાંથી વ્યાપારીઓ આવતા તેમની પાસેથી ચીન વિષે માહિતી એકઠી કરી પછી પગે ચાલી પર્વત ઓળંગી, તુખાર, બદક્શાન, વખાન પ્રદેશોમાં થઈ તાશ કુરગાન પહોંચી ત્યાં એકાદ વર્ષ ગાળી કાશગર ગયા. ત્યાંના શાહી બૌદ્ધ વિહારમાં બે વર્ષ ગાળી મધ્યએશિઆમાં થઈ ઉત્તરને રસ્તે થઈ કુચી જઈ ત્યાંના બૌદ્ધ પંડિતો સાથે બે વર્ષ ગાળ્યાં. આ બધા પ્રદેશોમાં બૌદ્ધ કેન્દ્રો હતાં જ્યાં ભારતીય પંડિતો જઈ ચઢે તેમની પાસેથી જ્ઞાનનો લાભ લેવાનું ત્યાંના લોકો ચૂકતા નહિ. એટલે જ રસ્તામાં કેટલેક સ્થળે ધર્મગુપ્ત જેવા ભારતીય પંડિતોને અમુક સમય રોકાઈ જવું પડતું. કુચીના રાજાની ઇચ્છા ધર્મગુપ્તને પોતાના રાજ્યમાં જ રોકી રાખવાની હતી, એટલે એક દિવસ રાજાની જાણ બહાર ધર્મગુપ્ત ત્યાંથી ચાલી નીકળ્યા. એમનો રસ્તો અગ્નિદેશ (કરસહ્ર્—Karasahr), તુરફાન અને હમીમાંથી પસાર થતો હતો. આ બધાં સ્થળો અગત્યનાં બૌદ્ધ કેન્દ્રો હતાં, જ્યાં ધર્મગુપ્તને વરસ બે વરસ થોભવું પડતું. આખરે રણપ્રદેશમાં થઈ ઈ. સ. ૫૯૦માં ચાંગ-ગન (ch'ang-ngan) પહોંચ્યા. ત્યાં થોડાં વર્ષ રહી ત્યાંના રાજા લો-યંગે નવી રાજધાની બનાવી ત્યારે તેમની સાથે નવી રાજધાનીમાં ગયા. ઈ. સ. ૬૧૯માં એમનું દેહાવસાન થયું. ધર્મગુપ્તે ઘણા ગ્રન્થોનો ચીની ભાષામાં અનુવાદ કર્યો, અને ચીનમાં બૌદ્ધ ધર્મના પ્રચાર માટે ઘણું કામ કર્યું. પોતે જોયેલા દેશોના વિસ્તૃત પ્રવાસવર્ણનની પુસ્તિકા લખી જેમાં તે તે પ્રદેશોનાં હવાપાણી, ઉત્પન્ન, રહેવાનાં મકાનો, રહેણીકરણી, રાજ્ય-વ્યવસ્થા, રીતરિવાજો, રૂઢિઓ, ઉત્સવો, ખાનપાન, વેશભૂષા, શિક્ષણવ્યવસ્થા, વ્યાપાર, ભૌગોલિક પરિસ્થિતિ, પંડિતો વગેરે અંગે દશવિભાગ (પ્રકરણ)માં ઘણી માહિતી આપી હતી. પુસ્તક આજે ઉપલબ્ધ નથી પણ ચીની યાત્રિકોએ પણ જે પ્રકારની નોંધ લીધી નહિ તે પ્રકારની આવી ઝીણવટ ભરી નોંધ ધર્મગુપ્તે લીધી હતી તે પ્રશંસનીય છે.[૧]

મૈત્રકકાલીન દાનશાસનોમાં બૌદ્ધ ભિક્ષુ તેમ જ ભિક્ષુણીઓના અનેક વિહારોનો ઉલ્લેખ આવે છે. હ્યુએનસંગે પણ પોતાની પ્રવાસ નોંધમાં ગુજરાતના સેંકડો વિહારોની નોંધ કરી છે.[૨]

---

૧. પ્રબોધચંદ્ર બાગચી, ઇન્ડિઆ એન્ડ ચાઈના, પૃ. ૪૭-૪૮.

૨. બીલ, બુદ્ધિસ્ટ રેકોર્ડ્ઝ્ ઑફ ધ વેસ્ટર્ન વર્લ્ડ, પુ. ૨, પૃ. ૨૫૭-૭૦.

મૈત્રકકાલીન વિહારોને જે ભૂમિદાન દેવામાં આવતાં તે વિહારોના આભ્યન્તર ( વિહારોમાં કાયમ રહેનારા ) તેમ જ અભ્યાગત ભિક્ષુ અને ભિક્ષુણીની જરૂરિયાત પૂરી પાડવા માટે અપાતાં.

હ્યુએનસંગની નોંધમાં માલવના વર્ણનમાં, પશ્ચિમ ભારતના બહુશ્રુત અને હેતુવિદ્યામાં નિપુણ એવા **ભિક્ખુ ભદ્રરુચિ**નો ઉલ્લેખ છે. મૈત્રકોના દાનશાસનોમાં **આચાર્ય ભદન્ત બુદ્ધદાસ, આચાર્ય ભદન્ત સ્થિરમતિ** અને **આચાર્ય ભિક્ષુ વિમલગુપ્ત**નો ઉલ્લેખ આવે છે. હ્યુએનસંગ પોતાની વલભી દેશની પ્રવાસનોંધમાં **સ્થિરમતિ** અને **ગુણમતિ** નામે બે બોધિસત્ત્વો વલભી નજીકના વિહારમાં રહી ગયાનો ઉલ્લેખ કરે છે. વળી એ વિહાર બંધાવનાર તરીકે એ **અચલ** નામે **અર્હત્**નો પણ ઉલ્લેખ કરે છે.[1] આ ઉચ્ચ કોટિના ભિક્ષુઓમાંના ઘણા તો સમસ્ત ભારતમાં નામાંકિત હતા. અચલે બંધાવેલા મહાવિહારમાં ગુણમતિ અને સ્થિરમતિએ લાંબો વખત વસવાટ કર્યો હતો. તેથી એ વિહાર મૈત્રકકાલ પૂર્વે કોઈ સમયમાં બંધાયો હોવો જોઈએ. **આ અચલ પશ્ચિમ ભારતના હતા અને એમણે એક બીજો મહાવિહાર મહારાષ્ટ્રના પૂર્વભાગ ઉપર આવેલા પર્વત ઉપર તૈયાર કરાવી તેમાં ચિત્રો પણ ચિતરાવ્યાં હતાં એમ હ્યુએનસંગે નોંધ્યું છે.[2] આ વિહાર અજન્ટા પર આવેલો એક વિહાર છે, એ હકીકત એમાં કોતરેલા લેખમાં સ્થવિર અચલને લગતા ઉલ્લેખ પરથી સ્પષ્ટ થાય છે.[3]**

અચલ હ્યુએનસંગના પહેલાં અમુક સમયમાં થઈ ગયેલા એ જોતાં અને એમના બંધાવેલા મહાવિહારમાં સ્થિરમતિ-ગુણમતિ રહેલા તે જોતાં અચલ સ્થિરમતિની પૂર્વે થઈ ગયા, અથવા એમના પૂર્વ-સમકાલીન હતા. અચલનો ચોક્કસ સમય જાણી શકાયો નથી. અસંગના શિષ્ય સ્થિરમતિ અને વસુબન્ધુના શિષ્ય ગુણમતિએ નાલન્દા વિદ્યાપીઠમાં નામના મેળવી હતી.[4] હ્યુએનસંગના જણાવ્યા પ્રમાણે આ બે વિદ્વાનોએ પોતાની કૃતિઓ વલભી નજીકના વિહારમાં રહીને રચી હતી.[5] સ્થિરમતિના "મહાયાનમાર્ગ પ્રાવેશિક"નો ચીની અનુવાદ ઈ. સ. ૩૯૭ અને ૪૩૯ વચ્ચે અને ગુણમતિના "લક્ષણાનુસારશાસ્ત્ર"નો ચીની અનુવાદ ઈ. સ. ૫૬૦ના અરસામાં થયાનું મનાય છે. ગુણમતિ તો મૂળે વલભીના હોવાનું મનાય છે. અસંગ અને વસુબન્ધુનો સમય જો ઈ. સ. ૩૦૦-૩૫૦નો હોય તો સ્થિરમતિ-ગુણમતિનો સમય ઈ. સ. ૩૫૦-૪૦૦ આસપાસ અનુમાની શકાય. એટલે અર્હત્ અચલનો મહાવિહાર ઈ. સ.ના ચોથા સૈકાના પૂર્વાર્ધમાં અથવા તે પહેલાં થયાનું અનુમાન કરી શકાય. શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહે "તળાજાનો પ્રાચીન વિહાર" નામક પોતાના લેખમાં ( પુરાતત્ત્વ, પુ. ૧, પૃ. ૯૯–૧૧૨ ઉપર ) એવું અનુમાન કર્યું છે કે અર્હત્ અચલે મહારાષ્ટ્રમાં એક મહાવિહાર જેમ ખડકમાં કોચાવેલો તેમ, વલભી નજીકનો તેમનો કરાવેલો મહાવિહાર પણ ખડકમાં કોચાવેલો હોઈ શકે, અને તે

---

૧. બીલ, રેકોર્ડ્ઝ, પૃ. ૨૬૮; વૉટર્સ, ટ્રાવેલ્સ, પુ. ૨, પૃ. ૨૪૭.

૨. બીલ, સદર, પૃ. ૨૫૭-૫૮.

૩. વૉટર્સ્ડ ટ્રાવેલ્સ, પુ. ૨, પૃ. ૨૪૯.

૪. વૉટર્સ, ટ્રાવેલ્સ, પુ. ૨, પૃ. ૧૦૮-૦૯. ઈત્સિંગે સ્થિતમતિ અને ગુણમતિ નામના બે વિખ્યાત ભિક્ષુઓનો ઉલ્લેખ કર્યો છે. ત્યાં સ્થિરમતિને બદલે સ્થિતમતિ નામ ભૂલમાં કે ગેરસમજમાં આપ્યું હશે એમ લાગે છે.

૫, બીલ, રેકોર્ડ્ઝ, પુ. ૨ પૃ ૨૬૮, વૉટર્સ, ટ્રાવેલ્સ પુ. ૨, પૃ. ૨૪૬-૪૭

તલાજાના ડુંગર પરનાં પ્રાચીન શૈલગૃહોમાં આવ્યો હોવાનો મત હીરાલાલ શાહે રજૂ કર્યો છે. આ બાબતમાં કોઈ ચોક્કસ અનુમાન કરવું મુશ્કેલ છે કેમ કે તલાજાની ગુફાઓનો કે અર્હત્ અચલનો ચોક્કસ સમય આપણી પાસે નથી અને તલાજાની કોઈ ગુફામાં ઉત્કીર્ણ કોઈ લેખ પણ જડ્યો નથી. મહારાષ્ટ્રમાં સુંદર મહાવિહાર કરાવનાર અર્હત્ અચલે પોતાના વતનમાં, પશ્ચિમ ભારતમાં, કરાવેલો વિહાર પણ સુંદર અને શિલ્પ અને ચિત્રકામથી અલંકૃત હોય તો નવાઈ નહિ.

હ્યુએનસંગે ભરુકચ્છ દેશમાં દસેક, માલવદેશમાં, આશરે એકસો, આનન્દપુર દેશમાં દસેક, સુરાષ્ટ્રમાં પચાસેક ને વલભી પ્રદેશમાં લગભગ એકસો શાક્યવિહાર હોવાનું નોંધ્યું છે.૭૫ વળી એમાં ભિક્ષુઓની સંખ્યા ભરુકચ્છનો જેટલા વિહારોમાં લગભગ ૩૦૦, માલવાના વિહારોમાં ૨૦૦૦, કચ્છના કે ખેટકના વિહારોમાં ૧૦૦૦, સુરાષ્ટ્રના વિહારોમાં ૩૦૦૦ ને આનન્દપુરના વિહારોમાં ૧૦૦૦, તથા વલભીના વિહારોમાં ૬૦૦૦ જેટલી હોવાનું નોંધ્યું છે.[1] આનન્દપુર અને માલવમાં ભિકખુઓ મુખ્યત્વે હીનયાની અને સમ્મિતિય નિકાયના, ભરુકચ્છમાં મહાયાની અને સ્થવિર નિકાયના કચ્છમાં કે ખેટકમાં બેઉ યાનના, વલભીમાં મોટે ભાગે હીનયાની સમ્મિતિય નિકાયના અને સુરાષ્ટ્રમાં મહાયાની સ્થવિર નિકાયના હતા. મૈત્રક દાનશાસનોમાં એકંદરે તેર વિહારોનો ઉલ્લેખ આવે છે. એમાંના અગિયાર વિહાર વલભીપુરમાં આવેલા હતા. દાનશાસનોના વિહારોની વિગત નીચે પ્રમાણે છે.[2] :—

**૧. દુદ્દાવિહાર :**—મૈત્રક મહારાજા ધ્રુવસેન પહેલાની ભાગીનેયી પરમ ઉપાસિકા દુદ્દાએ વલભીતળમાં બંધાવેલા ભિક્ષુઓ માટેના આ મહાવિહારની આસપાસ ભિક્ષુઓના વિહારોનું મંડલ રચાયું હતું જે દુદ્દાવિહારમંડલ કહેવાતું. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી લખે છે કે "આ મંડળની અન્તર્ગત થયેલા કેટલાક વિહાર તો દુદ્દાવિહારની પહેલાં બંધાયા હતા. છતાં આ વિહાર અગાઉના વિહારો કરતાં મોટો હોઈ વિહારમંડળ એ મહાવિહારના નામે જાણીતું થતું હતું. " આ મહાવિહારને મૈત્રક રાજાઓ તરફથી અનેક ભૂમિદાન મળતાં, દા.ત. ધ્રુવસેન પહેલાએ સં. ૨૧૬ (ઈ. સ. ૫૧૪)માં, ગુહસેને સં. ૨૪૦ (ઈ. સ. ૫૫૯)ને સં. ૨૪૬ (ઈ. સ. ૫૬૪)માં, શિલાદિત્ય પહેલાએ સં. ૨૮૬ (ઈ. સ. ૬૦૫)માં, ધ્રુવસેન ૩જાએ ઈ. સ. ૬૫૦-૬૫૫માં અને શિલાદિત્ય ૩જાએ ઈ. સ. ૬૬૦-૬૮૫માં દાન આપ્યાં છે.

**૨. બુદ્ધદાસ વિહાર :**—વલભીમાં આ વિહાર આચાર્ય ભદન્ત બુદ્ધદાસે બંધાવ્યો હતો. હરિપ્રસાદ શાસ્ત્રી લખે છે: "આ આચાર્ય અસંગના શિષ્ય બુદ્ધદાસ હોવા સંભવ છે.[3] અસંગના

---

૧. બીલ, રેકાર્ડ્ઝ, પૃ. ૨૫૭-૭૦, વૉટર્સ, ટ્રાવેલ્સ, પુ. ૨, પૃ. ૨૩૯-૫૦.

૨. અહીં આપેલી વિહારની હકીકત ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ દાનશાસનોના આધારે એકઠી કરી પોતાના "મૈત્રકકાલીન ગુજરાત" પુ. ૨, પૃ. ૩૯૬-૪૦૫માં વિગતવાર વિસ્તૃત રીતે આપેલી છે.

૩. વૉટર્સ, ટ્રાવેલ્સ, પુ. ૧, પૃ. ૩૫૩, હરિપ્રસાદ શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પુ. ૨, પૃ. ૩૯૭ હ્યુએનસંગની પ્રવાસનોંધના બીલે કરેલા ભાષાન્તરમાં આમ છે. : *Not far from the city* is a great samghārāma which was built by the Arhat Achara (O-che-lo); here the Bodhisattvas Gunamati and Sthiramati (Kien hwui) fixed their residences during their travels and composed treatises which have gained a high renown." એટલે "શહેરથી બહુ દૂર નહિ" એ શબ્દોનો અર્થ વલભી શહેરથી બહુ દૂર નહિ પણ શહેર બહાર કરવો ઘટે; તળાજાની કલ્પના ઉચિત નથી લાગતી.

બીજા શિષ્ય સ્થિરમતિએ આ વિહારમંડલમાં એક વિહાર બંધાવ્યો હતો એ પરથી આ સંભવને ઘણું સમર્થન મળે છે.” આ વિહારને મળેલું એક દાન મહારાજા ધ્રુવસેન પહેલાના સં. ૨૧૭ (ઈ. સ. ૫૩૬)ના દાનપત્રમાં નોંધવામાં આવ્યું છે.

**૩. બપ્પપાદીય વિહાર**—આ વિહાર આચાર્ય ભદન્ત સ્થિરમતિએ વલભીમાં બંધાવ્યાની હકીકત આ વિહારને અપાયેલા ધરસેન રજાના (સં. ૨૬૯ = ઈ. સ. ૫૮૮ના) દાનપત્રમાંથી મળે છે. શીલાદિત્ય ત્રીજાના સં. ૩૪૩ (ઈ. સ. ૬૬૨)ના દાનપત્રમાં દાન લેનાર તરીકે “દુદ્દાવિહાર મંડળની અંદર આવેલો આચાર્ય ભિક્ષુ સ્થિરમતિએ બંધાવેલો વિહાર” જણાવવામાં આવ્યો છે તે આ શ્રી બપ્પપાદીય વિહાર જ હોવાનું હરિપ્રસાદ શાસ્ત્રીનું અનુમાન વ્યાજબી લાગે છે. તેઓ લખે છે કે “આચાર્ય અસંગના સુપ્રસિદ્ધ શિષ્ય સ્થિરમતિ હોવા જોઈએ, કેમ કે એ સ્થિરમતિએ વસુબન્ધુના શિષ્ય ગુણમતિની સાથે વલભીથી થોડે દૂર આવેલા વિહારમાં લાંબો વખત વાસ કર્યો હતો. સ્થિરમતિએ બંધાવેલા વિહારનું નામ બપ્પપાદીય હતું. એ નામમાં રહેલો બપ્પપાદનો ઉલ્લેખ સ્પષ્ટતઃ સંપ્રદાયના મુખ્ય આચાર્યને લગતો હોઈ એમાં પ્રાયઃ સ્થિરમતિના ગુરુ અસંગનો નિર્દેશ રહેલો હશે.” આ વિહારને ધરસેન રાજાએ સં. ૨૬૯ (ઈ. સં. ૫૮૮)માં બે ગામોનું અને શીલાદિત્ય ત્રીજાએ સં. ૩૪૩ (ઈ. સ. ૬૬૨)માં એક ગામનું દાન દીધું હતું.

**૪. કક્ક વિહાર**—કક્ક માંકિલ નામના વણિજે બંધાવેલો આ વિહાર દુદ્દાવિહારમંડલમાં આવેલો હતો. ધરસેન બીજાએ સં. ૨૭૦ (ઈ. સ. ૫૮૯)માં આ વિહારને એક ગામ દાનમાં આપ્યું હતું.

**૫. ગોહક વિહાર**—ગોહકે બંધાવેલો આ વિહાર પણ દુદ્દાવિહારમંડલમાં હતો. તેને ધ્રુવસેન બાલાદિત્યે સં. ૩૧૦ (ઈ. સ. ૬૨૯)માં એક ગામ દાનમાં આપ્યું હતું.

**૬. વિમલગુપ્ત વિહાર**—કુક્કુરાણક ગામમાં વસતા આચાર્ય ભિક્ષુ વિમલગુપ્તે બંધાવેલા આ વિહારનો ઉલ્લેખ શીલાદિત્ય ત્રીજાનાં બે દાનપત્રોમાં આવે છે. સં. ૩૫૬ના દાનશાસનમાં એને વલભીમાં આભ્યન્તરિકા વિહારની પૂર્વે દુદ્દાવિહારમંડલની અંદર આવેલો જણાવવામાં આવ્યો છે.

**૭. આભ્યન્તરિકા વિહાર**—ગુહસેનના સં. ૨૪૮ (ઈ. સ. ૫૬૭)ના દાનશાસનમાં દાન લેનાર આભ્યન્તરિકા વિહારને ભટાર્ક વિહારની બાજુમાં આવેલો અને મિમ્માએ બંધાવેલો કહેવામાં આવ્યો છે. આ વિહાર પણ દુદ્દાવિહારમંડલમાં આવેલો હશે કેમ કે સં. ૩૫૬ (ઈ. સ. ૬૭૫)ના, શીલાદિત્ય ત્રીજાના દાનશાસન મુજબ આભ્યન્તરિકા વિહાર વલભીમાં દુદ્દાવિહારમંડલની અંદર આવેલા વિમલગુપ્ત વિહારની બાજુમાં આવેલો હતો. મિમ્માના નામ પાછળ પણ પૂજ્યતા-વાચક “પાદ” શબ્દ લગાડેલો હોવાથી એ પણ દુદ્દા જેવી પરમોપાસિકા હશે. હરિપ્રસાદ શાસ્ત્રીના મતે એ દુદ્દાની સમકાલીન હોવાનો સંભવ જણાય છે. મિમ્માએ બંધાવેલા વિહારને સં. ૨૪૮ (ઈ. સ. ૫૭૬)માં મહારાજા ગુહસેન તરફથી દાન મળ્યું હતું.

**૮. ભટાર્ક વિહાર**—ઉપર જણાવેલા (ઈ. સ. ૫૭૬ના) ગુહસેનના દાનપત્રમાં આ વિહારનો ઉલ્લેખ આભ્યન્તરિકા વિહારની બાજુમાં આવેલા પ્રસિદ્ધ વિહાર તરીકે કરવામાં આવ્યો હોવાથી આ વિહાર વલભીમાં, દુદ્દાવિહારમંડલની અંદર સમાવિષ્ટ હોવાનું અનુમાન થાય છે.

" ભટાકર્ક વિહાર " નામ પરથી આ વિહાર મૈત્રક વંશના સ્થાપક ભટાર્કે બંધાવ્યાનું હરિપ્રસાદ શાસ્ત્રીનું અનુમાન ઠીક લાગે છે. ગુહસેનના દાનશાસનમાં આ વિહારને " રાજસ્થાનીય શૂરને પ્રસાદીકૃત " થયેલો જણાવ્યો છે તેથી ભટાર્કે કે એના કોઈ અનુગામીએ એના ઉપર પ્રસન્ન થઈ આ વિહાર " શૂર "ને ભેટ આપ્યો હશે ? ગુહસેનના દાનપત્રમાં શૂર વિષે માહિતી નથી. પરંતુ, ગારુલકોનાં દાનશાસનો પરથી એક સંભવ ડૉ. શાસ્ત્રીએ સૂચવ્યો છે. ગારુલક મહારાજા વરાહદાસ બીજાના દાનશાસનમાં મહારાજા ધ્રુવસેન ( પહેલા ) તરફથી 'પ્રસાદીકૃત' થયેલા ગામનો ઉલ્લેખ છે. આ વરાહદાસનો પિતા સેનાપતિ હતો અને એના પિતાનું નામ શૂર હતું, જે મૈત્રક ભટાર્કનો સમકાલીન જણાય છે. " રાજસ્થાનીય શૂર " તે આ ગારુલક શૂર હોઈ શકે. હરિપ્રસાદ શાસ્ત્રી લખે છે : " ભટાર્ક તરફથી ભેટ મળેલો આ વિહાર તો ભિક્ષુસંઘના ઉપયોગમાં જ રહ્યો હશે, પરંતુ આ પૂતકાર્યનાં પુણ્ય ને યશ હવે ભટાર્કને બદલે શૂરને ફાળે ગયાં હશે. "

આમ છતાં, આ રીતે જો કોઈની પુણ્યપ્રાપ્તિ માટે " દેવધર્મ " કરવામાં આવ્યો હોય તો તે રીતનો ઉલ્લેખ દાતાઓ કરે છે એ જોતાં " પ્રસાદીકૃત " શબ્દનો આ અર્થ કરવો યોગ્ય છે કે નહિ એ એક પ્રશ્ન છે. આવા અર્થમાં " પ્રસાદીકૃત " ઉલ્લેખ સાથેના આવા દાનના બીજા દાખલા મારી જાણમાં નથી. પણ તો પછી વિહાર ભેટ આપવાનો પણ અર્થ શો ?

**૯. યક્ષશૂર વિહાર**—વલભી તળમાં આવેલા ભિક્ષુણીઓ માટેના આ વિહારની આજુબાજુ ભિક્ષુણીઓનાં અન્ય વિહારોનું મંડલ રચાયું હતું. આ યક્ષશૂર વિષે કોઈ માહિતી મળતી નથી. પણ શાસ્ત્રી લખે છે તે નોંધપાત્ર છે : " ગારુલકોના એક દાનશાસનમાં શૂર બીજાને ' ભટ્ટિશૂર ' કહેવામાં આવ્યો છે. એવી રીતે એને કે એના પિતામહ શૂર પહેલાને ' યક્ષશૂર ' કહેવામાં આવતો હોય તો ભટાર્કવિહારની જેમ આ વિહારનો યશ ગારુલકોને ફાળે જાય. પરંતુ આ કલ્પનાને અંગે વિશેષ પ્રમાણની અપેક્ષા રહે છે. " યક્ષશૂર વિહારને શીલાદિત્ય-ધર્માદિત્ય તરફથી સં. ૨૮૭ (ઈ. સ. ૬૦૬ )માં એક ગામનું અને સં. ૨૯૦ (ઈ. સ. ૬૦૯ )માં બીજા ગામનું ભૂમિદાન મળ્યું હતું.

**૧૦. પૂર્ણભટ્ટા વિહાર**—વલભીના યક્ષશૂરવિહારમંડલની અંદર આવેલા આ વિહારને સં. ૩૧૯ (ઈ. સ. ૬૩૮ )માં ધ્રુવસેન બાલાદિત્ય તરફથી એક ગામનું ભૂમિદાન મળ્યું હતું. વિહાર બંધાવનાર પૂર્ણભટ્ટા માતૃપક્ષે સામન્ત કક્કુકના કુલની હતી.

**૧૧. અજિત વિહાર**—સં. ૨૩૦ ( ઈ. સ. ૫૪૯ )માં ગારુલક મહારાજા વરાહદાસ બીજાએ વાણિજક અજિતે બંધાવેલા ભિક્ષુણીઓના એક વિહારને એક ગામનું દાન કર્યું હતું. એ દાનશાસનનાં તામ્રપત્ર યક્ષશૂર વિહારમંડલને લગતાં ત્રણ દાનશાસનોનાં તામ્રપત્રની સાથે વલભીના ખંડેરોમાંથી જ હાથ લાગ્યાં તેથી આ વિહાર વલભીમાં જ હશે.

**૧૨. શીલાદિત્ય વિહાર**—શીલાદિત્ય-ધર્માદિત્યના સં. ૨૮૬ (ઈ.સ. ૬૦૫)ના દાનશાસનમાં દાન લેનાર તરીકે વંશકટ નામે નગરમાં આવેલા એક ભિક્ષુવિહારનો ને એ જ રાજાના એક બીજા દાનશાસનમાં વંશકટ તળમાં એણે બંધાવેલા વિહારનો ઉલ્લેખ હોવાથી બેઉ ઉલ્લેખ એક જ વિહાર પરત્વે હોવા જોઈએ. શીલાદિત્ય ચોથાના એક દાનશાસનમાં દાન લેનાર વંશકટાના એક બ્રાહ્મણના ઉલ્લેખ અને એ દેયની વિગતો ઉપરથી વંશકટ ઘણું કરીને દક્ષિણ સુરાષ્ટ્રમાં આવ્યું હોવાનું સૂચિત થાય છે. વંશકટનો ચોક્કસ સ્થલનિર્ણય થઈ શકયો નથી.

હ્યુએનસંગની પ્રવાસનોંધમાં આ શીલાદિત્યે બંધાવેલા એક વિહારનો ઉલ્લેખ આવે છે, પરંતુ એ વિહાર તો રાજમહેલની બાજુમાં બંધાવેલો હોઈ જુદો અને વલભીમાં બંધાવેલો હશે. હ્યુએનસંગ નોંધે છે કે મહારાજા શીલાદિત્યે પોતાના મહેલની બાજુમાં બંધાવેલા વિહારમાં સાત બુદ્ધોની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી હતી. આ શીલાદિત્ય–ધર્માદિત્ય વિષે "મંજુશ્રીમૂલકલ્પ"નો નીચેનો ઉલ્લેખ ખાસ નોંધપાત્ર છે.

पश्चाद्देशपर्यन्तमुज्जयन्यामतः परे।
समुद्रतीरपर्यन्तं **लाडानां जनपदे** तथा ॥ ५८६ ॥

**शीलाह्वो नाम नृपतिः बुद्धानां शासने रतः ।**
**पुरीं वलभ्य( भीं ) सम्प्राप्तो धर्मराजा** भविष्यति ॥ ५८७ ॥

विहारान् धातुवरान् चित्रान् श्रेयसां प्राणिनांस्तथा ।
कारयिष्यति युक्तात्मा भूपतिर्धर्मवत्सलः ॥ ५८८ ॥

पूजां च विविधाकारां जिनबिम्बां मनोरमाम् ।
पूजयेद्धातुवरां अग्र्यां लोकनाथेभ्यो यशस्विषु ॥ ५८९ ॥

—મંજુશ્રીમૂલકલ્પ, પટલ ૫૩, પૃ. ૬૨૪.

'પશ્ચિમ દેશમાં સમુદ્રતીરથી ઉજ્જયની પર્યંતના **લાડ દેશમાં** બૌદ્ધ શાસનમાં રત એવો **શીલ** નામે રાજા થશે. વલભીપુરીનો એ **ધર્મરાજા** હશે. એ ધર્મવત્સલ રાજા પ્રાણીઓના શ્રેય અર્થે ભવ્ય વિહારો બંધાવી એમાં મનોહર બુદ્ધપ્રતિમા મુકાવશે અને વિવિધ પ્રકારની પૂજા કરાવશે.'

હરિપ્રસાદ શાસ્ત્રી કહે છે તેમ **'લાડદેશ'એ અહીં સુરાષ્ટ્ર–આનર્ત–માલવના સમસ્ત પ્રદેશ માટે અભિપ્રેત છે.**[1] મંજુશ્રી. મૂ. ક.ની બૌદ્ધ વિહારોને લગતી હકીકતને હ્યુએનસંગ તેમ જ વલભીના દાનશાસનો પરથી સમર્થન મળે છે. 'વિહારો' એવા બહુવચન પ્રયોગ પરથી સમજાય છે કે આ રાજાએ એક નહિ પણ અનેક વિહારો બંધાવ્યા હશે. રાજમહેલ પાસે બંધાવેલા વિહારમાં પધરાવેલા સાત બુદ્ધો તે સાત માનુષી બુદ્ધો હોવા જોઈએ જેની કલ્પના શાક્ય સંપ્રદાયમાં લાંબા વખતથી પ્રચલિત હતી. આ સાત બુદ્ધોનાં નામ આ પ્રમાણે છે: विपश्यी, शिखी, विश्वभू, ककुच्छन्द, कनकमुनि, काश्यप અને शाक्यसिंह.

આ શીલાદિત્યે ત્રીસ વર્ષ રાજ્ય કર્યાનું કહેવાયું છે. એનો રાજ્યકાળ ઈ. સ. ૫૮૯-૯૦ થી ઈ. સ. ૬૧૫-૧૬ જેટલો મૂકવામાં આવે છે.

હરિપ્રસાદ શાસ્ત્રીએ બાઘની બૌદ્ધ ગુફાઓને મૈત્રક રાજ્યકાળની અને મૈત્રક રાજઅમલ (તેમ જ અસર) નીચેની માની પોતાના "મૈત્રકકાલીન ગુજરાત"માં તેનું વિસ્તૃત વર્ણન આપ્યું છે.[2] ક્ષત્રપયુગમાં ગુજરાત તેમ જ માલવ ઉપર ક્ષત્રપોનું રાજ્ય હતું તેમ જ તે પછી ગુપ્ત સામ્રાજ્ય અને તે પછી શીલાદિત્ય-ધર્માદિત્ય અને તેના અનુગામીનો માલવ પરનો અધિકાર હતો.

---

૧. મૈત્રકકાલીન ગુજરાત, ભાગ ૧, પૃ. ૯૪

૨. મૈત્રકકાલીન ગુજરાત, ભાગ ૨, પૃ. ૬૭૮–૬૮૭

એ હકીકતો જોતાં ગુજરાત તેમ જ માલવામાં એક પ્રકારની સાંસ્કૃતિક એકતા અથવા ઘનિષ્ઠતા આવી હોય એ સમજી શકાય તેમ છે. બાઘ ગુફાઓનો સમય જોતાં, તેનાં ભિત્તિચિત્રો તેમ જ શિલ્પોની શૈલી જોતાં, એનો સંબંધ વધારે તો "પ્રાચીન પશ્ચિમ ભારતીય કલા" સાથે છે, શીલાદિત્ય ધર્માદિત્યે બૌદ્ધ વિહારો, પ્રતિમાઓ અને ચિત્રો કરાવ્યાં હતાં. તે હકીકત અને તારાનાથે લખ્યું છે તેમ પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાશૈલીના પિતા શાર્ઙ્ગદેવને "શીલ" રાજાએ રાજ્યાશ્રય આપ્યાની હકીકતને સાથે વિચારતાં સમજાશે કે મરુદેશના શાર્ઙ્ગદેવનો આશ્રયદાતા આ મૈત્રક રાજવી શીલાદિત્ય-ધર્માદિત્ય હોવાનો સંભવ ઘણો છે. મંજૂશ્રીમૂલકલ્પે પણ એ રાજાનો ઉલ્લેખ ફક્ત "શીલ" નામથી જ કર્યો છે. કાર્લ ખંડાલાવાલાની માફક શાર્ઙ્ગદેવના આશ્રયદાતા તરીકે કનોજના શ્રી હર્ષને માનવામાં કેટલાક સબળ અંતરાય છે. એક તો રાજસ્થાન-મારવાડ અને ગુજરાતનું સાંસ્કૃતિક એકમ જોતાં મારવાડનો કલાકાર નજીકના મૈત્રક રાજા તરફ પહેલાં નજર દોડાવે બીજું, મૈત્રક શીલાદિત્ય ધર્માદિત્યે વિહારો, પ્રતિમાઓ, ચિત્રો વગેરે કરાવ્યાની હકીકત ખાસ નોંધાઈ છે. જ્યારે હર્ષવર્ધને કોઈ વિખ્યાત કલાકારને ઉત્તેજન આપ્યાની કે બાંધકામ આદિ કરાવ્યાની હકીકત એના ચરિત્રકારો નોંધી શકત તેમ હોવા છતાં નોંધી નથી. બીજું, પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાના જે અવશેષો ગુજરાતમાંથી મળ્યા છે તેમાંના કેટલાક હર્ષવર્ધનથી પહેલાના સમયના છે (ખાસ કરીને અકોટાના જીવન્તસ્વામી અને જિનભદ્રગણિ પ્રતિષ્ઠિત પ્રતિમાઓ) એટલે આ કલાનો જન્મ હર્ષવર્ધનના પહેલાં જ થયો હતો.[૧] આવાં બધાં કારણોને લીધે મને લાગે છે કે આ શીલાદિત્ય-ધર્માદિત્ય એ જ શાર્ઙ્ગદેવનો આશ્રયદાતા હતો એમ માનવું વધુ યુક્તિ-સંગત છે.

બાઘ ગુફાઓ જોકે હાલના ગુજરાતમાં નથી, અને આ લખાણ ફક્ત કલા વિષયક નથી એટલે એના વર્ણનથી અહીં ઔચિત્યભંગ અને વિસ્તાર થવાનો ભય હોવાથી એ છોડી દઈશું.

**૧૩. સ્કંદભટ વિહાર**—દિવિરપતિ સ્કંદભટે આ વિહાર સુરાષ્ટ્રમાં હસ્તવપ્ર આહારમાં આવેલા યોધાવક ગામમાં બંધાવ્યો હતો. સ્કંદભટ એ ધરસેન ચક્રવર્તીના સમયે સાન્ધિવિગ્રહિકનો અધિકાર ધરાવતો. સ્કંદભટ ૧લાના પુત્ર વત્રભટ્ટિનો પુત્ર સ્કંદભટ ૨જો હતો જેનો સમય ઈ. સ. ૬૩૮થી ઈ. સ. ૬૪૮ આસપાસનો છે. ઈ. સ. ૬૪૪માં ધરસેન ચક્રવર્તીએ આ વિહારના ભિક્ષુસંઘને યોધાવક ગામ દાનમાં આપ્યું હતું. આ દાન મહાયાનિક ભિક્ષુઓના સંઘને આપવામાં આવ્યું હતું.

વિહારો વિષેની આ હકીકત ઉપરાંત ગુજરાતમાં બૌદ્ધધર્મ વિષે બીજી જે કેટલીક માહિતી મળે છે—ખાસ કરીને હ્યુએનસંગની પ્રવાસનોંધમાંથી—તેમાંથી કેટલીક બાબતો નોંધવી જોઈએ. હ્યુએનસંગે શીલાદિત્ય ધર્માદિત્યના આલેખેલા ચરિત્ર અને મૈત્રક દાનશાસનોમાંથી આ રાજા વિષે મળતી હકીકત વચ્ચે ઘણું સામ્ય છે. બન્નેમાં એને ઘણો વિદ્વાન રાજા ગણવામાં આવ્યો છે. બૌદ્ધ-ધર્મ પ્રત્યે આ રાજાના અનુરાગનું ચીની યાત્રિકે સુંદર આલેખન કર્યું છે. આ ધર્માદિત્યે બંધાવેલા વિહારો વિષે આપણે આગળ નોંધ લીધી. આ રાજાએ પોતાના ધર્માચરણ દ્વારા માલવદેશની પ્રજા ઉપર ઊંડી છાપ પાડી લાગે છે. હ્યુએનસંગને માલવદેશમાં મળેલી માહિતી મુજબ 'એ ચારે

૧. જુઓ ઉમાકાન્ત શાહ, 'અકોટા બ્રૉન્ઝિઝ,' પૃ. ૨૧,૨૬-૩૦
ઉમાકાન્ત શાહ, 'સ્કલ્પચર્સ ફ્રૉમ શામળાજી એન્ડ રોડા' પૃ. ૫-૧૪.

પ્રકારનાં પ્રાણીઓ પ્રતિ ભાવ રાખતો અને તેમનું રક્ષણ કરતો, 'ત્રિરત્ન' (બુદ્ધ, ધર્મ અને સંઘ) તરફ ઊંડો આદરભાવ ધરાવતો. જન્મથી માંડીને મૃત્યુ પર્યંત એનું મુખ ક્રોપથી કલુષિત થયું નહોતું, તેમ એના હાથે કોઈ જીવને કંઈ ઈજા થઈ નહોતી. પાણી પીતાં કોઈ જંતુની હિંસા ના થાય એ ખ્યાલથી એના હાથી તેમ જ ઘોડાને પીવાનું પાણી પણ એ ગાળીને અપાવતો. એનામાં આવી મૈત્રી અને કરુણા હતાં. એનાં રાજ્યનાં પચાસેક વર્ષ દરમિયાન રાની પશુઓ મનુષ્યો સાથે હળી-મળી જતાં ને લોકો એમને મારતાઝૂડતા નહિ. **એણે પોતાના મહાલયની બાજુમાં એક વિહાર બંધાવ્યો હતો.** એમાં એણે શિલ્પીઓની તમામ નિપુણતા અજમાવી હતી ને એની શોભા માટે દરેક પ્રકારનાં આભૂષણ વાપર્યાં હતાં. એમાં એણે સાત લોકનાથ બુદ્ધોની પ્રતિમાઓ સ્થાપી હતી. દર વર્ષે એ 'મોક્ષ પરિષદ્' બોલાવતો ને એમાં ચારે દિશાના ભિક્ષુઓને તેડાવતો. એમાં એ એમને 'ચાર દ્રવ્યો'નું ધર્મદાન દેતો, વળી એ ધર્મસેવા દરમિયાન વપરાતાં 'ત્રણ ચીવરો'નું દાન દેતો ને એમને સાત પ્રકારનાં અદ્ભુત રત્ન આપતો.[1]

બૌદ્ધધર્મની વ્યાપક અસરના પુરાવા કેટલાક આ સમયના નામોમાંથી મળે છે. દાખલા-તરીકે, ઈ. સ. ૬૦૯માં જે કટચ્ચુરિ નરેશે આનંદપુર સુધી કૂચ કરી હતી તેનું નામ **બુદ્ધરાજ** હતું. ત્રૈકૂટક દહ્રસેનના એક દાનપત્રમાં બુદ્ધગુપ્ત નામક દૂતકનો ઉલ્લેખ આવે છે. તારંગા અને તારાપુરનો સંબંધ બૌદ્ધ તારાદેવી સાથે જોડવાને વાંધો નથી, ખાસ કરીને તારંગામાં તો તારાની પ્રતિમા પણ મળી છે.

હ્યુએનસંગે આપેલા આંકડા મુજબ ગુજરાતમાં જુદા જુદા પ્રદેશોમાં વસતા ભિક્ષુઓની સંખ્યા ત્રીસ હજાર જેટલી થાય છે, અને એ ભિક્ષુઓને આશ્રય આપનાર ઉપાસકોની સંખ્યા તો એથી યે વધુ હશે એવી નોંધ કરી હરિપ્રસાદ શાસ્ત્રી લખે છે કે "મૈત્રકકાલમાં અહીં શાક્ય સમ્પ્રદાય ઘણો પ્રચલિત હોવાનું માલમ પડે છે."[2]

હ્યુએનસંગના આધારે ડૉ. શાસ્ત્રીએ ત્રીસ હજાર ભિક્ષુઓની વાત લખી છે પણ ભરુકચ્છના ૩૦૦, કચ્છના ૧૦૦૦, આનન્દપુરના ૧૦૦૦, સુરાષ્ટ્રના ૩૦૦૦ અને વલભીના ૬૦૦૦ મળી ૧૧,૩૦૦ થાય. આમ છતાં તે સમયનું વસતિનું પ્રમાણ જોતાં આ આંકડા નાના નથી. અગિયાર હજાર ભિક્ખુઓના અનેક ગૃહસ્થી ઉપાસકો હશે.

દાનશાસનોના ઉલ્લેખ મુજબ, મૈત્રકકાલમાં ગુજરાતમાં શાક્ય સમ્પ્રદાયના અઢાર નિકાય પ્રવર્તતા હતા. ઇત્સિંગે જે અઢાર નિકાયનો ઉલ્લેખ કર્યો છે તેમાંના સાત નિકાયોને એ મહાસંઘિક નિકાયના, ત્રણ ને સ્થવિર નિકાયના, ચાર ને મૂલસર્વાસ્તિવાદ નિકાયના અને ચાર નિકાયોને સમ્મિતિય નિકાયના પેટાવિભાગ હોવાનું જણાવે છે.[3]

આમાંના સ્થવિર નિકાયનો પ્રચાર વિશેષતઃ દક્ષિણ ભારતમાં, મૂલસર્વાસ્તિવાદ નિકાયનો ઉત્તર ભારતમાં અને સમ્મિતિય નિકાયનો પશ્ચિમ ભારતમાં હતો. ઈત્સિંગ સમગ્ર લાટદેશના

---

૧. બીલ, રેકોર્ડ્ઝ ઑફ ધ વેસ્ટર્ન વર્લ્ડ, પુ. ૨, પૃ. ૨૬૧-૨૬૨.

૨. મૈત્રકકાલીન ગુજરાત, વૉ. ૨ પૃ. ૩૮૭

૩. તકાકુસુ, ઈત્સિંગ, પૃ. ૨૩-૨૫, ૭-૧૪.

નિકાયોનો સામાન્ય ઉલ્લેખ કરે છે જ્યારે હ્યુએનસંગ એના દરેક પ્રદેશના નિકાયની અલગ અલગ માહિતી આપે છે. એ અનુસાર સમ્મિતિય નિકાયનો પ્રચાર ખાસ કરીને માલવ, વલભી અને આનન્દપુરમાં હતો, જ્યારે સુરાષ્ટ્રને ભરુકચ્છમાં સ્થવિર નિકાયનો પ્રચાર વિશેષ હતો.[૧] મહાસંગિક અને મૂલસર્વાસ્તિવાદ નિકાયનો પ્રચાર ગુજરાતના કોઈ પ્રદેશમાં હોવાનું હ્યુએનસંગે નોંધ્યું નથી. સ્થવિર નિકાય ( થેરવાદ ) એ બુદ્ધના નિર્વાણ પછીનો સહુથી પ્રાચીન સમ્પ્રદાય છે. સિલોન, બર્મા અને સિયામમાં હજુ એનું જ જોર છે. અશોકના સમયમાં એ સિલોનમાં પ્રસર્યો. બુદ્ધ-નિર્વાણ પછી ત્રીજી સદીમાં થેરવાદમાં સમ્મિતિય નિકાયનો અલગ ફાંટો પડ્યો.[૨] એ સમયે સમ્મિતિય નિકાય વિશેષતઃ અવન્તિ દેશમાં પ્રચલિત હતો.[૩] ક્ષત્રપયુગમાં અને તે પછી પણ, મૈત્રકકાલમાં પણ, આ નિકાયની પ્રચુર અસર માલવ ગુજરાત અને સમગ્ર પશ્ચિમ ભારતમાં હોય એ સ્વાભાવિક છે. દેવની મોરી ( પ્રાચીન કાર્માન્તિકે પાશશાન્તિકપલ્લી )ના વિહારોમાં પણ એક કાલે આ નિકાયની સારી એવી અસર હશે એમ માની શકાય.

ડૉ. શાસ્ત્રીએ, દત્તની થ્રી પ્રિન્સિપલ સ્કૂલ્સ ઑફ બુદ્ધિઝમ ( પૃ. ૫૭-૬૭ )ના આધારે આ નિકાયના મુખ્ય સિદ્ધાન્તોનો સાર આપ્યો છે તે એમના જ શબ્દોમાં આ પ્રમાણે છે:[૪] " સમ્મિતિય નિકાયનો વિશિષ્ટ મત એ છે કે अहम् ( હું )ની સભાનતા પાંચ ભિન્ન સ્કન્ધો દ્વારા નહિ પણ એ સ્કન્ધોથી ભિન્ન पुद्गलથી સધાય છે ને જન્મ-જન્માન્તરનાં સંસ્કારો ને કર્મોની સંકલના પણ पुद्गल દ્વારા સિદ્ધ થાય છે. આ પુદ્ગલ સ્કન્ધની જેમ ક્ષણિક નથી તથા નિર્વાણની જેમ નિત્ય નથી. જીવ જેવા આ પુ ્ગલ તત્ત્વની અક્ષણિકતા પ્રતિપાદિત કરવામાં સમ્મિતિય નિકાયને સ્થવિર નિકાય તેમ જ સર્વાસ્તિવાદ નિકાયનો ઘણો વિરોધ વહોરી લેવો પડતો. આ ઉપરાંત સમ્મિતિય નિકાયમાં એવું પ્રતિપાદિત કરવામાં આવતું કે નિર્વાણ પામેલા અર્હતનું પણ પતન સંભવે છે, ભવ અને પુનર્ભવ વચ્ચે अन्तर्भव છે, દેયના દાનની જેમ એના ઉપયોગનું યે પુણ્ય મળે છે, અહિંસાદિનું નિવેદન કરવું એ પણ ધર્મકાર્ય છે ઇત્યાદિ. સમ્મિતિય નિકાયનો પ્રચાર વિશેષતઃ લાટદેશમાં ને સિંધુદેશમાં હતો. એ ઉપરાંત એનો થોડો પ્રચાર મગધ, પૂર્વ ભારત, દક્ષિણ ભારત ને દક્ષિણ સમુદ્રના દ્વીપોમાં હતો. હિન્દીચીનના પૂર્વભાગમાં આવેલા ચંપાદેશમાં સહુથી વધુ પ્રચલિત સમ્પ્રદાય સમ્મિતિય નિકાયનો હતો."[૫]

હ્યુએનસંગની નોંધ પરથી માલૂમ પડે છે કે સ્થવિર નિકાયના ભિક્ષુઓ, મૈત્રક રાજ્યમાં, સમ્મિતિય નિકાયના ભિક્ષુઓની જેમ હીનયાનના અનુયાયી હોવાને બદલે મહાયાનને અનુસરતા હતા. આથી એ સમયે નિકાયભેદને યાનભેદ સાથે કાંઈ સીધો સંબંધ નહોતો એવું ફલિત થાય છે. હ્યુએનસંગની નોંધ મુજબ વલભી, માલવ અને આનંદપુરના ભિક્ષુઓ હીનયાનના, સુરાષ્ટ્રને ભરુકચ્છના ભિક્ષુઓ મહાયાનના, અને ખેટક ને ઉજ્જયિનીના ભિક્ષુઓ બન્ને યાનોના અનુયાયી

---

૧. બીલ, રેકોર્ડ્ઝ, પુ. ૨, પૃ. ૨૫૭-૭૦.

૨. દત્ત, અર્લી હિસ્ટરી ઑફ ધી સ્પ્રેડ ઓફ બુદ્ધિઝમ એન્ડ ધી બુદ્ધિસ્ટ સ્કૂલ્સ, પૃ. ૨૯૭–૯૯

૩. તકાકુસુ, ઇત્સિંગ, પૃ. ૨૪.

૪. મૈત્રકકાલીન ગુજરાત, ૨, પૃ. ૩૯૦

૫. તકાકુસુ, ઇત્સિંગ, પૃ. ૨૪.

હતા.[૧] વલભી, આનંદપુર કે માલવના પ્રદેશમાંથી બહુ બુદ્ધમૂર્તિઓ નહિ મળવાનું આ એક કારણ હોઈ શકે અને ખેટકમાં બન્ને યાનો હોવાથી, દેવની મોરી જેવા ખેટક તેમ જ માલવના સીમાંપ્રદેશ પરના સ્થાનમાં બુદ્ધપ્રતિમાઓયુક્ત સ્તૂપ ક્ષત્રપ યુગમાં મળી આવે એ સમજી શકાય છે. ખંભાત પાસે નગરામાં પણ પાષાણની મોટી બુદ્ધમૂર્તિ, ઈ. સ. સાતમા સૈકા આસપાસની મળી છે જે ખેટકમંડલમાં મહાયાનની હસ્તિ બાબત હ્યુએનસંગની નોંધને સાચી ઠેરવે છે.

સાબરમતી કાંઠે કૉટ્યર્ક-મહુડીમાંથી કૂવાનું ખોદકામ કરતાં ધાતુની નાની જૈન પ્રતિમાઓ ઉપરાંત એક મોટી જિનપ્રતિમા મળી હતી. સદ્ગત હીરાનંદ શાસ્ત્રીએ એ બધી પ્રતિમાઓ બૌદ્ધ હોવાનું વિધાન કરેલું, જેને ડૉ. સાંકળિયા, શ્રી. સારાભાઈ નવાબ વગેરેએ ખોટું ઠેરવી એ પ્રતિમાઓ જૈન હોવાનું સાબિત કર્યું હતું. આમાંની મોટી પ્રતિમા, જે હજુ કૉટ્યર્કના મંદિરમાં બાજુની એક ઓરડીમાં બિરાજે છે તે ત્રણ કકડે છે. મધ્યમાં બુદ્ધ અથવા જિનની ધ્યાનમુદ્રાએ પદ્માસનસ્થ પ્રતિમા, નીચેનું સિંહાસન જેની મધ્યમાં હરિણયુગલયુક્ત ધર્મચક્ર છે તે અને પાછળની પ્રભાવલિ સાથે અઢેલવાની બેઠક આ ત્રણે અલગ અલગ કકડે ઢાળેલા છે. દેવમૂર્તિ બુદ્ધ કે જિનની છે તે નક્કી થઈ શકે તેમ નથી, એને બરોબર સાફ કરી, અંગ ઉપર ઉત્તરીયની નિશાની છે કે નહિ તે જોવું જોઈએ. મેં એને જિનમૂર્તિ માની છે. પણ હમણાં થોડા વર્ષ ઉપર, પાછળની પ્રભાવલિની નીચેના ભાગમાંના લેખની શાહીછાપ ડૉ. છાબડાએ વાંચી તે ઉપરથી હવે આ પ્રતિમા બાબત સંભવ છે કે એ મૂળ બુદ્ધપ્રતિમા હોય. ડૉ. છાબડા એક વખત ભારત સરકારના એપિગ્રાફિસ્ટ ( લેખોના નિષ્ણાત ) હતા એટલે એમના મતને વજન આપવું ઘટે.[૨]

ડૉ. હીરાનંદ શાસ્ત્રીના મદદનીશ શ્રી. ગદ્રેએ આ લેખ જૈન હોવાનું જણાવી એને ઈ. સ. ૩૦૦ આસપાસના સમયનો ઠેરવી નીચે મુજબ વાંચ્યો હતો[૩] :—" नम[ : ] सिद्ध[ नं ] वैरिगणस . . उप [ रि ]-का-आर्य-सङ्घ-श्रावक... ".

સદર મૂર્તિ કલાની દષ્ટિએ એટલી બધી જૂની નહિ લાગવાથી, મારો જૈન મૂર્તિશાસ્ત્ર પરનો મહાનિબંધ લખતી વખતે મેં શ્રી. ગદ્રેને પૃચ્છા કરી એ લેખની છાપ જોવા માગી પણ કોઈ કારણસર તે વખતે તે છાપ નહીં મળવાથી હું એ બાબત કાંઈ કરી શકયો નહિ. ડૉ. મંજુલાલ મજમુંદારે શ્રી. ગદ્રે નિવૃત્ત થયા પછી આ છાપ મેળવી મોકલી આપી અને છાબડા શાસ્ત્રીએ એને વાંચી, લેખ બૌદ્ધ હોવાનું જણાવ્યું.

---

૧. બીલ, રેકૉર્ડ્ઝ, પુ. ૨, પૃ. ૨૫૭-૭૦.

૨. જુઓ, મંજુલાલ મજમુંદાર, ક્રોનોલૉજી ઑફ ગુજરાત પૃ. ૩૧૮, જેમાં ડૉ. છાબડાના પત્રનો ઉતારો નીચે પ્રમાણે છે : " From the ink-impression of the inscription, it can he made out that it contains the well-known Buddhist formula, namely, *ye dharmāḥ* etc. It ends with *Mahāśravaṇah* instead of the more common form *Mahāśramaṇah*, The characters of the inscription belong to a later period, say, after 800 A.D."

૩. એન્યુઅલ રિપોર્ટ ઑફ ધ આર્કયૉલૉજીકલ ડીપાર્ટમેન્ટ, બરોડા સ્ટેટ ( ૧૯૩૮ના વર્ષ માટેનો ), પરિશિષ્ટ 'ડી' ( આ પરિશિષ્ટ શ્રી. ગદ્રેએ બનાવ્યાનું ત્યાં છાપ્યું છે ). પૃ. ૨૮.

ડૉ. મંજુલાલે એ છાપની એક નકલ વિખ્યાત એપિગ્રાફિસ્ટ (લિપિ-લેખનિષ્ણાત) ડૉ. દિનેશચંદ્ર સરકારને પણ મોકલી. ડૉ. સરકારે એમાંના બે શબ્દો ચ (ચૈ) ત્ય અને શ્રાવ (ક) એમ વાંચ્યા અને લેખને જૈન માન્યો અને લેખની લિપિ દક્ષિણાત્ય લિપિને મળતી, ઈ. સ. આઠમા અથવા નવમા સૈકાની જણાવી.

ડૉ. મંજુલાલ જણાવે છે કે ડૉ. છાબડાને મોકલેલી શાહીછાપ કંઈક સ્પષ્ટ હશે; તેઓ ડૉ. છાબડાનું લેખવાચન પસંદ કરવાની ભલામણ કરે છે અને લખે છે કે આ ધાતુપ્રતિમા કયા સમ્પ્રદાયની છે તે અંગે આ વાચન આખરી નિર્ણયરૂપ છે; એ પ્રતિમા સ્પષ્ટ રીતે બૌદ્ધ છે.[૧]

લગભગ દશમા સૈકા અને તે પહેલાના સમયની જૈન ધાતુપ્રતિમાઓ સાથે મળેલી આ પ્રતિમા બૌદ્ધ હોવાનું માનવાનું મન ના જ થાય, અને પેલી નાની ધાતુપ્રતિમાઓ નિઃશંક રીતે જૈન છે એમ હું મારા અનુભવ ઉપરથી વિશ્વાસપૂર્વક કહી શકું છું. હવે આ પ્રશ્નનું સમાધાન કરવાનો એક રસ્તો ઉપર સૂચવ્યો તેમ, પ્રતિમાને વૈજ્ઞાનિક રીતે બરોબર સાફ કરી જોવાનો છે. એ પછીના વિકલ્પો આ મુજબ છે: ડૉ. મંજુલાલે, શ્રી. હીરાનંદ શાસ્ત્રી અને ગદ્રેએ તૈયાર કરેલી શાહીછાપ મેળવી કે પોતે નવી છાપ બનાવી મોકલી? જો હીરાનંદ શાસ્ત્રી અને ગદ્રેએ મૂર્તિ જડી ત્યારે લીધેલાં છાપ અને ફોટા અલગ હોય અને હજુ પણ શ્રી. ગદ્રે જે ઑફિસમાં હતા તે (હવે ભારતીય પુરાતત્ત્વ ખાતાનું પશ્ચિમ ભારતીય મંડળ)માં ઉપલબ્ધ હોય તો તે પણ વાંચવા. ડૉ. છાબડા, ડૉ. સરકાર વગેરે નિષ્ણાતોને મોકલવા; સાફ કર્યા પછી પ્રતિમા જૈન જણાય અને લેખ પણ જૈન ઠરે તો પ્રશ્ન ઊભો થતો નથી. પ્રતિમા તથા લેખ બેઉ બૌદ્ધ ઠરે તોપણ પ્રશ્ન ઊભો થતો નથી. લેખ જૈન ઠરે અને પ્રતિમા બુદ્ધની ઠરે એ સંભાવના મારે મતે લગભગ અસંભવ છે કેમ કે જેમનું જોર ઘટતું જતું હતું તેવા બૌદ્ધોના હાથમાં જૈન પ્રતિમાનું આસન અને પીઠ તથા પ્રભાવલી જઈ ચઢે એ શકયતા ઘણી જ ઓછી છે, પણ લેખ બૌદ્ધ હોય અને મૂર્તિ તીર્થંકરની હોય એ સંભવી શકે. બૌદ્ધોની આવી કોઈ પ્રતિમામાંની મૂર્તિ ખંડિત થઈ હોય અથવા તેને દૂર કરી આવાં સુંદર પીઠ તથા સિંહાસનને ફેંકી દેવાને બદલે અન્ય ધર્મીએ ઉપયોગમાં લીધા હોય એમ બની શકે. ગુજરાતમાં જૈન ધર્મનું જોર વધવા માંડવાના અને બૌદ્ધોનું જોર ઘટવા માંડવાના સંક્રાંતિકાલની આ પ્રતિમા છે. ખરેખર આમ હોય તો આ પીઠ અને તેનો લેખ ગુજરાતમાંની એક વખતની એક મોટી બૌદ્ધ ધાતુપ્રતિમાની સાક્ષી આપનાર ઠરે છે. લેખની નવેસર શાહી છાપ અને કોતરેલા લેખમાં ચાક જેવું કાંઈ પૂરી લેખનો ફોટો ફરીથી લેવો જોઈએ. કલા-શૈલી જોતાં આ દેવની મૂર્તિ આઠમા સૈકા પછીની લાગતી નથી. વિજાપુર તાલુકામાં વિહાર નામે ગામ છે, તેનું નામ પ્રાચીન બૌદ્ધ વિહાર પરથી પડ્યાનું શ્રી. ગદ્રેએ અનુમાન કર્યું હતું. કોટયર્ક-મહુડી એનાથી બહુ દૂર નથી એ અહીં નોંધવું ઘટે.[૨]

---

૧. ડૉ. મજમુંદાર, ક્રૉનોલૉજી ઑફ ગુજરાત, પૃ. ૩૧૮. તેઓ લખે છે: "xxxThus the reading which Dr. Chhabra has given may be accepted for our purpose. This reading conclusively settles the question regarding the religion to which the bronze belongs. It is purely Buddhistic."

૨. શ્રી. એ. એસ. ગદ્રે, બુદ્ધિસ્ટ ઈન્ફ્લુઅન્સ ઈન ગુજરાત એન્ડ કાઠિયાવાડ, જર્નલ ઑફ ધ ગુજરાત રીસર્ચ સોસાયટિ, વો. ૧, પં. ભગવાનલાલ ઈન્દ્રજી નંબર, પૃ. ૬૯-૭૦.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં મહાયાની બૌદ્ધો હશે એ માટે આપણને થોડી સાબિતી મળે છે. શીલાદિત્યે પોતાના મહેલ પાસેના વિહારમાં સાત બુદ્ધોની પ્રતિમાઓ પધરાવ્યાની હકીકત અને એ જ રાજાએ "ધાતુ"ઓ પધરાવ્યાની મંજુશ્રીમૂલકલ્પની હકીકત એ બતાવે છે કે બુદ્ધનાં શરીરધાતુ, ધર્મધાતુ આદિ તો પુજાતાં જ પણ બુદ્ધ-પ્રતિમાઓ પણ મૈત્રકકાલમાં પુજાતી. ખંભાલીડાની ગુફાના બહારના ભાગમાં બોધિસત્ત્વોની મૂર્તિઓ પણ મહાયાનની અસર સૂચવે છે.

કચ્છમાં, ભૂજ મ્યુઝિઅમમાં ઘણા વખતથી પડી રહેલી એક બુદ્ધ-પ્રતિમાને ડૉ. મંજુલાલ મજમુંદારે પ્રકાશમાં આણી છે. (જુઓ, ચિત્ર નં. ૧૨).[૧] આ પ્રતિમાનું પાદપીઠ અથવા આસન અકોટાની જીવન્તસ્વામી પ્રતિમાના આસન સાથે સરખાવવા જેવું છે. આ જાતના પાદપીઠ અથવા આસનો (pedestals) પ્રાચીન પશ્ચિમ ભારતીય શૈલીમાં વિશેષ પ્રચલિત હતા એમ દેખાય છે. બુદ્ધમૂર્તિની સમકદની લંબગોળ પ્રભાવલીની પ્રણાલી પશ્ચિમ ભારતમાં અજન્ટા વગેરે બૌદ્ધ સ્થાનોને અજાણી નથી. બુદ્ધની મુખાકૃતિ તથા શરીરરચના પશ્ચિમ ભારતીય શૈલીનાં છે. એ બધું જોતાં આ પ્રતિમા ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છમાં બનેલી હોવાનો સંભવ લાગે છે. એ પ્રતિમાનો પાદપીઠ ઉપરનો બે લીટીનો લેખ ડૉ. છાબડાએ નીચે મુજબ વાંચ્યો છે :—

(૧) देय धर्मोऽयं नागसिंघ भिक्षुः तस्य भिक्षुणिकासमाः

(२) मात......देवस्य कीर्तिः स्थापिता ।

આનો અર્થ ડૉ. મંજુલાલે "માતા તુલ્ય દેવકીર્તિના સ્મરણાર્થે" એમ કર્યો છે તે યોગ્ય લાગતો નથી.[૨] લેખની લિપિ ઈ. સ.ની સાતમી સદીની મનાય છે. એ દૃષ્ટિએ આ પ્રતિમા પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાનો એક અગત્યનો નમૂનો છે. પાદપીઠ લગભગ ત્રણ ઈંચ ઊંચું છે અને ઉપર પદ્મ ઉપર ઊભેલા બુદ્ધની આકૃતિ લગભગ આઠ ઈંચની ઊંચાઈની છે. બુદ્ધ ભગવાનનો જમણો હાથ અભય મુદ્રાએ છે અને ડાબા હાથમાં કમલદંડ હશે એવું અનુમાન કરવામાં આવે છે. ઉત્તરીય ઘણું બારીક વણાટનું બતાવ્યું છે.

ગાંધી-સ્મૃતિ ભાવનગરમાં એક નાની બુદ્ધ-પ્રતિમા છે જે અહીં ચિત્ર નં. ૧૧ તરીકે, ગાંધી-સ્મૃતિના ક્યુરેટર ભાઈશ્રી ઇન્દ્રશંકર રાવળના સૌજન્યથી આપી છે. આ પ્રતિમા નાની ગૃહ-ચૈત્યમાં અથવા પાસે મુસાફરીમાં રાખી ફરી શકાય તેવી છે. આવી નાની પ્રતિમાઓ, હિંદુ તેમ જ બૌદ્ધ, જૂના સ્તરોમાંથી ખોદકામમાંથી મળે છે. આમ કંઈક ગ્રામ્ય (crude) કલા જેવી દેખાતી પણ ઘણી વખત ઠીક ઠીક જૂની આવી મૂર્તિઓ પ્રાચીન કાળથી પુજાતી રહી છે. પ્રસ્તુત પ્રતિમા સૌરાષ્ટ્રમાંથી જ મળેલી છે અને મૈત્રકકાલની હોય એમ લાગે છે. પ્રતિમા અક્ષોભ્યની લાગે છે.

મહારાજા દ્રોણસિંહે (ઈ. સ. ૫૦૦–૫૨૦) ત્રિસંગમક ગામ હસ્તવપ્ર આહરણીમાં આવેલા એક દેવીમંદિરને દાનમાં દીધું હતું. આ દેવીનું નામ જેકસને પાણ્ડુરાજ્યા વાંચેલું અને બાર્નેટે પાણ્ડુરાજા વાંચવાનું સૂચન કરેલું. હરિપ્રસાદ શાસ્ત્રી પાઠ સુધારી પાણ્ડુરાજ્જા સૂચવી

---

૧. એમ. આર. મજમુંદાર, ક્રોનોલૉજી ઑફ ગુજરાત, પૃ. ૨૧૫

૨. ક્રોનોલૉજી ઑફ ગુજરાત, પ્લેટ ૫૭ અને પૃ. ૨૧૫.

પાણ્ડુરા એ દેવી ( અજ્જા )નું નામ હોવાનું સૂચન કરે છે. તેઓ લખે છે, " પાણ્ડુરા એ એના પાણ્ડુર વર્ણના સ્વરૂપનું નામ જણાય છે. પદ્મપુરાણ ગુજરાતના તીર્થસ્થાનોમાં પાણ્ડુરાર્યા તીર્થ ગણાવે છે એ અહીં લક્ષ્યમાં લેવા જેવું છે. " × × × × × વળી તેઓ અન્યત્ર જણાવે છે, " દ્રોણ-સિંહના દાનશાસનમાં જણાવેલી પાણ્ડુરા દેવી એ અમિતાભ બુદ્ધની શક્તિ હોવાનું જણાય છે. " આ મંદિર આજે ઉપલબ્ધ નથી. આ પાણ્ડુરાર્યા એ ખરેખર બૌદ્ધ દેવી હતી કે નહિ તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે.

ખંભાત પાસે નગરા–પ્રાચીન નગરક-માં કેટલાંક વર્ષો ઉપર રબારીવાડના ટેકરા ઉપરથી બુદ્ધની એક મોટી પાષાણ પ્રતિમા મળી હતી જેનો ઉલ્લેખ શ્રી. રત્નમણિરાવ ભીમરાવ જોટેએ " ખંભાતના ઇતિહાસ "માં કર્યો હતો અને જેનો ઉલ્લેખ તે પછી અન્ય વિદ્વાનોએ પણ કર્યો છે. " નગરાની બુદ્ધ-પ્રતિમા " એ લેખમાં,[1] તાજેતરમાં, ડૉ. રમણલાલ મહેતાએ એ પ્રતિમાની વધુ ચર્ચા કરી બતાવ્યું છે કે એ પ્રતિમા **વૈરોચન બુદ્ધની** છે. આ પ્રતિમામાં ભગવાન બુદ્ધ અર્ધપદ્માસને અને ધર્મચક્રમુદ્રામાં બે હાથ રાખેલા બતાવ્યા છે. મુખ ઠીક ઠીક ઘસાઈ ગયું છે, મસ્તક ઉપરના કેશ ઓળવાની ઢબ વિશિષ્ટ પ્રકારની છે જે અકોટાની કેટલીક જૈન પ્રતિમાઓમાં મળે છે. આ પ્રતિમા ઈ. સ.ના સાતમા સૈકા આસપાસની લાગે છે.

તાજેતરમાં, વડોદરા વિશ્વવિદ્યાલયના પુરાતત્ત્વખાતાએ નગરામાં ખોદકામ કર્યું છે આધારે નગરામાં મૌર્ય યુગથી પણ પ્રાચીન સમયમાં વસાહત હતી. આ સ્થળ મૂળ બંદર હોય અને હાલનું ખંભાત, દરિયો પાછો હઠ્યા પછી આઠમા સૈકા પછી ક્રમશઃ ખીલ્યું હોય એમ લાગે છે. આવા અગત્યના સ્થળેથી, આવી મોટી અને મૂળે સુંદર એવી બુદ્ધ-પ્રતિમા મળવાથી, આ પ્રતિમા જ્યાંથી મળી હતી તે સ્થળ આસપાસ ખોદકામ કરવામાં આવ્યું હતું. પરંતુ તેનો કોઈ હેવાલ પ્રસિદ્ધ થયો નથી. નગરામાં બૌદ્ધધર્મનો ફેલાવો આ પ્રતિમાના સમયમાં અને તેથી પહેલાં પણ હશે કેમ કે એ પશ્ચિમ કિનારાનું એક અગત્યનું પ્રાચીન સ્થળ અને બંદર હતું. મૈત્રક દાનપત્રોમાં ઉલ્લેખ મળે છે તે નગરક આ નગરા લાગે છે. અગિયારમા સૈકાના પ્રજ્ઞાપારમિતાના ગ્રન્થમાં " લાટદેશે વુંકરા નગરે " એવા લખાણ સાથે ચુન્દાનું ચિત્ર મળે છે તે " વુંકરા નગર " તે આ જ નગરક અથવા નગરા હશે કે સાણા પાસેનું વાંકિયા કે બીજું કોઈ તે નક્કી કરવાનું કોઈ સાધન ઉપલબ્ધ નથી.

કચ્છ અને ખંભાતની પ્રતિમાઓથી જૂની અને ઈ. સ.ના છઠ્ઠા સૈકાની કે ઈ. સ. છઠ્ઠા સૈકાના અંત ભાગની જણાતી એવી એક ધાતુની નાની બુદ્ધ-પ્રતિમા વલભીથી મળેલી હાલ શ્રી. મહેન્દ્રસિંહજી ઠાકોરના અંગત સંગ્રહમાં છે. આ પ્રતિમા અંગેનો તેઓનો લેખ ' આર્ટિબસ એશિઆઈ'માં ટૂંક વખતમાં પ્રસિદ્ધ થનાર છે. તે જોતાં જણાશે કે કચ્છની બુદ્ધ પ્રતિમા કરતાં આ પ્રતિમા જરૂર જૂની છે. વલભી-વળાથી ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભંડારકરને મળેલી જૈન-પ્રતિમાઓ કરતાં પણ આ પ્રતિમા સ્હેજ જૂની હોઈ શકે. કોઈ સારા કલાકારના સર્જન જેવી એની મુખાકૃતિ છે.

---

૧. લેખ માટે જુઓ, સ્વાધ્યાય, પુ. ૧, અંક ૩ (અક્ષયતૃતીયા અંક)—આ જ અંકમાં અન્યત્ર છપાયેલો લેખ.

બીજી એક હજુ અપ્રસિદ્ધ પાષાણ પ્રતિમા અહીં ચિત્ર નં. ૧૩ તરીકે છાપી છે. આ પ્રતિમા ઘોઘાના કોઈ જૈનમંદિરમાં કેટલાંક વર્ષો ઉપર શ્રીમતી ડૉ. શાર્લોટ ક્રાઉઝે એ જોઈ એનો ફોટો પાડ્યો હતો તે નેગેટીવ ઉપરથી, તેમના સૌજન્યથી આ છબિ અહીં છાપી છે. એ પ્રતિમા હાલ ક્યાં છે એ મને ખબર નથી. કદાચ ઘોઘાના જ કોઈ જૈનમંદિરમાં કે તેના ભોંયરામાં સુરક્ષિત હશે. આ પ્રતિમામાં ભગવાન બુદ્ધ ભૂમિસ્પર્શ મુદ્રાએ બિરાજેલા છે તે કારણે તથા તેમના અંગ ઉપરના ઉત્તરીયને લીધે, જૈન મંદિરમાં સદ્‌ભાગ્યે જૈન સમજી સચવાયેલી આ પ્રતિમા ચોક્કસ બૌદ્ધ જ છે, અને અક્ષોભ્યની હોવા સંભવ છે. શિલ્પશૈલીની દૃષ્ટિએ પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાનો જ આ નમૂનો ઈ. સ.ના આઠમા સૈકા જેટલો જૂનો લાગે છે.

સદ્‌ગત. ફાધર હેરાસે વળામાં થોડું ખોદકામ કરાવ્યું હતું તેમાંથી મહાયાન માર્ગની કેટલીક ધર્મદેય માટીની મુદ્રાઓ મળી છે જે બુદ્ધ અને સ્તૂપની આકૃતિઓ તેમ જ બૌદ્ધ સૂત્રો આદિથી અંકિત છે. લગભગ ઈ. સ. છઠ્ઠા સૈકાની લિપિમાં આવાં બૌદ્ધ ધાર્મિક લખાણો આ મુદ્રાઓ ઉપર છાપવામાં આવ્યાં છે. આવી એક મુદ્રા ભાવનગરમાં ગાંધી સ્મૃતિ મંદિરમાં છે.[1]

વલભીમાં અને તેથી કરીને સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં મહાયાની સાહિત્ય તેમ જ ભિક્ખુઓ હશે એ તો વલભીમાં સ્થિરમતિ અને ગુણમતિ જેવા અભિધર્મના વિદ્વાનોએ વસવાટ કર્યો (અને સંભવતઃ અહીં ગ્રન્થરચનાઓ પણ કરી) એ પુરાવો પૂરતો સબળ ગણાય. ગુણમતિ તો સૌરાષ્ટ્રના જ વતની મનાય છે.[2] દાનશાસનોમાંથી આપણને પ્રસિદ્ધ બૌદ્ધ આચાર્યો, ભિક્ખુઓની હકીકત મળે છે તે ઉપર જોઈ ગયા. પણ તદુપરાંત સાહિત્યમાંથી આપણને સૌરાષ્ટ્રના એક બીજા મહાન સાધુ અને પંડિતની હકીકત મળે છે. સોળમા સૈકામાં થએલા બૌદ્ધ લામા તારાનાથે ભારતભરમાંથી બૌદ્ધધર્મ વિષે માહિતી મેળવી તિબ્બતી ભાષામાં બૌદ્ધધર્મનો ઇતિહાસ લખ્યો છે એમાં **શાન્તિદેવ** નામના સુવિખ્યાત બૌદ્ધ આચાર્ય અને પંડિતની હકીકત આપી છે. તદુપરાંત મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીએ (હજુ અપ્રસિદ્ધ) એક નેપાલીમાં લખાયેલી હસ્તપ્રતમાં શાન્તિદેવનું જીવનચરિત્ર મળ્યાની નોંધ લીધી છે. બંગાલની એશિઆટિક સોસાઇટીમાં



ચિત્ર નં. ૧૫. શાન્તિદેવ (તિબ્બતી પરંપરાનું ચિત્ર)

૧. ક્રૉનોલૉજી ઑફ ગુજરાત, પૃ. ૧૯૫.

૨. ધી કલાસિકલ એઇજ, પૃ. ૩૮૫—"Guṇamati was a native of Valabhī and spent most of his life there. He came to Nālandā and became one of its distinguished teachers."

સચવાયેલી (સરકારીસંગ્રહ નં. ૯૯૯૦) આ હસ્તપ્રત ઈ. સ. ચૌદમા સૈકામાં લખાઈ લાગે છે.[૧] સદર જીનવચરિત્રના લેખક અને તેના સમય વિષે કોઈ માહિતી નથી. પણ આ હસ્તપ્રત તારાનાથ કરતાં આશરે બે સૈકા જૂની છે, અને તારાનાથની હકીકત અને આ હસ્તપ્રતની વિગતો વચ્ચે અમુક સામ્ય હોવાથી એ જીવનચરિત્ર અને તારાનાથની હકીકતમાં કંઈક ઐતિહાસિક સત્યનો આધાર હોવો જ જોઈએ.

તારાનાથના જણાવ્યા મુજબ શાન્તિદેવનો જન્મ સૌરાષ્ટ્રમાં થયો હતો, અને તેઓ શ્રીહર્ષના પુત્ર શીલના સમકાલીન હતા. પણ ભારતીય અથવા ચીની સાહિત્યમાં શીલ અથવા કોઈ બીજા નામના હર્ષના પુત્રની હકીકત મળતી નથી.[૨] શાન્તિદેવ રાજપુત્ર હતા તેમના પિતાનું નામ કલ્યાણવર્મા હતું. પણ (બૌદ્ધ દેવી) તારાની પ્રેરણાથી એમણે રાજગાદીનો પરિત્યાગ કર્યો. કહેવાય છે કે બોધિસત્ત્વ મંજુશ્રીએ પોતે કોઈ યોગીના રૂપમાં આવી એમને દીક્ષા આપી અને આખરે તેઓ બૌદ્ધભિક્ષુ બની ગયા.

નેવારીયેઅક્ષરોમાં લખાયેલા ઉપર નોંધેલા જીવનચરિત્ર મુજબ શાન્તિદેવ કોઈ મંજુવર્મા નામના રાજાના પુત્ર હતા.[૩] એમની રાજધાનીનું નામ ગ્રન્થમાં છે પણ ઘસાઈ જવાથી બરાબર ઉકલતું નથી. જ્યારે એમનો યુવરાજપદે અભિષેક થયો ત્યારે એમનાં માતાએ ઉપદેશ આપ્યો કે રાજ્ય તો પાપનું કારણ–હેતુ રૂપ છે. માતાએ કહ્યું—"તમે જ્યાં બુદ્ધ અને બોધિસત્ત્વ મળે તેવે ઠેકાણે જાઓ. મંજુવજ્ર પાસે જવાથી તમને નિઃશ્રેયસની પ્રાપ્તિ થશે." એક હરિતવર્ણના ઘોડા ઉપર સવાર થઈ કુંવર પિતાનું રાજપાટ છોડી ચાલતા થયા. દિવસો સુધી એ ખાવા પીવાનું પણ ભૂલી ગયા. આખરે ગહન વનમાં એક સુંદરીએ એમને જોયા અને ઘોડાને પકડી રોકી એમને ઘોડા પરથી ઉતાર્યા; પીવા માટે મધુર પાણી આપ્યું, અને ખાવા માટે બકરીનું માંસ રાંધ્યું. સુંદરીએ કહ્યું, "હું મંજુવજ્રસમાધિની શિષ્યા છું." શાંતિદેવ ખુશ થઈ ગયા, કેમ કે પોતે એમના જ શિષ્ય થવા માગતા હતા. બાર વર્ષ સુધી પોતે ગુરુ પાસે રહ્યા અને મંજુશ્રીજ્ઞાનનો લાભ મેળવ્યો. શિક્ષણ પૂરું થયું એટલે ગુરુએ મધ્યદેશ જવાનો આદેશ આપ્યો. ત્યાં પોતે **અચલસેન** નામ ધારણ કરી **રાઉત** બન્યા. દેવદારના લાકડાની તલવાર બનાવી અને મ્યાનમાં રાખી; રાજાની નોકરીમાં રહી રાજાના પ્રિય બની ગયા. બીજા રાજસેવકોને એમની ઈર્ષા આવી. એમણે કહ્યું "દેવદારના લાકડાનું ખડ્ગ એ રાખે છે, એ યુદ્ધમાં કેવી રીતે લડશે?" રાજા અને સર્વ રાજસેવકોએ એમની તલવાર બતાવવા કહ્યું. અચલસેને કહ્યું મહેરબાની કરી મારુ ખડ્ગ ના જુઓ. રાજાએ માન્યું નહીં એટલે અચલસેને શરત કરી કે એ ખડ્ગ રાજાએ એકાન્તમાં જોવું અને એક આંખ બંધ કરી જોવું. રાજાએ જેવું એ ખડ્ગ જોયું કે તુરત જ એમની એક આંખ ખરી પડી. રાજાને આશ્ચર્ય થયું અને પ્રસન્નતા પણ થઈ. અચલસેને ખડ્ગને પત્થર પર

---

૧. હરપ્રસાદ શાસ્ત્રી, શાન્તિદેવ, ઇન્ડિઅન ઍન્ટિક્વેરી, ઈ. સ. ૧૯૧૩, પૃ. ૪૯–૫૨.

૨. જુઓ, શાન્તિદેવકૃત શિક્ષાસમુચ્ચયની બૅન્ડલ સંપાદિત આવૃત્તિ (ફોટોરિપ્રિન્ટ નવી આવૃત્તિ) પૃ. પ્રસ્તાવના. સાથેનું ચિત્ર આ પુસ્તકમાંથી આપ્યું છે.

૩. શાન્તિદેવના પિતાનું નામ તારાનાથના મતે કલ્યાણવર્મા હતું. જુઓ, ધી કલાસિકલ એઇજ, પૃ. ૩૮૩.

ફેંકી દીધું. નાલન્દા પહોંચી પોતે સંસારનો ત્યાગ કર્યો. એઓ સ્વભાવે શાન્તચિત્ત હોવાથી એમનું નામ શાન્તિદેવ પડ્યું. ત્યાં એમણે ત્રણે પિટકોનું શ્રવણ, અધ્યયન કર્યું. ત્યાં એમનું નામ "भुसुकु" પણ પડ્યું. આનો ખુલાસો એવો કરવામાં આવે છે કે—**भुञ्जानोऽपि प्रभास्वरः सुप्तोऽपि, कुटीं गतोऽपि तदेवेति भु-सु-कु-समाधिसम्पन्नत्वात् भुसुकु-नामख्यातिं सङ्घेऽपि** એટલે કે ભોજનના સમયે એમની મૂર્તિ ઉજ્જવલ રહેતી, સૂવાના સમયે પણ ઉજ્જવલ રહેતી, અને પોતાની કુટિ (ઝૂંપડી)માં બેસી રહે ત્યારે પણ એવી જ ઉજ્જવલ રહેતી, આથી આ ત્રણે સમય ઉજ્જવલ રહેવાથી સંઘમાં એમનું નામ ભુ-સુ-કુ પ્રચલિત થયું. શાન્તિદેવ સાદા વેષમાં એક કુટિમાં રહેતા.

આમ ઘણા દિવસો વીતી ગયા. શાન્તિદેવ કોઈની સાથે બહુ વાતચીત કરતા નહીં, પોતાનું ચિંતનાદિ કામ કર્યા કરતા. બીજા વિદ્યાર્થીઓને આ ગમ્યું નહીં. એમણે છેડછાડ કરવા માંડી. ઘણાઓએ માની લીધું કે એમને કાંઈ આવડતું નથી, એઓ જડબુદ્ધિ છે. સમય આવે બધા વચ્ચે એમની પરીક્ષા કરવાનો વિચાર કર્યો.

નાલન્દામાં પ્રતિવર્ષ જ્યેષ્ઠ માસમાં શુક્લપક્ષમાં એક ઉત્સવ મનાતો. એમાં ધર્મ-કથા, પાઠ આદિ થતાં. નાલન્દા મહાવિહારને અગ્નિખૂણે એક મોટી ધર્મશાલામાં બધા પંડિતો અને શ્રોતાઓ ભેગા મળતા. આવા એક પ્રસંગે વિદ્યાર્થીઓએ શાન્તિદેવને ખૂબ આગ્રહ કરી વ્યાસપીઠ ઉપર બેસાડી દીધા. શાન્તિદેવે પછી પંડિતો અને શ્રોતાઓને પૂછ્યું :—

"**किमार्षं** पठामि **अर्थार्षं** वा तत्र ऋषिः पदार्थज्ञानवान्। ऋधृगतौइत्यत्र औणादिकः किः। ऋषिणा जिनेन प्रोक्तमार्षम्। ननु **प्रज्ञापारमितादौ सुभूत्या**दिदेशितं कथमार्षमित्यत्रोच्यते **युवराजार्य-मैत्रेयेण**—

यदर्थवद्धर्म्मपदोपसैंहितं त्रिधातुसंक्लेशनिवर्हणं वचः।
भवे भवेच्छान्त्यनुशंसदर्शकं तद्वत् क्रमार्षं विपरीतमन्यथा॥
तदाकृष्टं आर्य्याद्यैरर्थार्षं सुभूत्यादिदेशना तु भगवदधिष्ठानादित्यदोषः।

આમ શાન્તિદેવે પૂછ્યું કે "આર્ષ"નો પાઠ કરું કે "અર્થાર્ષ"નો, અને પંડિતોને "આર્ષ" અને "અર્થાર્ષ"નો ભેદ સમજાવ્યો—પરમાર્થના જાણનારને ઋષિ કહેવામાં આવે છે, એ જ બુદ્ધ અને જિન છે. તેઓ જે કહે છે તે આર્ષવચન તરીકે જાણીતું છે. કોઈ સવાલ કરે કે તો પછી સુભૂતિ આદિ આચાર્યોએ પોતાના શિષ્યોને ઉપદેશ આપવા માટે જે ગ્રન્થ રચ્યા તે આર્ષ કેમ કહેવાય? એના જવાબમાં શાન્તિદેવ આર્યમૈત્રેયનું વચન ટાંકે છે કે વાસ્તવિક રીતે આર્ષ વચન એ છે કે જે સુંદર અર્થથી યુક્ત હોય, ધર્મભાવથી અનુપ્રાણિત હોય, ત્રિધાતુ-સંક્લેશનું ઉપશમન કરનાર હોય, તૃષ્ણાનો ઉચ્છેદ કરનાર અને પ્રાણીમાત્રના કલ્યાણની ભાવનાથી પ્રેરિત હોય. આવું વચન આર્ષ કહેવાય, એથી ઊલટું તે અનાર્ષ.

આવા આર્ષ ગ્રન્થોમાંથી અર્થગ્રહણ કરી અન્ય પંડિતોએ જે ગ્રન્થો રચ્યા છે તે અર્થાર્ષ કહેવાય. અર્થાર્ષ ગ્રન્થોનું મૂળ આર્ષ ગ્રન્થ છે, એટલે આર્ષ ગ્રન્થોમાંથી પંડિતોએ સાર કાઢી જે સંગ્રહ કર્યો હોય તે અર્થાર્ષ, અને સુભૂતિ આદિ આચાર્યોનો ઉપદેશ છે તે આર્ષ છે, કેમ કે

તેના અધિષ્ઠાતા ભગવાન છે." પંડિતોએ અર્થાર્ષ કૃતિ સાંભળવાની ઇચ્છા પ્રદર્શિત કરી. આ પહેલાં શાન્તિદેવે **શિક્ષા-સમુચ્ચય, સૂત્ર-સમુચ્ચય** અને **બોધિચર્યાવતાર** નામક ત્રણ ગ્રન્થો રચેલા, એટલે પોતે સ્વરચતિ બોધિચર્યાવતારનો પાઠ કરવા માંડ્યો. ગ્રન્થનો પાઠ શરૂઆતથી જ કરવા માંડ્યો :

सुगतान्ससुतान्सधर्मकायान् प्रणिपत्यादरतोऽखिलांश्च वन्द्यान् ।
सुगतात्मजसंवरावतारम् कथयिष्यामि यथागमं समासात् ॥ १ ॥

અને પછી આ પંડિત મહાત્મા પોતાની અત્યંત નમ્રતા, નિરાભિમાનતા દાખવતા કહે છે :

न हि किञ्चिदपूर्वमत्र वाच्यम् न संग्रथनकौशलं ममास्ति ।
अत एव न मे परार्थचिन्ता स्वमनो भावयितुं कृतं मयेदम् ॥ २ ॥

અને પછી કહે છે :

मम तावदनेन याति वृद्धिं कुशलं भावयितुं प्रसादवेगः ।
अथ मत्समधातुरेव पश्येदपरोऽप्येनमतोऽपि सार्थकोऽयम् ॥ ३ ॥

—બોધિચર્યાવતાર, પરિચ્છેદન, શ્લો. ૧-૩.

[ આ ગ્રન્થમાં ગીતા, ધમ્મપદ, ઉત્તરાધ્યયન સૂત્ર આદિ ગ્રન્થોમાં મળે છે એવાં આચાર-વિચારનાં સુંદર અતીવ ઉપયોગી અને હૃદયને સીધી ચોટ લગાડે એવાં સુભાષિતો છે. દા. તરીકે—]

शिक्षां रक्षितुकामेन चित्तं रक्ष्यं प्रयत्नत : ।
न शिक्षा रक्षितुं शक्या चलं चित्तमरक्षता ॥ १ ॥

जपास्तपांसि सर्वाणि दीर्घकालकृतान्यपि ।
अन्यचित्तेन मन्देन वृथैवेत्याह सर्ववित् ॥ १६ ॥ બો૦ ચ૦, ૫, ૧, ૧૬.

ये केचिद् दुःखिता लोके सर्वे ते स्वसुखेच्छाया ।
ये केचिद् सुखिता लोके सर्वे तेऽन्यसुखेच्छया ॥ બો૦ ચ૦, ૮, ૧૨૯.

બોધિચર્યાવતારની ભાષા સુંદર, મધુર, લલિત અને હૃદયને તુર્ત અસર કરે એવી છે. એનો ભાવ અત્યન્ત ગંભીર, ઉત્કૃષ્ટ અને મધુર છે. એ ગ્રન્થના કર્તાના ચારિત્ર્યનું બળ એ વાણીમાં આવ્યું છે. પંડિતો તો સ્તબ્ધ થઈ ગયા, અને એકચિત્તે શાન્તિદેવની વાણીનું શ્રવણ કરવા લાગ્યા.

મહાયાન બૌદ્ધ-દર્શનના ગૂઢ તત્ત્વોની વ્યાખ્યા ચાલુ રહી, અને જ્યારે શાન્તિદેવે મધુર સ્વરથી—

यदा न भावो नाऽऽभावो मतेः सन्तिष्ठते पुरः ।
तदान्यगतभावेन निरालम्बः प्रशाम्यति ॥ બો૦ ચ૦, પરિ૦ ૯, શ્લો૦ ૩૫.

એ શ્લોકનો પાઠ કરી એની વ્યાખ્યા કરવા માંડી ત્યારે ભગવાન જાતે સન્મુખ પ્રાદુર્ભૂત થયા અને શાન્તિદેવને સ્વર્ગમાં લઈ ગયા.

બીજે દિવસે પંડિતોએ જ્યારે વિનમ્ર ભાવે શાન્તિદેવની ઝૂંપડી ખોલી અંદર જઈ જોયું ત્યારે એમને બોધિચર્યાવતાર, શિક્ષા-સમુચ્ચય અને સૂત્ર-સમુચ્ચય એ ત્રણ કૃતિઓની હસ્તપ્રતો મળી. પંડિતોએ એનો ખૂબ પ્રચાર કર્યો.

આ વૃત્તાન્ત મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીને જડેલા, ત્રણ તાડપત્રોની હસ્તપ્રતમાં સચવાયેલા શાન્તિદેવના ચરિત્રમાં આપ્યો છે.[૧]

શાન્તિદેવના ગ્રન્થો પરથી, આચાર્ય નરેન્દ્રદેવે અનુમાન કર્યું છે કે તેઓ માધ્યમિક-દર્શનના અનુયાયી હતા. બેન્ડલ લખે છે કે શાન્તિદેવના ગ્રન્થોમાં તન્ત્રોની અસર પડી દેખાય છે. કાર્દિયેના કૅટલૉગમાંથી જાણવા મળે છે કે શાન્તિદેવ "श्री गुह्यसमाजमहायोगतन्त्रबलिविधि" નામક તાંત્રિકગ્રન્થના કર્તા છે. દરબાર લાયબ્રેરી, નેપાલમાં "ચર્યાચર્યવિનિશ્ચિય" નામનો તાડપત્રીય ગ્રન્થ છે તેમાં જણાવ્યા પ્રમાણે **ભુસુકુએ** વજ્રયાનના કેટલાક ગ્રન્થો લખ્યા છે.[૨] જૂની બંગાળીમાં ભુસુકુના લખેલાં ચર્યાગીતો મળે છે.

બેન્ડલે શાન્તિદેવનો શિક્ષાસમુચ્ચય નામક ગ્રન્થ પ્રસિદ્ધ કર્યો છે, તેની પ્રસ્તાવનામાં તેમણે શાન્તિદેવના સમયની ચર્ચા કરતાં જણાવ્યું છે કે તારાનાથના કહેવા પ્રમાણે શ્રીહર્ષના પુત્ર શીલના રાજ્યકાલમાં સૌરાષ્ટ્રમાં શાન્તિદેવનો જન્મ થયો હતો. આપણે જાણીએ છીએ કે શ્રીહર્ષને કોઈ શીલ નામે પુત્ર હોવાની હકીકત ક્યાંય મળતી નથી; પણ સૌરાષ્ટ્ર પર જેનો અધિકાર હોય એવો કોઈ શીલ અથવા શીલાદિત્ય અહીં ઉદ્દિષ્ટ હશે. શ્રીહર્ષના જમાઈ ધ્રુવસેન બીજા બાલાદિત્યે લગભગ ઈ. સ. ૬૨૯થી ૬૪૪ સુધી રાજ્ય કર્યું લાગે છે. આ ધ્રુવસેન બીજાનો પુત્ર ધરસેન ચોથો પોતાને હર્ષની માફક "પરમેશ્વર" અને "ચક્રવર્તી" કહેવડાવે છે તથા श्रीअज्जपादानुध्यात કહે છે. એ શ્રીહર્ષનો દૌહિત્ર હતો પણ પુત્રતુલ્ય ઉત્તરાધિકારી ગણાતો, કેમ કે શ્રાહર્ષ અપુત્ર હતો. આ ધરસેન ચોથાનું બીજું નામ શીલાદિત્ય હતું કે નહીં તે ખબર નથી પણ બેન્ડલ વગેરે વિદ્વાનો શાન્તિદેવ સાતમા-આઠમા સૈકામાં થયાનું માને છે તે જોતાં શ્રીહર્ષના દૌહિત્ર ધરસેન ચોથા (ઈ. સ. ૬૪૪ થી લગભગ ૬૫૦ આસપાસ)ના વખતમાં શાન્તિદેવનો જન્મ થયો હોય તેમ અનુમાન કરી શકાય.

શાન્તિદેવના શિક્ષાસમુચ્ચયના તિબ્બતી ભાષામાં ત્રણ અનુવાદ થયા હતા; જિનમિત્રને દાનશીલ નામક બે ભારતીય વિદ્વાનોને હાથે બે, અને યે-શેસ્-સ્દે (Ye-Çes-sde = જ્ઞાનસેન) નામક તિબ્બતી વિદ્વાનના હાથે ત્રીજો. દાનશીલ અને જ્ઞાનસેન તિબ્બતી રાજા khri-lde-sroṅ-btsanના સમયમાં ઈ. સ. ૮૧૬-૮૩૮ વચ્ચે થઈ ગયા. એટલે આચાર્ય શાન્તિદેવનો સમય ઈ. સ. ૮૩૮ની પહેલા અને નાલન્દાના આચાર્ય ધર્મપાલના પછીના ગાળામાં મનાય છે તે ઠીક જ છે.[૩] શ્રી શરતચંદ્રદાસે પ્રસિદ્ધ કરેલ Sumpa Mkhan-Po Yese Pal Jorના Pag Sam Jon Zangમાં તારાનાથને મળતી હકીકત છે. એ મુજબ શાન્તિદેવનું મૂળ નામ શાન્તિ-વર્મન્ હતું અને તેઓ કલ્યાણવર્મન્‌ના પુત્ર હતા. તેઓ થોડો વખત મગધના પંચસિંહ નામના રાજાના અમાત્યપદે હતા.

---

૧. હરપ્રસાદ શાસ્ત્રીનો લેખ, ઇન્ડિયન ઍન્ટિક્વેરી (૧૯૧૩),

૨. જુઓ, આચાર્ય નરેન્દ્ર દેવ, બૌદ્ધ-ધર્મ-દર્શન, પૃ. ૧૭૪.

૩. આચાર્ય નરેન્દ્રદેવ, બૌદ્ધધર્મદર્શન, પૃ. ૧૭૨-૧૭૫,
બેન્ડલ; શિક્ષા સમુચ્ચય (નવી આવૃત્તિ), પ્રસ્તાવના
હિસ્ટરી ઑફ બૅન્ગાલ, વૉ. ૧, પૃ. ૩૩૧.

પ્રાચીન પંડિતો અને ભિક્ખુ કે આચાર્યોના સમયનિર્ણયમાં આપણે યાદ રાખવું જોઈએ કે એમાંના ઘણા દીર્ઘ જીવી હશે. રાજાઓની માફક એમના સમયને પંદર કે પચીસ વર્ષનો સરેરાશ ગાળો આપવો તે યોગ્ય નથી. એમની સાહિત્યની અને ઇતર પ્રવૃત્તિ ઘણી વાર પચાસ વર્ષ સુધી પણ ચાલુ રહી હોય. એટલે શાન્તિદેવ એંશીએક વર્ષ જીવ્યા હોય તો એમનો સમય આશરે ૬૪૦ થી ૭૨૦ મૂકી શકાય.

તારાનાથના કથન મુજબ શાન્તિદેવે બોધિચર્યાવતાર, સૂત્ર-સમુચ્ચય અને શિક્ષા-સમુચ્ચય એ ત્રણ ગ્રન્થો રચ્યા હતા. બોધિચર્યાવતાર એ બાકીના બે ગ્રન્થો પછી રચાયેલો ગ્રન્થ છે. શિક્ષા-સમુચ્ચયની હસ્તલિખિત પ્રતોમાં કર્તાનું નામ નથી મળતું છતાં, 'તંજોર ઈન્ડેક્સ' ૩૧ અનુસાર શાન્તિદેવ જ એના કર્તા છે. મહાયાન ધર્મના પ્રસિદ્ધ પ્રાચીન વિદ્વાન દીપકંર શ્રીજ્ઞાન ( અતીશ ) આ વાતને સમર્થન આપે છે. શિક્ષાસમુચ્ચયમાંથી ઘણાં અવતરણો એમણે પોતાની કૃતિમાં ઉતાર્યા છે, અને એઓ એને શાન્તિદેવની કૃતિ જ માનતા.

બોધિચર્યાવતારની ઘણી ટીકાઓ મળે છે પણ તેમાં ખાસ પ્રસિદ્ધ અને ઘણુંખરું એ એકલી જ છપાયેલી એવી ટીકા છે પ્રજ્ઞાકરમતિ ( ઈ. સ. ૧૧મો સૈકો આસપાસ )ની બોધિચર્યાવતાર-પંજિકા. પ્રજ્ઞાકરમતિ શાન્તિદેવને જ બોધિચર્યાવતાર અને શિક્ષાસમુચ્ચયના કર્તા માને છે. બોધિચર્યાવતાર, પરિચ્છેદ ૫, શ્લો. ૧૦૫-૧૦૬માં કર્તા પોતે જ શિક્ષા-સમુચ્ચય અને સૂત્ર-સમુચ્ચયનો વારંવાર અભ્યાસ કરવાનું કહે છે.[૧] નાગાર્જુને એક સૂત્ર-સમુચ્ચય લખ્યાનું મનાય છે, પણ બોધિચર્યાવતારમાં જે ઉલ્લેખ છે કે आर्यनागार्जुनाबद्धं द्वितीयं च प्रयत्नतः એના અર્થ બાબત કર્ન, બેન્ડલ વગેરે વિદ્વાનોમાં મતભેદ છે, અને હજુ સુધી નાગાર્જુન રચિત કોઈ સૂત્રસમુચ્ચય નામક ગ્રન્થ મળ્યો નથી. શાન્તિદેવે સૂત્રસમુચ્ચય લખ્યો હોય તોપણ એ હજુ સુધી ઉપલબ્ધ નથી.[૨]

'તંજોર ઈન્ડેક્સ'( બર્લિનની પ્રતિ )માં શાન્તિદેવના એક ચોથા ગ્રન્થનો ઉલ્લેખ છે. એનું નામ શારિપુત્ર-અષ્ટક છે, પણ બેન્ડલના મતે આ વાત સંદિગ્ધ છે.

શાન્તિદેવ મહાયાન-ધર્મના એક પ્રસિદ્ધ શાસ્ત્રકાર થઈ ગયા. દીપંકર ( અતીશ ), નાગાર્જુન, આર્યદેવ અને અશ્વઘોષની હરોળમાં શાન્તિદેવનું નામ લેવાય છે.

સદ્ગત ડૉ. પ્રબોધચંદ્ર બાગચીએ સંપાદિત કરેલા ચર્યાગીતિ-કોષ (શાન્તિનિકેતન, ૧૯૫૬)-માં પૃ. ૭૧ ઉપર ૨૧મી ચર્યાગીતિ છાપી છે તે ભુસુકુપાદની હોવાથી ગુજરાતી વાચકોની જાણ માટે નીચે આપી છે :

---

૧. शिक्षासमुच्चयोऽवश्यं द्रष्टव्यश्च पुनः पुनः ।
विस्तरेण सदाचारो यस्मात् तत्र प्रदर्शित ः ॥
संक्षेपेणाथवा तावत् पश्येत् सूत्रसमुच्चयम् ।

આના ઉપર પ્રજ્ઞાકરમતિ લખે છે :

शिक्षासमुच्चयोऽपि स्वयमेभिरेव कृत ः । तदा नानासूत्रैकदेशानां वा समुच्चय एभिरेव कृतः ।

૨. આ ચર્ચા માટે જુઓ, આચાર્ય નરેન્દ્રદેવકૃત, બૌદ્ધધર્મદર્શન, પૃ. ૧૭૧–૧૭૨.

[ राग वराड़ी भुसुकुपादानाम् ]

નિસિ અંધારી મુસા અચારા
અમિઅ ભખઅ મુસા કરઅ અહારા (૧)

માર રે જોઈઆ મુઆ પવણા
જેણ[ ણ ] તુટઅ અવણા-ગવણા (૨) ધ્રુવપદ.

ભવ-બિન્દારઅ મુસા ખણુઅ ગાતી
ચંચલ મુસા કલિઆં નાશક થાતી. (૩) ધ્રુવ૦

કાલા મુસા ઉહ ણ બાણ
ગઅણે ઉઠિ કરઅ અમિઅ પાણ. (૩) ધ્રુવ૦

તબ સે મુસા ઉંચલ પાંચલ
સદ્દગુરુ બોહે કરહ સો નિચ્ચલ. (૪) ધ્રુવ૦

જબેઁ મુસા અચાર તુટઅ
**ભુસુકુ** ભણઅ તબે બાન્ધન ફિટઅ (૫) ધ્રુવ૦

ચર્યાગીતિ કોષમાં નં. ૨૩, નં. ૨૭, નં. ૩૦, નં. ૪૧, તથા નં. ૪૩ની ચર્યાગીતિ પણ ભુસુકુપાદની છે. નં. ૨૭મી ચર્યાગીતિની ભાષા ગૂઢ મર્મવાળી હોવા છતાં કેટલીક સરળ અને સુંદર છે તેના નમૂના માટે તે અહીં ઉતારું છું—

[ राग कामोद भुसुकुपादानाम् ]

અધરાતિ ભર કમલ વિકસિઉ
બતિસ જોઈની તસુ અંગ ઉલ્લસિઉ. (૧)

ચાલિઅઉ સસહર માગે અવધૂઈ
રઅણ[ પભાવ ] હુ સહજે કહેઈ. ધ્રુવપદ

ચાલિઅઉ સસહર ગઉ ણિવાણે
કમલિનિ કમલ વહઈ પણાલે (૨) ધ્રુવ૦

વિરમાનન્દ વિલક્ષણ સુધ
જો એથુ બુઝઈ સો એથુ બુધ. (૩) ધ્રુવ૦

**ભુસુકુ** ભણઈ બુઝિઅ મેલે
સહજાનન્દ મહાસુખ લીલે. (૪) ધ્રુવ૦

આ ઉપરાંત નં. ૪૯ની ચર્યગીતિ અગત્યની છે. આખીનો ઉતારો અહીં આપવાની જરૂર નથી પણ એમાંની બે કડી નોંધી હરપ્રસાદ શાસ્ત્રીએ જણાવેલું કે ભુસુકુ (= શાંતિદેવ) બંગાળી હતા એમ ભુસુકુ પોતે જ પોતાની ગીતિમાં કહે છે. એટલે એ કડી વિચારવા જેવી છે—

[ राग मल्लारी भुसुकुपादानाम् ]
રાજ **નાँવ** પાડી **અँઉઆ-ખાલેँ** બાહિઉ
અદઅ-બંગાલે દેશ લુડિઉ.　　　　(૧)
**આજિ ભુસુ(કુ) બંગાલી ભઈલી**
**ણિઅ ઘરિણી ચંડાલી લેલિ.**　　ધ્રુવપદ.

આગળની કડીઓ ચર્ચા માટે પ્રસ્તુત નહીં હોવાથી આપણે છોડી દઈએ. પણ "અજિ ભુસુકુ બંગાલી ભઈલી" એ ઉપરથી હરપ્રસાદ શાસ્ત્રીએ એવો જે અર્થ તારવ્યો હતો કે ભુસુકુ પોતે બંગાળી હોવાનું જણાવે છે તે બાબતમાં જણાવવાનું કે ડૉ. બાગચીએ પોતાની સંસ્કૃત છાયા સાથે એના ઉપરની પ્રાચીન ટીકા આ પ્રમાણે પ્રસિદ્ધ કરી છે :

( છાયા )　　　　　　अद्य भुसुको बंगाली भूता ।
　　　　　　　　　　निजगृहिणी चंडाली-गृहीता ॥

ટીકા જણાવે છે—प्रज्ञापारमिताम्भोधिपरिमथन[ त ]त्वामृतपरिस्नपितः सिद्धाचार्य-भुसु[कु]पादो **बङ्गालिकाव्याजेन** तमेवार्थं प्रतिपादयति । प्रज्ञारविन्दकुहरे सद्‌गुरुचरणोपायेन प्रवेशितम् । तत्रानन्दादि-शब्दादीत्यादि । अक्षरसुखाद्वयबंगालेन वाहित इति । अभिन्नं कृतम् । ××× ध्रुवपदे तमेवार्थमभि-द्योतयति । आजीत्यादि । स्वयमात्मानं संबोध्य वदति । भो भूसुकपाद ध्यानपरिपाकावस्था-वियोगेन अद्यैव बंगालिका भूता । यस्मात् निजगृहिणी ह्यपरिशुद्धाऽवधूती वायुरूपा । चण्डालेनेति । स्पर्शप्रकृतिप्रभास्वरेण नीता ।

ઉપરના લખાણને ટાંકીને હરપ્રસાદ શાસ્ત્રીએ લખ્યું હતું કે ભૂસુકપાદ પોતે પોતાને બંગાળી કહે છે તેથી તેઓ બંગાળના હતા. ભૂસુકપાદ અને શાન્તિદેવ એક જ છે એના પુરાવામાં તેમણે જણાવ્યું હતું કે તેઓ પોતાના જ ગીતમાં પોતાને **'રાઉત'** અને **'ભુસુકુ'** નામથી રજૂ કરે છે. નં. ૪૧ની ચર્યાગીતિ ભુસુકુની છે તેમાંથી છેલ્લી કડી તેમણે ટાંકી હતી :

**राउतु भणइ कट भुसुकु भणइ कट** सअला अइस सहाव ।
जइ तो मूढा अच्छसि भान्ती पुच्छतु सद्‌गुरु पाव ॥ ४ ॥

[ છાયા—राजपुत्रो वदति अहो भुसुकुर्वदत्यहो सकलं ईदृशस्वभावं ।
यदि त्वं मूढोऽसि भ्रान्तः पृच्छ सद्‌गुरुपादं ॥ ४ ॥ ]

ચર્યાગીતિ કોષ, પૃ. ૧૩૪-૧૩૫.

આ ઉપરાંત આવી બીજી સાબિતી નં. ૪૩ની ચર્યાગીતિના અંતે છે તેમાં એ આમ જ કહે છે : भुसुकु भणइ कट राउतु भणइ कट सअला एह सहाव. એટલે કથામાંના અચલસેન રાઉત એ જ ભુસુક એમ કહેવામાં વાંધો નથી. અચલ અથવા અચલસેન એ શાન્તિદેવનું ખરું મૂળ નામ પણ હોઈ શકે. હવે આ "રાઉત" શબ્દ ગુજરાત રાજસ્થાનમાં વધુ પ્રચલિત હતો અને છે. પણ બંગાળમાં "રાઉત" પ્રચલિત હોવાનું મારી જાણમાં નથી. આજે પણ આપણે ત્યાં "રાવત" અટક મળે છે. અને હરપ્રસાદ શાસ્ત્રી એ તો કબૂલ રાખે છે કે રાઉત અને ભુસુકુ નામથી

ઓળખાતા (સહજયાની) ચર્યાગીતિકાર શાન્તિદેવ જ છે. એટલે શાન્તિદેવ સૌરાષ્ટ્રના અને વિશાલ અર્થમાં કહીએ તો પશ્ચિમ ભારતના મૂળ રહીશ હતા અને નહીં કે પૂર્વભારતમાં બંગાળના, એમ માંનવું વધુ ઉચિત છે.

મહાપંડિત રાહુલ સાંકૃત્યાયને એક લેખમાં આ જુદા જુદા ગીતકારોની કૃતિઓ તેમના જીવનચરિત્ર સાથે ટૂંકમાં આપી છે. સહજયાની ચોરાસી સિદ્ધોની યાદીમાં નં. ૪૧ના ભુસુકુ વિષે ચર્ચા કરતાં, એમની " આજિ ભૂસુ(કુ) બંગાલી ભઈલી " એ લીટી અંગે લખે છે: डॉक्टर भट्टाचार्यने लिखा है–" In The Pag-Sam-Jon-Zan it is said that Śāntideva was a native of Saurashtra, but I am inclined to think that he belonged to Bengal. It is evident from his song ", आज भुसु बंगाली गीतमें बंगाली शब्द खास तान्त्रिक परिभाषाके अर्थमें व्यवहृत हुआ है; जैसा कि डॉक्टर भट्टाचार्यके पिता प्रातःस्मरणीय महामहोपाध्यायने अपने इसी ग्रन्थकी भूमिका (पृष्ठ १२)में लिखा है—" सहज-मते तीनटि पथ आछे, अवधूती, चाण्डाली डोम्बी वा बंगाली। अवधूतीते द्वैतज्ञान थाके, चण्डालीते द्वैतज्ञान आछे.....बलिलेउ हय, किन्तु डोम्बीते केवल अद्वैत.....एइ बार तुमि सत्य सत्यइ बंगाली हइले अर्थात् पूर्ण हइले।" **और, यदि शब्द पर दौड़ना है, तब तो भुसुकु आज बंगाली हुए, मानो पहले न थे। फिर "भइली" शब्द बंगलामें कहाँ व्यवहृत होता है? किन्तु वह काशीसे मगह तक आज भी बहुत प्रचलित है।**"[1]

એટલે વાચ્યાર્થ લેઈએ તોપણ " આજિ ભુસુકુ બંગાલી ભઈલી "નો અર્થ તો એવો થાય કે ભુસુકુ આજે (પહેલા નહોતા તે) બંગાલી થયા. આમ ભુસુકુ બંગાલી હોવાનું વિધાન સ્વીકારી શકાય તેમ નથી. અને કેટલાકના મતે ભુસુકુના કે સરહપાદ વગેરે ગીતોની ભાષા પણ "બંગાલી" કે "જૂની બંગાલી જ" કહી શકાય એવી નથી. એ તો તત્કાલીન "લૌકિક" ભાષા કે "અવહટ્ટ" છે જે નર્મદાની ઉત્તરના લગભગ આખા ઉત્તર, પશ્ચિમ અને પૂર્વ ભારતમાં પ્રચલિત હતી, એમાં પ્રાદેશિક વિશિષ્ટતાઓ જોવા મળે છે એનો ઇન્કાર નથી કરતા પણ ઈ. સ. સાતમા-આઠમા સૈકાથી લગભગ અગિયારમા સૈકા સુધીમાં રચાયેલી આ ચર્યાગીતિઓ કે દોહાઓની ભાષા શુદ્ધ જૂની બંગાલી નહીં પણ જેમાંથી બીજી પણ ઉત્તર ભારતીય અર્વાચીન ભાષાઓ ઊતરી આવી છે એવી લૌકિક અને અવહટ્ટનું પ્રાદેશિક રૂપ છે. નાલન્દામાં બેઠા બેઠા પણ ભુસુકુ આ ગીતો રચી શકે છે.[2]

---

१. पुरातत्त्व निम्बन्धावली, पृ० १४५-१४६ पादनोंध.

૨. ડૉ. સુકુમાર સેન, હિસ્ટરી ઑફ બૅન્ગાલી લિટરેચર (સાહિત્ય અકાદમી તરફથી પ્રસિદ્ધ થએલી આવૃત્તિ), પૃ૦ ૨૭ ઉપર ચર્યાગીતિ અંગે લખે છે. "...written in old Bengali when the language was just-evolving out of Laukika (or Avahaṭṭha), the proto-vernacular stage of Apabhraṁśa. The language of the songs naturally shows some features that are distinctly Laukika, and others that are common to the eastern and western New Indo-Aryan speeches at their earliest stage, but there is no doubt regarding the essential Bengali stamp on its grammar, idiom and syntax."

નાલન્દામાં બેઠા બેઠા પણ ભુસુકુ આ ગીતો રચી શકે છે, પણ જો ભુસુકુ અને શાન્તિદેવ એક હોય તો એમનાં એ ગીતો એમની ઉત્તરાવસ્થાનાં, ઈ. સ. ૭૦૦ થી ૭૫૦ આસ-પાસના સમયનાં ગણવાં પડે. ગીતોની ભાષા એટલી જૂની હશે ખરી? હરપ્રસાદ શાસ્ત્રી એમ માને કે કેટલાક દોહા સાતમા સૈકાના મધ્યભાગ જેટલા જૂના છે. ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્ય સરહપાને એ સમયમાં (ઇ. સ. ૬૩૩ આસપાસ) મૂકે છે. રાહુલ સાંકૃત્યાયન એમને ધર્મપાલ રાજા (ઈ. સ. ૭૮૯-૮૦૯)ના સમકાલીન ગણવાનું પસંદ કરે છે. રાહુલ સાંકૃત્યાયનના મતે ભુસુકુના સમકાલીન દેવપાલ (ઈ. સ. ૮૦૯-૮૪૯) હતા. પણ ચર્યાગીતોની ભાષા જો સાતમા કે આઠમા સૈકા જેટલી જૂની ના હોય તો શાન્તિદેવ અને ભુસુકુના સમયમાં આવતી વિસંવાદિતા બે વ્યક્તિને એક ગણવામાં બાધા ઊભી કરે છે.[૧]

ડૉ. સુનીતિકુમાર ચેટરજીના મતે ચર્યાગીતોની ભાષા જૂની બંગાળી કહી શકાય જ્યારે દોહાઓ શૌરસેની અપભ્રંશના છે. તેઓ ચર્યાગીતોને ભાષાની દૃષ્ટિએ ઈ. સ. ૯૦૦ કે ૯૫૦ અને ૧૨૦૦ની વચ્ચે, મોટે ભાગે દશમા સૈકામાં મૂકવાનું પસંદ કરે છે.[૨] હરપ્રસાદ શાસ્ત્રી અને વિનયતોષ ભટ્ટાચાર્ય સરહપાને સાતમા સૈકામાં મૂકે છે તે જોતાં ચર્યાગીતોની ભાષા સાતમા સૈકા જેટલી જૂની ઠરે. આ વિષય ભાષાશાસ્ત્રનો હોઈ વધુ ખેડાણ માગી લે છે. પણ ઉદ્યોતનસૂરિની કુવલયમાલામાં આઠમા સૈકામાં (ઈ. સ. ૭૭૮માં) માલવ, ટક્ક, મરહટ્ટ, ગુર્જર, લાટ વગેરે બોલીઓ (કે ભાષાઓ)ની હકીકત મળે છે તે યાદ રાખીએ તો છેવટમાં છેવટ આઠમા સૈકાથી તો આવી પ્રાદેશિક બોલીઓ વિકસી તેમાં લોકગીતો કે ભજનો, ચર્યાગીતો વગેરે રચાતાં ગયાં હોય એમ માની શકાય. મત્સ્યેન્દ્રનાથ વગેરે નાથ સિદ્ધો અને વજ્રયાની સિદ્ધોના નામોવાળી ચોર્યાસી સિદ્ધોની યાદીઓમાં સરહપા, ભુસુકુપા વગેરેનાં નામો મળે છે. મત્સ્યેન્દ્રનાથનો સમય પણ મેં અન્યત્ર બતાવ્યું છે તેમ નવમા સૈકાને બદલે આઠમા સૈકા સુધી પાછો ઠેલી શકાય તેમ છે.[૩] એ જોતાં શાન્તિદેવ અને ભુસુકુને એક માનીએ તો પણ ચાલી શકે કેમકે શાન્તિદેવનો સમય સાતમા સૈકાના ઉત્તરાર્ધ

---

૫ં. રાહુલ સાંકૃત્યાયન લખે છે :—सर्व-पुरातन सिद्ध सरहपाद नालन्दासे सम्बन्ध रखते थे इसलिये उनकी भाषाको मगही होना चाहिये। अन्य सिद्धों ने भी इसी भाषाको कबिताकी भाषा बनाया। चौरासी सिद्ध नालन्दा और विक्रमशीलासे सम्बन्ध रखते थे। जब तक नालन्दा, विक्रमशीलाको वंगाल में नहीं ले जाया जाता, तब तक सिद्धों की भाषा भी बंगला नहीं हो सकती। रही भाषाकी समानताकी बात; वह तो मगही और मैथिलीसे और अधिक है।" **पुरातत्त्व निम्बन्धावली**, पृ० १३७,

૧. એસ. કે. દે, બુદ્ધિસ્ટ તાન્ત્રિક લિટરેચર ઑફ બેન્ગાલ, ન્યુ ઇન્ડિયન એન્ટિક્વેરી, વૉ. ૧, પૃ. ૬–૭ પર તાન્ત્રિક શાન્તિદેવને બોધિચર્યાવતારના કર્તાથી જુદા ગણે છે અને ભુસુકુ અને શાન્તિદેવને પણ એક ગણવા બાબત શંકા ઉઠાવે છે. બોધિચર્યાવતારના કર્તા ઘણુંખરું સાતમા સૈકામાં થયા એમ લખે છે.

૨. ડૉ. સુનીતિકુમારની વિગતવાર ચર્ચા માટે જૂઓ, ઓરિજીન એન્ડ ડેવેલપમેન્ટ ઑફ ધી બેન્ગાલી લેન્ગ્વેજ, પૃ. ૧૧૦ આદિ; તેમ જ હિસ્ટરી ઑફ બેન્ગાલ, વૉ. ૧, પૃ. ૩૭૪–૩૯૪ ઉપર એમનું લખાણ.

૩. ઉમાકાન્ત પ્રે. શાહ, नाथसिद्धों की प्राचीन शिल्प–मूर्तियाँ, नागरी प्रचारिणी पत्रिका, વર્ષ. ૬૨, અંક ૨–૩, પૃ. ૧૭૪–૨૦૨.

કે અન્તભાગથી આઠમા સૈકાના ઉત્તરાર્ધ સુધીનો હોઈ શકે છે. શાન્તિદેવ અને ભુસુકુ એક હોય કે ના હોય, શાન્તિદેવ તો મૂળ સૌરાષ્ટ્રના હતા એ તો સ્પષ્ટ જ છે. તંત્ર ગ્રન્થના કર્તા શાન્તિદેવ કોઈ બીજા શાન્તિદેવ લાગે છે.

શાન્તિદેવના સમય બાબતમાં ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્યનો મત બધી રીતે યોગ્ય લાગે છે. તેઓ જણાવે છે તેમ ગુરુ પદ્મસંભવે શાન્તરક્ષિતની સહાયથી ઈ. સ. ૭૪૯માં તિબેટમાં એક વિહાર સ્થાપ્યો. શાન્તરક્ષિતના ગ્રન્થમાં શાન્તિદેવનો ઉલ્લેખ હોવાથી ઈ. સ. ૭૪૯ પૂર્વે એ ઉલ્લેખ થયો હતો. હવે, ડૉ. ભટ્ટાચાર્ય કહે છે તેમ ઇત્સિંગના સમયમાં શાન્તિદેવ જો નાલન્દામાં હોત તો ઇત્સિંગે એમનો ઉલ્લેખ જરૂર કર્યો હોત, અને ઇત્સિંગના પહેલાં પણ થઈ ગયા હોત તોપણ એ ઉલ્લેખ થાત જ. એટલે શાન્તિદેવનો સમય ઈ. સ. ૬૯૫ પછી અને ઈ. સ. ૭૪૯ પહેલાના ગાળાનો ગણાય. આ મત મને વ્યાજબી અને સ્વીકાર્ય લાગે છે. ફક્ત, એટલું ઉમેરી શકાય કે ઈ. સ. ૬૯૫ પહેલા જન્મેલા શાન્તિદેવ ઈ. સ. ૭૪૯ પછી પણ જીવતા હોઈ શકે. લગભગ પચીસ કે ત્રીસ વર્ષની ઉંમરે શાન્તિદેવ નાલાન્દામાં ઈ. સ. ૬૯૫ અને ૭૦૦ વચ્ચે પહોંચ્યા હોય તો શાન્તિદેવનું આયુષ્ય આમ ગણી શકાય—જન્મ, ઈ. સ. ૬૬૫ આસપાસ; નાલન્દામાં ગયા ઈ. સ. ૬૯૫ થી ૭૦૦ આસપાસ; મૃત્યુ, ઈ. સ. ૭૫૦ કે તે પછી; ચર્યાગીતોની રચના એમની હોય તો તે રચનાનો સમય ઈ. સ. ૭૨૦ થી ૭૫૦ વચ્ચે આવે શાન્તિદેવે અનેક ગ્રન્થોના હવાલા, ઉતારા પોતાના શિક્ષા-સમુચ્ચયમાં આપ્યા છે તે તેમની વિદ્વત્તા અને બહુશ્રુતત્ત્વ બતાવે છે. બોધિચર્યાવતાર ગ્રન્થનો સારો પ્રચાર થયો લાગે છે. એના ઉપર લગભગ અગિયાર ટીકાઓ રચાઈ છે એ સૂચક છે. આમાં, પ્રજ્ઞાકરમતિની પંજિકા જાણીતી અને મુદ્રિત છે. બોધિચર્યાવતારના દશ પરિચ્છેદો છે, ને તે પ્રવાહબદ્ધ સંસ્કૃત પદ્યરચના છે. નવમો પરિચ્છેદ તત્ત્વજ્ઞાનથી પરિપૂર્ણ છે. પરંતુ શાન્તિદેવની વેગભરી કવિત્વશક્તિ તો પારમિતાઓનાં વર્ણનમાં જણાઈ આવે છે.[૧] પંડિત સુખલાલજીના શબ્દોમાં કહીએ તો " તે ઉત્તમ કાવ્યોનો આસ્વાદ પૂરો પાડવા ઉપરાંત ઉત્ક્રાંતિશીલ જીવન જીવવાની વ્યવહારુ પ્રેરણા આપે છે. આધ્યાત્મિક સાધકે કયા કયા ગુણોનો કયી કયી રીતે વિકાસ કરવો, એ બધું કાવ્યમાં તાદશ રજૂ થાય છે. જોકે, શાન્તિદેવ બૌદ્ધ ભિક્ષુ હોઈ તેમની પ્રસ્તુત કવિતા બુદ્ધ અને બોધિસત્ત્વ જેવા સામ્પ્રદાયિક નામો સાથે સંકળાયેલી છે. પરંતુ તેનો ભાવ તદ્દન અસાંપ્રદાયિક છે. એટલે કોઈ સાધક પોતાને ઇષ્ટ એવા ઉપાસ્યને નજર સામે રાખી તે ક્રમનો જીવનમાં ઉપયોગ કરી શકે. આ રીતે જોતાં શાન્તિદેવે વર્ણવેલી પારમિતાઓ એ માનવમાત્રે સાધવા જેવી સિદ્ધિઓ છે. "[૨]

મૈત્રકકાલમાં ગુજરાત સૌરાષ્ટ્રમાં બૌદ્ધધર્મના સારા ફેલાવાનો પૂરતો પુરાવો મૈત્રક દાનશાસનોમાં બૌદ્ધવિહારોના અનેક ઉલ્લેખોમાંથી જ મળી રહે છે. એટલે એ સમયમાં, સાતમી

---

૧. પ્રો. વિન્ટરનિટ્ઝ, એ હિસ્ટરી ઑફ ઇન્ડિઅન લિટરેચર, વૉ. ૨, પૃ. ૩૬૫-૩૭, શાન્તિદેવ, તેમના ગ્રન્થો અને તેમની પ્રતિભા ઉપર કરેલા વિવેચન અને પ્રશંસા વાંચવા જેવાં છે.

૨. જુઓ, બોધિચર્યાવતાર (અધ્યાપક કોસંબીનો સંક્ષિપ્ત ગુજરાતી અનુવાદ, પ્રકાશકઃ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ), પં. સુખલાલજીની પ્રસ્તાવના, પૃ. ૧૮.

સદીના ઉત્તરાર્ધમાં સૌરાષ્ટ્રે શાન્તિદેવ જેવા સમર્થ પંડિત અને સન્નિષ્ઠ ભિકખુને જન્મ આપ્યો હોય એ શકય છે. શાન્તિદેવ અને ભુસુકુ એક જ વ્યક્તિ કે જુદી જુદી વ્યક્તિઓ છે એ પ્રશ્નનું સંપૂર્ણ સમાધાન શકય નથી. ભાષાશાસ્ત્રીઓ ભુસુકુનાં ચર્યાગીતોને સાતમા કે આઠમા સૈકામાં મૂકવા તૈયાર થાય તો જ બેઉને એક ગણી શકાય. ભુસુકુ બંગાળી જ હતા એ માન્યતા પાછળનો ખુલાસો પણ હજુ સંપૂર્ણ સંતોષકારક મળ્યો નથી.

મૈત્રક રાજવી શીલાદિત્ય–ધર્માદિત્યના સમયમાં પિંડચારિક નામક બીજા એક મહાન બૌદ્ધ ભિકખુ થઈ ગયાની વાત આર્યમંજૂશ્રી મૂલ્યકલ્પમાં આપી છે.[૧]

## મૈત્રકો પછી, ગુર્જરપ્રતિહારો અને સોલંકીના રાજ્યકાલમાં

ઉત્તર ગુજરાતમાં મહેસાણા–તારંગા રેલ્વે લાઈન પર ટીંબા સ્ટેશનથી લગભગ પાંચેક માઈલ દૂર તારંગાની પ્રખ્યાત ટેકરી છે, જેના ઉપર કુમારપાલે બંધાવેલું અજિતનાથનું પ્રખ્યાત જૈન દહેરાસર છે. આ જ ટેકરી ઉપર તારણ માતાનું મંદિર પહાડમાં કોતરેલું છે. જેમાં ૧૫ ફુટ × ૨ ફુટ × ૩ ફુટના પીઠ ઉપર નવ બૌદ્ધ મૂર્તિઓ છે. એમાંની એક અવલોકિતેશ્વર પદ્મપાણિની ઊભી પ્રતિમા છે. મધ્યમાંની મુખ્ય પ્રતિમા તારણ–માતાના નામથી પૂજાતી છે. આ પ્રતિમાઓ શ્રી. એ. એસ. ગદ્રેએ જોઈ આટલી નોંધ કરેલી છે.

આની બાજુમાં એક નાના મંદિરમાં ધારણ-માતાના નામથી પૂજાતી તારાદેવીની પ્રતિમા છે જે લગભગ ચાર ફૂટ ઊંચી છે. વિકસિત પદ્મ ઉપર દેવી લલિતાસને બિરાજે છે. જમણા હાથની હથેલી ખંડિત થઈ છે, પણ તે વરદ મુદ્રાએ હશે એમ લાગે છે (જુઓ, ચિત્ર ૧૪). ડાબા હાથની હથેલી પણ ખંડિત છે પણ એ હાથમાં લાંબો કમલદંડ પકડેલ હશે એમ બચેલા ભાગ પરથી અનુમાન થાય છે. પ્રાચીન પશ્ચિમ ભારતીય કલાની, ગુર્જર-પ્રતિહારોના સમયમાં બહુ પ્રચલિત શૈલીની, આ એક સુંદર પ્રતિમા છે. ફોટામાં એ એટલી સુંદર નથી લાગતી તેનું કારણ એના ઉપર સિંદૂર વગેરેનો થર જામેલો છે. દેવીનું કેશગુંફન એના મુકુટની ગરજ સારે છે. ગળામાં હાંસડી જેવું, અને બે સ્તન વચ્ચેથી પસાર થઈ કમરબંધ સુધી વળાંક લઈ લટકતી એકસેરી પ્રાલંબમાલા એ આ કલાની વિશિષ્ટતારૂપ, બહુ પ્રચલિત, અલંકરણ છે. મસ્તક અને તેની પાછળના ભામંડલની ઉપર, બેવડી પાંખવાળા પંખીની ઉપર પદ્મના આસન ઉપર અમિતાભ ધ્યાની-બુદ્ધ બિરાજે છે. શ્રી ગદ્રે જેને બેવડી પાંખવાળું પંખી કહે છે તેની આકૃતિ ફોટામાં સ્પષ્ટ નથી અને એ કદાચ જાડા કમલદંડની આજુબાજુ પત્રની આકૃતિ જ હોય એમ લાગે છે. શ્રી ગદ્રે લખે છે,[૨] તારા એ ધ્યાની બુદ્ધ અમિતાભમાંથી આવિષ્કૃત અવલોકિતેશ્વરની શક્તિ છે, એથી કરીને અવલોકિતેશ્વરને બદલે અહીં અમિતાભની આકૃતિ મૂકી હશે. અમિતાભની બે બાજુએ

---

૧. જુઓ—तत्र देशे समाख्यातो भिक्षुः पिण्डचारिकाः ॥५९०॥
शीलवान् बुद्धिसम्पन्नो बुद्धानां शासने रतः ।
कालचारि महात्माऽऽसौ प्रविष्टो पिण्डचारिकम् ॥५९१॥
—आर्यमञ्जूश्रीमूलकल्प, પટલ ૩૫.

૨. એ. એસ. ગદ્રે, બુદ્ધિસ્ટ ઇન્ફ્લુઅન્સ ઈન ગુજરાત એન્ડ કાઠિઆવાડ, જર્નલ ઑફ ધી ગુજરાત રિસર્ચ સોસાઇટિ, વૉ. ૧, અંક ૪, પૃ. ૬૧–૬૯.

માલાધર છે જેમની નીચે, અમિતાભની બેઠકની નીચે જમણી અને ડાબી બાજુએ, મૈત્રેય અને અવલોકિતેશ્વરની આકૃતિઓ છે. હાથમાં પુષ્પ જેવું દેખાય છે તે ઉપરથી એ આકૃતિને શ્રી. ગદ્રે મૈત્રેયની આકૃતિ ગણે છે, અને એ પુષ્પ નાગકેસરનું હોવું જોઈએ એમ કહે છે. શ્રી. ગદ્રે લખે છે: આ વાત બરાબર હોય તો તારાની જમણી બાજુએ મહામાયૂરી અને જાંગુલિની આકૃતિઓ મળવી જોઈએ. એને બદલે હાથમાં દંડવાળી હયગ્રીવની આકૃતિ મળે છે. હયગ્રીવની ઉપરના ભાગમાંની દેવી મહામાયૂરી હશે. હયગ્રીવની સામી બાજુએ, દેવીની ડાબી બાજુએ, ચારભુજા યુક્ત એકજટા છે. એના જમણા બે હાથમાં અસિ અને બાણ દેખાય છે. ડાબા હાથ તૂટેલા લાગે છે. આ એકજટા વ્યાઘ્ર જેવા દેખાતા કોઈ પ્રાણી ઉપર બેઠેલી લાગે છે. એકજટાની ઉપરના ભાગની આકૃતિને શ્રી. ગદ્રે અશોકકાન્તા મારીચિ તરીકે ઓળખાવે છે. આ મૂર્તિ વરદ-તારાની હોવાનું તેઓ અનુમાન કરે છે અને કહે છે કે જાંગુલિને બદલે હયગ્રીવની આકૃતિ સિવાય બીજી બધી રીતે આ દેવી વરદ-તારાની હોવાનું સૂચવે છે. વળી તેઓ લખે છે કે દેવીની આજુબાજુની આકૃતિઓની આ ઓળખ કામચલાઉ ગણાય. દેવીના આસનની નીચે બૌદ્ધ માન્યતા અનુસારનાં સાત રત્નો (ચક્ર, હસ્તિ, અશ્વ, મણિ, સ્ત્રી, ગ્રહપતિ અને પરિણાયક)ની આકૃતિઓ છે. તેની નીચે—ये धर्मा हेतुप्रभवा हेतुं तेषां तथागतो ह्यवदत् । तेषां च यो निरोध एवं वादी महाश्रमणः ॥—એ બૌદ્ધ-ગાથા કોતરી છે; લિપિની દૃષ્ટિએ આઠમા-નવમા સૈકાનું લખાણ લાગે છે.

શ્રી. ગદ્રેને, તારંગાની તળેટીની નજીક, ટેકરીમાં એક ગુફા જે જોગીડા ગુફાના નામથી ઓળખાય છે તે જડી છે તેમાં ચોરસ પીઠ ઉપર ચાર બેઠેલા બુદ્ધિની આકૃતિવાળો શિલાપટ્ટ છે. આ શિલાફલકની આકૃતિઓ સહેજ જીર્ણ છે અને એ ફલક ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્ય સંપાદિત, ઇન્ડિયન બુદ્ધિસ્ટ આઈકોનોગ્રાફી, (પહેલી આવૃત્તિ) પ્લેટ ૬ (ડી)ને મળતો છે એમ શ્રી. ગદ્રે જણાવે છે.

ડૉ. મોરેશ્વર દીક્ષિતના મતે, તારાની મૂર્તિની નીચેનું ઉપર આપેલું લખાણ, લિપિની દૃષ્ટિએ, દશમા સૈકા પછીનું અને કદાચ અગિયારમા સૈકાનું પણ હોય. પણ પ્રતિમાની કલાની દૃષ્ટિએ મને એ પ્રતિમા નવમા સૈકા પછીની હોય એમ સંભવ ઓછો લાગે છે.[૧]

કુમારપાલ પ્રતિબોધમાં સોમપ્રભાચાર્યે (ઈ. સ. બારમી સદી) એક લોકવાયકા અનુસાર જણાવ્યું છે કે જૈન આચાર્ય ખપુટાચાર્યના સમયમાં વેણી-વત્સરાજ નામનો રાજા, જે પાછળથી જૈનધર્મી થયો, તેણે પહેલાં બૌદ્ધ તારાદેવીનું એક મંદિર બનાવડાવ્યું હતું જે ઉપરથી એ સ્થળનું નામ તારાપુર પડ્યું. આ તારાપુર તે તારંગા કે ખંભાત પાસેનું તારાપુર એ પ્રશ્ન ઊભો થાય પણ સોમપ્રભાચાર્યે आसन्नगिरिम्मि શબ્દો વાપર્યા હોવાથી તારંગાની ટેકરી અને તળેટીમાં જ આ તારાપુર હશે એમ આપણે વિશ્વાસપૂર્વક હવે માની શકીએ. સોમપ્રભાચાર્યનો સદર ઉલ્લેખ આ પ્રમાણે છે:

इय विज्जामाहप्पं अच्चब्भुयमजखउडसूरीणं ।
दट्ठूण वच्छाराओ पडिवन्नो वीयरायमयं ॥

---

૧. મોરેશ્વર જી. દીક્ષિત, હિસ્ટરી ઑફ બુદ્ધિઝમ ઈન ગુજરાત, જ. ઑફ ધી ગુ. રિ. સો., વૉ. ૮, પૃ. ૧૧૨.

**तारा**इ **बुद्धदेवी**इ **मंदिरं** कारियं पुव्वं ।
**आसन्नगिरिम्मि** तओ **भन्न**इ **ताराउरं** ति इमो ।[१]

આગળ ઉપર આપણે જોઈશું કે અગિયારમા સૈકામાં લખાયેલી કેટલીક બૌદ્ધ હસ્તપ્રતોમાં લાટદેશે તારાપુરે તારાનું ચિત્ર છે. તેમાં તારાદેવીની ઊભી મૂર્તિ બતાવી છે. તો શું તારંગાની મળેલી લલિતાસનસ્થ તારા ઉપરાંત બીજી કોઈ તારાની ઊભી મૂર્તિ તારંગા ઉપર કે તળેટીમાં પહેલા હશે?

દક્ષિણ ગુજરાતમાં નવસારી તાલુકામાં નવસારીના ઈશાન ખૂણે આશરે અગિયાર માઈલ દૂર આવેલા સિસોદરા ગામની સીમમાંથી સદ્ગત શ્રી મણિભાઈ દ્વિવેદીને કેટલાક સિક્કા, ધાતુના કીટા, માટીકામ વગેરે મળેલાં તે સાથે એક પકવેલી માટીના મુદ્રા ( clay tablet ) પણ મળી હતી. જેના ઉપર બ્રાહ્મી લિપિમાં સાતેક લીટીનું લખાણ છે, જે ઘણું ઘસાઈ ગયું હોવાથી બરોબર વંચાતુ નથી. શ્રી મણિભાઈએ આ મુદ્રા સદ્ગત શ્રી એન. જી. મજમુંદારને મોકલેલી તેમણે જણાવેલું કે આવી જાતના લખાણોવાળી મુદ્રાઓ નાલન્દા અને બુદ્ધ-ગયામાંથી મળી હતી તેથી સંભવતઃ આ પણ બૌદ્ધ મુદ્રા છે.[૨]

રાષ્ટ્રકૂટ રાજા ધ્રુવ બીજાના શક સં. ૮૦૬ (ઈ. સ. ૮૮૪)ના દાનપત્રમાં " મદ્દાપિ નદીને કાંઠે આવેલા **કામ્પિલ્ય તીર્થ** નામથી ઓળખાતા **બૌદ્ધવિહાર**ના ભિક્ષુસંઘને " દાન આપવામાં આવ્યું છે. શ્રી મણિભાઈ દ્વિવેદીએ આ મદ્દાપિ નદી તે મદાવી-મદાવ-મીંઢોળા એમ અર્થ કર્યો છે અને " સરોણા પાસેના કપિલેશ્વરની આસપાસથી મીંઢોળાની નજીક આવેલા મલેકપુર સીસોદરાના ટેકરાઓની વચમાં કામ્પિલ્ય તીર્થના વિહારો " હશે એમ ધારણા કરી છે. વિહારોના નિભાવ માટે આપેલા " ધડયાસહ "ને નવસારી પ્રાન્તના મહુવા તાલુકામાં આવેલા " ઢુંઢેસા " ગામ તરીકે તેઓ ઓળખાવે છે.[૩]

સીસોદરામાંથી મળેલી મુદ્રા ઉપર ये धर्माहेतुप्रभावा ઇત્યાદિ લખાણવાળી પ્રસિદ્ધ બૌદ્ધ કડી લખાઈ-ઉપસાવેલી છે એમ એમાંના થોડા અક્ષરો વાંચી તેના આધારે ડૉ. મોરેશ્વર દીક્ષિતે એ મુદ્રા બૌદ્ધ હોવાનું અનુમાન નોંધ્યું છે. આમ છતાં આ સીસોદરા પાસે જ દાનશાસનમાંનો કામ્પિલ્ય તીર્થ વિહાર હતો કે કેમ તે હજુ નક્કી કરવાનું રહે છે.

ધ્રુવ બીજાના પહેલાં, ધ્રુવના નાનાભાઈ દન્તિવર્માએ[૪] શક સં. ૭૯૯ (ઈ. સ. ૮૭૭)માં પણ આ જ વિહારને દાન આપ્યું છે. ધ્રુવના આપેલા દાનશાસનમાં જણાવ્યા પ્રમાણે આ વિહારમાં " સિન્ધુ-વિષય-ભિક્ષુસંઘ "ના પાંચસો ભિક્ખુઓ હતા અને સ્થિરમતિ ( નામક વિહારના ઉપરી આચાર્ય હશે ? )ની મંજુરીથી આ દાન અપાયું હતું.[૫]

---

૧. કુમારપાલ પ્રતિબોધ ( ગા. ઓ. સિરિઝ, વૉ. ૧૪ ), પૃ. ૪૬૨-૬૩.

૨. મણિભાઈ દ્વિવેદી, પુરાતનદક્ષિણ ગુજરાત, પૃ. ૧૧૮-૧૧૯.

૩. મણિભાઈ દ્વિવેદી, પુરાતન દક્ષિણ ગુજરાત, પૃ. ૨૧૦-૧૨૩.

૪. જુઓ, એપિગ્રાફિઆ ઈન્ડિકા, વૉ. ૬, પૃ. ૨૮૫ આદિ

૫. એપિગ્રાફિઆ ઇન્ડિકા, વૉ. ૨૨, ૬૪ આદિ.

અષ્ટસાહસ્રિકા પ્રજ્ઞાપારમિતા નામક ગ્રન્થની બે હસ્તપ્રતો કેમ્બ્રીજ યુનિવર્સિટી લાયબ્રેરીમાં છે. તેમાંની એક, નંબર ૧૪૬૪ની પ્રતિ મહીપાલ નામના રાજાના રાજ્યકાલના પાંચમા વર્ષમાં લખાયેલી તેનો સમય બેન્ડલે ઈ. સ. ૧૦૨૫ આસપાસ ગણેલો.[1] પણ, હિસ્ટરી ઑફ બૅન્ગાલમાં જણાવ્યા મુજબ, મહીપાલ ઈ. સ. ૯૮૮માં ગાદીએ આવ્યો. એ હિસાબે એ પ્રતિનો સમય ઈ. સ. ૯૯૩ ગણાય. બીજી પ્રતિ, કેમ્બ્રજની નં. ૧૬૮૮ની છે તે નયનપાલના રાજ્યકાલના ૧૪મા વર્ષમાં લખાયેલી, બેન્ડલના મત પ્રમાણે ઈ. સ. ૧૦૬૫માં લખાયેલી,[2] પણ, હિસ્ટરી ઑફ બૅન્ગાલની ગણત્રી પ્રમાણે ચાલીએ તો ઈ. સ. ૧૦૫૫માં લખાયેલી ગણાય.

આ પ્રકારની પોથીઓમાં, તેમ જ પંચરક્ષા નામક ગ્રન્થની તાડપત્રીય પ્રતોમાં, અને વડોદરા મ્યુઝિયમમાંની પંચવિંશતિસાહસ્રિકા પ્રજ્ઞાપારમિતાની તાડપત્રીય (અપૂર્ણ) પ્રતમાં, બૌદ્ધ દેવદેવીઓનાં ચિત્રો છે, જેમાં ભારતના જુદા જુદા તીર્થોમાં અને બૌદ્ધ મંડલોમાંનાં દેવદેવીઓ, જેમ કે તારા, કુરુકુલ્લા, ચુંદા, જંભલ, વૈરોચન અક્ષોભ્ય, અમિતાભ, લોકેશ્વર, મંજુશ્રી આદિનાં ચિત્રો મળે છે.[3] કેમ્બ્રીજ યુનિવર્સિટીના સંગ્રહમાંની આવી એક પોથી, નં. ૧૬૪૩માંથી[4] કેટલાક ચિત્રો ફ્રેન્ચ વિદ્વાન્ ફુશે(Foucher)એ આઈકોનોગ્રાફી બુદ્ધિક નામના પુસ્તકમાં છાપી તેની ચર્ચા કરી છે. આ ચિત્રોની નીચે તેની ઓળખ આપતાં નામો (labels) પણ લખેલાં છે જેથી કયા દેવ અથવા દેવી કયાં પૂજાય છે, અથવા કયા બૌદ્ધતીર્થમાંના દેવ અથવા દેવીનું એ ચિત્ર છે તે સમજાય છે. આ સિવાયની બીજી કયી કયી પોથીઓનાં આવાં નામો લખેલાં મળે છે તે ખબર નથી, પણ એવી પ્રત્યેક પ્રતોનાં આવા નામ-દર્શક લખાણો (labels)ની યાદી વહેલી તકે પ્રસિદ્ધ કરવી જોઈએ જેથી તત્કાલીન બૌદ્ધતીર્થોની હકીકત ભેગી કરી શકાય.

કેમ્બ્રીજની પ્રતિ નં. ૧૬૪૩ અને બેન્ગાલ રૉયલ એશિઆટિક સોસાયટીના સંગ્રહની નં. એ-૧૫ની અષ્ટસાહસ્રિકા પ્રજ્ઞાપારમિતાની પ્રતિ અનુક્રમે પાલસંવત ૧૩૫ = ઈ. સ. ૧૦૧૫ અને નેપાલ સં. ૧૯૧ની, ઈ. સ. ૧૦૭૧ આસપાસની, લગભગ એક સરખી ઢબની છે. બેઉમાં તીર્થોનાં નામ સાથેનાં લખાણો છે, જેની યાદી ફુશેએ પોતાના ગ્રન્થમાં પૃ. ૧૮૯–૨૧૪માં આપી છે. એ મુજબ, કેમ્બ્રિજ નં. ૧૬૪૩વાળી પ્રતિના પત્ર ૯૯ ઉપર **લાહ્ટ (લાટ) દેશે તારાપુરે તારા** એવા લેબલવાળું ચિત્ર છે, જે ફુશેના ગ્રન્થમાં પ્લેટ, ચિત્ર નં. ૨ તરીકે છાપ્યું છે. આમાં તારાની ઊભી આકૃતિ છે. એ જ પોથીના પત્ર ૧૬૯ ઉપર પણ **લાહ્ટદેશે તારાપુરે તારા** એ લેબલ સાથેનું ચિત્ર છે. (જૂઓ, ચિત્ર નં. ૧૬).

સદર પોથીના પત્ર ૧૭૯ ઉપર **લાહ્ટ(લાટ) દેશે કુરુકુલ્લાશિખરે કુરુકુલ્લા** એ લેબલ સાથેનું ચિત્ર છે, જે ફુશે એ પોતાના ગ્રન્થની પ્લેટ ૮ ઉપર ચિત્ર નં. ૨ તરીકે છાપ્યું છે.

---

૧. બેન્ડલ, કેટલૉગ ઑફ ધ બુદ્ધિસ્ટ સંસ્કૃત મેન્યુસ્કિપ્ટ્સ ઈન ધ યુનિવર્સિટિ લાયબ્રેરી કેમ્બ્રિજ, પૃ૦ ૧૦૦.

૨. બેન્ડલ, કેટલૉગ, પૃ૦ ૧૭૫

૩. ફુશે, એનૂદે સુર લ આઈકોનોગ્રાફી બુદ્ધિક દ લ ઈન્દે, પૃ૦ ૧૫ આદિ

૪. બેન્ડલ, કેટલૉગ, પૃ૦ ૧૫૧

આમાં કુરુકુલ્લા પદ્માસને બિરાજેલી દેખાય છે. (જુઓ ચિત્ર નં. ૧૭). પોથીના પત્ર ૧૮૮ ઉપર **લાટ ( લાહ્ટ ) દેશે વુંકરાનગરે ચુન્દા** એ લેબલ સાથે ચતુર્ભુજ પદ્માસનસ્થા ચુન્દાનું ચિત્ર છે જે ફુશેએ પોતાના ગ્રન્થની પ્લેટ ૮ ઉપર નં. ૩ તરીકે છાપ્યું છે, (જુઓ આ લેખમાં ચિત્ર નં. ૧૮).

એશિઆટિક સોસાઇટી બૅન્ગાલની નં. એ. ૧૫ વાળી પ્રતિમાં ઉપરના લેબલોવાળા ચિત્રો નથી. પણ કેમ્બ્રિજની પોથીમાં આ પ્રત્યેક લેબલવાળા ચિત્રો છે. અગિઆરમા સૈકાની પ્રતિઓમાંના પ્રખ્યાત બૌદ્ધસ્થાનો અને મંદિરોમાં લાટદેશના ત્રણ બૌદ્ધ તીર્થસ્થાનોને સ્થાન મળ્યું તે સૂચવે છે કે અગિઆરમા સૈકા સુધી ગુજરાતમાં બૌદ્ધધર્મનો પ્રચાર વધતા ઓછા પ્રમાણમાં પણ હશે જ. વળી એક સમયે ગુજરાતમાં સારા પ્રમાણમાં બૌદ્ધધર્મનો પ્રચાર હશે તેથી જ અહિંના ત્રણ તીર્થો ભારતભરના મુખ્ય બૌદ્ધતીર્થોમાં સ્થાન મેળવી શક્યા.

તારાપુર તે ખંભાત પાસેનું તારાપુર કે તારંગા ? " કુરૂકુલ્લા શિખરે " એ શબ્દ પ્રયોગ સૂચવે છે કે કુરૂકુલ્લાનું સ્થાન કોઈ ટેકરી કે પર્વત ઉપર હતું. એ તારંગાની ટેકરી કે બીજી કોઈ ? વુંકરાનગર તે કયું ? ખંભાત પાસે નગરામાંથી લગભગ સાતમા આઠમાં સૈકાની બુદ્ધ-મૂર્તિ મળેલી છે. આ નગર તે જ વુંકરા નગર ? કે સાણાની બૌદ્ધ ગુફાઓ પાસેનું વાંકિયા ? અથવા ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છમાંનું બીજું કોઈ સ્થાન ? આ પ્રશ્નોના કોઈ સંતોષકારક જવાબો હાલ આપણી પાસે નથી. ભવિષ્યના સંશોધનો કદાચ વધુ પ્રકાશ પાડે.

છતાં આ ચિત્રો પરથી એવું અનુમાન કરવાનું મન થાય છે કે મોટા ભાગના ક્ષત્રપયુગના સ્તૂપો અને વિહારો અગિયારમા સૈકાંના પહેલાના આરબ આક્રમણમાં અથવા અન્ય કારણોએ નષ્ટ, ભ્રષ્ટ કે દટાઈ જઈ ભૂલાઈ ગયા હશે તેથી જ પ્રજ્ઞાપારમિતાઓના ચિત્રોમાં એને સ્થાન મળ્યાં નહિં. પણ એ ચિત્રોમાંના તીર્થોની ફૂશે એ આપેલી યાદી જોતાં આખા ભારતમાં આવી પરિસ્થિતિ ઓછા વધતા પ્રમાણમાં થએલી નજરે પડે છે.

હેમચંદ્રાચાર્યના દ્વ્યાશ્રય-કાવ્ય (સર્ગ ૯, શ્લો. ૭૪) મુજબ, પાટણના ચૌલુક્ય કર્ણ-રાજનો ગોવાના કદમ્બરાજા જયકેશીની પુત્રી મયણલ્લા દેવી સાથે વિવાહ ગોઠવવામાં કેટલાક બૌદ્ધ ચિતારાઓએ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

સોલંકી યુગમાં ગુજરાતમાં બૌદ્ધ ધર્મના થોડા પણ અનુયાયી હોવા સંભવ છે કેમ કે અગિઆરમા સૈકાનાં બંગાળી-નેપાલી હસ્તલિખિત ગ્રન્થોમાં આપણે આગળ જોયું તેમ, ગુજરાતનાં ત્રણ બૌદ્ધ તીર્થોનાં ચિત્રો છે. અહિં યાત્રીઓ આવતા હશે. ધીરે ધીરે બૌદ્ધધર્મનો સમગ્ર ભારતમાં હ્રાસ થતો ગયો અને નાલંદા વિક્રમશીલા વગેરે વિદ્યાપીઠોના નાશ પછી બારમા તેરમા સૈકામાં બૌદ્ધધર્મનું જોર સારા ભારતમાં એકદમ ઘટી ગયું હશે એમ અનુમાન કરી શકાય. છતાં, ગુજરાતના વિદ્વાનો બૌદ્ધ ગ્રન્થોથી સુપરિચિત રહેતા હતા એના પુરાવા આપણને ગુજરાત રાજસ્થાનના જૈન ભંડારોમાંથી મળે છે. આઠમા સૈકાના સુપ્રસિદ્ધ બૌદ્ધ પંડિત અને આચાર્ય શાન્તરક્ષિતનો તત્ત્વસંગ્રહ જેવો ગ્રન્થ ભારતમાં તો પાટણ અને જેસલમેરના ભંડારમાંથી જડ્યો છે અને એને પહેલી પ્રસિદ્ધિ પણ ગુજરાતમાં વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી જ થઈ એ પણ યોગાનુયોગ કહેવાય. તત્ત્વસંગ્રહની ત્રીજી નકલ તિબેટમાં મળે છે. ખંભાતના ભંડારમાં

ઈ. સ.ના તેરમા સૈકામાં લખાયેલી, ધર્મકીર્તિના ન્યાયબિંદુપરની ધર્મોત્તરની ટીકા મળે છે. જેસલમેરના ભંડારમાં ન્યાયબિંદુ તથા તેના પર ટીકાની એક પ્રતિ છે. અને બીજીએ બેઉ ગ્રન્થોની તેરમાં સૈકામાં લખાયેલી પ્રતિ પણ છે પાટણના ભંડારોની પ્રતિઓ અને અમદાવાદની પ્રતિ વગેરેના આધારે આચાર્ય આનંદશંકર ધ્રુવે દિઙ્નાગનો ન્યાયપ્રવેશ સંપાદિત કરેલો વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિરની ગાયકવાડ ઑરિએન્ટલ સિરિઝમાં છપાયો છે. આ ઉપરાંત પાટણમાંથી મોક્ષાકર ગુપ્તની તર્કભાષા, લઘુધર્મોત્તરટિપ્પણક, હેતુબિંદુટીકા વગેરે ગ્રન્થો પણ મળ્યા.

આ બધું જોતાં, ખંભાત પાસે નગરામાંથી મળેલી બૌદ્ધમૂર્તિ જોતાં, હવે એમ લાગે છે ઈ. સ. ૮૫૧માં સુલેમાન નામક મુસાફિરે જે લખેલું કે જુર્ઝ (ગુજરાત)નો મુખ્યધર્મ બૌદ્ધ ધર્મ હતો તેમાં ઘણું તથ્ય હશે અને તે સમયે ગુજરાતમાં સારા પ્રમાણમાં બૌદ્ધ ધર્મીઓ હશે.

મોરેશ્વર દીક્ષિતનું માનવું છે કે તારાની મૂર્તિ કરાવનાર વત્સરાજ તે લાટનો ચાલુક્ય વત્સરાજ છે જે કીર્તિરાજનો પિતા અને ત્રિલોચનપાલનો પુત્ર હતો અને જે શિલાહાર છિત્તરાજ, નાગાર્જુન અને મુમ્મુણિનો સમકાલીન હતો. પણ મૂર્તિની કલા જોતાં, અને બધી બાબતોનો સમગ્ર રીતે વિચાર કરતાં એમ લાગે છે કે લોકકથાનો વત્સરાજ જેણે તારાનું મંદિર બંધાવ્યું તે પ્રખ્યાત ગુર્જરપ્રતીહાર વત્સરાજ હતો જેનો સમય આશરે ઈ. સ. ૭૮૩ થી ૭૯૨ મનાય છે. આ સમયમાં ગુજરાતમાં બૌદ્ધધર્મનું જોર કલ્પી શકાય પણ દીક્ષિત માને છે તે વત્સરાજના સમયમાં જૈનધર્મનું જોર ઘણું વધતું હતું અને બૌદ્ધધર્મનો પ્રચાર ઓછો થતો જતો હતો.

છતાં બૌદ્ધધર્મની અસર ગુજરાત રાજસ્થાનમાં જે લાંબો સમય ચાલુ રહી તેના પરિણામ-રૂપે આજે પણ જૈનભંડારોમાં પ્રત્યંગિરા, વસુધારા, વગેરેના તંત્ર મંત્ર પ્રયોગોના છુટા પાના મળે છે. ડૉ. સાંડેસરા સંપાદિત વર્ણક સમુચ્ચયમાં, પૃ. ૮૮ ઉપર—"એકિ તોતલા કુરકુલ્લાના મંત્ર જાણઇ" એ ઉલ્લેખ કુરુકુલ્લાની યાદ તાજી કરે છે અને ગુજરાત રાજસ્થાનમાં કુરુકુલ્લા પૂજાતી એ બૌદ્ધચિત્રોની વાતને આડકતરું સમર્થન આપે છે.[૧]

---

૧. સ્વાધ્યાયના આ અક્ષય તૃતીયા અંક માટે, વૈશાખી પૂર્ણિમાના રોજ આવતી બુદ્ધ જયંતિ નિમિત્તે આ લેખ પ્રાચ્યવિદ્યામન્દિર તરફે બુદ્ધભગવાનને અંજલિરૂપે ખાસ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

આ લખાણ પ્રેસમાં ગયા પછી હાલ ગુજરાત રાજ્યના પુરાવસ્તુખાતાના વડા શ્રી. નાણાવટી અને આસિસ્ટન્ટ શ્રી. ઢાંકી તરફથી જાણવા મળ્યું છે કે સૌરાષ્ટ્રમાં બરડામાં રાણપુર પાસે બેત્રણ ગુફાઓ (એકમાં ચૈત્ય છે) અને જુનાગઢ પાસે અને બીજે બેત્રણ નાનામોટા હીનયાની સ્તૂપો જડેલા છે. આ માહિતી માટે હું તેમનો ઋણી છું.

# નગરાની બુદ્ધનાથની પ્રતિમા

રમણલાલ ના. મહેતા

નગરામાં (તાલુકા ખંભાત, જિલ્લા ખેડા) એક બુદ્ધનાથ નામથી ઓળખાતી પ્રતિમા છે. તેની નોંધ રત્નમણિરાવ જોટે એ[1] લીધી છે. ત્યારબાદ એ મૂર્તિની નોંધ વારંવાર લેવાયા છતાં એ મૂર્તિની ઓળખાણ માટે શંકા પ્રવર્તતી હોવાનું જણાય છે. શ્રી જે. પી. અમીને તેમના નગરા (ખંભાતની પૂર્વાવૃત્તિ) નામના સપ્ટેમ્બર ૧૯૬૨માં વાંચેલા અને ગુજરાત રીસર્ચ સોસાયટીના ત્રૈમાસિકમાં છપાયેલા લેખમાં નીચે પ્રમાણે નોંધ લીધી છે.

"આંગતુકનું ધ્યાન ખેંચે તેવી પ્રતિમા રબારીવાસના ટેકરા પર ખુલ્લામાં આવેલી છે તે આસનસ્થ છે, અને એ રીતે એની ઊંચાઈ ૪′-૬″ તથા પહોળાઈ ૩′-૬″ છે. એ ભૂરા પથ્થરમાંથી બનાવેલી છે અને બંન્ને હાથે ખંડિત છે. મૂર્તિ ઘણા વખતથી બહાર ખુલ્લામાં પડેલી હોવાથી ઘસાઈ ગયેલી છે. લોકો એને બુદ્ધનાથ તરીકે ઓળખાવે છે. કેટલાક એને જૈન તીર્થંકર પણ કહે છે, પરંતુ ચહેરો અને એનાં લાંછન એટલાં બધાં ઘસાયેલાં છે કે કંઈ ચોક્કસ નિર્ણય તારવવો મુશ્કેલ છે."[2]

આ નોંધની સાથે રત્નમણિરાવની નોંધ સરખાવવા જેવી છે. તેથી અત્ર ઉદ્ધૃત કરી છે, નગરા ગામની વચ્ચે એક ટેકરા ઉપર ભૂરા પથ્થરની બનાવેલી ભગવાન બુદ્ધની એક મોટી મૂર્તિ છે. ...મૂર્તિ ઘણા વખતથી બહાર ખુલ્લામાં પડેલી હોવાથી એના કેટલાક ભાગ અને ખાસ કરીને મુખના ભાગ ઘસાઈ ગયા છે. ગામના લોકો એને બુદ્ધનાથ તરીકે ઓળખાવે છે અને કેટલાક લોકો મરણ પછી ત્યાં આવી અમુક ક્રિયા કરે છે."

આ બન્ને વિદ્વાનો પૈકી રત્નમણિરાવ આ મૂર્તિને કોઈપણ કારણ આપ્યા સિવાય માત્ર પ્રણાલિકાને બળે બુદ્ધની મૂર્તિ તરીકે સ્વીકારી લે છે. જ્યારે શ્રી. અમીન એની સાથે બીજી પ્રણાલિકા આપે છે તેથી આ મૂર્તિ બુદ્ધની છે કે જિનની છે એ બાબત નિર્ણય આપવાની જરૂર ઊભી થાય છે. અને તેથી આ નોંધમાં મૂર્તિની ઓળખ આપવાનો પ્રયાસ કર્યો છે.

શ્રી. અમીને મૂર્તિનું માપ વગેરે ચોક્કસ આપ્યાં છે, પરંતુ મૂર્તિનાં વર્ણનમાં રહી ગયેલી માહિતી અત્રે પૂર્ણ કરીને મૂર્તિનું વર્ણન આપ્યું છે.

બુદ્ધનાથને નામે ઓળખાતી આ મૂર્તિ શ્રી. અમીન જણાવે છે તેમ રબારીવાસના ટેકરા પર દક્ષિણ બાજુએ છે. એ મૂર્તિની દક્ષિણ, પશ્ચિમ અને પૂર્વે વાડાઓ આવેલા છે, અને ઉત્તરે

---

૧. રત્નમણિરાવ જોટે, ખંભાતનો ઇતિહાસ, પૃ. ૧૪૯-૫૦.

૨. અમીન, જે. પી. નગરા (ખંભાતની પૂર્વવૃત્તિ) પૃ. ૭૫, ૭૬.

રબારી વાસનાં મકાનો છે. આ મૂર્તિ તદ્દન ખુલ્લામાં પડેલી છે અને બરાબર ગોઠવેલી ન હોવાથી વારંવાર પડી જાય છે અને રબારીઓ તેને પાછી સરખી કરે છે.

આ મૂર્તિનો ચહેરો ઘસાયેલો છે પણ માથાપર વાળ ઊભી કંડારેલી રેખાઓ વડે દર્શાવવામાં આવ્યા છે તેમ જ તેના કાનનો નીચેનો ભાગ ખભા સુધી લંબાયેલો છે. આ મૂર્તિનાં ગળા પર રેખા દોરીને કમ્બુગ્રિવા દર્શાવવાનો શિલ્પીનો સાદો પ્રયાસ છે. મૂર્તિના ખભા, છાતી તેના પેટ વગેરે અખંડિત છે. કાંડાથી ઉપરના ભાગના બન્ને હાથ પ્રમાણમાં ખંડિત હોવા છતાં મૂર્તિની ઓળખ માટે મદદ કરે એવી ધર્મચક્ર મુદ્રા સ્પષ્ટ રીતે દર્શાવે છે. આ બેઠેલી મૂર્તિના પગ ઘૂંટણેથી વળેલા છે અને જમણો પગ ઉપર છે; પરંતુ એ આસન પદ્માસન નથી.

મૂર્તિ સપ્રમાણ હોઈ તેની બેઠકનો પાછલો ભાગ સુશોભિત છે. તેની પર ગોળ તકિયા જેવું નિશાન છે તેમ જ બન્ને બાજુ પર હાથીની ઉપર ઊભેલા સિંહની આકૃતિ છે, તથા પાટડાની ઉપર મકરમુખ છે, તથા ગોળ સ્તંભો છે. મૂર્તિની બેઠકનો પરિકર સાદો છે.

આ મૂર્તિનો પથ્થર ભૂરો હોવાની નોંધ બન્ને લેખકોએ કરેલી હોવા છતાં તેને કાળજીપૂર્વક તપાસતાં તે ખરતા પથ્થરની બનેલી હોવાનું સમજાય છે. ગુજરાતમાં શિસ્ટ (Schist) ખરતા પથ્થર (Sand Stone), આરસપહાણ (Marble), ચુનાના પથ્થર તથા (lime stone) ટ્રેપની મૂર્તિઓ જોવામાં આવે છે. આ પૈકી ભૂરા પથ્થરોમાં શિસ્ટ કે ટ્રેપ ગણાય, પરંતુ તે ઘણા ભૂરા હોય છે અને તે આગ્નેય તથા વિકૃત પ્રકારના છે, તેમનો રંગ બધી બાજુએ સરખો છે. ઘણી-વાર ખરતા પથ્થર પર લીલ જામી જવાથી તે ભૂરા રંગના હોય એવી ભ્રાન્તિ પેદા થાય છે, આ મૂર્તિ પર પણ આવો થોડો ભૂરો ભાગ છે પણ તેની બાજુ પાછલો ભાગ વગેરે જોવાથી તથા તેની તપાસ કરવાથી તે ખરતા પથ્થરની હોવાનું સરળતાથી સમજાય છે. આવા પથ્થરો ધ્રાંગધ્રા, હિંમતનગર, સંખેડા વગેરેની ખાણોમાંથી મળે છે અને તેનો શિલ્પ તથા સ્થાપત્યમાં થતો ઉપયોગ સુવિદિત છે, આવા ખરતા પથ્થરની આ મૂર્તિ હોઈ તેનો ભૂરો રંગ માત્ર આકસ્મિક છે.

મૂર્તિ વિધાન તરફ નજર કરતાં બેઠેલી જૈન મૂર્તિઓ ધ્યાન મુદ્રા સિવાય બીજી કોઈ મુદ્રામાં મળતી નથી, જ્યારે અત્રે હાથની મુદ્રા 'ધર્મચક્ર' છે. ધર્મચક્ર મુદ્રાવાળી અનેક બૌદ્ધ મૂર્તિઓ મળે છે એટલું જ નહીં પણ દૈવી બુદ્ધોમાં વિરોચન બુદ્ધ ધર્મચક્ર અથવા બોધ્યંગી મુદ્રામાં હોવાની પ્રણાલિકા વજ્રયાનમાં સુવિકસિત છે. આથી આ તદ્દન ઘસાયેલી મૂર્તિની વિશિષ્ટ મુદ્રા તેને જૈન ધર્મના તીર્થંકર હોવાને બદલે બૌદ્ધધર્મના વિરોચન બુદ્ધ હોવાને પ્રબળ પુરાવો આપે છે. ગુહ્ય સમાજમાં આ બુદ્ધનો ઉલ્લેખ હોઈ તે ઈ. સ.ના ચોથા સૈકોથી જાણીતા છે.[૧] જો આ મૂર્તિને વિરોચન બુદ્ધની ન ગણવી હોય તો પણ તે બુદ્ધમૂર્તિ હોવાની બાબતમાં જરાપણ સંશય રાખવા જેવું નથી.

સ્થાનિક માન્યતાનુસાર આ દેવ બુદ્ધનાથ છે. આ મૂર્તિની પાસે ગામના, બારીઆ, રબારી, ભરવાડ, સુથાર, હજામ તેમ જ બ્રાહ્મણો, પાટીદાર, વગેરે કોમો દીવો કરે છે પરંતુ ઢેડ, વાઘરી વગેરે કોમો આ માન્યતાને અનુસરતી નથી.

---

૧. બી. ભટ્ટાચાર્ય, બુદ્ધિસ્ટ આઈકોનોગ્રાફી, પૃ. ૫૩.



નગરાની બુદ્ધ-પ્રતિમા

આ પ્રમાણે બુદ્ધની મૂર્તિ પાસે દીવો કરવાની પ્રથા બૌદ્ધોમાં જાણીતી હોવાનું શ્રી નર્મદાશંકરભાઈનું[૧] મંતવ્ય છે. જો આ અભિપ્રાયમાં કંઈ વજુદ હોય તો નગરામાં આજે ચાલતી આવેલી પ્રણાલિકા બૌદ્ધ સંપ્રદાયની દેણગી છે.

આમ મૂર્તિના અંતરંગ પરીક્ષણ તથા તેને માટેની માન્યતાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે નગરાની બુદ્ધનાથની મૂર્તિ બૌદ્ધ સંપ્રદાયની છે, અને તેને જૈન સંપ્રદાય સાથે કંઈ લેવાદેવા. નથી.

૧. રત્નમણિરાવ જોટે, "ખંભાતનો ઇતિહાસ" પૃ. ૧૫૦ પાદટીપ, ૫.

# ગુજરાતીમાં વૈજ્ઞાનિક સાહિત્ય :
## તે સંબંધી કેટલાક પ્રસ્તુત પ્રશ્નો

—જે. ડી. પાઠક

ગુજરાતી સાહિત્ય પરિષદે વિજ્ઞાનના સાહિત્યને અછૂત જેવું અળગું ન લેખતાં પોતાના એક વિભાગનું સ્થાન આપ્યું છે, એ જ મહત્ત્વની બીના છે. આખરે એટલું તો સ્વીકારવું રહ્યું કે ગુજરાતી ભાષામાં વિજ્ઞાનનું સાહિત્ય હવે સર્જાતું જાય છે. પ્રો. ગજ્જર જેવાના પ્રયત્નો પહેલા થયેલા જોવા મળે છે પરંતુ ગુજરાતીમાં વૈજ્ઞાનિક સાહિત્ય રચાવાના પ્રયાસનો પ્રારંભ જ્યારથી (S. S. C.) એસ. એસ. સી.-મેટ્રિકની પરીક્ષામાં ગુજરાતીમાં ઉત્તર આપવાની પરવાનગી મળી ત્યારથી થયો એમ ગણાય. વળી જ્યારથી ગુજરાતીને ગુજરાત યુનિવર્સિટીએ વિજ્ઞાનના વિષયો માટે ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે અપનાવ્યું ત્યારથી આ પ્રવૃત્તિને વેગ મળ્યો છે. ગુજરાતીમાં વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તક ત્યારથી રચાવા માંડયાં છે. જો કે આપણી પરીક્ષા-પદ્ધતિ જ એવી છે કે આ વિષયોનાં પ્રશ્નોત્તરો પ્રકટ કરવાનો ધંધો વધારે નફાવાળો બને છે. પરિણામે પ્રમાણભૂત પાઠ્યપુસ્તક રચવાને બદલે પ્રશ્નોત્તરો છપાવવાં એ સાહસિક વિદ્વાનોનું ધ્યેય બન્યું છે. કૉલેજમાં માધ્યમનો પ્રશ્ન હાઈસ્કૂલ પછી ખૂબ લાંબા વખતે આવ્યો તો પણ ભાષાની ને પુસ્તકોની બાબતમાં એવી જ પરિસ્થિતિ ચાલુ રહી છે. ગુજરાત યુનિવર્સિટીમાં (હ્યુમેનિટી) આર્ટ્સના વિષયો હવે ડીગ્રી કક્ષાએ ગુજરાતીમાં શિખવાના નક્કી થઈ ચૂકયા છે. વિજ્ઞાનના વિષયો પણ ગુજરાત યુનિવર્સિટીમાં ડીગ્રી કક્ષા સુધી ગુજરાતીમાં લેવાય છે. માત્ર મેડિકલ અને એન્જિનિયરિંગ એમાં અપવાદ રહ્યા છે. તેમાં યે ઈન્ટર સાયન્સની પરીક્ષા ગુજરાતીમાં આપી વિદ્યાર્થી મેડિકલ ને એન્જિનિયરિંગ કૉલેજમાં ગયા પછી અંગ્રેજીમાં જ શિક્ષણ લે છે. પરંતુ ગુજરાત યુનિવર્સિટીના નિયમોમાં તો આ શિક્ષણના માધ્યમનો દંભ ચાલુ રહ્યો છે. આ લેખમાંના વિજ્ઞાનની ભાષા પરત્વે કેટલાક વિચારો રજૂ કર્યા છે તે મેડિકલ ને એન્જિનિયરિંગના વિષયને વધુ લાગુ પડે છે. માધ્યમનો ઐતિહાસિક કેસ કોર્ટે ચઢ્યો ને જે ચૂકાદો આવ્યો તેની વિગતમાં નહીં પડીએ; પરંતુ આજે વિદ્યાર્થીના જ્ઞાનનું ધોરણ તેની પાછળ વધુ ને વધુ ખર્ચ કરવા છતાં નીચું પડતું જાય છે એ હકીકત છે. તેનું સૌથી મોટું કારણ તેની ભાષાની બાબતમાં નબળાઈ છે. તે નથી અંગ્રેજી પુસ્તકો સમજી શકતો કે નથી અંગ્રેજી કે ગુજરાતીમાં યે વિચારો વ્યક્ત કરી શકતો. ગુજરાતીમાં તો એ વિષયોનાં પુસ્તકો કે સાહિત્ય નથી. મેડિકલ ને એન્જિનિયરિંગ કૉલેજના મોટા ભાગના શિક્ષકોને ગુજરાતીનો પરિચય પણ નથી. પરંતુ સાચી વસ્તુસ્થિતિની પરવા કર્યા વિના શિક્ષણનું ગાડું આજ સુધી જેમ ગબડે તેમ ગબડવા પામ્યું છે. ખેદની વાત એ છે કે આપણી યુનિવર્સિટીઓ તેમ જ એસ. એસ. સી. બોર્ડો કેવળ પરીક્ષક સંસ્થાઓ જ રહી છે. તેમનો હિસ્સો આથી કંઈક વધારે સક્રિય હોત તો કેટલું સારું ! એમણે નથી પુસ્તકો રચાવવાની જવાબદારી સ્વીકારી કે નથી યોગ્ય માર્ગદર્શન આપ્યું. પરિણામે અનેકવિધ સમસ્યાઓ ઉત્પન્ન થઈ છે. તેમાં સૌથી કૂટ પ્રશ્ન

પરિભાષાનો છે. હાઈસ્કૂલ માટેનાં કોઈ પણ વિજ્ઞાનનાં બે પુસ્તક ઉઘાડીશું તો ખાત્રી થશે કે તેમાં વપરાયેલી પરિભાષામાં કંઈ ધંગધડો જ નથી. શબ્દો પરત્વે કોઈ એકમત કે નિર્ણય થયો ન હોવાથી, તેમ કોઈ નિશ્ચિત કોશ સ્વીકારાયો ન હોવાથી જેને જેવી આવડી તેવી પરિભાષા વાપરી છે, સર્જી છે ને સાચી ગણી છે. વિદ્યાર્થીની ગૂંચવણ સમજી શકાય તેમ છે. પરિભાષાની વિવિધતા તેના મનમાં અચૂક દ્વિધા પ્રકટાવે તેમ છે. વિજ્ઞાનની પરિભાષા રચવા પ્રયત્નો થયા નથી એમ નથી. શ્રી પોપટલાલ શાહનો, ને પછી ગુજરાત યુનિવર્સિટીનો કોશ એનો પુરાવો આપે છે. હિંદીમાં રઘુવીરનો શબ્દકોશ જેટલો ચર્ચાને પાત્ર બન્યો છે એટલો બીજો કોઈ ટીકાપાત્ર બન્યો નથી છતાં જેટલો મહાન પ્રયત્ન એ કોશનો છે તેટલો કોઈનો નથી એ સૌ સ્વીકારશે. ગુજરાતી કે હિંદીમાં પછીથી વિજ્ઞાનની પરિભાષાના કોશોએ એનો ખૂબ ખૂબ આધાર લીધો છે. તેનો ( રઘુવીરનો ) મુખ્ય દોષ કે ગુણ એ હતો કે વિજ્ઞાનના સ્થાપિત અંગ્રેજી પર્યાયોના પણ નવા સંસ્કૃત પર્યાયો તેણે રચ્યા છે. તાજેતરમાં હિંદી સરકારે એક નવો કોશ બહાર પાડ્યો છે. તેણે પણ રઘુવીરનો સારો આશરો લીધો છે પરંતુ કેટલાક અઘરા અંગ્રેજી પર્યાયો એવા ને એવા જ સ્વીકાર્યા છે જેથી તેનો વપરાશ વધુ સ્વીકાર્ય બને. કેટલાક શબ્દો વધારે અઘરા પણ બનાવ્યા છે. દા. ત, 'સોલ્યુશન'નો અર્થ 'વિલયન' ('દ્રાવણ' નહીં), 'નર્વ'નો અર્થ 'તંત્રિકા' ('ચેતા' નહીં), 'સ્પાઈનલ કોર્ડ'નો અર્થ 'મેરુદંડ' ('કરોડરજ્જુ' નહીં) 'એનએરોબિક'નો 'વાતનિરપેક્ષી' ('અવાત' નહીં), 'સેલ'નો અર્થ, 'કોશિકા' ('કોષ' નહીં), 'ટિશ્યુ'નો અર્થ 'ઉત્તક' ('ઊતિ' નહીં) 'રેડ સેલ'નો અર્થ 'લોહી નાળું' ('રક્તકણ' નહીં), વગેરે. આવા અનેક મતભેદ રહેશે. પરંતુ હિંદીની દરેક ભાષા માટે આ કોષ વાપરવાની આજ્ઞા પાછળ સરકારનું પીઠબળ હોવાથી તે સ્વીકારાઈ લેવાનો સંભવ છે.

સ્કૂલ તેમ કૉલેજને માટે બધી કક્ષાએ વિજ્ઞાનના વિષયનાં ગુજરાતી પુસ્તકો માટે પણ એ જ કોશ વાપરીએ તો પરિભાષાની બાબતમાં તેમની વચ્ચે કંઈક એકતા તો તરત આવી જાય. થોડા શબ્દો મુશ્કેલ તેમ વિચિત્ર પણ લાગે, પણ તેમનો ઉકેલ વખત જતાં આવી જશે. લેખકને એમાંનો જે શબ્દ સ્વીકાર્ય ન હોય તો તેને બદલે અંગ્રેજી પર્યાય વાપરવાની છૂટ હોવી જોઈએ. ગુજરાતી–હિંદી નવા પર્યાયની સાથે સાથે કૌંસમાં મૂળ શબ્દ લખાય તો પરિભાષાના કૂટ પ્રશ્નોનો કંઈક તાત્કાલિક ઉકેલ આવી જાય. પરંતુ દરેક લેખક નવી પરિભાષા રચવા પ્રયત્ન કરશે તો આ વિસંવાદિતા જ ઊગતી વિજ્ઞાનની ભાષાને ગૂંચવી નાખવા સંભવ છે. આંતર્ભાષીય સંવાદિતાની તેમ રાજ્યોની એકતાની દૃષ્ટિએ પણ વિજ્ઞાનની પરિભાષા એક જ રહેવી જોઈએ. બાકી હિંદી ભાષા સર્વમાન્ય બની શકે એવા પ્રદેશમાં પણ વખત જતાં કોઈ કોઈને સમજવાનું નથી. પંજાબી બિહારીનો, ગુજરાતી બંગાળીનો, મહારાષ્ટ્રી રાજસ્થાનીનો વિજ્ઞાનના વિષયોમાં પણ સંબંધ જાળવી શકશે નહીં. પરિભાષા જેટલી સામાન્ય હશે તેટલી પરસ્પર સમજૂતી પેદા થશે.

એવો જ કે એથી વિશેષ અગત્યનો મુદ્દો લિપિનો છે. લિપિથી એકતા લાવી શકાય છે. ગુજરાતી લિપિવાળો માને છે કે તેમની લિપિ દેવનાગરીથી વધારે આગળ ધપેલી ને સુધરેલી છે. ગમે તેમ હોય પણ વધારે સંબંધ જળવાય એટલા પૂરતું ય વિજ્ઞાનનાં પુસ્તકો દેવનાગરીમાં છપાય એ આજે ઇચ્છનીય છે. આથી આંતર્ભાષીય સમજૂતી આગળ ધપશે ને ગુજરાતીને ખાસ મુશ્કેલી નહીં પડે, કારણ કે, દરેક ગુજરાતી વિદ્યાર્થી દેવનાગરીથી પરિચિત હોય છે.

બીજો પ્રશ્ન ભાષાનો—શૈલીનો છે. વિજ્ઞાનની ભાષા તો વિદ્વદ્‌ભોગ્ય—સામાન્ય માણસને ન સમજાય તેવી હોય એવો એક ખ્યાલ કેટલાકના મનમાં ઘૂસી ગયો હોય છે.

ઊલટું, વિજ્ઞાનના પુસ્તકની ભાષા જેમ સરળ ને સાદી હોય તેમ તે જેને ઉદ્દેશીને લખાય છે તેનાથી વધુ સમજી શકાશે. વિજ્ઞાનના વિદ્યાર્થી ભાષાના નિષ્ણાત હોતા નથી. આથી વિજ્ઞાનનાં પુસ્તકો તો ખૂબ સાદી ભાષામાં રચાવાં જોઈએ.

આજે તો વિજ્ઞાનના વિષયના જે જાણકાર છે તેમને ગુજરાતી ભાષા પર કાબૂ તો શું પણ તેનો પૂરતો પરિચય પણ નથી. તેવી પરિસ્થિતિમાં ભાષાના નિષ્ણાતો વિષયના નિષ્ણાતો સાથે રહી નવું સાહિત્ય સર્જે તો કંઈક પ્રગતિ થાય.

પરીક્ષા અર્થે પ્રશ્નોત્તરો પ્રકટ કરવાની પ્રથાને ઉત્તેજન ન મળવું જોઈએ. તેને બદલે માન્ય પુસ્તક રચવા પ્રયત્ન થવા ઘટે છે.

ઉપરાંત અત્યંત સાદી ભાષામાં વૈજ્ઞાનિક સાહિત્ય જનતા સમક્ષ મૂકવાની પણ જરૂર છે. અંગ્રેજીમાં આવી નાની, ચિત્રમય અનેક પુસ્તિકાઓ જુદા જુદા વિષયમાં હોવાથી સામાન્ય માણસ પણ બહુશ્રુત બને છે.

વિજ્ઞાનનાં પુસ્તકો ન પોસાઈ શકાય એટલાં મોંઘાં હોય છે. તેથી જનતા વિજ્ઞાનથી દૂર રહે છે. આ યુગ વિજ્ઞાનનો છે. સામાન્ય જનતાને પણ વિજ્ઞાનના વિષયોનું કંઈ જ્ઞાન હોવું જોઈએ. આવી પુસ્તિકા-પ્રવૃત્તિને રાજ્યનો કે સંસ્થાનો આશરો મળે તો તેની ઊણપ દૂર કરવાના યત્નને વેગ મળી શકે.

ઉપર દર્શાવેલા વિચારો માત્ર લેખકનાં અંગત મંતવ્યો જ છે.

વિજ્ઞાનના સાહિત્યની બાબતમાં પ્રવર્તતી અસંવાદિતા વેળાસર દૂર કરવાની સૌથી વધુ જરૂર છે. પણ અંગ્રેજીનું વર્ચસ્વ જવા બેઠું છે ત્યારે તેનું સ્થાન આપણી ભાષાઓ કેમ કેવી રીતે લેશે, તેના પ્રશ્નો આજે વિચારીશું નહીં તો પછી જે અંધાધુંધી આવશે તેમાંથી નીકળવા રસ્તો રહેશે નહીં, એવું લાગે છે. સાહિત્ય સંસદ એમાં માર્ગદર્શન આપશે ?

# ભૌતિક વિજ્ઞાન-તત્ત્વવિચાર

**પ્ર. ચુ. વૈદ્ય**

**૧. ક્ષમાપ્રાર્થના :**—તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિદ્ધાન્તો અને તર્કપ્રણાલી વિષેનું મારું અધ્યયન નહિવત્ છે; તેથી સંભવ છે કે નીચે દર્શાવેલા વિચારોમાં તાર્કિક અસંગતતા નજરે પડે અને મેં વાપરેલી પરિભાષા તત્ત્વજ્ઞાનની સ્વીકૃત પરિભાષાથી ભિન્ન હોય અથવા તો કોઈક અર્થમાં ખોટી પણ હોય. ભૌતિક વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાન્તોના અભ્યાસીના આ વિચારો છે અને સુજ્ઞ વાચકો તે જ રીતે આ વિચારોને જોશે અને દેખાતી ક્ષતિઓ દરગુજર કરશે એવી પ્રાર્થના.

**૨. જગત :**—જગત એટલે માનવીના અનુભવોનો સેટ. આ અનુભવો ઇન્દ્રિયપ્રાપ્ત હોય, બુદ્ધિગમ્ય હોય કે ચિંતનજન્ય હોય. ત્રણ પ્રકારના જગતની આપણે વાત કરીશું.

(૧) અવલોકનીય જગત :—નિસર્ગની પરિઘટનાઓ તથા ક્રિયા-પ્રક્રિયાઓનું અવલોકન-પ્રાપ્ત અનુભવોનું જગત તે અવલોકનીય જગત.

(૨) જગત-સત્ત્વ :—અવલોકનકારનું અસ્તિત્વ હોય કે ન હોય તો પણ નિસર્ગની પરિઘટનાઓ તથા ક્રિયા-પ્રક્રિયાઓ તો થયા જ કરે છે એમ માની લઈએ તો અવલોકનોથી નિરાળું અને તેનાથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું નિસર્ગનું જગત તે જગત-સત્ત્વ ( Physical Reality ).

( ૩ ) ગાણિતિક જગત :—અમુક મૂળભૂત ખ્યાલો તથા સ્વીકૃત સિદ્ધાન્તો માન્ય રાખી તેમાંથી તર્ક અને ગણિતની મદદથી અનુભવજ્ઞાનની તારવણી કરી એક જગતની રચના કરીએ તો તે જગતને ગાણિતિક જગત કહીશું. આ જગતને સૂક્ષ્મ જગત કે કલ્પના-જગત અથવા ગાણિતિક જગત-મોડેલ પણ કહી શકાય.

**૩. કેન્ટની પ્રણાલી :**—વિજ્ઞાનવિકાસના શરૂઆતના કાળમાં વિજ્ઞાન એટલે અનુભવ-જ્ઞાન એવું જ લગભગ સમીકરણ મૂકી શકાય. નિસર્ગના અવલોકનોથી મેળવેલું અવલોકનીય જગત એ જ વિજ્ઞાન ગણાતું. પરંતુ જેમ જેમ અવલોકનીય જગતનો અવલોકનભંડાર મોટો થતો ગયો તેમ તેમ જુદાં જુદાં અવલોકનો વચ્ચે સૂત્રતા જણાવા લાગી; કેટલાંક અવલોકનો એકાદ અવલોકનપરંપરાના ભાગ હોય તેમ જણાવા લાગ્યું—જાણે કે આ અવલોકનો નિસર્ગનાં જુદાં જુદાં પાસાં દર્શાવતાં હોય તેમ નિયમબદ્ધ જણાવા લાગ્યાં. આ ઉપરથી વૈજ્ઞાનિકોએ જગતસત્ત્વની કલ્પના કરી અને વિજ્ઞાનની ઉપાસના એટલે જગતસત્ત્વનો પરિચય કરવો એવી વ્યાખ્યા કરી.

નિસર્ગનાં અવલોકનોનું અવલોકનીય જગત રચવું, આ જગતને ગણિત અને તર્કની મદદથી વિસ્તારીને એક પૂર્ણ ગાણિતિક જગત રચવું અને એ રીતે જગતસત્ત્વનો પરિચય મેળવવો —અવલોકનીય જગત અને જગતસત્ત્વ વચ્ચેની કડી રૂપે ગાણિતિક જગતની રચના કરવી—આમ વિજ્ઞાનતત્ત્વની શરૂઆત થઈ. કૅપ્લરનાં અવલોકનો, ગેલિલીઓનાં અવલોકનો, પૂનમ-અમાસે થતી ભરતીઓટનાં અવલોકનો—આ બધાં અવલોકનો વચ્ચે એક નિયમ તારવવા ન્યૂટને ગાણિતિક જગત રચ્યું અને આ બધાં અવલોકનોને એક જગત-સત્ત્વનાં જુદાં જુદાં પાસાં તરીકે બતાવ્યાં.

ન્યૂટનના આગમન પછીના વિજ્ઞાનવિકાસના તબક્કાને સમજવા માટેની આ કેન્ટની પ્રણાલી છે. આ પ્રણાલી ૧૯મી સદીના અન્ત સુધી ચાલુ હતી. વીસમી સદીની શરૂઆતમાં આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાન્તે આમાં જે ફેરફાર કર્યો તે હવે આપણે જોઈએ.

**૪. આઈન્સ્ટાઈનની પ્રણાલી :**—સાપેક્ષવાદ માટે તર્કની રાહે એ જરૂરી છે કે કોઈ એક નિરપેક્ષ સત્યનું અસ્તિત્વ હોય. આમ જગતસત્ત્વની કલ્પના તો આઈન્સ્ટાઈનના વિચારોમાં પણ છે જ. ભેદ ગાણિતિક જગત (World of Concepts)ની રચના તથા ઉપયોગમાં છે. આઈન્સ્ટાઈનની એ સ્પષ્ટ માન્યતા હતી કે અવલોકનીય જગત અને ગાણિતિક જગત વચ્ચે, તર્કની મદદથી ન ઓળંગી શકાય એવી એક ઊંડી ખાઈ છે. એટલે કે, અવલોકનીય જગતમાંથી ગાણિતિક જગત તાર્કિક રીતે રચી શકાય જ નહિ. અવલોકનોથી પર એવા મુક્ત વિચારોમાંથી જન્મેલ સિદ્ધાન્તો પરથી ગાણિતિક જગતની રચના કરવી જોઈએ—અવલોકનોથી મળેલાં સાદાં વિધાનો સ્વીકારી લઈને તે ઉપરથી ગાણિતિક વ્યવસ્થા ઊભી કરવાને બદલે અવલોકનો સાથે સંબંધ ન હોય તેવા માનવીના મુક્ત વિચારોમાંથી જન્મતા શુદ્ધ સિદ્ધાન્તોની મદદથી ગાણિતિક જગતની રચના કરવી જોઈએ—આ તો આધ્યાત્મિક ચિન્તનથી જ જગત રચવાની વાત થઈ!—પરંતુ એક ભેદ છે. આઈન્સ્ટાઈનનું ગાણિતિક જગત ચિન્તનજન્ય જગત તો ખરું, પરંતુ તેમાંથી તર્ક અને ગણિતની મદદથી અવલોકનો વડે ચકાસી શકાય તેવાં પરિણામો તારવવાં જોઈએ અને જ્યારે આ જગત ચકાસી શકાય તેવાં પરિણામો આપે અને પરિણામો ચકાસણીને કાંટે પસાર થાય ત્યારે જ તે ગાણિતિક જગત જગતસત્ત્વનો ઊંડો અભ્યાસ પૂરો પાડે, અને તે ચિંતનજન્ય જગત ભૌતિક વિજ્ઞાનમાં સ્થાન પામે. આઈન્સ્ટાઈનના મત પ્રમાણે જગતસત્ત્વના પરિચયનો માર્ગ ગણિત અને તર્કનો માર્ગ છે. તે માર્ગ યોગ્ય છે કે નહિ તે જોવા પૂરતો અવલોકનીય જગતનો ઉપયોગ છે.

**૫. આઈન્સ્ટાઈન અને કેન્ટની પ્રણાલી વચ્ચેનો ભેદ :**—એક રીતે જોઈએ તો કેન્ટની વિચારપ્રણાલી અને આઈન્સ્ટાઈનની પ્રણાલી વચ્ચેનો મૂળગત તફાવત અવલોકનીય જગત અને ગાણિતિક જગતના ઊલટા ઉપયોગમાં રહેલો છે. કેન્ટની પ્રણાલી પ્રમાણે ગણિત વિજ્ઞાનની દાસી છે. તેની સેવાનો લાભ લઈ વૈજ્ઞાનિક, અવલોકનીય જગતમાંથી જગતસત્ત્વનો પરિચય સાધવા પ્રયત્ન કરે છે. આઈન્સ્ટાઈનની પ્રણાલી પ્રમાણે ગણિત વિજ્ઞાનની રાણી છે. ગણિતની મદદથી મુક્ત રીતે જગતરચના કરી તેમાંથી પરિણામો તારવી તે પરિણામો ચકાસવા માટે વૈજ્ઞાનિક અવલોકનીય જગતનો ઉપયોગ કરે છે. મુક્ત વિચારોથી ઉદ્ભવેલી સૂક્ષ્મ જગતરચનામાંથી નવા ઇન્દ્રિયપ્રાપ્ય અનુભવોનું સૂચન મળે છે અને એ રીતે અવલોકનીય જગતનો વિકાસ થાય છે અને જગતસત્ત્વનો પરિચય વધુ ગાઢ થાય છે.

હજાર વર્ષના વિજ્ઞાનના વિકાસક્રમ પ્રમાણે સ્થિર થયેલી કેન્ટની ભૌતિક તત્ત્વપ્રણાલીમાં સુચવાયેલો આ આઈન્સટાઈનનો ફેરફાર ભૌતિક વિજ્ઞાન તરફ જોવાના માનવીના દૃષ્ટિકોણમાં સાચા અર્થમાં એક ક્રાન્તિકારી પરિવર્તન લાવે છે. આ નવું દૃષ્ટિકોણ અપનાવ્યાથી ભૌતિક વિજ્ઞાનમાં પ્રગતિ ઝડપી બની અને એક વખતે તો એમ જણાવા લાગ્યું કે સૂક્ષ્મ જગતની રચના કરી અવલોકનીય જગતને ખૂબ વિસ્તારી શકાશે અને આજ દિન સુધી વિજ્ઞાનવિકાસમાં અવલોકનીય જગતે જે ભાગ ભજવ્યો છે તે હવે ગાણિતિક જગત ભજવશે.

પરંતુ વિજ્ઞાનની ઝડપી પ્રગતિ સાથે અવલોકનીય જગતના કેટલાક એવા અવલોકનીય અનુભવો પ્રાપ્ત થયા જેના પરિણામે જગતસત્ત્વની મૂળભૂત કલ્પના જ હચમચી ગઈ.

**૬. નીલ બ્હોરની પ્રણાલી:**--પ્રકાશનું સ્વરૂપ આન્દોલનોનું અને પદાર્થનું સ્વરૂપ અણુ-પરમાણુનું એમ અનુભવ-જગતમાં જાણીતું હતું. પરંતુ છેલ્લાં પચાસ વર્ષોમાં એવું જણાયું છે કે કયારેક કયારેક પ્રકાશ અણુસ્વરૂપ દેખાડે છે, અને પદાર્થ આન્દોલન સ્વરૂપ દેખાડે છે. વળી સંયોગો અગાઉથી આપેલા હોય તો તે સંયોગોમાં પ્રકાશ કયું સ્વરૂપ દેખાડશે તે નક્કી થઈ શકતું નથી ! પ્રકાશ અને પદાર્થનાં સૂક્ષ્મ સ્વરૂપ દર્શાવતાં અવલોકનો સમજવા માટે વિજ્ઞાનીઓએ ગાણિતિક જગતની રચના કરી તો પરિણામ બહુ વિચિત્ર આવ્યું—બધા સંયોગો એમ ને એમ રહે અને ફક્ત અવલોકનોનાં સાધનો બદલાય તો પ્રકાશ કે પદાર્થ તેનું સ્વરૂપ બદલે !

હવે, સાધનો ભલે જુદાં હોય પણ એક જ જગતસત્ત્વનું અવલોકન કરીએ તો અવલોકનનું પરિણામ સાધન ઉપર ન અવલંબે. ઊલટું જો એમ જણાય કે અવલોકનનું પરિણામ સાધનો ઉપર અવલંબે છે તો જગતસત્ત્વની માન્યતા કેવી રીતે ટકી શકે ? પરંતુ એમ ન હોઈ શકે કે આપણાં સાધનો પૂરતાં સૂક્ષ્મ ન હોવાથી અવલોકનોનું પરિણામ સાધનો પર અવલંબતું જણાય છે ? અને એથી ઊલટું જો અવલોકનો સમજવા માટે ઊભી કરેલી ગાણિતિક વ્યવસ્થામાંથી જ એમ પ્રતિપાદિત થાય કે અવલોકનોનું પરિણામ અવલોકનોનાં સાધન ઉપર અવલંબશે જ તો એમ માનવું રહ્યું કે આપણાં સાધનોની સૂક્ષ્મતાને મર્યાદા છે.

છેલ્લાં પચાસ વર્ષના અણુવિજ્ઞાનના અવલોકનજગતને સમજવા માટે નીલ બ્હોરે જે ચિન્તનપ્રણાલી સૂચવી છે તેના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે :

( ૧ ) માનવીથી રચાનારાં અવલોકનસાધનોની સૂક્ષ્મતાને મર્યાદા છે.

( ૨ ) તેથી સાધનો પરનું અવલોકનોનું અવલમ્બન સિદ્ધાંતતઃ નાબૂદ ન કરી શકાય.

( ૩ ) નિસર્ગની સૂક્ષ્મતર પરિઘટનાઓના અવલોકનમાં અવલોકનસાધનો અંતરાય ઊભો કરે છે, અને આપણને સાધનોથી અંતરિત થયેલી પરિઘટના અવલોકવા મળે છે. પરંતુ સાધનોથી ઊભો થતો આ અંતરાય ઉપર ( ૧ )માં જણાવેલ મર્યાદાને કારણે નાબૂદ થઈ શકે તેમ ન હોવાથી આપણાથી સાધનોના અંતરાયવિહીન પરિઘટના અવલોકી શકાવાની જ નથી અને તેથી આવી કોઈ પરિઘટના જગતસત્ત્વનું પ્રતિબિંબ છે એમ કલ્પવાનો કાંઈ અર્થ નથી.

( ૪ ) તેથી અવલોકનીય જગત એ જ એક માત્ર જગત છે. અવલોકનીય જગતના અવલોકનભંડારને વિસ્તૃત કરવા પૂરતો ગાણિતિક જગતનો ઉપયોગ કરવાનો રહે છે.

**૭. આઈન્સ્ટાઈન અને નીલ બ્હોર :**—આઈન્સ્ટાઈનને નીલ બ્હોરની પ્રણાલીમાં શ્રદ્ધા નથી. આઈન્સ્ટાઈનના મત પ્રમાણે, અવલોકનસાધનોની મર્યાદા જે નીલ બ્હોરને જણાય છે, તે ખરી રીતે તો આપણા અત્યારના ગણિતજ્ઞાનની મર્યાદા છે. ગણિતમાં વિકાસ થતાં મુક્ત વિચારથી એવું ગાણિતિક જગત જરૂર રચી શકાશે જેમાં કાર્યકારણના સિદ્ધાન્તને યોગ્ય સ્થાન મળશે અને અત્યારનાં અવલોકનો અસંદિગ્ધ રીતે સમજી શકાશે.

લગભગ ૧૯૫૫ સુધી નીલ બ્હોરની પ્રણાલી પ્રમાણે અવલોકનજગતનો ખૂબ વિસ્તાર થયો; પરંતુ અવલોકનીય જગતને વિસ્તારવા માટે ઊભા કરેલા ગાણિતિક જગતની રચનામાં કેટલીક મૂળભૂત ગણિતની ક્ષતિઓ જણાવાથી ફરી પાછો ૧૯૫૫ પછી આઈસ્ટાઈનની પ્રણાલી તરફ ઝોક વરતાવા લાગ્યો છે. છેલ્લાં પાંચસાત વર્ષોથી, મુક્ત વિચારો વડે ગાણિતિક જગતની રચના કરી તેનો અવલોકનો સાથે મેળ બેસાડવાના પ્રયત્નો શરૂ થતા જણાય છે.

અને આમ વિજ્ઞાનની વણઝાર વહેતી રહે છે.

# મનોવિજ્ઞાન અને સ્વભાષા

**સાધના સુબંધુ પરીખ**

મનોવિજ્ઞાન પ્રાણીવર્તનનું વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતું વિજ્ઞાન છે. પહેલાં મનોવિજ્ઞાનની વ્યાખ્યા આત્મા, મન, ચેતના વગેરે શબ્દોથી અપાતી પરંતુ એ વ્યાખ્યાઓમાં મુખ્ય અડચણ એ હતી કે બીજાં વિજ્ઞાનોની જેમ ચેતના, મન કે આત્મા મનોવિજ્ઞાનના આંતર્-પદાર્થને પ્રત્યક્ષ કરી શકતા નથી તેથી તે બીજાં વિજ્ઞાનોના પદાર્થોની જેમ તપાસી શકતા નથી પરંતુ પ્રાણીનું બાહ્ય વર્તન પ્રત્યક્ષ હોવાથી તેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ થઈ શકે છે તેથી હાલની વ્યાખ્યા મનોવિજ્ઞાનની પ્રગતિ માટે ઘણી સુગમ થઈ પડી છે.

આજ તો મનોવિજ્ઞાન તેના પ્રગતિપંથે આગળ ને આગળ વધતું જાય છે. કેળવણી-ક્ષેત્રમાં પણ તેણે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પરંતુ પરદેશી ભાષામાં શીખવાથી આ વિષય ગૂંચવણભર્યો અને કઠિન બની જાય છે. આ વિષય પોતાની ભાષામાં શીખવાથી આપણે તેની કેટલી ઊંડાઈએ જઈ શકીએ છીએ તે વિચારવાનો આ નિબંધનો મુખ્ય હેતુ છે. થોડા વિચારો અહીં રજૂ કરું છું.

કોઈ પણ વિષયનું વિશેષ જ્ઞાન મેળવવું હોય તો સ્વભાષા એ જ સહજ સાધન છે, કારણ માનવી પોતાના શૈશવકાળથી તે ભાષાથી પરિચિત હોય છે. તે વિચારે છે પણ તે ભાષામાં અને પદાર્થને ઓળખે છે પણ તે ભાષામાં. બીજી ભાષા તે ન શીખે ત્યાં સુધી દરેક સાથે વ્યવહાર અને સંબંધ પણ તે જ ભાષામાં રાખે છે અને વધારે છે. આમ સ્વભાષા તેના જીવનની સાથે એટલી બધી વણાઈ ગઈ હોય છે કે સ્વાભાવિક રીતે જ કોઈ પણ વિષયના જ્ઞાન માટે તે સહજમાં સહજ સાધન બની રહે છે.

મનોવિજ્ઞાન મનોભાવ જોડે સંકળાયેલું છે. તેનો મુખ્ય વિષય આંતર્પદાર્થ છે; અહીં તે બીજાં વિજ્ઞાનોથી જુદું પડી જાય છે. બીજાં વિજ્ઞાનો જેવાં કે Physics, Chemistry, Botany વગેરે બાહ્ય પદાર્થો જોડે સંકળાયેલાં છે. બાહ્ય પદાર્થો જોઈ શકાય છે તેમ જ બતાવી શકાય છે. તેથી આ વિજ્ઞાનોનો અભ્યાસ પરદેશી ભાષામાં કરવાથી ગેરસમજને સ્થાન રહેતું નથી પરંતુ મનોવિજ્ઞાનના આંતર્પદાર્થ સમજવા માટે સ્વભાષાએ ઉપજાવેલા શબ્દો અર્થસૂચક સાધન થઈ પડે.

આટલી ચર્ચા ઉપરથી આપણે એટલું તો ચોક્કસ કહી શકીએ કે મનોવિજ્ઞાન સ્વભાષા દ્વારા શીખવાથી જ સમજાય છે. હવે અહીં એક જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સ્વભાષા દ્વારા મનોવિજ્ઞાન શીખવું શક્ય છે ખરું? એ વિષે ચર્ચા કરવા માટે થોડા સંસ્કૃત સાહિત્યના જ્ઞાનની પણ જરૂર છે.

દરેક ભાષામાં વધતાઓછા પ્રમાણમાં મનોભાવને દર્શાવવા શબ્દો હોય છે પણ કેટલીક

ભાષા એમાં વિશેષ સમૃદ્ધ હોય છે. સંસ્કૃત એવી એક ભાષા છે અને ભાગ્યવશાત્ તેના મનોભાવ-સૂચક શબ્દોનો આપણે ગુજરાતીમાં પણ ઉપયોગ કરીએ છીએ. આમ સહેલાઈથી અર્થસૂચક રીતે ઉપયોગ કરી શકાય એવો શબ્દભંડોળ આપણી નજર સમક્ષ પડ્યો છે. દર્શનશાસ્ત્ર અને રસશાસ્ત્રમાં આવો મોટો શબ્દસમૂહ છે જે દ્વારા આપણે મનોવિજ્ઞાનના અભ્યાસમાં ઉપયોગી થઈ પડે એવા મનોભાવસૂચક શબ્દોનો ઉપયોગ કરી ગુજરાતીમાં મનોવિજ્ઞાન શીખવી શકીએ છીએ અને શીખી શકીએ છીએ. વળી વ્યવહાર અને સાહિત્યની ભાષામાં શબ્દોને ચોક્કસ અર્થોમાં મર્યાદિત કરી એક ખાસ પરિભાષા ઘડી તેનો તે અભ્યાસમાં ઉપયોગ કરી માનસપદાર્થને સરળતાપૂર્વક સમજાવી શકાય છે. વળી આ પરિભાષા દ્વારા પાશ્ચાત્ય મનોવિજ્ઞાનિકોએ પરિષ્કૃત કરેલા પદાર્થો પણ આ અભ્યાસમાં ઉતારી શકાય છે. આમ સંસ્કૃત વારસામાંથી ઊતરી આવેલા શબ્દોની મદદથી ગુજરાતી ભાષા મનોવિજ્ઞાનનું સબળ સાધન બની શકે, સમજવામાં અને અવ્યક્ત માનસ-અવસ્થાઓને વ્યક્ત કરવામાં.

અંતમાં સંસ્કૃત સાહિત્યમાં કયાં કયાં આવો શબ્દસમૂહ પડ્યો છે તેનો ટૂંકમાં ખ્યાલ આપીશ તો તે અસ્થાને નહીં ગણાય.

સાંખ્યદર્શન પ્રમાણે વિશ્વમાં બે તત્ત્વ છેઃ પુરુષ અને પ્રકૃતિ. પુરુષ એટલે 'નિત્ય ચૈતન્ય' (અવિકારી), પ્રકૃતિ એટલે જે કાંઈ વિકાર પામે તે. આમ સાંખ્યદર્શન પ્રમાણે બુદ્ધિ એ પ્રકૃતિનો વિકાર છે. પ્રકૃતિ જડ છે તેથી બુદ્ધિ પણ એ જડ પ્રકૃતિનો જ વિકાર છે. પુરુષના સાંનિધ્યમાં રહેલી પ્રકૃતિ પુરુષમાં ચૈતન્યનું પ્રતિબિંબ ઝીલી તેનાં પરિણામોને ચેતનવંતુ કરે છે. આ સાંખ્યનું મૌલિક મનોવિજ્ઞાન છે. પ્રકૃતિ ત્રિગુણાત્મક છેઃ સત્ત્વ, રજસ્ અને તમસ્. આ ત્રણે ગુણોમાં દરેકને બે બાજુઓ છે, જેમ કે સત્ત્વની એક બાજુ પ્રકાશ અને બીજી બાજુ પ્રીતિ, રજસ્‌ની એક બાજુ ગતિ અને બીજી બાજુ અપ્રીતિ, તમસ્‌ની એક બાજુ નિયમન અને બીજી બાજુ વિષાદ. આ ઉપરથી જોઈ શકાય છે કે જે સામાન્ય રીતે ભૌતિક વિશ્વ કહેવાય છે તે પ્રકાશ, ગતિ (પ્રવૃત્તિ) અને નિયમનનું બનેલું હોય છે અને જેને માનસવિશ્વ કહે છે તેમાં પણ તે ત્રણ ગુણો પ્રીતિ, અપ્રીતિ અને વિષાદ તરીકે દેખાય છે.

સાંખ્યદર્શનમાં ઇન્દ્રિયોના જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એવા ભાગ પાડ્યા છે, જ્ઞાનેન્દ્રિય :— ચક્ષુ, શ્રુતિ, ઘ્રાણ, જીભ અને ચામડી. મન એ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય બન્ને કહેવાય છે અને તેનું લક્ષણ એ સંકલ્પ છે.

**યોગદર્શન :**—એ મનોવિજ્ઞાનથી જ ભરેલું છે. યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ. યોગદર્શન પ્રમાણે ચિત્ત એ જ્ઞાન, પ્રવૃત્તિ અને સ્થિતિનું બનેલું છે (જે રીતે સાંખ્યમાં સત્ત્વ, રજસ્, તમસ્ એ ત્રણ ગુણો ચિત્તમાં છે). ચિત્તની વૃત્તિઓ પાંચ માની છે. પ્રમાણ (યથાર્થ જ્ઞાન કરનારી), વિપર્યય (અયથાર્થ જ્ઞાન કરનારી) અને વિકલ્પ જે બુદ્ધિનો એવો વ્યાપાર છે કે જે પ્રમાણ કોટિનો પણ નથી અને વિપર્યય કોટિનો પણ નથી. આ ત્રણે વૃત્તિઓ એ જ્ઞાન વૃત્તિના વિભાગો છે એમ કહી શકાય. બીજી બે વૃત્તિઓ નિદ્રા અને સ્મૃતિ. યોગનો ચક્રનો સિદ્ધાન્ત ખાસ ધ્યાન ખેંચે એવો છે. તેઓએ ચિત્તનદીનું રૂપક યોજ્યું છે તે ધ્યાન ખેંચે છે. ચિત્ત સ્થિર કરવામાં જે ઉપાયો યોગમાં વર્ણવ્યા છે તે બધા મનોવૈજ્ઞાનિક છે અને પ્રાણાયામ વગેરે શરીરધર્મ છે. આમ physiology અને psychology બન્નેનો ઉપયોગ યોગે ચિત્તને સ્થિર કરવા કર્યો છે.

**ન્યાય વૈશેષિક દર્શન :—** પ્રમાણે આત્મા અને મન બે દ્રવ્ય તરીકે ગણાવ્યાં છે. આત્માને જ્ઞાનના આધાર તરીકે વર્ણવ્યો છે એટલે કે જ્યાં બધું જ્ઞાન થાય તે આત્મા. મન એ અંતઃકરણ અર્થાત્ આંતરૂઇન્દ્રિય છે. બાહ્યેન્દ્રિયો જેમ રૂપ, રસનું ગ્રહણ કરે છે એમ મન સુખ, દુઃખનું ગ્રહણ કરે છે. આ દર્શનમાં પણ સાંખ્યદર્શનની જેમ પાંચ ઇન્દ્રિયના રૂપ, શબ્દ, ગંધ, રસ, અને સ્પર્શ એમ પાંચ ગુણો માનેલા છે. ગુણોમાં બુદ્ધિ, સુખ, દુઃખ ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર એગુણો મનોવૈજ્ઞાનિક છે. બુદ્ધિએ સર્વ વ્યવહારના હેતુ રૂપજ્ઞાન સ્વરૂપ બુદ્ધિના બે પ્રકારો પાડેલા છે. (૧) સ્મૃતિ અને (૨) અનુભવ. પૂર્વે પડેલા સંસ્કારથી જે જ્ઞાન થાય તે સ્મૃતિ. તેમાંથી જુદું એવું જ બીજું જ્ઞાન થાય તે અનુભવ. સુખ એટલે અનુકૂલવેદનીય અને દુઃખ એટલે પ્રતિકૂલવેદનીય. આ દર્શનમાં બુદ્ધિ ઇચ્છા અને પ્રયત્ન એ ત્રણ ગુણો Cognition, Desire અને Willમાં સમાઈ જાય છે. બુદ્ધિના આઠ ગુણો માન્યા છે. વૃદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ અને અધર્મ. સંસ્કાર ત્રણ પ્રકારનો ગણ્યો વેગ, ભાવના અને સ્થિતિસ્થાપક. ભાવનાસંસ્કાર અનુભવથી ઉત્પન્ન થાય છે અને તે સ્મૃતિનું કારણ બને છે.

બૌદ્ધદર્શનમાં પણ વિવિધ અને વિપુલ મનોવૈજ્ઞાનિક પરિભાષા છે. નાટ્યશાસ્ત્રમાં નિર્દેશેલા આઠ કે નવ સ્થાયી ભાવો, તેત્રીસ સંચારી ભાવો અને આઠ સાત્ત્વિક ભાવો એમ ૪૯-૫૦ ભાવો એ મનોવિજ્ઞાનનો એક મોટો ખજાનો છે. આ દરેકના ભાવોની જે વ્યાખ્યાઓ આપી છે તે ભાવો કયા નિમિત્તોથી ઊભા થાય છે તે અને તે ભાવો શરીર દ્વારા કઈ રીતે અનુભવાય છે આ બધાનું વર્ણન નાટ્યશાસ્ત્રમાં અધ્યાય સાતમાં આપેલું છે. એ બધાનું અહીં વર્ણન કરવું એ અતિ લાંબું થઈ પડે તો પણ તે બધાનાં નામો જાણવાથી તેનો કાંઈક ખ્યાલ આવે માટે તેનો નિર્દેશ માત્ર કરું છું.

રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય એ આઠ સ્થાયી ભાવો.

નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા, મદ–કૈફ, શ્રમ, આલસ્ય, દૈન્ય, ચિંતા, મોહ, સ્મૃતિ, ધૃતિ, વ્રીડા, ચપલતા, હર્ષ, આવેગ, જડતા, ગર્વ, વિષાદ, ઔત્સુકય, નિદ્રા, અપસ્માર, સુપ્તિ, વિબોધ, અમર્ષ, અવહિથ્ય, ઉગ્રતા, મતિ, વ્યાધિ, ઉન્માદ, અને મરણ એ ૩૩ સંચારી ભાવો.

સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, વેપથુ, વૈવર્ણ્ય અને પ્રલય એ આઠ સાત્ત્વિક ભાવો.

જે ભાવોને સ્થાયી કહ્યા છે તેને વિષે એવો ખ્યાલ છે કે તે પ્રાણીમાત્રમાં જન્મથી જ હોય છે અને મૃત્યુ સુધી રહે છે. જ્યારે બાકીના ભાવો નિમિત્તવશાત્ મનમાં આવે છે અને જાય છે. કેવળ આ શબ્દોનો જ વિચાર કરીએ તો પણ જણાય છે કે આમાં કેટલી બધી મનોવૈજ્ઞાનિક પરિભાષા છે. એ અંગે બીજું પણ નોંધવા જેવું એ છે કે આ શબ્દભંડોળમાંનો ઘણો મોટો ભાગ આપણે ગુજરાતીમાં પણ વાપરીએ છીએ. તેથી આ અને એવા બીજા શબ્દની ચોક્કસ વ્યાખ્યાઓ બાંધી એ દ્વારા જો મનોવિજ્ઞાન શીખવામાં અને શીખવવામાં આવે તો તે આપણા માટે જીવંત પણ બને અને ફળદ્રપ પણ થાય.

# ગ્રન્થાવલોકન

**શાંત કોલાહલ :**—કર્તા-પ્રકાશક:—રાજેન્દ્ર શાહ, પ્રથમ આવૃત્તિ: ૧૯૬૨, પૃ. ૧૩૨. કિંમત ત્રણ રૂપિયા.

સાહિત્ય અકાદમીનું પાંચ હજાર રૂપિયાનું પારિતોષિક મળ્યું નહોતું ત્યાં સુધી રાજેન્દ્રના 'શાંત કોલાહલ' કાવ્યસંગ્રહે કાવ્યભોગીઓ અને વિવેચકોનું આટલું બધું ધ્યાન ખેંચ્યું નહોતું! અધિકારી વિવેચકોના વિવેકની મહોર વાગતાં હવે અનેકની રસવૃત્તિને ય લાગશે:

અહો આ અનુભૂતિ શી! શો આનંદ અકલ્પિત!

'આંદોલન' અને 'ધ્વનિ'ની પ્રથમ આવૃત્તિની સાલ ૧૯૫૧ની છે. 'આંદોલન'ના એક ગીતમાં કવિ પોતાના અંતરનો પરિચય આમ આપે છે:

મારું અંતર અવરણ રંગી
લોક સંગમાં રમે નિરંતર
હસતું, પણ વણસંગી
એવું અંતર અવરણ રંગી.

નૈનન નિરખે રંગ રૂપ—
મન નિરખે છે કૈં ન્યારું
મૌન મહીં ગીત લહે, તિમિરમાં
લહે અમલ અજવાળું...

સર્જનવ્યાપારમાં તાટસ્થ્ય અને તાદાત્મ્યની તેમ જ સર્જનમાં વર્ણન-દર્શનની અનિવાર્યતા શી તે ઉપર્યુક્ત પંક્તિઓમાં ગર્ભિત રીતે સૂચવાય છે. કવિના કાવ્યને, દર્શનને અને કવિના સમગ્ર કાવ્ય-વ્યાપારને સમજવા માટે 'ધ્વનિ'ના 'વિજન અરણ્યે'ની આ પંક્તિઓ કેટલી બધી ઉપકારક છે:

'ડાળીએ ડાળીએ ઊડે પંખીના છંદનો રવ:
રેખાળી ગતિમાં કેવું સરે સૌંદર્ય સર્પનું!
દર્શને ભવ્ય છે કોઈ, તો કોઈ સ્પર્શ-રમ્ય છે,
કોઈ છે શ્રવણે, કોઈ સ્વાદે તો કોઈ ગંધથી.

અહો કેવું અનાયાસે—

પંચતત્ત્વો તણું મીઠું પામ્યો છું સાહચર્ય આ.'
એકાકી હું નહિ નહિ.
સર્વના સંગનો આંહીં નિધિ છે રમણે ચઢ્યો
ને તેમાં ખૂટતું કૈં તો,
હૈયાના પ્રેમની ગાજી રે' આનંદ-ઘોષણા.

આજીવન પંચતત્ત્વોની સાહચર્યલીલા અને પ્રેમાનંદ ઘોષણા એ જાણે રાજેન્દ્રની કવિતાનો અક્ષયરસ ન હોય !

૧૯૫૭માં પ્રગટેલ ' શ્રુતિ ' અને ૧૯૬૨માં જાગેલો ' શાંત કોલાહલ ' આ વાતની પ્રતીતિ કરાવશે.

' શાંત કોલાહલ 'માં શરૂમાં ' રાગિણી ' નામે મુખ્ય શીર્ષક નીચે વસંતતિલકા છંદમાં લખાયેલાં લલિત, તોડી, દેશી, મધુમાધવી આશાવરી, કોશી, સોહિણી ને ભૈરવી—નામે આઠ શબ્દચિત્રો–આઠ સૉનેટો છે. રાગરાગિણીનાં ચિત્રોની માફક આ શબ્દચિત્રો પણ, રાગસ્વરૂપ અને રસભાવને મૂર્ત કરે છે. ' સ્વપ્ન ' નામે સુદીર્ઘ કાવ્યમાં કવિએ સ્વપ્ન-જાગૃતિની રમણીય સુખદસંધિ દ્વારા સ્નેહની સુરેખતા આલેખી છે.

' મેં ચાર, છાતી ઊંચી, એડી નીચે દબાવી ' અને ' પાછું ફરી; હું સરું દોરવણી પ્રમાણે ' આ બે પંક્તિઓમાં અનુક્રમે લઘુગુરુની અવ્યવસ્થા અને ગદ્યાળુતા કઠે છે. ' ત્રિમૂર્તિ ' સૉનેટ-ત્રયીમાં કન્યા, મુગ્ધા અને માતાના ત્રિવિધ સ્વરૂપનું ગૌરવગાન છે. ' છલનિર્મલ, ' ' મેડીને એકાન્ત, ' ' સ્મરણ, ' ' ગ્રીષ્માંત, ' ' ઐકાન્તિક દિન, ' અને ' ક્ષણને આધાર ' જેવાં કાવ્યોમાં રાજેન્દ્રની કથનવર્ણન ને દર્શનનિરૂપણની સમર્થ શકિત પૂર બહારમાં પ્રગટે છે. ' આગતને ' અને ' શ્વાનસંત્રી 'ની ભવ્ય સાદાઈ કેવી તો રોચક છે ! છલોછલ ભરેલા કયારામાં ડાંગરનું ' ધરુ ' રોપતું દંપતી :—

' રે ન્યાળું એમાં સુકુમાર કન્યકાતણું
સમુત્ફુલ્લ ગભીર આનન
( વિદાયના મંગલ પર્વનું )
અને
એને હું ન્યાળું ત્યહીં શસ્ય ધારતી.

આ ઉપરાંત ' ગગન ઘનથી ગોરંભાયું ' એ સૉનેટ, ' ફેરિયો અને ફ્કકડ ' તથા જેના પરથી આ કાવ્યસંગ્રહનું નામાભિધાન થયું છે તે ' શાન્ત કોલાહલ ' કાવ્ય કોઈ ને કોઈ રીતે વિશિષ્ટ છે.

' ધ્વનિ'નાં પ્રણયગીતો અને ' શ્રુતિ 'નાં ખારવાનાં ગીતોની જેમ વનવાસીનાં અઢાર ગીત એ ' શાંત કોલાહલ 'નો એક લાક્ષણિક કાવ્યવિભાગ છે. આ અઢારે ગીતોમાં વન્ય સંસ્કૃતિની સ્વાભાવિકતા અને નૈસર્ગિકતાની ફોરમ છે. એનાં જોમ ને જાદુ, એનાં પ્રેમ ને પરાક્રમ—એનાં અરમાનને આશાઓ, એમને જ અનુરૂપ છે. એમાં ય ' આવડયું એનો અર્થ, ' ' કેવડિયાનો કાંટો ' ' શરત ' અને ' એઈ વ્હાલીડા ' એ ચાર ગીતોનું કામણ તો અજબ છે. ' ફાગ, ' ' ફાગણ ' અને ' આવ્યો પૂનમનો પોરો 'માં પ્રેમ ને પ્રકૃતિના સંવાદનું સુભગ આલેખન છે. ' અનાદર ' અને 'કોણ તે આવ્યું '?માં અગમ્યનાં આગમન-આમંત્રણનો અણુસાર નિરૂપાયો છે. ' જાગ, જાગ ' એ સુંદર જોમભર્યું ઉદ્બોધન-કાવ્ય છે જે દેશની સાંપ્રત સ્થિતિને અને જીવાત્માને કેવું અનુરૂપ છે !

ઘોર તવ નિદ્રા દારુણ ઘોર...
જાગ જાગ રે માલિક, ભવને કોણ ભરાયું ચોર !

× × ×

તવ પૌરુષને પ્રતિકાર વીજથી વીંધ રાત આ કાળી;
એક પ્રહાર થકી ખલ, કામુક, કુટિલ સર્વ દે ઢાળી;
જાગ ! પાલવે હવે ન પલની ખોટી,
સાગરનાં જલ ડહોળનાર ઝંઝાને બલ
તું ખૂંદ હિમાચલ-ચોટી.

જાગરુક હો સજ્જ! તાહરું અડગ રહે સિંહાસન,
તારી ભૂમિમાં આણ તારી, તવ અમલ સનાતન શાસન.

આ ઉપરાંત 'ફરી જુદ્ધ,' 'ભૂલીએ જુદાઈ ભાઈ' અને 'પુણ્ય ભારતભૂમિ' પણ આ સંગ્રહનાં ઠીક ઠીક સફળ કહી શકાય તેવાં કાવ્યો છે.

'ધ્વનિ'નાં 'આયુષ્યના અવશેષે' અને 'શ્રાવણી મધ્યાહ્ને' કાવ્યો અનવદ્ય છે. ઘણા વિવેચકોએ આ બે નખશિખ સુંદર કાવ્યોને અનુલક્ષીને રાજેન્દ્રની લુબ્ધ સૌંદર્યદૃષ્ટિ, કેફી લયસૂઝ, જીવંત ચિત્રનિર્માણશક્તિ, મૌલિક પ્રતીકયોજના, શરદપૂનમની પ્રાસાદિકતા વગેરે ગુણોની યોગ્ય સમીક્ષા કરી છે. 'શાંત કોલાહલ'માં આ બધી ગુણસંપત્તિ વિશેષ માત્રામાં અને પ્રમાણમાં પરિણિત કક્ષાએ વિકસેલી નિઃશંક રીતે અનુભવાય છે.

અંતમાં આપેલી મુદ્રણદોષોની શુદ્ધિ સંપૂર્ણ નથી. 'ધ્વનિ', 'શ્રુતિ' અને 'શાંત કોલાહલ'ના હરિણીમાં થતા યતિભંગ ન ટાળી શકાય એવા નથી જ. 'શાંત કોલાહલ'નાં 'તવ પ્રવેશે', 'ગગન ઘનથી ગોરંભાયું', 'સંધ્યા', 'પ્રથમ પ્રહરે' વગેરે કાવ્યો જોતાં આ વિધાનની ખાત્રી થશે.

રણજિત મો. પટેલ

* * *

**મહાકવિ શ્રી ન્હાનાલાલ-રચિત હરિસંહિતાનાં ઉપનિષદો** :—સંપાદક:; શિવશંકર પ્રાણશંકર શુકલ. પ્રકાશક: મહાકવિ શ્રી ન્હાનાલાલ સ્મારક સમિતિ, અમદાવાદ, કિંમત: રૂા. ૨=૮૦ ન.પૈ.; પહેલી આવૃત્તિ, ૧૯૬૪. પૃ. ૧૪+૧૧૨.

આ ગ્રંથમાં કુલ પંદર ઉપનિષદો છે. વેદાંતનાં ઉપનિષદોની ઢબે અર્વાચીન ઉપનિષદો રચવાનો કવિનો પ્રયત્ન આ પંદરે ઉપનિષદોમાં દેખાય છે.

આ પ્રયત્નની પાછળ રહેલો અને તેમાં ધબકતો કવિનો જીવ પરખાયા વિના રહેતો નથી. કવિનુ શબ્દલાલિત્ય, શબ્દોને આમથી તેમ રમાડવાની કળા, જગત અને જીવન વિષેની એમની વિશિષ્ટ દૃષ્ટિ—આ સર્વ એમની આ કૃતિમાં પણ સહજ દૃષ્ટિગોચર થાય છે. અને આપણને લાગ્યા વગર નથી રહેતું કે ઉપનિષદોના સ્વાંગમાં પણ પાપ પુણ્ય વિષેની, રસ વિષેની, ધર્મ વિષેની, તેમ જ જીવન, જગત અને જગદીશ્વર વિષેની કવિની માન્યતાઓ અત્રે આમાં પણ નવા લેબાસમાં રજૂ થાય છે.

સૌથી પહેલા "જીવનોપનિષત્" માં કવિ કહે છે :—

સંસાર કેરાં પુષ્પો છે જ પુણ્યો;
કાંટા નહિ પુષ્પ વેરો પન્થ પન્થે;
× × ×
પુરુષ છે ચન્દન-વૃક્ષ વિશ્વનું;
ને નારી છે મલ્લિકાની વેલડી;
હૈયે ધરો સૌરભી પુષ્પમાળા;
ચન્દન-અર્ચાને ભાગ્યે વધાવો.
પુરુષ છે પાક્રમી સૂર્યજ્યોત,
ને નારી છે ચંદ્રિકાનું ચંદન;
એ સૂર્યજ્યોત ચન્દ્રિકા ચારુતાથી,
અહર્નિશા ઊજળી કરો સદા.

પતિ-પત્નીના સુભગ સંબંધ, સમન્વયની આ વાત જુગજૂની છે. અન્યત્ર કહ્યું છે તેમ અત્રે પણ કવિ કહે છે :—

નથી પશુલોક, મનુ લોક છે આ
ન પાતાળ, ન સ્વર્ગ મનુલોક આ છે;
દેવ ન થવાયે, ત્હોય પશુ થતા ના;
દેવ ન થવાયે ત્હોય માનવી થજો.

જીવનનો પરમ કલ્યાણકારી ઉદ્દેશ દાખવતા કવિ ઉદ્બોધે છે:—

આયુષ્ય છે સંસાર તરવાને
જીવન છે બ્રહ્મતીર્થે જવાને.

પરમ સાત્ત્વિક દામ્પત્યપ્રેમ, એ જ મોક્ષનું દ્વાર, એ કવિનો સિદ્ધાંત છે. એ વ્યક્ત કરતાં અત્રે પણ કવિ એ કહે છે:—

'સાગર તર્યો કોણ નૌકા વિહોણો ?
સંસાર તર્યો કોણ ગૃહિણી વિહોણો ?
બ્રહ્માંડને મ્હેલ પ્રકૃતિ-બ્રહ્મ :
એવાં આશ્રમ માતા આશ્રમ પિતા સુહાય"

"બ્રહ્મલીલા ઉપનિષદ"માં બ્રહ્મવ્યોમ, બ્રહ્મપર્વત, બ્રહ્મશબ્દ, બ્રહ્માંડકાવ્ય, બ્રહ્મવસંત બ્રહ્મલીલા, મહદ્બ્રહ્મ આદિ, શબ્દો દ્વારા કોઈ વિશિષ્ટ ભાવના વિશદ થતી નથી, માત્ર શબ્દાળુતાની છાપ પડે છે.

"વિકાસોપનિષદ"માં કવિનુ કવિત્વ ખીલી ઊઠ્યું છે. "પુરુષોત્તમ પ્રકૃતિને પરણ્યા, સુંદરી સોહાગણ થઈ, જોગંદર પ્રફુલ્લિત થયા" એમ કહી કવિ સૃષ્ટિના સર્જનનો ક્રમ દર્શાવે છે. એ કહે છે :

"પછી બ્રહ્માંડવેલીને ફૂલ ઉગ્યાં, ને બ્રહ્મ આંબાને ફળ આવ્યાં"
× × ×

એમ ખેલાયો પુરુષ અને પ્રકૃતિનો મહારાસ
બ્રહ્માંડ એટલે પરબ્રહ્મનો બ્રહ્મસાગર. ”

અહીં પણ કવિની શબ્દાળુતા ખટકયા વિના રહેતી નથી. “ આમ્રોપનિષદ ”માં કવિએ ‘ પ્રેમલક્ષણા ’ ભક્તિની વાત કરી છે. એની વ્યાખ્યા કરતાં એ કહે છે કે:—

વેરાયાં ને વિખરાયા બહુ, એમની એષણા—
આરઝૂ એક થવાની ભક્તિ એ પ્રેમલક્ષણા.

આ ઉપનિષદમાં અંતે પ્રેમભકિતનો મર્મ સમજાવતાં કવિએ સૂત્ર દાખવ્યું છે:—

પ્રેમભક્તિ છે પરમ યોગ.

“ સખ્યોપનિષદ ”માં દ્વૈત અને અદ્વૈતમાર્ગનો, ભક્તિ અને જ્ઞાનમાર્ગનો સમન્વય કરતાં અત્રે પણ કવિ કહે છે:

દ્વૈતે સત્ય છે, અદ્વૈતે સત્ય છે
પત્ર પલ્લવો યે સત્ય છે, વૃક્ષરાજે સત્ય છે
પત્ર પલ્લવો હોય નહિ તો વૃક્ષરાજે હોય નહિ,
દ્વૈત હોય નહિ તો અદ્વૈત કોનાં ?

“ અણુબોલ ઉપનિષદ ”માં પણ કવિ “ વિકાસોપનિષદ ”માં કહેલી સૃષ્ટિવિકાસની વાત જ ફરીથી કરે છે:

એક સ્ત્રી ને એક પુરુષ પરણ્યાં, બન્ધાઈ
એક દાંપત્ય-બેલડી, એક દંપતીનું થયું પછી કુળ.
એક કુળ સરજાયો મહા સંસાર.

છેલ્લે “ સર્વતોભદ્ર ઉપનિષદ ”માં :—

બ્રહ્મ ભર્યું છે બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ.

તેમ જ,

સર્વેશ્વરનાં એ સર્વતોભદ્ર સત્યો.

આ બે પંક્તિઓ પુનરાવર્તિત કરી કવિએ એમની આ કૃતિમાં ઉપનિષદ્દનું ગૌરવ પ્રાપ્ત કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે.

આ પંદરે ય ઉપનિષદોમાંનું આકર્ષક તત્ત્વ છે એમાંની કેટલીક સૂત્રાત્મક પંક્તિઓ :

સુખ તેજ છે, દુઃખ અંધાર છે,
જીવન તેજ છે, મૃત્યુ અંધકાર છે.
× × ×
સંસાર છે બ્રહ્મ ને બ્રહ્માંડની રસરમણા.
× × ×
આત્મનિષ્ઠને ચિંતા ન હોય.
× × ×
કાળ કરે તે કોઈ નવ કરે.
× × ×
મૃત્યુ તો કાળનો પડછાયો છે.

ગ્રંથના પ્રારંભમાં સંપાદકે લખેલો, "અમૃતનો સેતુ" નામે અભ્યાસ-લેખ આ અર્વાચીન ઉપનિષદોની વિસ્તૃત અને સમભાવપૂર્ણ સમાલોચના કરે છે.

**યોગીન્દ્ર જ. ત્રિપાઠી**

*　　　*　　　*

**શ્રીમાન્ છોટાલાલ જીવનલાલ: શ્રીમાન્ વિશ્વવંદ્ય:**—રચનાર: ચૂનીલાલ જયશંકર ઓઝા; **પ્રકાશક**: વિષ્ણુપ્રસાદ છ. મજમુદાર, વિશ્વવંદ્ય—ઉદ્યાન, કારેલી બાગ, વડોદરા. પૃ. ૩૦૪; મૂલ્ય: રૂા. ૪=૫૦ ન. પૈ.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ભારતીય પ્રજાજીવનનાં વિવિધ ક્ષેત્રો પર પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કારોનું પ્રબળ આકર્ષણ અને આક્રમણ થઈ રહ્યું હતું. પ્રજાનો મોટા ભાગનો કેળવાયેલો વર્ગ ઉદ્દામ સુધારાવાદ તરફ નિરકુંશપણે જઈ રહ્યો હતો; ત્યારે એવો જ બીજો મોટો સમુદાય રૂઢિગત વહેમ-વિશ્વાસને, જળોની જેમ, જડતાપૂર્વક વળગી રહેવા યત્નશીલ હતો. આમ અંધશ્રદ્ધાની આંધીમાં અને અશ્રદ્ધાની આંટીમાં અટવાઈ રહેલા વિશાળ જનસમુદાયોની વચ્ચે રહેલા નાનકડા વર્ગે—પ્રાચીન-અર્વાચીન, પૂર્વપશ્ચિમ—ઉભય સંસ્કૃતિનાં તત્ત્વોનું સામંજસ્ય શોધી, આત્મશોધન દ્વારા, સંઘર્ષોની વચ્ચે રહીને પણ, પોતાની સ્વકીયતા અને આધ્યાત્મિક અસ્મિતા ટકાવી રાખવાનો પ્રચંડ પુરુષાર્થ આદર્યો હતો. આ રીતે માનવીય ચિરંતન મૂલ્યોને સંમાર્જિત કરવામાં સ્વામીનારાયણ સંપ્રદાય, બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, રામકૃષ્ણ મિશન, થિયૉસૉફિકલ સોસાયટી આદિ સંસ્થાઓનો ઉમદા ફાળો અમૂલ્ય અને અવિસ્મરણીય છે.

ગુજરાતમાં આપણી મંદ થતી જતી જ્ઞાનજ્યોતને સંકોરી કે પ્રદીપ્ત કરી ધાર્મિક-સાંસ્કારિક ઉત્થાનનું ભગીરથ કાર્ય, યોગીવર્ય ઋષિ તરીકે પૂજ્ય-પ્રતિષ્ઠા પામેલા તત્ત્વનિષ્ઠ **શ્રીમન્નૃસિંહાચાર્યજી**એ તથા તેમણે સ્થાપેલી બિનસાંપ્રદાયિક સ્વરૂપની અજોડ સંસ્થા '**શ્રેયસ્સાધકઅધિકારીવર્ગ**'ના મહાપુરુષોએ કર્યું છે. આ 'વર્ગ'ના સર્વતોભદ્ર વિકાસમાં મુખ્યત્વે તેના આદ્ય સંસ્થાપક આચાર્યશ્રીની આર્ષ દૃષ્ટિયુક્ત અનુકંપાનો અનુભાવ જ હેતુરૂપ છે. આચાર્યશ્રીએ તેમના એક ગ્રન્થમાં અગ્રણી વિદ્વાન સાધકોને સાંકેતિક ઉપનામોથી બિરદાવ્યા છે તદનુસાર, આપણે યથાર્થ રીતે કહી શકીએ કે તેજોરાશિ આચાર્યશ્રીને 'મધ્યબિન્દુ' માં રાખીને 'આદિત્યો'એ 'વર્ગ'ના વર્તુળને વિકસાવવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. (આ આદિત્યોમાં શ્રી. નર્મદાશંકર મહેતા, શ્રી. જેકીસનદાસ કણિયા, શ્રી. નગીનભાઈ સંઘવી, શ્રી. કૌશિકરામ મહેતા, શ્રી. મણિશંકર ભટ્ટ વગેરે સમર્થ વિદ્વાનોનો સમાવેશ થાય છે.) તેમાં સાધકશિરોમણિ તત્ત્વચિંતક શ્રીમાન્ **છોટાલાલ માસ્તર (વિશ્વવંદ્ય)**નું સ્થાન અગ્રણી રહ્યું છે અને રહેશે.

છેલ્લાં કેટલાંય વર્ષોથી આવી કલ્યાણકારક સંસ્થાના સવિગત ઇતિહાસની તથા તેના ત્રણ મહાન તપસ્વી તેજસ્વી મહાપુરુષોનાં સત્યસુરેખ જીવનચરિત્રોની અપેક્ષા રખાતી હતી. સને ૧૯૪૪-૪૫માં આ સમાલોચકે રચેલ "શ્રીમન્નૃસિંહાચાર્યજી"ના દળદાર ચરિત્રગ્રન્થનું શ્રીસયાજી સાહિત્યમાળાના ૨૯૪મા પુષ્પરૂપે સૌથી પ્રથમ વાર પ્રકાશન થયું હતું. ત્યાર બાદ ૧૯૪૮માં શ્રી. ચુનીલાલ ઓઝાએ પણ આચાર્યશ્રીના ચરિત્રગ્રન્થનું આલેખન કર્યું. હમણાં

તેમણે શ્રીમાન્ વિશ્વવંદ્ય વિષેનો ચરિત્રગ્રન્થ લખી પ્રસિદ્ધ કર્યો છે, તે ઘણું જ સ્તુત્ય કાર્ય કર્યું છે. આ કાર્યો દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યપ્રિય જનતા તથા સવિશેષપણે ધાર્મિક મનોવૃત્તિવાળા 'સાધક' સમાજ પર મહદ્દ ઉપકાર કર્યો છે, એમ કહીએ તો ખોટું નથી.

ચરિત્રલેખનનો પ્રથમ અધિકાર ચરિત્રનાયકના વયસ્ય સમવયસ્ક કે અંતેવાસી હોય અથવા મહદંશે નાયક પ્રત્યે જેના અંતઃકરણમાં સ્વાભાવિક સમભાવ કે આદરભાવ હોય એવા વિદ્વાન લેખકનો માની શકાય. શ્રી ચુનીલાલ ઓઝા આ પ્રકારના અધિકારી સાધક છે. તેમણે શ્રી છોટાલાલના જન્મથી (૧૮૬૨) માંડી તેમના સ્વરૂપશમન (દેહોત્સર્ગ ૧૯૧૨) સુધીના પચાસ વર્ષના જીવનના ક્રમિક વિકાસનો કડીબદ્ધ ઇતિહાસ આપવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. માસ્તર સાહેબની કિશોરાવસ્થામાં (નર્મદની જેમ) 'બાલાનંદ સમાજ' અને ગુર્જરોદ્ધારક સમાજ'ની સ્થાપના-પ્રવૃત્તિ; પ્રાર્થનાસમાજ અને થિયૉસોફીની અસરો; વિવાહ વખતનું મનોમંથન અને તદનુસારી આંતરિક વિકાસને દર્શાવતું આદર્શ દામ્પત્ય; શ્રી નૃસિંહચરણાનુરક્તિ, સાધનાક્રમ, સેવા-ભક્તિ, અનુપમ શિક્ષક-જીવન અને સાધકજીવન અને આચાર્યશ્રીના તિરોધાન પછી વર્ગ-નિર્વહન ઉપરાંત બાલ-આચાર્ય શ્રી ઉપેન્દ્રાચાર્યજીના સર્વાંગી જીવનઘડતરનું શિષ્યભાવે કરેલું કપરું ગુરુકાર્ય; આદર્શ નેતૃત્વ, વિવિધ ઉત્સવોનું આયોજન; મુખ્યત્વે 'મહાકાલ' અને સહકાર્યથી 'પ્રાતઃકાળ' 'યમદંડ' ધર્મધ્વજ' વગેરે સામયિકોનું સફળ સંચાલન; બ. ક. ઠાકોર, રમણલાલ દેસાઈ જેવા પ્રૌઢ સાક્ષરોને પણ પ્રભાવિત કરનાર અને આજ દિન સુધી વાચકોને મંત્રમુગ્ધ કરનારી—સર્વ-ભોગ્ય નવલ શૈલીથી અદ્ભુત રસનાં પાત્રોની જીવનઘટના દ્વારા રસવિદ્યા જેવા ગૂઢ વિષયના સ્વરૂપને આલેખનારી—વિલક્ષણ કૃતિ 'યોગિનીકુમારી' તથા બોધપ્રધાન પણ રસપ્રદ તર્કયુક્તિપૂર્ણ શૈલીમાં વિવિધ પ્રકારના વિપુલ સાહિત્યનું સર્જન; યોગાદિ ગૂઢ અધ્યાત્મ વિષયોમાં સાધકોને અપાતું અનુભવગમ્ય સચોટ માર્ગદર્શન—વગેરે શ્રી વિશ્વવંદ્યના વિશાળ જીવનફલક પર વિસ્તરેલાં અંગો-ઘટકોનો લેખકે તેમની પ્રસન્નગંભીર ભાવવાહી શૈલીમાં પરિચય આપવાનો પુષ્કળ પરિશ્રમ કર્યો છે.

અહીં 'પરિશ્રમ' શબ્દ હું સહેતુક વાપરું છું. જીવનચરિત્રને સવિગત અને સંપૂર્ણ બનાવવા માટે લેખકે જ્યાંથી બને ત્યાંથી આધાર, અભિપ્રાય, ઉતારા, નોંધપત્રો વગેરેનો ગંજ ખડો કરી દીધો છે; અને હજુ તેઓ–વિસ્તારભયના કારણે—અસંતોષની લાગણી વ્યક્ત કરે છે! અસલ પત્રો કે તેની પ્રતિકૃતિનો ઉપયોગ મહાપુરુષોની જીવનકથા માટે આવશ્યક છે. પરંતુ તે ઉપયોગ સમુચિત રીતે, પ્રમાણ-વિવેકસર થવો જોઈએ. શ્રી ઓઝાની કૃતિનાં પ્રત્યેક પ્રકરણ આવાં અનેક સુ-દીર્ઘ—ઘણે સ્થળે તો પૂરેપૂરી રીતે પ્રસ્તુત, પ્રતીતિકર કે સમર્થક ન લાગે એ રીતનાં—સાદ્યંત પત્રોથી સભર છે. આવાં અવતરણો ૪–૫ પાનનાં હોય છતાં તેમાંથી ચરિત્રનાયકના વ્યક્તિત્વ વિષે નિષ્પન્ન થતો મુદ્દો સ્વલ્પ (અલબત સૂક્ષ્મ દૃષ્ટિએ મહત્ત્વનો) હોય એવું અહીં વધુ પ્રમાણમાં જોવા મળે છે. આથી વિગતપ્રચૂર આ કૃતિની સંકલના કલાસ્વરૂપની દૃષ્ટિએ જોઈએ તેવી સુરેખ અને સુશ્લિષ્ટ બની શકી નથી. કેટલેક સ્થળે તો આવા પત્રોની વિગતો બબ્બે વાર પણ આવે છે. (દા. ત. ચંદ્રશંકર પંડ્યાનો પત્ર, પુનાથી ડ્યુરેન્ડ સાહેબના ઘેરથી લખેલા પત્રો અને તેના પ્રત્યુત્તરો, શ્રી સંઘવી અને લેખક પરના પત્રો વગેરે). લેખક પોતે આ વિભૂતિના ગાઢ સંપર્કમાં રહેલા પ્રીતિ-પાત્ર સાધક હતા, એ વાત વધુ પડતી તરી આવે છે! શ્રી. આર. એલ. સ્ટીવન્સને સૂચવેલી Art of

Omissionની—ઔચિત્યપૂર્વક થતી પસંદગીના વિવેકની—કલાનો અહીં અભાવ વરતાય છે. ઘણે સ્થળે ચરિત્રનાયકની સાથે સાથે—અને કોઈક કોઈક સ્થળે તો નાયકની આગળ પણ—આપણને લેખક ડોકિયાં કરતાં દેખાય છે! આ જ કારણથી, તથા લેખકની ભક્તિનિષ્ઠા( જે પ્રશસ્ય અને આવશ્યક છે ) ની ઉત્કટતાના કારણથી તેઓ માત્ર Truthful Transmission of Personality વ્યક્તિત્વના સત્યાલેખન પ્રત્યેની વફાદારીને જ વળગી રહ્યા છે, પરંતુ કલા-નિર્મિત્તિ કે આલેખનના સ્વરૂપસૌષ્ઠવને પૂરતો ન્યાય આપી શકયા નથી. આથી પ્રસ્તુત પુસ્તક—સર્જનાત્મક કલાકૃતિ બનવાને બદલે–શ્રીમાન્ વિશ્વવંદ્ય અને તેમની 'વર્ગ' સંસ્થાની ગૌરવગાથા ગાતો માત્ર માહિતીપૂર્ણ આકર–ગ્રન્થ બની શકયો છે.

આ કૃતિની બીજી મર્યાદા તે તેની પુનરુક્તિ છે. નીતિબોધના સિદ્ધાન્તોનું મર્યાદિત પ્રમાણમાં થતું પુનરુચ્ચારણ, દઢીકરણની દષ્ટિએ યોગ્ય બને છે; પરંતુ આ ગ્રંથમાં તો ઉપર્યુક્ત પત્રો, અવતરણો (અરે ! 'મહાકાલ' એ સર્વોત્કૃષ્ટ માસિક છે, એવું દર્શાવનારા તે સમયના અનેક અભિપ્રાય-પત્રો પણ ) ઉપરાંત, બન્ને આચાર્યો અને ચરિત્રનાયકનાં જીવન, સાહિત્યસર્જન તથા 'વર્ગ'ની પ્રવૃત્તિઓના ઉદાર ઉદાત્ત ઉદ્દેશનું અને ઉપદેશનું પ્રત્યેક પ્રકરણમાં વારંવાર જુદી જુદી રીતે રટણ કરવામાં આવ્યું છે. ગીતા-ઉપનિષદના બે શ્લોકોનું અવતરણ ત્રણ સ્થળે હોવા ઉપરાંત, 'ભાવના'-ના આંદોલનની સમજૂતી અને પુનરુક્તિ તો સ્થળે સ્થળે જોવા મળે છે. 'પ્રવાસ'નું પ્રકરણ પણ માત્ર માહિતી-નોંધ જેવું લાગે છે !

(બે અપવાદ બાદ કરતાં) આધુનિક માનસશાસ્ત્રના નિયમનો કોઈ પણ ઘટના કે વ્યતિકર સાથે અન્વય કરી બતાવ્યા સિવાય, લેખક લગભગ ૧૫થી ૨૦ સ્થળે "માનસશાસ્ત્રના કોઈ અગમ્ય નિયમવશાત્" એ પ્રકારના ઉલ્લેખો કરે છે. તે જ પ્રમાણે, શ્રીમાન્ વિશ્વવંદ્યનાં જન્મ અને મૃત્યુ ઉપરાંત બીજા અનેક પ્રસંગોનાં પ્રયોજન કે પરિણામ વિષે લેખકે "દૈવી સંકેતવશાત્" એ પ્રકારના હેતુનું આરોપણ કર્યું છે ( પૃ. ૩૩, ૪૭, ૮૫, ૧૫૨, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૨, ૨૫૩, ૨૫૭, ૨૫૮, ૨૬૦, ૨૬૧, ૨૬૨, ૨૭૫, ૨૭૭, વગેરે ) તે સર્વથા અને સર્વત્ર નિર્વાહ્ય લાગતું નથી. સંકેત, અપૂર્વ, ગૂઢ, દૈવી જેવા શબ્દોનો અતિપ્રયોગ થવાથી તે તે શબ્દોનું અર્થગૌરવ ઘટી જવાનો સંભવ રહે છે.

શ્રી ઓઝાએ આ ગ્રન્થમાં શ્રી વિશ્વવંદ્યનાં પુસ્તકોનો પરિચય આપતી વખતે પણ પુસ્તકોનાં મૂલ્ય વગેરે જણાવી વાચકો પ્રતિ તેને ખરીદવા વારંવાર વિજ્ઞપ્તિ કરી છે. પોતે સંસ્થાની પ્રકાશનપ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોઈ આ પ્રમાણે લેખક મટી પ્રચારક બની જવાની વૃત્તિ ઠીક નથી. (પૃ. ૧૭૮, ૧૮૮, ૧૮૯); 'પ્રિય બંધુ !' 'પ્રિય વાચક !' એ પ્રકારની પ્રત્યેક પ્રકરણમાં આવતી સંબોધનસહ બોધાત્મક ઉદ્ગારકંડિકાઓમાં વર્ગની વંદનીય વિભૂતિઓની લેખન-લઢણની જે અનુકૃતિ જોવા મળે છે તે ઉપદેષ્ટાના અધિકારભેદને લીધે નબળી લાગે છે! ગ્રન્થમાં ૮-૧૦ સ્થળે, વ્યાકરણદોષ, વાકયરચનાની કિલષ્ટતા ( પૃ. ૫, ૨૪, ૩૬, ૩૭, ૪૪, ૧૪૩, ૧૯૩ ) ઉપરાંત દસ જગ્યાએ 'ભૂમિ' શબ્દની જોડણી 'ભૂમી' કરી છે, તે તરફ હું લેખકનું ધ્યાન ખેચું છું.

અંતમાં, નીચેની ત્રણ મહત્ત્વની બાબતો પ્રતિ હું માત્ર અંગુલિનિર્દેશ કરીશ.

(૧) આ કૃતિમાં લેખકે વિદ્વદ્વર્ય શ્રી. નગીનદાસ સંઘવીને "ક્ષાત્ર સ્વભાવના, અત્યંત હઠીલા" તથા ઉગ્ર પ્રહારક "ગાંડા હાથી" વગેરે શબ્દોથી વર્ણવ્યા છે. અન્યત્ર પણ તેમણે, 'સંઘવી કવિ છે માટે નિરંકુશ અને ગપ્પીદાસ' એવી દુર્બળ દલીલને આધારે કાદવ ઉરાડવા પ્રવૃત્તિ કરી છે, તે શોભાસ્પદ લાગતું નથી. આશ્ચર્યની વાત તો એ છે કે, શ્રીમાન્ વિશ્વવંદ્યે પોતે જ જેમને "મહાજ્યોતિ"[૧]ના સાંકેતિક ઉપનામથી તથા "શ્રેયસ્સાધકવર્ય"[૨] જેવા સંમાનવાચક શબ્દથી બિરદાવ્યા છે એ વ્યુત્પન્ન સાક્ષર સંઘવીજીના દેહવિલય પછી જ શ્રી ઓઝાએ આ પ્રકારે લખવાનું યોગ્ય ધાર્યું છે!

(૨) 'વર્ગાંતરગત વિચારભેદ'નું પ્રકરણ જીવનચરિત્રની આ કૃતિમાં શિથિલ અંકોડા જેવું લાગે છે. આખું ય પ્રકરણ જાણે શ્રી. વિશ્વવંદ્ય કરતાં શ્રી. સંઘવીજીની આસપાસ રચાયું હોય એવો આભાસ ઉપજાવે થાય છે. વળી, શ્રી. સંઘવી વગેરેનો અસલ પત્ર ઉપલબ્ધ નથી—એમ જણાવી, માત્ર શ્રી. વિશ્વવંદ્યના પ્રત્યુત્તરપત્રને જ પ્રકટ કરી તેમાંની વિગતો પરથી આનુમાનિક નિર્ણયો સ્થાપવા એ ન્યાયયુક્ત લાગતું નથી. આ પુસ્તકમાં આ પ્રકરણનું ઔચિત્ય ચર્ચાસ્પદ છે.

(૩) કૃતિમાં જણાવ્યા પ્રમાણે (અને સર્વને સુવિદિત છે કે) શ્રીમન્નૃસિંહાચાર્યજીના સ્વરૂપાવસ્થાન પછી તેમનાં સંતાનોમાં શ્રી. માસ્તર સાહેબે ઇષ્ટબુદ્ધિ સ્થાપીને તેમનાં શિક્ષણ-સંસ્કાર માટે આકાશ-પાતાળ એક કર્યાં. આચાર્યના કુટુંબ પ્રતિ શ્રી. વિશ્વવંદ્યનો અપ્રતિમ વાત્સલ્યભાવ તથા ગુરુભાવ હતો. છતાં લેખકે આચાર્યશ્રીના દ્વિતીય સત્પુત્ર (વર્તમાન વર્ગાચાર્ય) શ્રીમત્સુરેશ્વરાચાર્યજીના નામનો ઉલ્લેખ સરખો પણ કર્યો નથી. એ આશ્ચર્યજનક તો છે, એટલું જ નહીં પણ ચરિત્રલેખકમાં અપેક્ષિત 'તાદાત્મ્યપૂર્વક તાટસ્થ્ય'ની ન્યૂનતા સૂચવે છે, એમ નથી લાગતું!

આમ છતાં પણ, જૂનીનવી પેઢી વચ્ચેના સેતુ જેવા 'જ્ઞાનસંસ્કારસંપન્ન વયોવૃદ્ધ' શ્રેયસ્સાધક શ્રી. ચૂનીલાલ ઓઝાએ, ભક્તિભાવપૂર્વક આવો દળદાર માહિતીપૂર્ણ ગ્રન્થ તૈયાર કરી, અન્ય અભ્યાસીઓ માટે સાધનસામગ્રી પૂરી પાડી છે, એટલું જ નહીં પરંતુ પોતાના 'જ્ઞેયધ્યેયઉપાસ્ય' ગુરુજનો પ્રત્યેનું ઋષિઋણ અદા કર્યું છે, એ માટે તે સૌનાં અભિનન્દનને પાત્ર ઠરે છે. શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી વિષે પણ સાદ્યંત સુરેખ શ્રદ્ધેય ચરિત્રગ્રન્થ તૈયાર કરવા તેઓશ્રી ઇષ્ટાનુગ્રહથી શક્તિશાળી બને, એવી આશા આપણે જરૂર રાખીએ.

છેવટે, આ પ્રકારના જીવનની સર્વાંગીણ સમુન્નતિ સાધનારા સાહિત્ય પ્રતિ અભિમુખતા કેળવવા સાહિત્યકાર શ્રી. જ્યોતીન્દ્ર દવેએ 'પ્રાસ્તાવિક'માં કરેલા ઉદ્બોધનમાંના અવતરણ વડે હું આ લેખ પૂર્ણ કરીશ.

"શ્રીશ્રેયસ્સાધકઅધિકારીવર્ગમાંના અનેક સંનિષ્ઠ ને તેજસ્વી પુરુષોએ કેવળ ધર્મ અને સંસ્કારની દૃષ્ટિએ જ નહિ, પણ સાહિત્યની દૃષ્ટિએ પણ જે અમૂલ્ય કાર્ય કર્યું છે તેનું મૂલ્યાંકન જોઈએ તેવું થયું નથી. એ વર્ગના સાહિત્યને કેવળ 'સાંપ્રદાયિક સાહિત્ય' સમજવાની

૧. જુઓ: 'ભામિનીભૂષણ,' ચતુર્થ અલંકાર, પૃ. ૧૮૨

૨. જુઓ: 'મહાકાલ,' વર્ષ ૧૫, પૃ. ૩૨૫

ભૂલ ઘણાઓ કરે છે. પરંતુ શ્રીમન્નૃસિંહાચાર્યજી કોઈ વિશિષ્ટ સંપ્રદાયના સંસ્થાપક નહોતા. આપણા ધર્મ ને સંસ્કારનાં સનાતન, સર્વદેશીય ને સર્વકાલીન તત્ત્વોનો જ એમણે પુનરુદ્ધાર કર્યો છે. એ વર્ગનું સાહિત્ય, ધર્મના રંગે રંગાયેલું છતાં કોઈ પણ સંપ્રદાય કે શાખાનાં જડ કે વિશિષ્ટ લક્ષણોથી કેવળ મુક્ત છે. ”

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

**વિનય-સૌરભ :** કર્તા—પ્રો. હીરાલાલ ર. કાપડિયા; પ્રકાશક: વિનયમન્દિર સ્મારક સમિતિ, રાંદેર; કદ: ક્રાઉન સોળ પેજી; પૃ. ૩૦+૧૨૨; મૂલ્ય: રૂા. ૨=૦૦ ન.પૈ.

આ પુસ્તકમાં પ્રો. કાપડિયાએ, સત્તરમા શતકમાં થઈ ગયેલા જૈન કવિ વિનયવિજય ઉપાધ્યાયનાં જીવન અને કવનનો રૂપરેખાત્મક પરિચય આપ્યો છે. કર્તાએ, કવિના જીવનની સૌરભનો આસ્વાદ કરાવતાં, તેમના બાહ્ય જીવનનો ‘સંસ્કાર-વાટિકા’ અને કવનકાળનો ‘પૂર્વવર્તી કવન-કુંજ,’ ‘મધ્યવર્તી કવન-કુંજ’ ‘ઉત્તરવર્તી કવન-કુંજ’ અને ‘સંવર્ધન’ એવા કાવ્યમય શીર્ષકો દ્વારા પરિચય આપ્યો છે; અને દરેક કૃતિને ‘લતા’ નામથી ઓળખાવેલી છે.

સત્તરમો શતક ગુજરાતી ભાષા-સાહિત્યના ઇતિહાસનો અતિ સમૃદ્ધ સમય હતો અને તે સૈકામાં જૈન અને જૈનેતર કવિઓએ અને બાલાવબોધકારોએ સંખ્યાબંધ કૃતિઓથી ગુજરાતી સાહિત્યની વિપુલતા અને ગુણવત્તામાં વધારો કર્યો છે. તે સમયે વિનયવિજય ઉપાધ્યાય જેવા પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતીના પ્રકાણ્ડ પંડિતે વિ. સં. ૧૬૮૯થી વિ. સં. ૧૭૩૮ સુધીના પચાસ વર્ષના જીવનકાળ દરમ્યાન નાની મોટી ચાલીસ કૃતિઓનુ સર્જન કર્યું એ એક મહત્ત્વની નોંધપાત્ર ઘટના છે. વિનયવિજય ઉચ્ચ કક્ષાના કવિ હતા તે ‘પ્રાચીન ફાગુ-સંગ્રહ’માં પ્રસિદ્ધ થયેલ તેમની નેમિનાથ ભ્રમરગીતા’ પરથી ફલિત થાય છે. ‘ફાગુ’ ઉપરાંત કવિએ, ‘બારમાસી’ ‘પદ’, ‘ભાસ’, ‘રાસ’, ‘સંદેશ-કાવ્ય’, ‘સ્તવન’, ‘હરિયાળી’ જેવા કાવ્યપ્રકારો, ‘લોકપ્રકાશ’ જેવો વિશ્વકોશ અને ‘હૈમલઘુપ્રક્રિયાવૃત્તિ’ જેવી વ્યાકરણવિષયક રચનાઓ દ્વારા વિનયવિજયના વિદ્વાન અને કવિ તરીકેના વ્યક્તિત્વનો આપણને ખ્યાલ આવે છે.

જૈન કે જૈનેતરના ભેદ પાડ્યા વિના, આપણા પ્રાચીન અને મધ્યકાલીન કવિઓ અને સાહિત્યકારો વિષે, આવાં પરિચયાત્મક પુસ્તકો પ્રસિદ્ધ થાય તો ગુજરાતી ભાષા-સાહિત્યના ઇતિહાસ-ની યોજનામાં, સાધન-ગ્રન્થો તરીકે તે અતિ ઉપકારક થશે. પ્રો. કાપડિયાએ જોકે વિનયવિજય પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાઈને આ કૃતિની રચના કરી છે, પણ તે દ્વારા તેઓએ ગુજરાતી સાહિત્યની સારી સેવા કરી છે. આ પ્રકાશન દ્વારા, કોઈ ઉત્સાહી યુવાન વિદ્યાર્થી કે અધ્યાપકને, વિનયવિજય ઉપાધ્યાયના જીવન અને કવનનો સમગ્રતયા ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની પ્રેરક ભૂમિકા પૂરી પાડી છે, તે માટે પ્રો. કાપડિયાને હાર્દિક અભિનન્દન!

**સોમાભાઈ પારેખ**

# સ્વાધ્યાય

પુસ્તક ૧ : અંક ૩ વિ. સં. ૨૦૨૦
**અક્ષયતૃતીયા અંક** મે, ૧૯૬૪

## અનુક્રમ

**પૃષ્ઠાંક**

૧. ગાંધીજીની દિનવારી—ચંદુલાલ ભગુભાઈ દલાલ ... ... ૨૨૯–૨૪૦
૨. વિદુરનીતિના અધ્યયનનો નવો દૃષ્ટિકોણ : પ્રજ્ઞાદર્શન—વાસુદેવશરણ અગ્રવાલ ૨૪૧–૨૫૪
૩. ઇતિહાસ અને સાહિત્યના તાણાવાણા—ભોગીલાલ જ. સાંડેસરા ... ૨૫૫–૨૬૨
૪. ખંભાતમાંથી મળેલો કાચગુપ્તનો સુવર્ણસિક્કો—જી. પ્ર. અમીન ... ૨૬૩–૨૭૦
૫. ગુજરાતમાં બૌદ્ધધર્મ—ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ ... ... ૨૭૧–૩૨૨
૬. નગરાની બુદ્ધનાથની પ્રતિમા—રમણલાલ ના. મહેતા ... ... ૩૨૩–૩૨૫
૭. ગુજરાતીમાં વૈજ્ઞાનિક સાહિત્ય—જે. ડી. પાઠક ... ... ૩૨૬–૩૨૮
૮. ભૌતિક વિજ્ઞાન-તત્ત્વવિચાર—પ્ર. ચુ. વૈદ્ય ... ... ... ૩૨૯–૩૩૨
૯. મનોવિજ્ઞાન અને સ્વભાષા—સાધના સુબંધુ પરીખ ... ... ૩૩૩–૩૩૫
૧૦. ગ્રન્થાવલોકન :
 ૧. શાંત કોલાહલ ... ... ... ... ૩૩૬–૩૩૮
 ૨. મહાકવિ શ્રી ન્હાનાલાલ-રચિત હરિસંહિતાનાં ઉપનિષદો ... ૩૩૮–૩૪૧
 ૩. શ્રીમાન્ છોટાલાલ જીવનલાલ : શ્રીમાન્ વિશ્વવંદ્ય ... ... ૩૪૧–૩૪૫
 ૪. વિનય-સૌરભ ... ... ... ... ૩૪૫

**Statement about the ownership and other particulars about newspaper**

SVADHYAYA ( स्वाध्याय )

( To be published in the first issue every year after the last day of February )

FORM IV

( See Rule 8 )

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication* : | Oriental Institute,<br>M. S. University of Baroda, Baroda. |
| 2 | *Periodicity of its Publication* : | Three months—October, February, May, August. |
| 3 | *Printer's Name* : | Shri Ramanlal J. Patel |
| | *Nationality* : | Indian |
| | *Address* : | Limda Pole, Raopura, Baroda |
| 4 | *Publisher's Name* : | Dr. B. J. Sandesara |
| | *Nationality* : | Indian |
| | *Address* : | Adhyapak Nivas, Pratap Gunj, Baroda. |
| 5 | *Editor's Name* : | Dr. B. J. Sandesara, |
| | *Nationality* : | Indian |
| | *Address* : | Adhyapak Nivas, Pratap Gunj, Baroda. |
| 6 | *Names & addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M.S. University of Baroda, Baroda |

I, B. J. Sandesara, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**B. J. Sandesara**
*Signature of Publisher*

# THE GAEKWAD'S ORIENTAL SERIES

*GOS. Nos.*

122 RIHLA OF IBN BATUTA: Translated into English with critical notes by Dr. Mahdi Husain; 1953, pp. 31-291. Rs. 37.00

129 PĀDA-INDEX OF VĀLMĪKI RĀMĀYAṆA, Vol. I, edited by Prof. G. H. Bhatt. Rs. 5.60

130 VIṢṆUDHARMOTTARA PURĀṆA—III KHAṆḌA—Vol. I: Critically edited text, with introduction: by Dr. Priyabālā Shah, M.A., Ph.D., D.Litt.; 1958. Rs. 20.00

132 ULLĀGHARĀGHAVA NĀṬAKA OF SOMEŚVARA, the Royal-priest of the Chaulukyas of Gujarat, composed in about the 12th century A.D., edited by Muni Shri Puṇyavijayajī and Dr. B. J. Sandesara. Rs. 10.00

133 SAṄGĪTOPANIṢADSĀRODDHĀRA OF VĀCANĀCĀRYA SUDHĀKALAŚA: A work on Indian Music and Dance by a Jaina author, composed in 1350 A.D., edited by Dr. Umakant P. Shah. Rs. 10.00

134 A DICTIONARY OF SANSKRIT GRAMMAR, prepared by Prof. K. V. Abhyankar. An indispensable reference-work for all students of Sanskrit Language. Rs. 20.00

135 **Descriptive Catalogue of Palm-Leaf Manuscripts in the Śāntināth Bhaṇḍāra, Cambay,** ed. by Muni Shri Puṇyavijayajī, Vol. I. Rs. 15.00

136 VAIŚEṢIKASŪTRA with Vṛtti of Candrānanda and some original passages from Tibetan texts on Vaiśeṣikadarśana; critically edited by Muni Jambuvijayaji. Rs. 25.00

137 VIṢṆUDHARMOTTARA-PURĀṆA (विष्णुधर्मोत्तर-पुराण) Khaṇḍa IV; Vol. II; Introduction, appendices, indices etc., by Dr. Priyabālā Shah. Rs. 20.0c

138 MĀNASOLLĀSA (मानसोल्लास) OR ABHILAṢITĀRTHACINTĀMAṆI OF SOMEŚVARA: Vol. III; edited by Shri G. K. Shrigondekar, M.A. Rs. 18.00

NĀṬYAŚĀSTRA (नाट्यशास्त्र) of Bharata with the commentary of Abhinavagupta of Kashmir; Vol. IV, edited by M. Ramkrishna Kavi and J. S. Pade Shastri with introduction. *shortly*

*Can be had from:*

MANAGER, UNIVERSITY PUBLICATIONS SALES UNIT, University Press Premises, Near Palace Gate, Palace Road, Baroda-1, India.

# ત્વરિત, સુરક્ષિત
# નિશ્ચિત

ખાંસીનો ઘરગથ્થુ ઇલાજ




*Alembic*

# ગ્લાયકોડીન
# ટર્પ-વસાકા

સુકી, શ્વાસ રૂંધનાર અને થકવનાર ખાંસીનો
સુરક્ષિત અને નિશ્ચિત ઘરગથ્થુ ઈલાજ

A63 278 R GUJ EVEREST

# રાષ્ટ્રના સંરક્ષણ અને વિકાસ માટે
# નાની બચત યોજનામાં
## નાણાં રોકો

આપની, આપના કુટુંબની અને રાષ્ટ્રની આબાદી માટે નાની બચત યોજના હેઠળની નીચે જણાવેલી કોઈ પણ યોજનામાં નાણાં રોકો :—

૧૨ વર્ષીય નેશનલ ડિફેન્સ સર્ટિફિકેટ

કરમુક્ત ૬.૨૫ ટકા સાદું વ્યાજ આપે છે.

૧૦ વર્ષીય ડિફેન્સ ડીપોઝીટ સર્ટિફિકેટ

૪½ ટકા કરમુક્ત વાર્ષિક વ્યાજ આપે છે.

૧૫ વર્ષીય એન્યુઇટી સર્ટિફિકેટ

૪¼ ટકા ચક્રવૃદ્ધિ વ્યાજ આપે છે.

ક્યુમ્યુલેટીવ ટાઈમ ડીપોઝીટ

| પાંચ વર્ષનું ખાતું | ૧૦ વર્ષનું ખાતું | ૧૫ વર્ષીય ખાતું |
|---|---|---|
| ૩.૩ ટકા | ૩.૮ ટકા | ૪.૩ ટકા |
| ચક્રવૃદ્ધિ | ચક્રવૃદ્ધિ | ચક્રવૃદ્ધિ |

ઉપરાંત ૧૦ અને ૧૫ વર્ષના ખાતામાં આવકવેરામાં વળતર.

પોસ્ટ ઑફિસ સેવિંગ્ઝ બૅન્ક—૩ ટકા સાદું

એક વ્યક્તિના નામે રહેલાં ખાતાંઓમાં અને સર્ટિફિકેટોમાં

## નોમીનેશનની સગવડ

અગત્યની સૂચના

નવાં પ્રિમિયમ પ્રાઈઝ બૉન્ડ ખરીદો

૧ જાન્યુઆરી ૧૯૬૪થી તેનું વેચાણ શરૂ થઈ ચૂક્યું છે.

× × ×

ટપાલ કચેરીએથી રૂા. પાંચ અને રૂા. ૧૦૦ના મૂલ્યાંકોમાં મળી શકશે.
તમારા જિલ્લાના કલેક્ટર, મામલતદારો તેમ જ અધિકૃત એજન્ટોનો સંપર્ક સાધો.

× × ×

**: માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રકાશિત :**

# આપના બાળકને સ્વાવલંબી બનતાં શિખવાડો !

આપના પુત્રને તેના ભાવિ જીવન માટે સુસજ્જ બનાવવાને યોગ્ય પ્રકારનું શિક્ષણ આપવું તે પિતા તરીકે આપનો અધિકાર છે એટલું જ નહીં પરંતુ એક મહત્ત્વની જવાબદારી પણ છે. આપ ભલેને ગમે તે પ્રકારનું શિક્ષણ તેને આપો પરંતુ બચત કરવાની અતિ મહત્ત્વની ટેવ તેને પાડવાનું ચૂકશો નહીં. એક વખત આ ઉત્તમ ટેવ પડી ગયા પછી તેને તે કદી વીસરશે નહીં અને ભાવિ જીવનમાં તે તેને અતિ ઉપયોગી થઈ પડશે. તેને આ ટેવ પાડવાનો સૌથી યોગ્ય સમય હમણાં જ છે કે જ્યારે તે નાનો છે અને તેને મદદ કરવાને આપ પણ હાજર છો. આ અંગે ૧૪ વર્ષ અને તેથી વધુ વયનાં બાળકો માટેની બરોડા બૅન્કની માયનર્સ સેવિંગ્સ એકાઉન્ટ યોજના આપને ઘણી જ સગવડભરી જણાશે. આ ખાતામાં ૩ ટકા વ્યાજ ઊપજે છે. આજે જ આપના બાળકના નામે બરોડા બૅન્કમાં આ ખાતું ખોલાવો. તેને તેના પોતાના નામની પાસબુક મળશે અને તે જાતે જ પોતાના ખાતામાં લેવડદેવડ પણ કરી શકશે !

'આપની સેવા કરવા સદા તત્પર' નામની અમારી મફત મળતી પુસ્તિકા મંગાવો.
તેમાં અમે આપની જે જે પ્રકારની સેવા કરીએ છીએ
તેની તમામ વિગતો આપેલી છે.

# ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ

(સ્થાપના : ૧૯૦૮) હેડ ઑફિસ : **વડોદરા**

# રુચિ

તંત્રી: ચુનીલાલ મડિયા

સૌન્દર્યલક્ષી સામયિક

સરસતા અને સુરુચિમંડિત આ માસિકનું વાર્ષિક લવાજમ રૂપિયા દસ,
વિદેશમાં રૂપિયા સવાતેર અથવા વીસ શિલિંગ છે.
(પ્રથમ વર્ષની પાકી ફાઈલ રૂા. ૧૩માં ઘેરબેઠે મળશે.)

રુચિ પ્રકાશન, ચન્દ્રલોક, માનવમંદિર રોડ,
મલબાર હિલ, મુંબઈ—૬

"ગ્રંથ"ના ૭ અંકો પ્રસિદ્ધ થઈ ગયા;
સાતમો જુલાઈની ૧૫મીએ.

આવું માસિક ગુજરાતીમાં આ પહેલાં કદી
પ્રસિદ્ધ થયું ન હતું તે સૌએ સ્વીકાર્યું છે.

આવા માસિકની જરૂર હતી તે વાચકો-ગ્રાહકો
લેખકોના ઉત્સાહથી દેખાયું છે.

ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને
બીજી ભાષાઓનાં પુસ્તકોની
વિશ્વસનીય માહિતી "ગ્રંથ"માં મળશે.

એક જ માસિકમાં આટલી બધી માહિતી એક
સાથે ફક્ત "ગ્રંથ"માં જ મળે છે.

**ગ્રંથ**

તંત્રી: **યશવંત દોશી**

**વાર્ષિક લવાજમ: ૧૦ રૂપિયા**

**પરદેશમાં: ૨૦ શિલિંગ**

**પરિચય ટ્રસ્ટ**

૧૯ ૨૧, હમામ સ્ટ્રીટ, મુંબઈ—૧

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૮=૦૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૫=૦૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા | ૭=૫૦ |
| ૩. | ભાલણકૃત **નલાખ્યાન**—સંપાદક: પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪. | ઉદયભાનુકૃત **વિક્રમચરિત્ર રાસ**—સં.: સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૦૦ |
| ૫. | **ભાલણ: એક અધ્યયન**—લેખક: પ્રો. કે. કા. શાસ્ત્રી | ૪=૭૫ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૮=૨૫ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ ભાગ ૧**—સં.: ડૉ. ભોગીલાલ સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૧૮=૬૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાલા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૧=૭૫ |
| ૨. | ,, ,, ,, ૨ | ૧=૭૫ |
| ૩. | ,, ,, ,, ૩ | ૪=૦૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૦૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—( અનુવાદ; મનનિકા સહિત ) | ૧=૭૫ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૩=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૨=૪૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૩=૦૦ |


પ્રાપ્તિસ્થાન:

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **કહેવત કથાનકો**—પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨. | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩. | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪. | **આપણું વિશ્વ**—છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫. | **આપણી ખનિજસંપત્તિ**—ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬. | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭. | **મીરાંબાઈ–એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮. | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯. | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦. | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧. | **હરિભદ્રસૂરિ**—હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |

## શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

| | | |
|---|---|---|
| ૧. | **ઘઉં**—માર્તંડ શિવભદ્ર પંડ્યા | ૩=૦૦ |
| ૨. | **આબાદીને માર્ગે**—કેશવલાલ વ્યાસ | ૧=૭૫ |
| ૩. | **લોકનાટ્ય અને ગામડું**—જશવંત ઠાકર | ૧=૨૦ |
| ૪. | **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—કાન્તિલાલ પટવા | ૨=૩૦ |
| ૫. | **સમાજશિક્ષણ**—શાન્તિલાલ શાહ | ૨=૮૦ |

પ્રાપ્તિસ્થાન :

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**
**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**
**વડોદરા**

---

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. જુલાઈ ૧૯૬૪.



દેવની મોરીનો બૌદ્ધ મહાવિહાર
( બ્લોક : ' કુમાર 'ના સૌજન્યથી )